# VIVEKANAND ACADEMY

## SECTOR-22 GANDHINAGAR

**DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 01-03-2020**

**01-03-2020**

**૧. સ્વદેશી : HAL દ્વારા ભારતમાં જ વિશ્વના શ્રેષ્ઠ દેશી અપાચે હેલીકોપ્ટર નિર્માણનો પ્રારંભ (સંરક્ષણ)**

- ✓ પાયલોટ પ્રોજેક્ટ તરીકે 10 થી 12 ટનના હેલીકોપ્ટર તૈયાર કરાશે : પ્રારંભિક ડિઝાઇન તૈયાર
- ✓ લક્ષ્યાંક આગામી વર્ષ 2027 સુધીમાં તૈયાર કરાશે
- ✓ અંદાજે 500 હેલિકોપ્ટર ઉત્પાદનનો લક્ષ્યાંક
- ✓ HALના પ્રમુખ- શ્રી આર. માધવન
- ✓ HAL- હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ
- ✓ **વડુ મથક** – બેંગલોર

**૨. NSG : 29 સ્પેશિયલ કમ્પોઝિટ ગ્રુપ કોમ્પલેક્સ : નવા પરીસરનું ગૃહમંત્રી શ્રી અમીત શાહના હસ્તે ઉદ્ઘાટન**

- ✓ સ્થાન – રાજારહાટ, કોલકત્તા
- ✓ NSGના જવાનો વર્ષમાં 100 દિવસ પરિવાર સાથે રહી શકશે તેવી નીતિ ઘડાશે.
- ✓ NSG- નેશનલ સિક્યુરિટી ગાર્ડ

**3. નિમણૂક : સામના મેગેઝિન**

**શિવસેનાના મુખપત્ર સામનાના સંપાદક તરીકે ઉદ્ધવ ઠાકરેના પત્ની રશ્મિ ઠાકરેની પસંદગી**

- ✓ સ્થાન – મુંબઈ

**૪. નોવેલ કોરાના : વાયરસ સામે લડવા ADB સભ્ય દેશોને રૂપિયા 29 કરોડ આપશે**

**વિગત :**

એશિયન ડેવલપમેન્ટ બેન્ક (એડીબી) એશિયા અને પેસિફિક ક્ષેત્રમાં કોરોના વાઈરસથી લડવા વિકાસશીલ દેશોને મદદરૂપ થવા માટે અંદાજે રૂ. ૨૯ કરોડ (૪૦ લાખ ડોલર) આપશે.

- ✓ ફિલિપાઈન્સ - મનિલામાં મુખ્યાલય ધરાવતી ફન્ડિંગ એજન્સીએ ફેબ્રુઆરીના પ્રારંભમાં સભ્ય દેશોને કોરાનાથી લડવા માટે ૨૦ લાખ યુએસ ડોલરનું ભંડોળ આપવાની જાહેરાત કરી હતી.

**પ.બાભનિયાબ ગામ : ઉત્ખનન દરમિયાન 4000 વર્ષ જૂનું ગામ મળી આવ્યું (વારાણસી-ઉત્તર પ્રદેશ) (ઇતિહાસ)**

- ✓ ઉત્ખનન કરનાર- બનારસ હિંદુ યુનિવર્સિટીના સંશોધકો
- ✓ ખાસ- પૌરાણિક ગ્રંથોમાં પણ કળા માટે જાણીતા આ ગામનો ઉલ્લેખ.

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૧-૦૩-૨૦૨૦)**

1. ભારતમાં જ વિશ્વના શ્રેષ્ઠ દેશી અપાચે હેલીકોપ્ટર નિર્માણનો પ્રારંભ કોના દ્વારા કરાયો - **HAL**
2. ભારતમાં દેશી અપાચે હેલીકોપ્ટર નિર્માણનો પાયલોટ પ્રોજેક્ટ તરીકે કેટલા ટનના હેલીકોપ્ટર તૈયાર કરાશે - **10 થી 12**
3. ભારતમાં વર્ષ-2027 સુધીમાં કેટલા દેશી અપાચે હેલીકોપ્ટર તૈયાર કરવાનો લક્ષ્યાંક છે–**500 હેલિકોપ્ટર**
4. HALનું વિસ્તૃત નામ જણાવો - **હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ**
5. હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડના વર્તમાન પ્રમુખનું નામ જણાવો - **શ્રી આર. માધવન**
6. હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડનું વડુ મથક કયાં આવેલુ છે – **બેંગલોર**
7. NSGના 29 સ્પેશિયલ કમ્પોઝિટ ગ્રુપ કોમ્પલેક્સના નવા પરીસરનું કોના હસ્તે ઉદ્ઘાટન કરાયું - **ગૃહમંત્રી શ્રી અમીત શાહ**
8. ગૃહમંત્રી શ્રી અમીત શાહ દ્વારા માર્ચ-૨૦૨૦માં NSGના 29 સ્પેશિયલ કમ્પોઝિટ ગ્રુપ કોમ્પલેક્સના નવા પરીસરનું ઉદ્ઘાટન કરાયું હતુ તે ક્યા આવેલું છે - **રાજારહાટ, કોલકત્તા**
9. NSGના જવાનો વર્ષમાં કેટલા દિવસ પરિવાર સાથે રહી શકશે તેવી નીતિ ઘડાશે - **100**
10. NSGનું વિસ્તૃત નામ જણાવો - **નેશનલ સિક્યુરિટી ગાર્ડ**
11. માર્ચ-૨૦૨૦માં શિવસેનાના મુખપત્ર સામનાના સંપાદક તરીકે કોની પસંદગી કરાઈ - **ઉદ્ધવ ઠાકરેના પત્ની રશ્મિ ઠાકરે**

12. શિવસેનાનું મુખપત્ર સામનાનું મુખ્યમથક કયાં આવેલું છે – **મુંબઈ**

13. નોવેલ કોરાના વાયરસ સામે લડવા એશિયન ડેવલપમેન્ટ બેન્ક સભ્ય દેશોને કેટલા રૂપિયા આપશે - **29 કરોડ**

14. ફન્ડિંગ એજન્સી એશિયન ડેવલપમેન્ટ બેન્કનું મુખ્યાલય ક્યાં આવેલુ છે - **મનિલા (ફિલિપાઈન્સ)**

15. માર્ચ-૨૦૨૦માં ઉત્ખનન દરમિયાન ઉત્તરપ્રદેશના કયા સ્થળે 4000 વર્ષ જૂનું ગામ મળી આવ્યું – **વારાણસીનું બાભનિયાબ ગામ**

16. માર્ચ-૨૦૨૦માં ઉત્તરપ્રદેશના વારાણસીનું બાભનિયાબ ગામે 4000 વર્ષ જૂનું ગામ મળી આવ્યું તેનું ઉત્ખનન કોના દ્વારા કરવામાં આવ્યું હતું – **બનારસ હિંદુ યુનિવર્સિટી**

---

**02-03-2020**

---

## ૧. એપિજેનેટિક્સ વિજ્ઞાન (આરોગ્ય)

- ✓ એપિજેનેટિક્સ ટેસ્ટ : વ્યક્તિની સાચી ઉંમર જણાવતી ટેક્નોલોજી
- ✓ એપિજેનેટિક્સ ક્લોક્સ એપિજેનેટિક્સના વિસ્તારનો છે. તેમાં કેમિકલ માર્ક્સ કેવી રીતે જીનની અભિવ્યક્તિને અસર કરે છે તેનો અભ્યાસ કરવામાં આવે છે અને આપણને વચન અને રોગની પ્રોસેસ કેવી રીતે કામ કરે છે તે સમજવામાં મદદ કરે છે.
- ✓ એપિજેનેટિક ડીએનએને બાંધનાર નાના અણુઓનો અભ્યાસ છે. આ નાના અણુઓ ડીએનએના લીનિયર બદલતા નથી પરંતુ તેઓ ડીએનએના ૩ ડી સ્ટ્રક્ટરને બંધ કરીને અથવા ખોલીને જિન્સ ચાલુ કે બંધ કરી શકે છે.
- ✓ જો આપણે જિન્સની હળવા બલ્બ તરીકે વિચારતા હોય તો એપિજેનેટિક માર્ક્સ ડિમર, સ્વિચને ઉપર કે નીચે ખસેડી શકે છે પરંતુ તે પ્રકાશના રંગને બદલી શકતું નથી.
- ✓ વ્યક્તિની જીવનશૈલી અને તેના માહોલને અનુલક્ષીને કેટલાક એપિજેનેટિક માર્ક્સ બદલાઈ શકે છે.
- ✓ વ્યક્તિની જેમ જેમ ઉંમર વધે છે. તેમ તેમ એપિજેનેટિક માર્ક્સમાં ફેરફાર આવે છે. જેનેટિક ટેસ્ટની જેમ એપિજેનેટિક ટેસ્ટ પણ કાયદાના પાલનમાં અને ઇમિગ્રેશન સેટિંગમાં વપરાય છે સાથે સાથે તેનો ઉપયોગ સંશોધન, મેડિકલના સંદર્ભમાં પણ ઉપયોગ કરવામાં આવે છે.
- ✓ ડીએનએ ટેસ્ટિંગમાંથી શીખવામાં આવેલ બોધપાઠ ચેતવણી અને જવાબદાર અમલીકરણની જરૂર પર ભાર મૂકે છે.
- ✓ જેનેટિક રિસર્સ, ટેસ્ટિંગના બીજા પણ ઉપયોગો છે જેમાં રોગના જોખમની પણ માહિતી મળી રહે છે. સંદિગ્ધની ઓળખ, ગુનાઓના પીડિતોની ઓળખ માટે પોલીસ તપાસમાં પણ ડીએનએ ટેસ્ટ કોમન ટૂલ્સ છે.

## ૨. ભારતમાં બેરોજગારી દર : ફેબ્રુઆરી-2020 દેશનો બેરોજગારી દર વધીને 7.78 ટકાએ

- ✓ આંકડા જાહેર કરનાર સંસ્થા- CMIE : સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી
- ✓ આંકડા મુજબ ફેબ્રુઆરીમાં ભારતનો બેરોજગારી દર ૭.૧૬ ટકાથી વધીને ૭.૭૮ ટકા થયો છે. આ બેરોજગારી દર ઓક્ટોબર ૨૦૧૯ પછી સૌથી વધારે છે.
- ✓ ૨૦૧૯ના છેલ્લા ત્રણ મહિનામાં ભારતની ઈકોનોમી સૌથી ઓછી ગતિએ આગળ વધી. નિષ્ણાતોના જણાવ્યાનુસાર, એશિયાની સૌથી મોટી ઇકોનોમી એવા ભારતમાં મંદીનું એક કારણ વૈશ્વિક સ્તરે કોરોના વાઇરસનો ફેલાવો છે.

શહેરોમાં બેરોજગારી ઘટી, ગ્રામીણ વિસ્તારોમાં વધી

- ✓ શહેરી વિસ્તારોમાં બેરોજગારી દર ૯.૭૦ ટકાથી ઘટીને ૮.૬૫ ટકા રહ્યો છે.
- ✓ ગ્રામીણ ક્ષેત્રોમાં બેરોજગારી દર ફેબ્રુઆરીમાં વધીને ૭.૩૭ ટકા થયો જે ગત જાન્યુઆરી મહિનામાં ૫.૯૭ ટકો હતો.
- ✓ જાન્યુઆરી ૨૦૨૦માં ગ્રામીણ બેરોજગારી દર ૬ ટકા હતો તો ડિસેમ્બર ૨૦૧૯માં આ દર ૬.૯ ટકા હતો.
- ✓ બીજી બાજુ ફિચ સોલ્યુન્શે ભારતના ચાલુ નાણાકીય વર્ષના આર્થિક વૃદ્ધિના પોતાના પહેલા અનુમાનને ઘટાડીને ૪.૯ ટકા કરી દીધું છે.

- ✓ આ પહેલા તે ૫.૧ ટકાનું અનુમાન જાહેર કર્યું હતું. એજન્સીએ કહ્યું હતું કે કોરાના વાઇરસની અસરને કારણે પુરવઠા સપ્લાયમાં ગરબડ સર્જાતા તથા ઘરેલુ માગ નબળી પડવાને કારણે આર્થિક વૃદ્ધિનું અનુમાન ઘટાડવામાં આવ્યું છે.
- ✓ એજન્સીએ દેશના નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના વૃદ્ધિ દરનું અનુમાન પણ ૫.૯ ટકાથી ઘટાડીને ૫.૪ ટકા કરી દીધું છે.
- ✓ ઉપરાંત સીએમઆઈએએ ગ્રામીણ ક્ષેત્રોમાં બેરોજગારીના આંકડા પણ જારી કરવામાં આવ્યા હતા જે વધારે ચિંતાનજક છે.
- ✓ મેન્યુફેક્ચરિંગ સેક્ટરની ગતિ જાન્યુઆરીની તુલનાએ ફેબ્રુઆરી મહિનામાં ઘણી ધીમી રહી છે.
- ✓ મેન્યુફેક્ચરિંગ પીએમઆઈ જાન્યુઆરીમાં ૫૫.૩ ટકા પર હતો જે ફેબ્રુઆરીમાં ઘટીને ૫૪.૫ ટકા પર આવી ગયું હતું.

## ૩. સુવિધા : વિમાનમાં મુસાફરી દરમિયાન વાઈ-ફાઈ ઉપયોગની કેન્દ્ર દ્વારા મંજૂરી (ઉડ્ડયન)

- ✓ સરકારે વિમાનમાં ઉડાન દરમિયાન વાઈ-ફાઈ દ્વારા ઈન્ટરનેટ સેવાનો ઉપયોગ કરવાની મંજૂરી આપી દીધી છે.
- ✓ નાગરિક ઉડ્ડયન મંત્રાલયે તેના માટેનું જાહેરનામું પણ બહાર પાડ્યું છે અને એરક્રાફ્ટ એક્ટ 1937માં સુધારો કર્યો છે. તે અનુસાર, 'પાયલટ ઈન કમાન્ડ' ઉડાન દરમિયાન વાઈ-ફાઈ દ્વારા પ્રવાસીઓને ઈન્ટરનેટનો ઉપયોગ કરવાની મંજૂરી આપી શકે છે.
- ✓ આ ફેરફાર બાદ પ્રવાસીઓ ઈન્ટરનેટ દ્વારા લેપટોપ, સ્માર્ટફોન, ઈ રીડર, સ્માર્ટવોચ કે ટેબલેટ જેવા ડિવાઈસને ઈન્ટરનેટ સાથે કનેક્ટ કરી શકે છે.

<u>અત્યારે ઈલેક્ટ્રિક ડિવાઈસનો ઉપયોગ થઈ શકતો નથી</u>

- ✓ એરક્રાફ્ટ એક્ટ 1937ના નિયમ 29B અંતર્ગત એવો નિયમ બનાવવામાં આવ્યો હતો કે, કોઈ પણ પ્રવાસી અથવા પાયલટ ફ્લાઇટમાં ઇલેક્ટ્રોનિક ડિવાઇસીસનો ઉપયોગ કરી શકશે નહીં.
- ✓ હવે મંત્રાલય દ્વારા જારી કરાયેલા નોટિફિકેશન અંતર્ગત પેટા નિયમ 1 ના આધાર પર પાઇલટ ઇન કમાન્ડ આ સેવા ઉપલબ્ધ કરાવી શકે છે.
- ✓ વિમાન જ્યાં સુધી રન વે પર હશે ત્યારે અને લેન્ડ કરતી વખતે આ સેવા આપવામા આવશે નહીં.

<u>વિસ્તારા એરલાઈન્સે ઈન્ટરનેટ સેવા આપવાની જાહેરાત કરી</u>

- ✓ ઉડાન દરમિયાન પ્રવાસીઓને વાઈ-ફાઈ દ્વારા ઈન્ટરનેટ કનેક્ટિવિટી આપનારી વિસ્તારા દેશની પ્રથમ એરલાઈન્સ કંપની બનવા જઈ રહી છે.
- ✓ વિસ્તારા થોડા જ સપ્તાહમાં ઈન ફ્લાઈટ વાઈફાઈ દ્વારા તેના બોઇંગ 787 ડ્રીમલાઇનર્સ વિમાનમાં આ સુવિધા પ્રદાન કરશે.
- ✓ વિસ્તારા ટાટા ગ્રુપ અને સિંગાપોર એરલાઇન્સની સંયુક્ત કંપની છે.

## ૪. વિશ્વનું બીજું અને ભારતનું પ્રથમ ઈન્ફન્ટ્રી મ્યુઝિયમ

<u>સ્થાન – મહુ (ઈન્દોર-મધ્યપ્રદેશ)</u>

- ✓ ઈન્ફન્ટ્રી – પગપાળા સેના
- ✓ આ વર્ષમાં સામાન્ય લોકો માટે ખુલ્લું મૂકાશે

**<u>અન્ય વિશેષતાઓ</u>**

- ✓ ઈન્ફન્ટ્રીના 1747થી લઈને 2020 સુધીના ગૌરવશાળી ઈતિહાસ, શૌર્ય તથા વીર સૈનિકોનાં બલિદાનોને થ્રીડી પ્રિન્ટર અને હાથથી બનેલા માનવીની જેમ આબેહૂબ દેખાતા સ્ટેચ્યૂ, મ્યૂરલ્સ તથા ફોટો ગેલરીથી શણગારાયું છે. તેનો પ્રથમ તબક્કો પૂરો થઈ ગયો છે. આશરે બે એકરમાં બનેલા ત્રણ માળના મ્યુઝિયમને ત્રણ તબક્કામાં તૈયાર કરાઈ રહ્યું છે. બીજા અને ત્રીજા ફેઝનું કામ શરૂ થવાનું છે. અહીં બેટલ ઓફ પ્લાસી 1757, બેટલ ઓફ સારાગઢી 1897, બેટલ ઓફ બક્સર, ભારત-પાક યુદ્ધ 1965 અને 1971ની સાથે જ શિવાજી તથા સુભાષચંદ્ર બોઝ વગેરેના ઈતિહાસને રજૂ કરાયો છે.
- ✓ સૈનિકો દીવાલથી કૂદતાં, પર્વતો પર શત્રુથી લડતાં દેખાશે. મ્યુઝિયમનું નિર્માણ 2009માં શરૂ થયું હતું. અહીં યુદ્ધ લડતા, 40 ફૂટ ઊંચી દીવાલ કૂદતાં અને ઘરમાં છુપાયેલા આતંકીઓને પકડતાં સૈનિકોના સ્ટેચ્યું બનાવાયા છે. તેને થ્રીડી પ્રિન્ટરના માધ્યમથી તૈયાર કરાયા છે.

## ૫. શસ્ત્રો નિકાસ : ભારતની વધુ એક સિદ્ધિ (વેપાર)

- ✓ ભારત દ્વારા આર્મેનિયાને લશ્કરી હથિયાર વેચવાનો કરાર.
- ✓ **સંસ્થા–** DRDO અને BEL

**કરારની વિગત**

- ✓ સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન દ્વારા વિકસિત અને ભારત ઈલેક્ટ્રોનિક્સ લિ. દ્વારા નિર્મિત ચાર કરોડ ડોલર (આશરે ૨૯૦ કરોડ રુપિયા)ના હથિયારો આર્મેનિયા ભારત પાસેથી ખરીદશે.
- ✓ "સ્વાતિ વેપન લોકેટિંગ રડાર" સિસ્ટમ સહિતના આ હથિયારો મેક ઈન ઈન્ડિયા અંતર્ગત ઉત્પાદિત કરવામાં આવેલા છે
- ✓ રશિયા અને પોલેન્ડે આર્મેનિયા માટે હથિયારોની ટ્રાયલનું આયોજન કર્યું હતું પરંતુ આર્મેનિયાએ ભારત દ્વારા બનાવવામાં આવેલી સિસ્ટમ પર વિશ્વાસ મુકીને ડીલ ફાઈનલ કરી હતી.
- ✓ કરાર અંતર્ગત ભારત ચાર "સ્વાતિ વેપન લોકેટિંગ રડાર" આર્મેનિયાને પૂરા પાડશે જે ૫૦ કિમીની રેન્જમાં દુશ્મનના મોર્ટાર, શેલ, રોકેટ સંહિતના હથિયારો ઝડપથી અને ચોકસાઈથી શોધી શકે છે.
- ✓ આર્મેનિયા યુરોપના કાકેશસ ક્ષેત્રમાં આવેલો દેશ

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૨-૦૩-૨૦૨૦)

1. વ્યક્તિની સાચી ઉંમર જણાવતી ટેક્નોલોજી-વિજ્ઞાનનું નામ જણાવો - **એપિજેનેટિક્સ વિજ્ઞાન**
2. ફેબ્રુઆરી-2020માં CMIE દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ દેશનો બેરોજગારી દર વધીને કેટલા ટકાએ પહોંચ્યો - **7.78**
3. CMIEનું વિસ્તૃત નામ જણાવો - **સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી**
4. ફેબ્રુઆરી-2020માં CMIE દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ શહેરી વિસ્તારોમાં બેરોજગારી દર 9.70 ટકાથી ઘટીને કેટલા ટકા રહ્યો – **8.65 ટકા**
5. ફેબ્રુઆરી-2020માં CMIE દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ ગ્રામીણ ક્ષેત્રોમાં બેરોજગારી દર ફેબ્રુઆરીમાં વધીને કેટલા ટકા થયો – **7.37 ટકા**
6. ફિચ સોલ્યુન્શે કોરાના વાઇરસની અસરને કારણે પુરવઠા સપ્લાયમાં ગરબડ સર્જાતા તથા ઘરેલુ માગ નબળી પડવાને કારણે ભારતના આર્થિક વૃદ્ધિનું અનુમાન ઘટાડીને કેટલા ટકા કરી દીધું – **4.9 ટકા**
7. ફિચ સોલ્યુન્શે એજન્સીએ દેશના નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના વૃદ્ધિ દરનું અનુમાન 5.9 ટકાથી ઘટાડીને કેટલા ટકા કરી દીધું – **5.4 ટકા**
8. કેન્દ્ર સરકારે વિમાનમાં કયા સમય દરમિયાન વાઈ-ફાઈ દ્વારા ઈન્ટરનેટ સેવાનો ઉપયોગ કરવાની મંજૂરી આપી - **ઉડાન**
9. કેન્દ્ર સરકારે કયા એક્ટમાં સુધારો કરી વિમાનમાં ઉડાન સમય દરમિયાન વાઈ-ફાઈ દ્વારા ઈન્ટરનેટ સેવાનો ઉપયોગ કરવાની મંજૂરી આપી - **એરક્રાફ્ટ એક્ટ 1937**
10. વિસ્તારા એ ટાટા ગ્રુપ અને કઈ એરલાઇન્સની સંયુક્ત કંપની છે - **સિંગાપોર**
11. ઈન્ફન્ટ્રીનો અર્થ જણાવો – **પગપાળા સેના**
12. વિશ્વનું બીજું અને ભારતનું પ્રથમ ઈન્ફન્ટ્રી મ્યુઝિયમ વર્ષ-2009થી કયાં તૈયાર થઈ રહ્યું છે – **ઈન્દોરના મહુ ખાતે (મધ્યપ્રદેશ)**
13. ઈન્દોરના મહુ ખાતેના ભારતના પ્રથમ ઈન્ફન્ટ્રી મ્યુઝિયમમાં કોનો ઈતિહાસ રજૂ કરાયો છે **- બેટલ ઓફ પ્લાસી 1757, બેટલ ઓફ સારાગઢી 1897, બેટલ ઓફ બક્સર, ભારત-પાક યુદ્ધ 1965 અને 1971ની સાથે જ શિવાજી તથા સુભાષચંદ્ર બોઝનો ઈતિહાસ**
14. માર્ચ-૨૦૨૦માં ભારત દ્વારા કયા દેશને લશ્કરી હથિયાર વેચવાનો કરાર કરાયો - **આર્મેનિયા**
15. સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન દ્વારા વિકસિત અને ભારત ઈલેક્ટ્રોનિક્સ લિ. દ્વારા નિર્મિત કેટલી કિંમતના હથિયારો આર્મેનિયા ભારત પાસેથી ખરીદશે - **ચાર કરોડ ડોલર (આશરે ૨૯૦ કરોડ રુપિયા)**
16. ભારત-આર્મેનિયા દેશ વચ્ચે થયેલા કરાર અંતર્ગત ભારત કયા હથિયાર આર્મેનિયાને પૂરા પાડશે - **ચાર "સ્વાતિ વેપન લોકેટિંગ રડાર"**
17. આર્મેનિયા દેશ ક્યાં આવેલો છે - **યુરોપના કાકેશસ ક્ષેત્રમાં**

## ૧.ગુજરાત અંદાજપત્ર 2020-21માં જાહેર કરેલી નવી બાબતો / જાહેરાત / યોજનાઓ વિગતવાર

**કુલ 10 નવી બાબતો**

- ✓ **ખેડૂતો માટે મુખ્યમંત્રીશ્રીની ભેટ દિનકર યોજના**

  ગુજરાતમાં ખેડૂતોને રાતે જાગીને પાણી-ખેતીની ચિંતા ન કરવી પડે તે બાબત સુનિશ્ચિત કરવા માટે સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રીએ દિવસ દરમ્યાન વીજ પૂરવઠો પૂરો પાડવા માટે દિનકર યોજના જાહેર કરી છે. ખેડૂતલક્ષી ગુજરાત સરકારે ખેડૂતના હિતોને કેન્દ્રમાં રાખીને આ નિર્ણય લીધો છે.

- ✓ **સ્કૂલ ઓફ એક્સલન્સ**

  સરકારી સ્કૂલોમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવા માટે, આધુનિક શિક્ષણની વ્યવસ્થા જેમ કે સ્માર્ટ કલાસ રૂમ, કમ્પ્યુટર લેબ, સ્ટેમ લેબ તથા રમતગમતની ઉચ્ચ વ્યવસ્થા સાથે ૫૦૦ સરકારી સ્કૂલોને સ્કૂલ ઓફ એકસલન્સના રૂપમાં વિક્સાવવામાં આવશે.

- ✓ **આરોગ્યશીલ ગુજરાત માટે અર્બન હેલ્થ સેન્ટર**

  આરોગ્યશીલ ગુજરાત માટે અર્બન હેલ્થ સેન્ટર દસ હજારની વસ્તીએ એક અર્બન હેલ્થ સેન્ટર જેમાં M.B.B.S. અથવા આયુષ ડૉક્ટર દ્વારા ઉચ્ચકક્ષાની આરોગ્ય સેવા પૂરી પાડવામાં આવશે.

- ✓ **મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના મહિલા સશક્તિકરણનું નવું સોપાન**

  મહિલા સ્વયં સહાયતા સમૂહ જે પોતાના રોજગાર તથા સ્વરોજગારની તકો વધારવા રૂ.1 લાખની લોન લેવા ઈચ્છે તો રાજ્ય સરકાર સંપૂર્ણ વ્યાજ ભરી તેમને 0 % વ્યાજ પર લોન ઉપલબ્ધ કરાવશે.

- ✓ **ગુજરાત સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન**

  રોજગાર માટે યુવાનો તૈયાર થાય અને ગુજરાતમાં સ્કિલ ઈકો સિસ્ટમ મજબૂત થાય તે હેતુથી ગુજરાત સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશનની સ્થાપના

- ✓ **સ્માર્ટ ગુજરાતનું સ્માર્ટ ટાઉન મિશન**

  નાગરિકો માટે સુવિધાઓ વિકસિત થાય તે હેતુંથી રાજ્યના શહેરો વચ્ચે સકારાત્મક સ્પર્ધાના આયોજન પાછળ રૂ. ૧૦૦ કરોડ ફાળવવાનો નિર્ણય. સ્માર્ટ ટાઉન મિશન અંતર્ગત વર્ગ "અ" અને વર્ગ "બ"ની નગરપાલિકાઓ વચ્ચે સ્પર્ધાના માધામથી વિકાસના કાર્યો માટે પસંદ કરેલ નગરપાલિકાને ૨૦ કરોડ ફાળવાશે.

- ✓ **હર ઘર જલ દ્વારા પીવાના પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ**

  નલ સે જલ અભિયાન હેઠળ ઘરે-ઘરે પીવાનું પાણી પહોંચાડવાના કામમાં ગુજરાત ૫% લક્ષ્ય પ્રાપ્ત કરીને ભારતમાં પ્રથમ ક્રમે છે. જલ જીવન મિશનનાં હર ઘર જલ અભિયાન અંતર્ગત આગામી બે વર્ષ એટલે કે ૨૦૨૨ સુધીમાં રાજ્યના બાકી રહેતા ૧૦ લાખ ઘરોમાં નળ જોડાણનું કામ પૂરૂં કરાશે

- ✓ **માદરે વતન યોજના : તમારૂ દાન તેટલું જ સરકારનું યોગદાન**

  અનિવાસી ગુજરાતીઓ સમગ્ર વિશ્વમાં વસે છે અને તે પોતાના વતન માટે કઈક કરવાની ભાવના રાખે છે. ગામમાં વિવિધ વિકાસના કાર્યો અને સુવિધાઓને વિકસાવવા દાતાશ્રી દ્વારા આપવામાં આવતા દાનની રકમ જેટલી જ મેચિંગ રકમ રાજ્ય સરકાર દ્વારા ઉમેરાશે.

- ✓ **પ્રોટિન અને પોષણયુક્ત ગુજરાત માટે તુવેરદાળ વિતરણ**

  પહેલીવાર ગુજરાતની જનતાને પ્રોટિન અને પોષણયુક્ત બનાવવા અનાજ વિતરણમાં પહેલીવાર તુવેરદાળનો સમાવેશ. લગભગ ૬૬ લાભાર્થી દીઠ વાર્ષિક ૧૨ કિલો તુવેરદાળનું રાહત દરે વિતરણ

- ✓ **વનબંધુઓનો વણથંભ્યો વિકાસ**

  ગુજરાત સરકારે છેલ્લા દસ વર્ષમાં વનબંધુઓના કલ્યાણ માટે રૂ. ૯૦,૦૦૦ કરોડનો ખર્ચ કર્યો છે. વનબંધુ કલ્યાણ યોજનાથી આદિજાતિ વિસ્તારનાં લોકોના જીવનમાં નોંધપાત્ર સુધારા માટે ૧૪,૧૦૬ કરોડની જોગવાઈ હેઠળ શિક્ષણ, આરોગ્ય, માર્ગ પરિવહન, રોજગાર, વીજળી અને સ્વચ્છતા વિકાસના કાર્યોનો સમાવેશ

- ✓ **મહત્વના અન્ય મુદ્દાઓ**

ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરનારા ખેડૂતને ગાય દીઠ નિભાવ ખર્ચ પેટે વાર્ષિક

- ✓ રૂ.૧૦,૮૦૦ ની સહાય મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના અંતર્ગત ગોડાઉન ઓનફાર્મ સ્ટોરેજ સ્ટ્રકચર બનાવવા માટે એકમ દીઠ રૂ.30,000ની સહાય સ્વચ્છ અને પ્લાસ્ટિક મુક્ત ગુજરાત માટે રૂ. ૫૬ કરોડની જોગવાઈ
- ✓ માર્ગ અને મકાન વિભાગ માટે કુલ રૂ.૧૦,૨૦૦ કરોડની જોગવાઈ. જેમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના માટે રૂ.૨,૫૦૦ કરોડની જોગવાઈ
- ✓ સમાજ કલ્યાણ વિભાગને સોશિયલ સેક્ટરના વિકાસકાર્યો માટે રૂ.૪,૩ ૨૧ કરોડની ફાળવણી
- ✓ નર્મદા બંધ પરથી ચોમાસા દરમિયાન ઉપલબ્ધ થનાર વધારાના પાણી પૈકી, કચ્છને ૧ મિલીયન એકરફીટ પાણી પહોંચાડવાનું આયોજન છે
- ✓ મુખ્યમંત્રી પશુદાણ સહાય યોજના હેઠળ દરેક પશુપાલકને તેમના એક ગાય કે ભેંસ દીઠ, એક પશુના વિયાણ દરમિયાન એક માસ માટે કુલ ૧૫૦ કિલોગ્રામ પશુદાણની ખરીદી પર ૫૦ ટકા રકમની સહાય આપવામાં આવશે
- ✓ મા અમૃતમ, માં વાત્સલ્ય, આયુષ્યમાન ભારત યોજના માટે રૂ.૧,૫૫૫ કરોડની જોગવાઈ

<u>૨. સુપરસેલ વાવાઝોડુ : (કુદરતિ આપત્તિ)</u>

- ✓ USના ટેનેસીમાં ત્રાટકેલું ભયાનક વાવાઝોડું

<u>3.નોવેલ કોરોના (COVID-13) વાયરસ (આરોગ્ય)</u>

<u>પ્રભાવિત દેશ</u>

- ✓ વિશ્વના 70 દેશો કોરોનાની ઝપેટમાં આવ્યા
- ✓ સમગ્ર વિશ્વમાં ભારતીય પરંપરા પ્રમાણેના 'નમસ્તે' અભિવાદન માટે ઝુંબેશ
- ✓ 'નો હેન્ડ શેક' માટે વિશ્વના દેશોની ખાસ ગાઈડલાઈન
- ✓ <u>સંશોધન–</u> હેન્ડ શેકથી 124 મિલિયન બેકટરિયા ટ્રાન્સફર થાય છે જયારે નમસ્તે બેકટરિયા મુક્ત અભિવાદન
- ✓ ડરોના ! હેન્ડ શેક છોડો, નમસ્તે

<u>૪. નિમણૂક : ગુજરાત હાઈકોર્ટમાં ચાર નવા ન્યાયાધિશની નિમણૂક–અમદાવાદ</u>

**<u>નામ</u>**

1. જજ ઈલેશ વોરા 2. જજ રાજેન્દ્ર શરિન 3. જજ શ્રી ગીતા ગોપી 4. જજ અશોકકુમાર જોષી

- ✓ ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ – શ્રી વિક્રમનાથ દ્વારા શપથ લેવડાવ્યા.
- ✓ ગુજરાત હાઈકોર્ટમાં 3 માર્ચ 2020ની સ્થિતિએ કુલ-30 જજ

<u>૫.સંશોધન : મહાસાગરોનું તાપમાન (સમૃદ્રી વિજ્ઞાન)</u>

**<u>સંશોધનનું તારણ:-</u>**

- ✓ નેશનલ સેન્ટર ફોર એટમોસ્ફરિક રિસર્ચના વૈજ્ઞાનિકોનું માનવું છે કે મહાસાગરોનું તાપમાન વધવાનું એક માત્ર કારણ ગ્લોબલ વોર્મિંગ છે. એમાં પણ ૧૯૫૫થી ૧૯૮૬ દરમિયાન મહાસાગરોના તાપમાન વધુ વધવાની શરૂઆત થઇ હતી . જયારે ૧૯૮૭ થી ૨૦૧૯ના ૩૨ વર્ષના ગાળા દરમિયાન ૪૫૦ ગણો વધારો થયો છે.
- ✓ છેલ્લા ૩૨ વર્ષમાં મહાસાગરોમાં ૨૨૮ સેકિસટલિયન જેટલી ગરમી શોષાઈ હતી. આ ગરમી બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જાપાનના હિરોશિમાં શહેર પર ફેંકાયેલા એક અણુબોંબની ગરમીની સરખામણીમાં ૩૬૦ કરોડ અણુ બોંબ જેટલી છે. આનો મતલબ કે પ્રત્યેક દર સેકન્ડે ૫ થી ૬ જેટલા અણુ બોંબ જેટલી પ્રચંડ ઉર્જા દરિયામાં મળી રહી છે.
- ✓ સંસ્થા – ન્યૂયોર્ક (USA)
- ✓ <u>ખાસ-</u> દરિયાની ગરમી માપવાની આ પ્રક્રિયામાં સપાટીથી ૨ હજાર મીટરના ઉંડાણ સુધી પાણીના તાપમાનને ધ્યાનમાં રાખવામાં આવે છે.
- ✓ 14 વૈજ્ઞાનિકોની ટીમે મહાસાગર તાપમાનનો રેકોર્ડ તપાસ્યો

<u>૬. દિન વિશેષ : 3 માર્ચ</u>

<u>વર્લ્ડ વાઈલ્ડ લાઈફ ડેની ઉજવણી</u>

- ✓ હેતુ- જંગલી પ્રાણીઓમાં જૈવ વૈવિધ્યની રક્ષા અને પ્રોત્સાહન માટે આ દિવસની ઉજવણી

**<u>થીમ-2020</u>**

- ✓ Sustaining All Life On Earth

<u>૭. જન્મ દિન વિશેષ : 3 માર્ચ</u>

<u>ગુલામીએ સપનું દીઠું ગુલાબી :</u>

<u>જમશેદજી તાતા</u>

<u>જન્મ : 3 માર્ચ ૧૮૩૯</u>

<u>અવસાન ૧૯૦૪</u>

✓ આજે તારીખ 3 માર્ચ ગુલામ ભારતમાં ગુલાબી સપનું જોનારા જમશેદજી નસરવાનજી તાતાનો જન્મદિવસ.

✓ નવસારીમાં જન્મેલા જમશેદજીએ નવસારી અને મુંબઈમાં શિક્ષણ લીધું હતું. 1858માં 19 વર્ષની ઉંમરે તેઓ પિતાના વારસાગત વ્યવસાયમાં જોડાયા, હોંગકોંગમાં અનુભવ પ્રાપ્ત કરી પ્રયોજકીય પ્રવૃત્તિ શરૂ કરી.

✓ 1869માં મુંબઈમાં એલેક્ઝાન્ડ્રા, 1877માં એમ્પ્રેસ, 1886માં સ્વદેશી અને 1903માં અમદાવાદમાં એડવાન્સ મિલ શરૂ કરી.

✓ તાતા લાઈન નામથી વહાણવટા કંપની ચાલુ કરી પણ જમશેદજીનું અસલ હીર તો લોખંડ અને પોલાદ ઉદ્યોગમાં ઝળકી ઊઠ્યું હતું.

✓ અનેક અવરોધો વચ્ચે એ જમાનામાં સાહસિક ગણાય તેવા સાહસની બાથ ભીડી હતી તે માટે બધી માળખાકીય સુવિધાઓ પણ ઊભી કરી દીધી હતી.

✓ તેમની કાર્ય યોજનાના ભાગરૂપે 1907માં તાતા આયર્ન એન્ડ સ્ટીલ કંપની (ટીસ્કો)ની સ્થાપના થઈ હતી પણ તે પહેલા 1904માં જમશેદજી તાતાનું અવસાન થઈ ચૂક્યું હતું.

✓ આજે ટેલીફોનના શોધક ગ્રેહામ બેલ, હાસ્યકાર જશપાલ ભટ્ટી, સ્વતંત્રતા સૈનિક ફૂલચંદભાઈ શાહ, ક્રિકેટર એમ. એલ. જયસિન્હાનો જન્મ દિવસ તથા નામાંકિત સાહિત્યકાર હરિ નારાયણ આપ્ટે, શાયર ફિરાક ગોરખપુરી અને ક્વિઝ ક્રિકેટર માર્ટિન ક્રોવની પુણ્યતિથિ છે.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૩-૦૩-૨૦૨૦)</u>

1. માર્ચ 2020માં અમેરિકાના ટેનેસી પ્રદેશમાં કયુ ભયાનક વાવાઝોડું ત્રાટક્યું હતું- **<u>સુપરસેલ</u>**
2. માર્ચ- 2020ની સ્થિતિએ વિશ્વના અંદાજે કેટલા દેશોમાં COVID-13 વાયરસ ફેલાયો હતો- <u>70</u>
3. COVID-13નું ઇન્ફેક્શન આગળ વધતો રોકવા માટે સમગ્ર વિશ્વ દ્વારા "હેન્ડ શેક"ની સામે કયું એક અભિયાન હાથ ધરવામાં આવ્યું- **<u>"નમસ્તે" અભિયાન</u>**
4. 3 માર્ચ 2020ના રોજ ગુજરાત હાઇકોર્ટમાં કયા ચાર જજની નિમણૂક કરવામાં આવી- **<u>1. જજ ઇલેશ વોરા 2. જજ રાજેન્દ્ર શરિન 3. જજ ગીતા ગોપી અને 4. જજ અશોક કુમાર જોશી</u>**
5. માર્ચ 2020ની સ્થિતિએ ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિનું નામ જણાવો- **<u>શ્રી વિક્રમનાથ</u>**
6. માર્ચ 2020ની સ્થિતિએ ગુજરાત હાઇકોર્ટમાં કુલ જજની સંખ્યા જણાવો- <u>30</u>
7. તાજેતરમાં કઈ સંસ્થાના 14 વૈજ્ઞાનિકો દ્વારા મહાસાગરોના તાપમાન ઉપર સંશોધન કરાયું- **<u>નેશનલ સેન્ટર ફોર એટમોસ્ફરિક રિસર્ચ- ન્યૂયોર્ક</u>**
8. વિશ્વના મહાસાગરોના તાપમાનમાં વર્ષ 1987થી 2019ના આ સમયગાળા દરમિયાન કેટલો વધારો થયો છે- **<u>450 ગણો</u>**
9. દરિયાની ગરમી માપવાની આ પ્રક્રિયામાં સપાટીથી કેટલા મીટર ઊંડાણ સુધી પાણીના તાપમાનને ધ્યાને રાખવામાં આવે છે- **<u>2000 મીટર</u>**
10. સમગ્ર વિશ્વમાં 3 માર્ચને કયા દિવસ તરીકે ઉજવવામાં આવે છે- <u>world wildlife day</u>
11. World Wildlife Day- 2020ની થીમ જણાવો- <u>"SUSTAINING ALL LIFE ON EARTH"</u>
12. ભારતના મહાન ઉદ્યોગપતિ શ્રી જમશેદજી તાતાનો જન્મ દિવસ જણાવો- **<u>3 માર્ચ 1839</u>**
13. જમશેદજી તાતાનો જન્મ કયા શહેરમાં થયો હતો- **<u>નવસારી</u>**
14. મહાન ઉદ્યોગપતિ જમશેદજી તાતાએ સૌપ્રથમ કયા ક્ષેત્રે પોતાનો ઉદ્યોગ શરૂ કર્યો હતો- **<u>વહાણવટા</u>**

## 04-03-2020

<u>૧. સઘન મિશન ઈન્દ્રધનુષ 2.0 (આરોગ્ય)</u>

**<u>મિશન ઇન્દ્રધનુષનો મુખ્ય ઉદ્દેશ :</u>**

✓ <u>દેશના તમામ બે વર્ષથી નાની ઉંમરના બાળકો અને સગર્ભા માતાઓને સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ અંતર્ગત આવરી લેવાનો છે.</u> વધુમાં, બે વર્ષથી વધુ ઉંમરના બાળકોને પણ કોઈ પણ રસીકરણ સેશન પર રસીકરણ સેવાઓ પૂરી પાડવાનો છે.

✓ આ સમગ્ર પ્રક્રિયા અભિયાન સ્વરૂપે અમલીકરણ કરી રાજ્યમાં તેમજ દેશમાં <u>સંપૂર્ણ રસીકરણનો વ્યાપ ૯૦%થી વધારી રોગમુક્ત સમાજ બને તે ઉદ્દેશ્ય છે.</u>

**કયા રોગો સામે રક્ષણ**

- ✓ દેશભરમાં રસીકરણ કાર્યક્રમ મારફતે ઝેરી કમળો, બાળ ટી.બી., પોલીયો, ડીક્વેરીયા, ઊટાટીયુ, ધનુર, હીબ બેકટેરિયાથી થતા રોગો, રોટા વાયરસથી થતા ઝાડા, ઓરી અને રૂબેલા જેવા રોગો સામે રક્ષણ પૂરું પાડવામાં આવે છે.

**સઘન મિશન ઇન્દ્રધનુષ 2.0 વિષે**

- ✓ આ સઘન મિશન ઇન્દ્રધનુષ 2.0 અંતર્ગત સંપૂર્ણ રસીકરણમાં નોંધપાત્ર વધારો થાય અને દેશના ખાસ વિસ્તારોમાં વંચિત રહેલ બાળકો અને સગર્ભા માતાઓને રસીકરણની સેવાઓ મળે તે સુનિશ્ચિત કરવાનો છે.
- ✓ સઘન મિશન ઇન્દ્રધનુષ 2.0ની શરૂઆત ડીસેમ્બર ૨૦૧૯થી થયેલ છે. દેશના ૨૭૧ જિલ્લાઓના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં આ અમલમાં છે.
- ✓ જેમાં ડિસેમ્બર ૨૦૧૯થી માર્ચ ૨૦૨૦ના પ્રથમ અઠવાડિયાના ૭ દિવસ મમતા દિવસ-બુધવાર, રવિવાર અને રજાના દિવસો સિવાયના દિવસોમાં સેશન પ્લાન કરી રસીકરણની વ્યવસ્થા કરવામાં આવેલ છે.
- ✓ ગુજરાતના ૩૩ જિલ્લા અને ૮ કોર્પોરેશન વિસ્તારોમાં ડીસેમ્બર ૨૦૧૯થી અમલવારી શરુ કરેલ છે. જેના તબક્કાવાર આયોજન તારીખ ૦૨ ડીસેમ્બર, ૨૦૧૯, તારીખ ૦૬ જાન્યુઆરી-૨૦૨૦, ૦૩ ફેબ્રુઆરી-૨૦૨૦ અને ૦૨ માર્ચ-૨૦૨૦માં ૭ દિવસ સુધી યોજાનાર છે.
- ✓ જેમાં ત્રણ રાઉન્ડ પૂર્ણ કરેલ છે અને ચોથો રાઉન્ડ ૨ માર્ચ, ૨૦૨૦થી શરૂ થશે.

**સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ-ગુજરાત**

- ✓ સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ અંતર્ગત દર વર્ષે ગુજરાતના ૧૨ લાખ બાળકો અને ૧૩ લાખથી વધુ સગર્ભા માતાઓને રસીકરણની સેવાઓ પૂરી પાડવા ૫૦,૨૬૮થી વધુ રસીકરણ/મમતા સેશનનું આયોજન થાય છે.
- ✓ આ તમામ લાભાર્થીઓ "નામ સાથેની ટ્રેકિંગ સીસ્ટમ" ટેકો+ દ્વારા ટ્રેક કરી સમયાનુસાર સેવાઓ પૂરી પડાય છે.
- ✓ આમ ગુજરાત રાજ્યમાં પૂર્ણ રસીકરણનો લક્ષ્યાંક ૧૦૦% થાય તે માટે તમામ પ્રયાસો હાથ ધરેલ છે.
- ✓ ટેકો+ અનુસાર સમગ્ર રાજ્યમાં સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ દરમ્યાન વર્ષ ૨૦૧૯-૨૦માં કુલ ૯૯૧૮૮૧ (૯૨.૨%) સુધી રસીકરણ થયેલ છે. (૨૭.૨.૨૦૨૦ સુધી)

દેશમાં ૧૯૮૫થી સાર્વત્રિક રસીકરણનો પ્રારંભ

સઘન મિશન ઇન્દ્રધનુષ 2.0–ગુજરાત

- ✓ ગુજરાતમાં સઘન મિશન ઇન્દ્રધનુષનો પ્રથમ રાઉન્ડની શરૂઆત ૨ ડિસેમ્બર, ૨૦૧૯થી અમદાવાદથી કરાઈ છે.
- ✓ અત્યાર સુધી કુલ ત્રણ તબક્કા પૂર્ણ કરેલ છે. આ ત્રણ તબક્કામાં ૧૫૬૪૩ રસીકરણ સેશન દ્વારા સમગ્ર ગુજરાતના ૭૩,૭૫૫ બાળકો અને ૧૩,૭૬૫ સગર્ભા માતાઓને રસીકરણનો લાભ આપેલ છે.
- ✓ આ ત્રણ તબક્કા દરમ્યાન રાત્રી સેશન પણ કરેલ છે જેમાં કુલ ૧૯૯ રાત્રી સેશનમાં ૭૨૧ બાળકો અને ૧૪૧ સગર્ભા માતાઓને છે.

## ૨. શ્રેષ્ઠ ધારાસભ્ય એવોર્ડ : (બંધારણ)

ગુજરાત વિધાનસભા દ્વારા એવોર્ડ આપવાની જાહેરાત

**સંસદ અને અન્ય રાજ્યોમાં અપાતા એવોર્ડ વિશે**

- ✓ ભારતીય સંસદના બંને ગૃહો અર્થાત રાજયસભા અને લોકસભાના વર્તમાન સભ્યોને તેમની સંસદસભ્ય તરીકેની ઉત્કૃષ્ઠ કામગીરીની કદરરૂપે સન ૧૯૯૫થી દર વર્ષે "આઉટસ્ટેન્ડીંગ પાર્લામેન્ટરીયન એવોર્ડ" આપવામાં આવે છે.
- ✓ તેમજ ભારતના આસામ, રાજસ્થાન, કર્ણાટક, ઝારખંડ, ઉત્તરાખંડ સહિતના રાજ્યોના વિધાનમંડળો દ્વારા તેમના વિધાનમંડળના વર્તમાન સભ્યોને ધારાસભ્ય તરીકેની ઉત્કૃષ્ઠ કામગીરી બદલ દર વર્ષે એક ધારાસભ્યને બેસ્ટ એમ.એલ.એ. એવોર્ડ, બેસ્ટ લેજીસ્લેટર એવોર્ડથી પુરસ્કૃત કરવામાં આવે છે.

**હેતુ અને કયા વર્ષથી પ્રારંભ:-**

- ✓ સંસદીય લોકશાહી અંગે સાચી સમજ કેળવવાની આપણી સૌની જવાબદારી છે.

- ✓ વિધાનસભા જેવી મહાન સંસ્થાનું ગૌરવ અને મોભો જાળવવા માટે તેની કાર્યપધ્ધતિના નિયમોને વ્યાપક સંદર્ભમાં યથાર્થ રીતે સમજવા જરૂરી છે.
- ✓ આ તમામ જવાબદારીઓ જે સભ્યશ્રી યથાર્થ રીતે નિભાવે તેને પ્રોત્સાહિત કરવા પણ એટલા જ જરૂરી છે.
- ✓ કેન્દ્ર નવા ચૂંટાયેલા સભ્યશ્રીઓને પણ તેમની ફરજો અને જવાબદારીઓ સારી રીતે અદા કરવાની પ્રેરણા મળે તે આશયથી ગુજરાત વિધાનસભામાં શ્રેષ્ઠ કામગીરી કરનાર ધારાસભ્યશ્રીને પ્રોત્સાહિત કરવાના હેતુથી વર્ષ ૨૦૧૯થી દર વર્ષે "શ્રેષ્ઠ ધારાસભ્ય" તરીકેનો એવોર્ડ આપવાનો નિર્ણય.
- ✓ અધ્યક્ષ : શ્રી રાજેન્દ્ર ત્રિવેદી

## 3. કેન્દ્રીય કેબિનેટ : અગત્યના નિર્ણય (વહીવટ)

(૧) મંત્રીમંડળે કંપની (બીજો સુધારો) વિધેયક, 2019ને મંજૂરી આપી

- ✓ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી મંત્રીમંડળની બેઠકે કંપની કાયદા, 2013માં સુધારો લાવવા માટે કંપની (બીજો સુધારો) વિધેયક, 2019ને મંજૂરી આપી છે.
- ✓ આ વિધેયક અંતર્ગત નાદારીના એવા કેસો કે જેને હેતુપૂર્વક નિર્ધારિત કરી શકાય, જે અન્યથા છેતરપિંડીના ઇરાદાથી નથી અથવા મોટાપાયે જાહેરહિતમાં સંડોવાયેલ નથી તેની ગુનાખોરી દૂર કરશે. તેનાથી દેશમાં ગુનાખોરીમાં ન્યાય પ્રણાલીને આગળ ધરાવવામાં મદદ મળી શકશે. આ વિધેયકના કારણે કાયદાનું પાલન કરનારી કોર્પોરેટ કંપનીઓને કામ કરવામાં વધુ સરળતા કરી આપશે.
- ✓ અગાઉ, કંપની (સુધારો) વિધેયક, 2015માં કાયદાની કેટલીક ચોકક્સ જોગવાઇઓમાં સુધારો કરવામાં આવ્યો હતો જેથી કાયદાની વિવિધ જોગવાઇઓના અમલીકરણમાં પડતી સમસ્યાઓનો નિકાલ લાવી શકાય.

**(૨) સરકારી બેંકોનુ મર્જર**

10 સરકારી બેંકોનું ચાર બેંકોમાં મર્જર

- ✓ અમલ :- આગામી તારીખ 1લી એપ્રિલ 2020થી પ્રક્રિયાનો પ્રારંભ
- ✓ હવે ભારતમાં સરકારી બેન્કોની સંખ્યા 27થી ઘટીને 12 થશે.

બેંક મર્જર વિશે

(a) પંજાબ નેશનલ બેંકમાં ઓરિએન્ટલ બેંક ઓફ કોમર્સ અને યુનાઇટેડ બેંક ઓફ ઇન્ડિયાનું વિલિનીકરણ

(b) કેનેરા બેંકમાં સિન્ડિકેટ બેંકનું વિલિનીકરણ

(c) યુનિયન બેંક ઓફ ઇન્ડિયામાં આંધ્ર બેંક અને કોર્પોરેશન બેંકનું વિલિનીકરણ

(d) ઇન્ડિયન બેંકમાં અલ્હાબાદ બેંકનું વિલિનીકરણ

- ✓ આ વિલિનીકરણથી દેશમાં સાત મોટી સરકારી બેંકો ઊભી થશે, જેનો કુલ વ્યવસાય રૂપિયા આઠ લાખ કરોડ છે અને આ તમામ બેંકો દેશનાં દરેક ખૂણામાં પોતાની પહોંચ ધરાવે છે.

**(3) NRIને એર ઇન્ડિયામાં 100 ટકા હિસ્સો ખરીદવાની મંજૂરી**

ખરીદારોનો વ્યાપ વધારવાનો નિર્ણય

- ✓ ભારતીય નાગરિકતા ધરાવતા બિનનિવાસી ભારતીય (એનઆરઆઈ) હવે સબસ્ટેન્શિયલ ઓનરશિપ એન્ડ ઈફેક્ટિવ કન્ટ્રોલ (SOEC) નિયમનું ઉલ્લંઘન કર્યા વિના એર ઈન્ડિયામાં ૧૦૦ ટકા હિસ્સો ખરીદી શકે છે.
- ✓ અગાઉ એર ઇન્ડિયામાં એનઆરઆઇની માલિકી ૪૯ ટકા જ રાખવામાં આવી હતી કારણ કે એર ઇન્ડિયા પર ૫૧ ટકાનો બહુમતી અધિકાર ભારતીયનો હોય તે જરૂરી હતું.
- ✓ હવે એનઆરઆઈ એસઓઇસી નિયમનું ઉલ્લંઘન કર્યા વિના એર ઈન્ડિયાનો ૧૦૦ ટકા હિસ્સો ખરીદી શકશે.

પાર્શ્વભૂમિકા:- FDI

- ✓ એફડીઆઈ એ દેશના આર્થિક વૃદ્ધિનું મોટું સંચાલક ઘટક અને આર્થિક વિકાસ માટે બિન ધિરાણયુક્ત નાણાનો સ્રોત છે. એફડીઆઈ નીતિની સતત ચાલતી પ્રક્રિયા અંતર્ગત સમીક્ષા કરવામાં આવે છે જેનો ઉદ્દેશ્ય દેશમાં મોટા પ્રમાણમાં વિદેશી રોકાણને આકર્ષિત કરવાનો હોય છે. સરકારે એફડીઆઈ ઉપર રોકાણકાર માટે અનુકુળ નીતિ રજૂ કરી છે જે અંતર્ગત મોટા ભાગના ક્ષેત્રો અને પ્રવૃત્તિઓમાં ઓટોમેટીક રૂટ અંતર્ગત 100% એફડીઆઈની પરવાનગી અપાઈ છે.

- ✓ ભારતને એક આકર્ષક રોકાણ માટેનું ગંતવ્યસ્થાન બનાવવા માટે છેલ્લા કેટલાક સમયમાં એફડીઆઈ નીતિની જોગવાઈઓને અનેક જુદા જુદા ક્ષેત્રોમાં સતત ઉદાર બનાવવામાં આવી છે. તેમાંના કેટલાક ક્ષેત્રોમાં ડીફેન્સ બાંધકામ વિકાસ, ટ્રેડીંગ, ફાર્માસ્યુટિકલ, પાવર એક્સચેન્જ, વીમા ક્ષેત્ર, પેન્શન, અન્ય નાણાકીય સેવાઓ, એસેટ રીકન્સ્ટ્રક્શન કંપનીઓ, બ્રોડકાસ્ટિંગ, સિંગલ બ્રાંડ રીટેલ ટ્રેડીંગ, કોલસા ખાણ, ડીજીટલ મીડિયા વગેરેનો સમાવેશ થાય છે.
- ✓ આ સુધારાઓ વડે છેલ્લા કેટલાક સમયમાં રેકોર્ડ એફડીઆઈના પ્રવાહને આકર્ષિત કરી ભારતમાં મોટું યોગદાન આપવામાં આવ્યું.
- ✓ ભારતમાં 2014-15માં એફડીઆઈનો પ્રવાહ 45.15 બિલીયન અમેરિકી ડોલર રહ્યો હતો અને હવે તે ત્યારથી સતત વધી રહ્યો છે.
- ✓ એફડીઆઈનો પ્રવાહ 2015-16માં 55.56 બિલીયન અમેરિકી ડોલર, 2016-17માં 60.22 બિલીયન અમેરિકી ડોલર, 2017-18માં 60.97 બિલીયન અમેરિકી ડોલર થયો છે અને છેલ્લા નાણાકીય વર્ષ 2018-19માં આ એફડીઆઈ પ્રવાહ દેશમાં અત્યાર સુધીનો સૌથી વધુ એટલે કે 62.00 બિલીયન અમેરિકી ડોલર (પ્રોવિઝનલ ફિગર) નોંધાયો છે.
- ✓ છેલ્લા સાડા 9 વર્ષ દરમિયાન (એપ્રિલ 2000-સપ્ટેમ્બર 2019) કુલ એફડીઆઈ પ્રવાહ 642 બિલીયન અમેરિકી ડોલર રહ્યો છે જ્યારે છેલ્લા સાડા 5 વર્ષ દરમિયાન (એપ્રિલ 2014-સપ્ટેમ્બર 2019) દરમિયાન મેળવવામાં આવેલ કુલ એફડીઆઈ પ્રવાહ 319 અમેરિકી ડોલર રહ્યો છે કે જે છેલ્લા સાડા 9 વર્ષના કુલ એફડીઆઈ પ્રવાહના 50% જેટલો છે.
- ✓ વૈશ્વિક એફડીઆઈ પ્રવાહને છેલ્લા કેટલાક વર્ષોથી વિપરીત પરિસ્થિતિઓનો સામનો કરવો પડી રહ્યો છે.
- ✓ યુએનસીટીએડીના વિશ્વ રોકાણ અહેવાલ 2019માં જણાવ્યા અનુસાર વર્ષ 2018માં વૈશ્વિક સીધા વિદેશી મૂડી રોકાણ (એફડીઆઈ)માં 13%નો ઘટાડો જોવા મળ્યો છે અને પાછલા વર્ષે તે 1.3 ટ્રીલીયન અમેરિકી ડોલર સુધી નીચે ઉતરી ગયો છે કે જે સતત ત્રીજા વર્ષે જોવા મળેલ ઘટાડો છે.
- ✓ વૈશ્વિક પરિદ્રશ્ય નબળું હોવા છતાં ભારત વૈશ્વિક એફડીઆઈ પ્રવાહને આકર્ષવા માટે ભારત પ્રથમ પસંદગીનું અને આકર્ષક સ્થળ યથાવત જળવાયેલું રહ્યું છે.
- ✓ દેશમાં એફડીઆઈ નીતિના ક્ષેત્રને વધુ ઉદાર અને સરળ બનાવીને હજુ અનેકગણા વધારે વિદેશી રોકાણને આકર્ષવાની ક્ષમતા રહેલી છે.

## ૪. સુપ્રીમ કોર્ટ:ભારતમાં ક્રિપ્ટોકરન્સીના સોદા હવે કાયદેસર : SC એ RBI દ્વારા મુકેલો પ્રતિબંધ હટાવ્યો (વર્ચ્યુઅલ કરન્સી)

<u>વર્ષ 2018માં RBI દ્વારા ક્રિપ્ટોકરન્સી ઉપર ભારતમાં પ્રતિબંધ મુકાયો હતો.</u>

<u>શું છે ક્રિપ્ટોકરન્સી</u>

- ✓ ક્રિપ્ટોકરન્સી ડિજિટલ અને ઇન્ટરનેટ પર ચાલતી વર્ચ્યુઅલ કરન્સી છે જેમાં કરન્સી યુનિટના ઉદ્દભવ, નિયંત્રણ અને ફંડના ટ્રાન્સફર માટે એનક્રિપ્શન ટેકનિકનો ઉપયોગ કરાય છે.
- ✓ આ કરન્સી રિઝર્વ બેન્કના દાયરામાં ઓપરેટ થતી નથી. ક્રિપ્ટોકરન્સી કોમ્પ્યુટર એલ્ગોરિધમ પર તૈયાર થયેલું સ્વતંત્ર ચલણ છે. તેના પર કોઇ સરકારનું નિયંત્રણ નથી. ક્રિપ્ટોકરન્સીનો કોઇ માલિક નથી .

<u>વિશ્વમાં 2116 ક્રિપ્ટોકરન્સી પ્રચલિત, બજાર મૂડી 119.46 અબજ ડોલર</u>

- ✓ ઇન્ટરનેટ પર ક્રિપ્ટોકરન્સીનો પ્રારંભ જાન્યુઆરી ૨૦૦૯માં બિટકોઇનના નામે જાપાનમાં થયો હતો.
- ✓ હાલમાં દુનિયાભરમાં બિટકોઇન, રિપ્લડ, એથેરમ, કાર્ડનો જેવી ૨૧૧૬ ક્રિપ્ટોકરન્સી પ્રચલિત છે.
- ✓ તેમની બજારમૂડી ૧૧૯.૪૬ અબજ ડોલર આંકવામાં આવે છે.
- ✓ ક્રિપ્ટોકરન્સીનો ઉપયોગ કરીને દુનિયામાં કોઇ પણ ખૂણામાં કોઇપણ વ્યક્તિને પેમેન્ટ કરી શકાય છે.
- ✓ આ માટે કોઇ બેન્કને માધ્યમ બનાવવાની જરૂર પડતી નથી.
- ✓ ક્રિપ્ટોકરન્સી પીઅર ટુ પીઅર ટેકનોલોજી પર આધારિત છે .
- ✓ <u>ઇન્ટરનેટ એન્ડ મોબાઇલ એસોસિયેશન ઓફ ઇન્ડિયા ( IMA ) દ્વારા રિઝર્વ બેન્કના પ્રતિબંધને પડકાર અપાયો</u>

હતો. આ સંસ્થાએ દલીલ કરી હતી કે, ક્રિપ્ટોકરન્સી કોઈ ચલણ નથી પરંતુ કોમોડિટી છે .

૫.લોકપાલ (ફરિયાદ)ના નિયમો જાહેર (બંધારણ)

**મુખ્ય જોગવાઈઓ**

- ✔ નિયમોની જોગવાઈ મુજબ પદસ્થ કે પૂર્વ વડાપ્રધાન વિરુદ્ધ ભ્રષ્ટાચારની કોઈ ફરિયાદ થશે તો લોકપાલની પૂર્ણકક્ષાની બેન્ચ તેની સુનાવણી કરશે. આ નિયમો એવી જોગવાઈ પણ ધરાવે છે કે બેન્ચને ફરિયાદની વિગતો અસ્પષ્ટ કે અયોગ્ય લાગશે તો તેઓ ૩૦ દિવસમાં તે ફરિયાદ ફગાવી પણ શકશે. લોકપાલે અરજી કેમ ફગાવી તેની સ્પષ્ટતા પણ કરવાની રહેશે નહીં.
- ✔ લોકપાલ અને લોકાયુક્ત અધિનિયમ, ૨૦૧૩ એવી જોગવાઈ પણ ધરાવે છે કે પદસ્થ કે પૂર્વ વડાપ્રધાન સામેની ભ્રષ્ટાચાર સંબંધી ફરિયાદ અંગેની સુનાવણી કાર્યવાહી કેમેરા સામે કરવાની રહેશે અને લોકપાલ એવા તારણ પર આવે કે ફરિયાદ ફગાવી દેવા યોગ્ય છે ત્યારે આવી તપાસનો રેકર્ડ જાહેર નહીં થઈ શકે કે કોઈને ઉપલબ્ધ કરાવવામાં પણ નહીં આવે.
- ✔ લોકપાલે ફરિયાદ માટેની સમયમર્યાદા પણ નક્કી કરેલી છે. મહત્તમ સાત વર્ષ પહેલાં જે વડા પ્રધાનપદ સંભાળતા હોય તેમની સામે જ ફરિયાદ થઇ શકશે. લોકપાલ અધિનિયમની કલમ ૫૩ કહે છે કે અપરાધ થયાના સાત વર્ષમાં તે અપરાધ અંગે ફરિયાદ કરી શકાશે.
- ✔ ઓળખ જાહેર નહીં થાય લોકપાલ (ફરિયાદ) નિયમો ૨૦૨૦ જોગવાઇ ધરાવે છે કે જે સંબંધમાં ફરિયાદ થઇ હોય તે અંગે કોઇપણ કોર્ટ ટ્રિબ્યુનલ કે કોઇપણ સત્તાવાળા સમક્ષ કાર્યવાહી પડતર હશે તો લોકપાલ તે ફરિયાદને ફગાવી શકે છે.
- ✔ નિયમો મુજબ થયેલી ફરિયાદમાં તપાસ થઇને તેનો નિકાલ ના થાય ત્યાં સુધી ફરિયાદી અને જે જાહેરસેવક વિરુદ્ધ ફરિયાદ થયેલી હશે તે બંનેની ઓળખ જાહેર નહીં થાય. ઉપરાંત ફરિયાદીની ઓળખને ફરજિયાત ગોપનીય રખાશે.

ભારતના વર્તમાન લોકપાલ: પીનાકિચંદ્ર ઘોષ

૬. મહાત્મા ગાંધી સ્વચ્છ ભારત મિશન : કેન્દ્ર સરકાર દ્વારા ગામડામાં બીજા તબક્કાનો પ્રારંભ

- ✔ ગ્રામીણ ભારત માટે લોન્ચ કરાયેલા આ મિશન માટે પાંચ વર્ષમાં 1,40,881 કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે.
- ✔ કેન્દ્રીય ગ્રામીણ વિકાસમંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે કહ્યું કે તેમાંથી દરેક પંચાયતને સુકો અને ભીનો કચરો અલગ કરવાનું જણાવાશે.
- ✔ શહેરની જેમ જ ગામડામાં પણ બંને કચરા પહેલેથી જ અલગ કરાય તેવી વ્યવસ્થા થશે.

૭. નિર્ણય: ઉતરાખંડના ગ્રીષ્મકાલીન પાટનગર તરીકે ગૈરસૈંણ શહેરની પસંદગી

- ✓ ઉત્તરાખંડ સરકારે ગેરસૈંણને ગ્રીષ્મકાલીન પાટનગર જાહેર કર્યું છે. એટલે કે ઉનાળા દરમિયાન રાજ્ય સરકાર તમામ કામ દહેરાદૂનના સ્થાને ગેરસૈંણથી કરશે.
- ✓ વર્તમાન પાટનગર : દહેરાદૂન
- ✓ મુખ્યમંત્રી : ત્રિવેન્દરસિંઘ રાવત

૮.સંગઠિત અને બિનસંગઠિત ક્ષેત્ર શું છે

- ✔ **સંગઠિત ક્ષેત્ર એટલે** કે સરકારના યોગ્ય સત્તાવાળાના નિયંત્રણ હેઠળના એકમો કે જે સરકારના નિયમોનું પાલન કરતા હોય. તેમાં બિઝનેસ, સરકાર, મોટા ઉદ્યોગોનો સમાવેશ થાય છે. આ ક્ષેત્રમાં ફેક્ટરી એક્ટ, બોનસ એક્ટ, પીએફ એક્ટ, લઘુતમ વેતન અધિનિયમ સહિતના કાયદાનું પાલન થતું હોય છે.
- ✔ **બિન સંગઠિત એકમો** એટલે એવા એકમો કે જેના પર સરકારનું કોઇ નિયંત્રણ ના હોય અને જેને કોઇ નિયમો પાળવાની જરૂર નથી હોતી. તેમાં કોઇ પણ કાયદા હેઠળ તેનું નિયંત્રણ થતું હોતું નથી .

૯. નિમણૂક : BCCI દ્વારા પૂર્વ સ્પિનર સુનિલ જોષીની નવા ચીફ સિલેક્ટર તરીકે પસંદગી

- ✓ ટીમ ઈન્ડિયાના ઝડપી બોલર હરવિંદરસિંહની પણ પસંદગી તરીકે નિમણૂક
- ✓ પસંદગી – ક્રિકેટ એડવાઈઝરી કમિટી (CAC)
- ✓ BCCI – મુખ્ય મથક – વાનખેડે, મુંબઈ

૧૦. દિન વિશેષ : 4 માર્ચ

49મો રાષ્ટ્રીય સલામતી દિવસ

ખાસ:-બાંધકામ શ્રમિકો માટે ઉજવાય છે.

થીમ- **Enhance Health & Safety Performance By Use Of Advanced Technology**

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૪-૦૩-૨૦૨૦)

1. ભારતમાં "સઘન મિશન ઇન્દ્રધનુષ 2.0 " અંતર્ગત કેટલા વર્ષથી નાની ઉંમરના બાળકો તેમજ સગર્ભા માતાઓને સાર્વત્રિક રસીકરણ હેઠળ આવરી લેવાયા છે- 2 વર્ષ
2. "સઘન મિશન ઇન્દ્રધનુષ 2.0"નો મુખ્ય ઉદ્દેશ જણાવો- **સંપૂર્ણ રસીકરણ વ્યાપ 90% થી વધારી સમાજને રોગમુક્ત બનાવવો**
3. ભારતમાં "સઘન મિશન ઇન્દ્રધનુષ 2.0"ની શરૂઆત ક્યારે થઈ હતી- **ડિસેમ્બર- 2019**
4. ભારતમાં સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમનો સૌપ્રથમ પ્રારંભ કયારે થયો હતો- **વર્ષ 1985**
5. ભારતમાં રસીકરણ કાર્યક્રમ અંતર્ગત કયા રોગો સામે રક્ષણ પૂરું પાડવામાં આવે છે- **ઝેરી કમળો, બાળ ટીબી, પોલિયો, ડીપ્થેરિયા, ઉટાંટિયું, ધનુર, હીબ બેક્ટેરિયા, રોટા વાયરસ, ઓરી અને રુબેલા**
6. ગુજરાતમાં સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ અંતર્ગત તમામ લાભાર્થીઓના નામ સાથે કઈ ટ્રેકિંગ સિસ્ટમ દ્વારા સમયાનુસાર સેવા પૂરી પાડવામાં આવે છે-**ટેકો +**
7. માર્ચ 2020માં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ દ્વારા ધારાસભ્યો માટે કયો એવોર્ડ જાહેર કરાયો- **" શ્રેષ્ઠ ધારાસભ્ય એવોર્ડ"**
8. ગુજરાતમાં "શ્રેષ્ઠ ધારાસભ્ય એવોર્ડ"નો આપવાનો પ્રારંભ કયા વર્ષથી કરાશે- **વર્ષ 2019**
9. ગુજરાત વિધાનસભાના વર્તમાન અધ્યક્ષનું નામ જણાવો- **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી**
10. તાજેતરમાં વિદેશી રોકાણ વધારવાના હેતુથી NRI દ્વારા એર ઇન્ડિયામાં કેટલા ટકા હિસ્સો ખરીદવાની કેન્દ્રીય કેબિનેટ દ્વારા મંજૂરી અપાઈ- 100%
11. આ અગાઉ એર ઇન્ડિયામાં NRI કેટલા ટકા હિસ્સો ખરીદી શકતા હતા- 49%
12. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ દ્વારા વધુ કેટલી સરકારી બેન્કોનું કેટલીક બેંકોમાં મર્જર કરવાની પ્રક્રિયાને મંજૂરી આપી- **10 સરકારી બેન્કોને 4 બેન્કોમાં મર્જર કરાશે**
13. ભારતમાં 10 સરકારી બેન્કોને 4 બેન્કોમાં મર્જર કરવાની પ્રક્રિયાનો પ્રારંભ ક્યારથી કરવામાં આવશે- **01 એપ્રિલ 2020થી**
14. ભારતમાં હવે 27 સરકારી બેંકોની સંખ્યા ઘટીને ઘટીને કેટલી થશે - 12
15. બેંકોના આ વિલીનીકરણથી દેશમાં કુલ કેટલી મોટી સરકારી બેંકો ઊભી થશે જેનો કુલ વ્યવસાય ₹. આઠ લાખ કરોડ છે- 07
16. કેન્દ્ર સરકારની તાજેતરની જાહેરાત મુજબ કઈ 10 બેંકોનું કઈ ચાર બેન્કોમાં મર્જર થશે- **(a) પંજાબ નેશનલ બેંકમાં ઓરિએન્ટલ બેંક ઓફ કોમર્સ અને યુનાઇટેડ બેંક ઓફ ઇન્ડિયાનું વિલિનીકરણ (b) કેનેરા બેંકમાં સિન્ડિકેટ બેંકનું વિલિનીકરણ (c) યુનિયન બેંક ઓફ ઇન્ડિયામાં આંધ્ર બેંક અને કોર્પોરેશન બેંકનું વિલિનીકરણ (d) ઇન્ડિયન બેંકમાં અલ્હાબાદ બેંકનું વિલિનીકરણ**
17. તાજેતરમાં સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ ભારતમાં કઈ કરન્સીના સોદા કાયદેસર કરવામાં આવ્યા- **cryptocurrency- virtual currency**
18. કયા વર્ષે ભારતમાં RBI દ્વારા cryptocurrency ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો- 2018
19. સમગ્ર વિશ્વમાં cryptocurrencyનો સૌપ્રથમ પ્રારંભ કયા વર્ષે અને કઈ કરન્સીથી થયો હતો- **વર્ષ 2009 અને બિટકોઈન- જાપાન**
20. ભારતમાં લોકપાલના નવા નિયમ પ્રમાણે નિયુક્ત કરેલી બેંચને ફરિયાદની વિગતો અસ્પષ્ટ કે આ યોગ્ય લાગશે તો કેટલા દિવસમાં ફરિયાદ ફગાવી પણ શકશે- **30 દિવસ**
21. લોકપાલના નવા નિયમ પ્રમાણે વર્તમાન કે પૂર્વ વડાપ્રધાન વિરુદ્ધ ભ્રષ્ટાચારની કોઈ ફરિયાદ થશે તો લોકપાલની કઈ બેન્ચ તેની સુનાવણી કરી શકશે- **પૂર્ણ કક્ષાની બેન્ચ**
22. લોકપાલના નવા નિયમ પ્રમાણે મહત્તમ કેટલા વર્ષ પહેલા વડાપ્રધાન પદ સંભાળતા હોય તો જ તેમની સામે જ ફરિયાદ કરી શકાશે- 7 વર્ષ

23. લોકપાલ અધિનિયમની કલમ 53 મુજબ અપરાધ થયાના કેટલા વર્ષમાં અપરાધ અંગે ફરિયાદ કરી શકાશે- <u>7 વર્ષ</u>
24. લોકપાલના નવા નિયમ પ્રમાણે જાહેરસેવક સામે ફરિયાદ કરનારની ઓળખ ક્યાં સુધી ગોપનીય રખાશે- <u>કાયમી</u>
25. ભારતના વર્તમાન લોકપાલનું નામ જણાવો- <u>પિનાકી ચંદ્ર ઘોષ</u>
26. મહાત્મા ગાંધી સ્વચ્છ ભારત મિશન અંતર્ગત માર્ચ 2020થી ગામડામાં કયા તબક્કાનો પ્રારંભ થયો- <u>બીજા</u>
27. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શહેરોની જેમ હવે ગામડામાં પણ કયો કચરો અલગ કરાશે- <u>ભીનો અને સૂકો</u>
28. તાજેતરમાં ઉત્તરાખંડ સરકાર દ્વારા તેના ગ્રીષ્મકાલીન પાટનગર તરીકે કયા શહેરની પસંદગી કરાઈ- <u>ગૈરસૈંણ</u>
29. માર્ચ 2020માં BCCI દ્વારા ટીમ ઈન્ડિયાના મુખ્ય પસંદગીકાર તરીકે કોની નિમણૂક કરાઈ- <u>પૂર્વ સ્પીનર સુનિલ જોશી</u>
30. માર્ચ 2020માં BCCI દ્વારા ટીમ ઈન્ડિયાના પસંદગીકાર તરીકે કોની નિમણૂક કરાઈ- <u>પૂર્વ ઝડપી બોલર હરવિંદર સિંઙ</u>
31. તાજેતરમાં 4 માર્ચના રોજ રાષ્ટ્રીય કક્ષાએ કયો દિવસ ઉજવાયો- <u>49 મો "રાષ્ટ્રીય સલામતી દિવસ"</u>
32. "રાષ્ટ્રીય સલામતી દિવસ" કયા ક્ષેત્રના શ્રમિકો માટે ઉજવવામાં આવે છે- <u>બાંધકામ</u>
33. રાષ્ટ્રીય સલામતી દિવસ- 2020ની થીમ જણાવો- <u>"ENHANCE HEALTH AND SAFETY PERFORMANCE BY USE OF ADVANCED TECHNOLOGY"</u>

**05-03-2020**

<u>૧. EPF વ્યાજદર જાહેર : વર્ષ 2019-20 EPFનો વ્યાજદર 8.65થી ઘટાડીને 8.50 ટકા કરાયો (આર્થિક)</u>

**કયા વર્ષમાં EPF પર કેટલા ટકા વ્યાજ ચૂકવાયું**

| | |
|---|---|
| 8.65% : 2018-19 | 8.75% : 2014-15 |
| 8.55% : 2017-18 | 8.75% : 2013-14 |
| 8.65% : 2016-17 | 8.50% : 2012-13 |
| 8.80% : 2015-16 | 8.50% : 2019-20 |

- ✓ વર્ષ 2018-19માં EPFની થાપણો પર 8.65 ટકા વ્યાજ ચૂકવાયું હતુ.
- ✓ <u>નિર્ણય:</u> EPFના બોર્ડ ઓફ ટ્રસ્ટીઝની બેઠકમાં નિર્ણય
- ✓ <u>EPFO-</u>એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઇઝેશન

<u>કેન્દ્રીય શ્રમ મંત્રી- શ્રી સંતોષકુમાર ગંગવાર</u>

- ✓ મંત્રાલય - શ્રમ મંત્રાલય

<u>૨. નોવેલ કોરોના વિશે આગાહી કરતાં પુસ્તકો(આરોગ્ય)</u>

<u>(૧) The Eyes Of Darkness</u>

- ✓ The Eyes Of Darkness... એક વાઈરસ વિશ્વને બરબાદ કરી નાખશે ડ્રુન કૂટઝની નોવેલ ૩૯ વર્ષ પહેલાં ૧૯૮૧માં લખાઈ હતી.
- ✓ The Eyes Of Darkness નામની આ નોવેલમાં કોરોનાની વાત હતી. તેમાં જણાવાયું હતું કે, આગામી સમયમાં વુહાન-૪૦૦ નામનો વાઈરસ આવશે. તે સમગ્ર વિશ્વમાં મોતનું તાંડવ ફેલાવશે.
- ✓ દુનિયામાં ક્યાંક જૈવિક હથિયારો બનાવવામાં આવી રહ્યાં છે. આ પ્રયાસમાં જ એક વાઈરસનો જન્મ થશે જે સમગ્ર વિશ્વને બરબાદ કરી નાખશે. આ વાઈરસ સમગ્ર વિશ્વમાં મહામારી તરીકે ફેલાશે.

<u>(૨) End of Days</u>

- ✓ સિલ્વિયા બ્રાઉનના પુસ્તક End Of Days Predictions and Prophecies About The End of The Worldની પણ ખૂબ જ ચર્ચા ચાલી રહી છે.
- ✓ ૧૨ વર્ષ પહેલા પ્રસિદ્ધ થયેલા આ પુસ્તકના ૩૧૨ નંબરના પેજ ઉપર લખવામાં આવ્યું છે કે ૨૦૨૦માં

ન્યૂમોનિયા જેવો એક રોગ ફેલાશે. સમગ્ર વિશ્વમાં તેના કારણે મોત થશે.

- ✓ લોકોના ફેફસાં અને બ્રાંકોઈ ટ્યુબ્સ ઉપર આ વાઈરસની અસર થશે અને તેનો કોઈ ઉપચાર નહીં હોય. આ બિમારી લોકોના જીવન બરબાદ કરી નાખશે .

3. ફીડમ ઈન ધ વર્લ્ડ 2020 : ભારત વિશ્વમાં 83માં ક્રમે

- ✓ મુકત લોકશાહી દેશની બાબતમાં ભારતનું સ્થાન છેલ્લા 25 દેશોમાં આવ્યું
- ✓ કૂલ પોઇન્ટ : 71

૪. નોવેલ કોરોના વાઇરસ - અન્ય નામ : COVID-19

- ✓ વધુ માહિતી માટે ગુજરાતમાં ફીવર હેલ્પલાઇન 104નો ઉપયોગ કરવા અનુરોધ

સંશોધન - NASHની સારવાર માટે વિશ્વની પ્રથમ દવા ઝાયડસ કેડિલા દ્વારા વિકસાવાઈ (આરોગ્ય)

**કયા અંગને અસર -**

- ✓ લિવરની વ્યાધિ માટે : લિવરમાં નોન આલ્કોહોલિક ફેટ જમા થવા સામે NASH રોગ ઉદભવે.
- ✓ NASH- નોન આલ્કોહોલિક સ્ટેઈટો હિપેટાઇટિસ
- ✓ આ દવાને DCGIની મંજૂરી
- ✓ DCGI : ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયા
- ✓ ઝાયડસ કેડિલા ગુજરાતી ફાર્મા કંપની – અમદાવાદ
- ✓ ચેરમેન – પંકજ પટેલ

૬. 5th ભારતીય ફાર્મા 2020 અને ભારતીય તબીબી ઉપકરણ 2020 પરિષદ-પ્રદર્શન

- ✓ તારીખ 5 થી 7 માર્ચ-2020, મહાત્મા મંદિર ગાંધીનગર
- ✓ ગુજરાતમાં પ્રથમવાર આયોજન

**થીમ**

- ✓ આ કાર્યક્રમની થીમ "ભારતીય ફાર્મા: પરવડે તેવી અને ગુણવત્તાપૂર્ણ સ્વાસ્થ્ય સંભાળ હાંસલ કરવાના પડકારો દૂર કરવા અને ભારતીય તબીબી ઉપકરણ: સાર્વત્રિક સ્વાસ્થ્ય સંભાળ માટે પરવડે તેવા જવાબદારીપૂર્ણ અને ગુણવત્તાપૂર્ણ તબીબી ઉપકરણોને પ્રોત્સાહન આપવું" છે.

**હેતુ :-**

- ✓ આ કાર્યક્રમનો હેતુ, મેડિકલ ઇલેક્ટ્રોનિક્સ, ઉપકરણો, સ્વાસ્થ્ય નિદાન, હોસ્પિટલો અને સર્જિકલ ઉપકરણો વગેરેને સામેલ કરીને ગ્રાહક કેન્દ્રી ઉત્પાદનને પ્રોત્સાહન આપવાનો છે. આ કાર્યક્રમનો હેતુ આપણા ઇલેક્ટ્રોનિક્સ ટેક્નોલજી વિકાસ અને ઉત્પાદન બેઝને સશક્ત બનાવવા માટે ઇકોસિસ્ટમની રચના કરવા બાબતે ચર્ચા કરવાનો અને ટેકનોલોજી નિદર્શનનો છે.

**આયોજક –**

- ✓ આ રસાયણ અને ખાતર મંત્રાલયના ફાર્માસ્યુટિકલ્સ વિભાગના ઉપક્રમે ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી–FICCI અને ગુજરાત સરકારના સહયોગથી

**ઉપસ્થિતિ –**

- ✓ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, રસાયણ અને ખાતર મંત્રી શ્રી સદાનંદ ગૌડા દ્વારા પરિષદનું ઉદઘાટન
- ✓ ભારતીય ફાર્માસ્યુટિકલનું બજાર જથ્થાની દૃષ્ટિએ સમગ્ર દુનિયામાં ત્રીજું સૌથી મોટુ અને મૂલ્યની દૃષ્ટિએ તેરમું સૌથી મોટું બજાર છે.
- ✓ ભારત સમગ્ર દુનિયામાં સૌથી મોટો જેનરિક દવાઓનો પૂરવઠાકાર દેશ છે. સાથે સાથે, ભારતમાં તબીબી ઉપકરણ ઉદ્યોગનું મૂલ્ય USD 5.2 બિલિયન આંકવામાં આવે છે, જે ભારતમાં સ્વાસ્થ્ય સંભાળ ઉદ્યોગમાં USD 96.7 બિલિયનના મૂલ્ય સાથે 4-5 ટકાનું યોગદાન આપે છે.
- ✓ આ કાર્યક્રમ દરમિયાન ફાર્માસ્યુટિકલ્સ અને તબીબી ઉપકરણો પર આધારિત એક પ્રદર્શન પણ યોજાયુ. 200થી વધુ ફાર્માસ્યુટિકલ અને તબીબી ઉપકરણ કંપનીઓ આ પ્રદર્શનમાં ભાગ લેશે. સમગ્ર દુનિયામાંથી 5,000 કરતા વધુ ફાર્માસ્યુટિકલ અને બાયોટેકનોલોજી પ્રોફેશનલ્સ આ ત્રણ દિવસીય પરિષદમાં ભાગ લેશે.

૭. UNના માજી મહામંત્રી અને પેરુના પૂર્વ વડાપ્રધાન શ્રીયુત પેરેજ દ કુયારનું 100 વર્ષે અવસાન

- ✓ મહામંત્રી તરીકે વર્ષ 1982થી વર્ષ 1991 સુધી કાર્યરત

૮. ડાંગ દરબાર 2020 : ડાંગ જિલ્લાના લોકોનો મુખ્ય તહેવારનો પ્રારંભ

**હોળી પહેલા ચાર-પાંચ દિવસ પહેલા ડાંગ દરબાર યોજાય છે**

- ✓ **વિશેષતા:** ડાંગના રાજવીઓની શોભાયાત્રા નીકળે છે
- ✓ રાજવીઓનું સન્માન કરાય છે
- ✓ રાજકીય પેન્શન પણ આપવામાં આવે છે

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૫-૦૩-૨૦૨૦)

1. તા. 4 માર્ચ 2020ની સ્થિતિએ કેન્દ્રના શ્રમ મંત્રાલય દ્વારા વર્ષે 2019-20 માટે EPF વ્યાજ દર કેટલા ટકા નક્કી કરાયો :- **8.50%**
2. EPF ઉપર વર્ષ 2018-19 માં કેટલા ટકા વ્યાજ દર આપવામાં આવતો હતો- **8.65%**
3. EPFOનું વિસ્તૃત નામ જણાવો- **એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઇઝેશન**
4. કેન્દ્ર સરકારના શ્રમ મંત્રીનું નામ જણાવો- **સંતોષકુમાર ગંગવાર**
5. COVID -19 જેવા ભયાનક રોગચાળાની આગાહી કરતા કયા બે પુસ્તકો વર્ષો પહેલા પ્રકાશિત થયા હતા- 1. The Eyes of Darkness 2. End of Days
6. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલ Freedom in the World-2020 અહેવાલમાં ભારત વિશ્વમાં કયા ક્રમે છે- 83
7. ગુજરાત સરકાર દ્વારા COVID-19 અંગે વધુ માહિતી કે મદદ માટે કઈ હેલ્પલાઇન જાહેર કરવામાં આવી છે- **104 ફીવર હેલ્પલાઇન**
8. NASHની સારવાર માટે વિશ્વમાં સૌપ્રથમ કઈ ફાર્મા કંપની દ્વારા સંશોધન કરીને દવા વિકસાવવામાં આવી છે- **ઝાયડસ કેડિલા- અમદાવાદ**
9. NASHનું વિસ્તૃત નામ જણાવો- **નોન આલ્કોહોલિક સ્ટેઈટો હીપેટાઇટિસ**
10. NASH રોગ શરીરના કયા અંગને અસર કરે છે- **લીવર**
11. તાજેતરમાં 5th ભારતીય ફાર્મા 2020 અને ભારતીય તબીબી ઉપકરણ 2020 પરિષદ-પ્રદર્શન 5-7 માર્ચ દરમિયાન ક્યાં યોજાયું- **મહાત્મા મંદિર ગાંધીનગર**
12. ભારતીય ફાર્મા બજાર વિશ્વમાં જથ્થાની દ્રષ્ટિએ કેટલામું સ્થાન ધરાવે છે- **ત્રીજું**
13. કેન્દ્ર સરકારના રસાયણ અને ખાતર મંત્રીનું નામ જણાવો- **સદાનંદ ગૌડા**
14. તાજેતરમાં યુનાઇટેડ નેશનના કયા પૂર્વ મહામંત્રીનું 100 વર્ષે અવસાન થયું અને તેમનો દેશ જણાવો- **પેરેજ દ કુયાર અને પેરૂ**
15. ડાંગ જિલ્લાના મુખ્ય તહેવારનું નામ જણાવો- **ડાંગ દરબાર**
16. ડાંગ જિલ્લામાં ડાંગ દરબારનો પ્રારંભ ક્યારે થાય છે- **હોળીના પહેલા**
17. ડાંગ દરબાર તહેવાર દરમિયાન કોની શોભાયાત્રા નીકાળવામાં આવે છે- **ડાંગના રાજવીઓની**

**06-03-2020**

૧. નિર્ણય : ગુજરાત સરકાર

આંગણવાડી કર્મચારીઓના માનદવેતન રૂપિયા 600 તેમજ તેડાગર બહેનોના વેતનમાં રૂપિયા ૩૦૦નો વધારો

- ✓ અમલ : 1લી માર્ચ 2019થી
- ✓ આ નિર્ણયથી 53029 આંગણવાડી કાર્યકરને લાભ થશે
- ✓ સરકારના આ નિર્ણયથી આંગણવાડી કાર્યકરને મળતું માસિક વેતન રૂ. ૭૨૦૦થી વધીને રૂ.૭૮૦૦ થશે
- ✓ તેડાગર બહેનોનું વેતન રૂ. ૩૬૫૦થી વધીને રૂ. ૩૯૫૦ થશે.
- ✓ મીની આંગણવાડીના કાર્યકરનું વેતન રૂ. ૪૧૦૦થી વધીને મહિને રૂ. ૪, ૪૦૦ થશે.
- ✓ આ નિર્ણયનો અમલ ૧લી માર્ચ ૨૦૧૯ની પાછલી અસરથી કરાશે.

૨. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ : 8 માર્ચનો ઇતિહાસ

- ✓ યુનોના આદેશ અનુસાર છેલ્લા કેટલાક વર્ષોથી ૮મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિન તરીકે મનાવવામાં આવે છે.
- ✓ અતીતમાં અવલોકન કરીએ તો વર્ષ ૧૯૦૮માં ઔદ્યોગિક, સામાજિક વિકાસના સમયે ન્યૂયોર્કમાં હજારો મહિલાઓએ વિશાળ રેલી કાઢી હતી. તેમની માગ હતી કે કામના બદલામાં યોગ્ય વેતન, નોકરીમાં મર્યાદિત સમય, પુરુષની જેમ સમાન હક, ચૂંટણીઓમાં મતાધિકાર જેવા અનેક મુદ્દાઓને આવરી લેવાયા હતા.
- ✓ ૧૯૦૯માં અમેરિકી સોશિયાલિસ્ટ પાર્ટીએ પ્રથમ વાર રાષ્ટ્રીય મહિલા દિન મનાવ્યો. ત્યાર બાદ ૧૯૧૦માં ડેન્માર્કની રાજધાની કોપનહાગેનમાં મહિલાઓના આંતરરાષ્ટ્રીય સંમેલનનું આયોજન થયું.

- ✓ ક્લાસ જેટકીન નામની મહિલાએ આ સંમેલનમાં મહિલાઓ માટે એક આંતરરાષ્ટ્રીય દિવસ નક્કી કરવાનો પ્રસ્તાવ પ્રસ્તુત કર્યો.
- ✓ જેટકીન જર્મની સોશિયલ ડેમોક્રેટ પાટીનાં મહિલા વિભાગનાં પ્રમુખ હતાં. પ્રસ્તાવ રજૂ કરતાં જેટકીને કહ્યું કે, વર્ષમાં એક દિવસ એવો હોવો જોઈએ જ્યારે મહિલાઓ પોતાની માગણીઓ જાહેરમાં સૌની સમક્ષ રજૂ કરે.
- ✓ સંમેલનમાં હાજર ૧૦૦થી વધુ મહિલા પ્રતિનિધિઓએ આ સુચનને આવકારી દર વર્ષે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ મનાવવાનો નિર્ણય કર્યો.
- ✓ ૧૯૧૪માં પ્રથમ વિશ્વયુદ્ધમાં માનવ સંહાર વિરુદ્ધ અનેક મહિલા સંગઠનોએ પ્રદર્શનો કર્યા, એને મહિલા અધિકારો સાથે વણી લઈને ૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિન જાહેર કરવામાં આવ્યો.
- ✓ કેટલાંક વર્ષો પછી વિશ્વ સંસ્થા યુનોએ એને સમર્થન આપ્યું અને બેલેન્સ ફોર બેટરની થીમ સાથે મહિલા વિકાસ ઉપર કાર્યક્રમો યોજવા વિશ્વને હાકલ કરી.
- ✓ ૧૯૧૪થી શરૂ થયેલો સિલસિલો આજે વિશ્વવ્યાપી છે. સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા યુનોએ ૧૯૭૫-૧૯૮૫ના દાયકાને વિશ્વ મહિલા વિકાસ દશક તરીકે જાહેર કર્યો. એ પછી થોડા સમય બાદ યુનાઈટેડ નેશનના ડિવિઝન ફોર ધ એડવાન્સમેન્ટ ઑફ વિઝન નામના વિભાગે આ મુદ્દો ઉઠાવી લીધો અને તેણે યુનાઇટેડ નેશનની સોશિયલ એન્ડ ઇકોનોમિક્સ કાઉન્સિલને એ વાત માટે સંમત કરી કે સત્તારૂઢ અને નિર્ણયકર્તા એકમો પર અસર પાડવા અને પ્રભાવી બનવા માટે રાજકીય ક્ષેત્રે મહિલાઓની ઓછામાં ઓછી ૩૦ ટકા કે તેથી પણ વધુ ભાગીદારી આવશ્યક છે.
- ✓ પછી યુનોની અનેક કોન્ફરન્સોમાં આ માટે ભલામણ કરવામાં આવી. ખાસ કરીને ૧૯૯૫માં બેઇજિંગમાં યોજાયેલ ચોથી આંતરરાષ્ટ્રીય વિશ્વ મહિલા પરિષદમાં સ્ત્રીઓ માટે સંસદમાં ૩૩ ટકા બેઠકો અનામત રાખવાની વાત ભારપૂર્વક રજૂ કરવામાં આવી.
- ✓ આના આધારે ૧૯૯૬માં ભારતમાં વડા પ્રધાન દેવગૌવડાના નેતૃત્વ હેઠળની સરકારે લોકસભામાં પહેલી વાર મહિલાઓ માટે ૩૩ ટકા બેઠકો અનામત રાખવાનું બિલ રજૂ કર્યું પણ કોંગ્રેસ-ભાજપ સહિત અન્ય વિપક્ષોએ વિરોધ કરતા તે વખતની અગિયારમી લોકસભામાં એ બિલ પસાર ન થઈ શક્યું. એ પછી ૩૩ ટકા મહિલા અનામત બિલના વિલંબિત સૂર સતત સંભળાય છે.

**3. ટાઇમ મેગેઝીન : 100 વૂમન ઑફ ધ યર-2020 જાહેર**

- ✓ વર્ષ-1927થી 2020 સુધીની શક્તિશાળી મહિલાઓ અને ટાઈમ પર્સન ઓફ ધ યરમાં સમાવેલી 11 મહિલાઓ એમ કુલ 100 મહિલાઓને સ્થાન
- ✓ આ યાદીમાં બે ભારતીય મહિલાઓનો પણ સમાવેશ

**ભારતની સ્થિતિ : વૂમન ઓફ ધ યર**

- ✓ ટાઇમ મેગેઝિને પૂર્વ વડાપ્રધાન ઇન્દિરા ગાંધી અને સ્વતંત્રતા સેનાની રાજકુમારી અમૃત કૌરનો સદીની ૧૦૦ શક્તિશાળી મહિલાઓની યાદીમાં સમાવેશ કર્યો છે.
- ✓ ટાઇમ મેગેઝિને ૧૯૪૭ના વર્ષ માટે રાજકુમારી અમૃત કૌર અને ઇન્દિરા ગાંધીની ૧૯૭૬ના વર્ષ માટે વુમન ઓફ ધ યર તરીકે પસંદગી કરી છે. તેમના માટે ખાસ કવરપેજ પણ તૈયાર કર્યા છે.

**(૧) ઇન્દિરા ગાંધી વિશે**

- ✓ મેગેઝિને ઇન્દિરા ગાંધી વિષે લખ્યું છે કે, "૧૯૭૬માં ઇન્દિરા ગાંધી ઇસ્પેસ ઓફ ઇન્ડિયા હતા તે પછી તેઓ ભારતમાં મહાન સત્તાવાદી બની ગયા.
- ✓ ૧૯૭૫માં આર્થિક અસ્થિરતા વચ્ચે ઇન્દિરા સરકાર સામે દેખાવો શરૂ થયા હતા અને તેમની ચૂંટણી અમાન્ય જાહેર થયા પછી કટોકટીની જાહેરાત કરી દીધી.
- ✓ ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુની પુત્રી જેટલી કઠોર હતી તેટલી જ કરિશ્માથી ભરેલી હતી.

**(૨) રાજકુમારી અમૃતકૌર**

- ✓ કેબિનેટમાં સામેલ થનારા પ્રથમ મહિલા
- ✓ મેગેઝિને અમૃત કૌર વિષે લખ્યું છે કે કપુરથલા રોયલ ફેમિલી સાથે સંબંધ ધરાવતા રાજકુમારી કૌર ૧૯૧૮માં ઓક્સફર્ડમાં અભ્યાસ કર્યા પછી ભારત પાછા ફર્યા હતા અને મહાત્મા ગાંધીના સિદ્ધાંતોના પ્રશંસક બની રહ્યા હતા.

- ✓ તેમને ધ્યેય ભારતની આઝાદી હતી. તેમણે અનેક સામાજિક મુદ્દા પણ ઉઠાવ્યા હતા.
- ✓ ખાસ : 8 માર્ચ નિમિત્તે વિશેષ અંક પ્રસિદ્ધ
- ✓ ટાઇમ મેગેઝીન - USA

૪. ખેલકૂદ : વર્લ્ડ મેરેથોન ચેલેન્જ

- ✓ યજમાન:- નોવા-એન્ટાર્ટિકા
- ✓ આદિત્ય રાજ વર્લ્ડ મેરેથોન ચેલેન્જ પૂર્ણ કરનાર પ્રથમ ભારતીય
- ✓ વતન : ગુરગાંવ

સ્પર્ધાની વિશેષતા :

- ✓ 7 દિવસમાં 7 મહાદ્વીપમા 7 મેરેથોનમાં હિસ્સો લેવાનો હોય છે.
- ✓ રૂટ: એન્ટાર્ટિકા, ઓસ્ટ્રેલિયા યુરોપ, એશિયા અને મિયામી (અમેરિકા)
- ✓ કુલ- 32 ખેલાડી (17 પુરુષ + 15 મહિલા)
- ✓ મેરેથૉન પૂર્ણ કરવા કુલ સમય 168 કલાક જ્યારે આદિત્યે એ તે 164 કલાકમાં પૂર્ણ કરી

૫. વિશ્વ મહિલા દિવસ : આફ્રિકાના રવાન્ડામાં વિશ્વમાં સૌથી વધુ 62 ટકા મહિલા સંસદમાં પ્રતિનિધિત્વ કરે છે

- ✓ રાજધાની– કિંગાલી
- ✓ રવાન્ડા– કૃષિ પ્રધાન દેશ.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૬-૦૩-૨૦૨૦)

1. માર્ચ 2020માં ગુજરાત સરકાર દ્વારા આંગણવાડીના કર્મચારીઓ, તેડાગરની બહેનોના તેમજ મિની આંગણવાડીના બહેનોના વેતનમાં કેટલા રૂપિયાનો વધારો કર્યો- **અનુક્રમે રૂ. 600, રૂ. 300 અને રૂ. 300**
2. રાજ્ય સરકાર દ્વારા વેતન વધારા બાદ હાલમાં આંગણવાડીના કર્મચારીઓ, તેડાગરની બહેનોના તેમજ મિની આંગણવાડીના બહેનોને માસિક કેટલુ વેતન આપવામાં આવે છે- **અનુક્રમે રૂ. 7800/, રૂ.3950/- અને રૂ.4400/-**
3. ગુજરાત સરકાર દ્વારા આંગણવાડીના કાર્યકરોના પગાર વધારાનો અમલ કઈ તારીખથી કરવામાં આવશે- **01 માર્ચ 2019થી**
4. ટાઈમ મેગેઝિન દ્વારા "આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'-2020 નિમિત્તે કયો ખાસ અંક પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે- **100 વુમન ઓફ ધ યર**
5. ટાઇમ મેગેઝીનના "100 વુમન ઓફ ધ યર" માં ભારતની કઈ બે મહિલાઓનો સમાવેશ થાય છે- **રાજકુમારી અમૃત કૌર અને પૂર્વ વડાપ્રધાન ઇન્દિરા ગાંધી**
6. ટાઇમ મેગેઝીનના "100 વુમન ઓફ ધ યર" અંકમાં ક્યાંથી ક્યાં સુધીની વિશ્વની શક્તિશાળી મહિલાઓનો સમાવેશ કરાયો છે- **વર્ષ 1927 થી 2020**
7. તાજેતરમાં "વર્લ્ડ મેરેથોન ચેલેન્જ-2020" કયા ખંડમાં યોજાઇ- **એન્ટાર્ટિકા**
8. વર્લ્ડ મેરેથોન ચેલેન્જ-2020 સૌપ્રથમ કયા ભારતીય પૂર્ણ કરી- **આદિત્ય રાજ**
9. વર્લ્ડ મેરેથોન ચેલેન્જ-2020 પૂર્ણ કરનાર ભારતીય આદિત્ય રાજનું વતન જણાવો- **ગુરૂગાવ**
10. વર્લ્ડ મેરેથોન ચેલેન્જ-2020માં સાત દિવસમાં કેટલા મહાદ્વીપ અને મેરેથોનમાં હિસ્સો લેવાનો હોય છે- **7 અને 7**
11. વિશ્વની એકમાત્ર કયા દેશની સંસદમાં સૌથી વધુ 62 % પ્રતિનિધિ મહિલાઓ છે- **રવાન્ડા**
12. કૃષિ પ્રધાન દેશ રવાન્ડાની રાજધાની જણાવો- **કિંગાલી**
13. ટાઈમ મેગેઝિન કયા દેશમાંથી પ્રસિદ્ધ થાય છે- **અમેરિકા**

## 07-03-2020

૧.ગુજરાત સરકાર: મહિલા સશક્તિકરણ

- ✓ હેલ્પ લાઈન નંબર – 1800 233 1111
- ✓ વર્ષ ૨૦૧૯-૨૦માં મહિલા આયોગ અને નારી અદાલતો માટે રૂ.૮૦૪.૪૮ લાખની જોગવાઈ
- ✓ તાલુકા અને મહાનગરપાલિકા વિસ્તારોમાં ૨૭૦ નારી અદાલતો શરૂ
- ✓ નારી અદાલતો દ્વારા ૨૦૦૦થી વધુ કેસોનો નિકાલ
- ✓ મહિલાઓના લગ્નજીવન સબંધિત સમસ્યાઓના કેસો અંગે આયોગમાં ૬૦૦૦થી વધુ કેસોની સુનાવણી
- ✓ મહિલા આયોગ દ્વારા મહિલાઓના લગ્નજીવન તેમજ અન્ય સબંધિત ૨૧૦૦૦થી વધુ અરજીઓનો નિકાલ

- ✓ ૨૮ યુનિવર્સિટી સેમિનારમાં ૨૮૦૦૦થી વધુ વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓને આપી કાયદાઓની જાણકારી
- ✓ તાલુકા કક્ષાએ ૩૧૮ નારી સંમેલનમાં ૧,૬૦,૦૦૦થી વધારે મહિલાઓએ ભાગ લીધો
- ✓ જિલ્લા કક્ષાએ ૧૨૦ કાયદા શિબિરોમાં પણ ૫૫,૦૦૦ સ્થાનિક સ્વરાજયની ચૂંટાયેલ મહિલા પ્રતિનિધિઓએ ભાગ લીધો
- ✓ આયોગના મહિલા હેલ્પલાઈન નં. ૧૮૦૦ ૨૩૩ ૧૧૧૧ દ્વારા ૪૦,૦૦૦ મહિલાઓનું કાઉન્સેલીંગ
- ✓ NRI મેરેજ સબંધિત ૨૦૦ કેસોની કાર્યવાહી
- ✓ આયોગના સોશિયલ કાઉન્સિલર દ્વારા ૨૫,૦૦૦ મહિલાઓનું કાઉન્સેલીંગ

**શિક્ષણ - મહિલાઓનું શૈક્ષણિક સશકિતકરણ**

- ✓ કન્યા કેળવણીની દિશામાં આગેકદમ

**વ્હાલી દીકરી યોજનાઃ**

- ✓ દીકરીઓનો જન્મદર વધે, ડ્રોપઆઉટ રેશિયો ઘટે તે હેતુથી દીકરીને પ્રથમ ધોરણમાં પ્રવેશ વખતે રૂ. ૪,૦૦૦, નવમાં ધોરણમાં પ્રવેશ વખતે રૂ. ૬,૦૦૦ અને ૧૮ વર્ષની ઉમરે ઉચ્ચશિક્ષણ/લગ્નમાં રૂ. ૧,૦૦,૦૦૦ની સહાય આપે છે

**બેટી બચાવો બેટી પઢાવોઃ**

- ✓ આ સામાજિક અભિયાન દ્વારા દીકરીનો જન્મદર વધે, દીકરીઓમાં માધ્યમિક શિક્ષણનો દર વધે, સ્વાસ્થ્ય અને સુરક્ષા માટેના પરિણામલક્ષી પગલાં

**કસ્તુરબા ગાંધી વિદ્યાલયઃ**

- ✓ રેસિડેન્શિયલ હોસ્ટેલ કમ સ્કૂલોમાં અભ્યાસ કરતી ૨૨,૦૦૦ કન્યાઓ માટે વિના મૂલ્યે રહેવા તથા ભોજનની વ્યવસ્થા સુનિશ્ચિત

**સ્વાથ્ય અને પોષણ**

**સશકત મહિલા, કુપોષિત ગુજરાત**

- ✓ પૂરક પોષણ યોજના, પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, બાલસખા યોજના, કસ્તૂરબા પોષણ સહાય યોજના, પૂર્ણા યોજના જેવી વિવિધ યોજનાઓ થકી ધાત્રી માતા અને બાળકોને પોષણયુક્ત આહાર મળે અને મહિલાઓ રોગમુક્ત રહે તેના માટે સરકાર ખડે પગે

**દૂધ સંજીવની યોજનાઃ**

- ✓ આંગણવાડી અને પ્રાથમિક શાળાના બાળકો, ધાત્રી માતાઓ સહિત અંદાજિત ૩૦ લાખ લાભાર્થીઓને ફ્લેવર્ડ દૂધ
- ✓ **૪૦ લાખ શૌચાલય નિર્માણ** કરીને ગુજરાત ODF રાજ્ય જાહેર થયું છે જેનો નારી સન્માન અને નારી સ્વાથ્ય સાથે સીધો નાતો છે.

**મહિલા સુરક્ષા**

**ગુજરાતમાં કાયદાને વ્યવસ્થાનું રાજ સરકારે જીત્યો મહિલાઓનો વિશ્વાસ**

**૧૮૧ અભયમ્ હેલ્પલાઈનઃ**

- ✓ એક ફોન કોલ અને મહિલાની સુરક્ષા માટે પોલીસ હાજર

**વન સ્ટોપ સેન્ટર**

- ✓ પીડિત મહિલાને એક જ જગ્યાએ (૨૪x૭) મળી રહી છે કાયદાકીય સહાય, પોલીસ સહાય, તબીબી સહાય, સામાજિક સમસ્યામાં પરામર્શ

**મહિલા સુક્ષા સમિતિ**

- ✓ મહિલાઓ પર થતા અત્યાચારને રોક્વા રાજય કક્ષાએ ઉપરાંત શહેર/જિલ્લા/ તાલુકા/ગ્રામ્ય કક્ષાએ પણ મહિલા સુરક્ષા સમિતિનું ગઠન

**મહિલા સેલ્ફ ડિફેન્સ ટ્રેનિંગ**

- ✓ આત્મ સુરક્ષા માટે મહિલાઓને અપાઈ રહી છે તાલીમ

**નારી અદાલત-મહિલા અદાલત**

- ✓ ગુજરાત સરકાર દ્વારા ૨૭૦ નારી અદાલતોની સ્થાપના કરવામાં આવી છે. જેના દ્વારા ૧૮,૦૦૦ કેસનું સમાધાન કરવામાં આવ્યું છે.
- ✓ તેટલું જ નહીં પણ દરેક ગામ, તાલુકા અને શહેરમાં મહિલા સુરક્ષા સમિતિનું ગઠન કરવામાં આવ્યું
- ✓ રાજ્યના ૩૪ જિલ્લા મુખ્ય મથકો, ૬ પવિત્ર યાત્રાધામો અને સ્ટેચ્યૂ ઓફ યુનિટી મળી કુલ ૪૧ સ્થળોએ ૧૨૩૮ જંકશનો ઉપર ૭૦૦૦થી વધુ CCTV કેમેરા નેટવર્ક, જેનાથી સ્ત્રી સુરક્ષાને વેગ મળી રહ્યો છે
- ✓ એન્ટી સાઈબર બુલિંગ યુનિટની સ્થાપના આપી રહી છે મહિલાઓને સાયબર બુલિંગથી રાહત

**રોજગાર-સ્વરોજગાર દ્વારા મહિલાઓનું આર્થિક સશકિતકરણ**

- ✓ મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત ગ્રામીણ અને શહેરી વિસ્તારની મહિલાઓ જૂથ બનાવી રૂ. 1 લાખ સુધીનું ધિરાણ મેળવે તો તેનું સંપૂર્ણ વ્યાજ રાજ્ય સરકાર ચુકવશે. મહિલાઓને સ્વરોજગાર માટે પ્રોત્સાહન આપતી અદભુત યોજના છે.
- ✓ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૫૦ ટકા મહિલા આરક્ષણ અને સરકારી નોકરીઓમાં ૩૩ ટકા બેઠકો મહિલાઓ માટે આરક્ષિત રાખીને ગુજરાત સરકારે મહિલાઓને સમાન તક આપી છે

**મહિલા સશકિતકરણની ધ્યાનાકર્ષક બાબતો**

- ✓ ગંગા સ્વરૂપ આર્થિક સહાય યોજના હેઠળ અંદાજિત ૫ લાખ લાભાર્થી વિધવા બહેનોને પ્રતિ માસ સહાય
- ✓ મહિલા સમ્માન જળવાઈ રહે તે ઉદેશથી નવા મંજૂર આવાસની સાથે-સાથે બાથરૂમની સુવિધા ઉભી કરવા માટે લાભાર્થીઓને રાજ્ય સરકાર દ્વારા ૫૦૦૦ની સહાય
- ✓ અનુસૂચિત જાતિની દીકરીઓને લગ્ન સમયે નાણાકીય સહાય આપતી કુંવરબાઈનું મામેરૂ યોજના
- ✓ વર્ષ ૨૦૨૦-૨૧ના "જેન્ડર બજેટ સ્ટેટમેન્ટ" માં મહિલાલક્ષી યોજનાઓ માટે રૂ. ૭૮,૪૧૮ કરોડ ફાળવીને ગુજરાત સરકારએ ઉત્કૃષ્ટ ઉદાહરણ સમાજ સામે રજુ કર્યું છે.

**કેન્દ્ર સરકારના મહિલા સશક્તિકરણના પ્રયાસો**

- ✓ 1 કરોડ પ્રધાનમંત્રી માતૃવંદના લાભાર્થી
- ✓ 1.5 કરોડ પ્રધાનમંત્રી આવાસ યોજના લાભાર્થી
- ✓ 8 કરોડ ગેસ કનેક્શન
- ✓ 10 કરોડ પરિવાર આયુષ્યમાન ભારત યોજના લાભાર્થી
- ✓ 11 કરોડ શૌચાલય
- ✓ 15 કરોડ મહિલાઓ મુદ્રા યોજના લાભાર્થી
- ✓ આંગણવાડી તથા આશા કાર્યકરોનાં માનદ વેતનમાં 50 ટકા સુધીનો વધારો
- ✓ માતૃત્વ રજાઓનો સમયગાળો હવે 26 અઠવાડિયાં
- ✓ ગર્ભના ત્રીજાથી છઠ્ઠા મહિના સુધી, દર મહિનાની 9 તારીખે ગર્ભવતીની નિઃશુલ્ક સ્વાસ્થ્ય તપાસ
- ✓ સુકન્યા સમૃદ્ધિ યોજના હેઠળ અત્યાર સુધી 1.67 કરોડથી પણ વધુ ખાતાં ખોલવામાં આવ્યાં છે.
- ✓ લઘુમતી વર્ગની 1.92 કરોડ વિદ્યાર્થિનીઓને શિષ્યવૃત્તિ મળી
- ✓ સ્ટેન્ડ-અપ ઈન્ડિયા હેઠળ મહિલાઓને રૂ. 10 લાખથી રૂ. 1 કરોડ સુધીની લોન

**૨. ખેલકૂદ – ભારતીય ક્રિકેટર્સ વસીમ જાફરે નિવૃત્તિ જાહેર કરી**

- ✓ સિદ્ધિ – રણજી ટ્રોફીના 10 ટાઈટલ પોતાના નામે કર્યાં
- ✓ **ઉપનામ–** સ્થાનિક ક્રિકેટના રનમશીન તરીકે
- ✓ વર્ષ-2009માં બીજી જ ફર્સ્ટક્લાસ ક્રિકેટમાં ત્રેવડી સદી નોંધાવી હતી.

**૩. દિન વિશેષ : 7 માર્ચ જન ઔષધિ દિવસ**

- ✓ દેશભરમાં 7મી માર્ચે જન ઔષધિ દિવસની ઊજવણી

**૪. દારા શિકોહ : કેન્દ્ર સરકાર દ્વારા શિકોહની કબર શોધવા માટે ટી.જે. અલોનની અધ્યક્ષતામાં 7 સભ્યોની કમિટીની રચના (ઈતિહાસ)**

- ✓ **કબરનું સ્થાન–** નવી દિલ્હીમાં આવેલા હુમાયુના મકબરાની પાછળ સ્થિત કબરોમાં

**વિગત**

- ✓ ગીતા અને 52 ઉપનિષદનો પહેલી વાર સંસ્કૃતમાંથી ફારસીમાં અનુવાદ કરીને પૂરી દુનિયાને ભારતીય સનાતન સંસ્કૃતિથી વાકેફ કરાવનારા દારા શિકોહની કબર ક્યાં છે તે તેમના મોતના 360 વર્ષ પછી પણ રહસ્ય જ છે.
- ✓ આ સવાલનો જવાબ શોધવા માટે નિષ્ણાતોની સમિતિ રચાઈ છે.
- ✓ ભાઇ ઔરંગઝેબે દારાનું માથું વાઢીને આગરાના કિલ્લામાં લટકાવી દીધું હતું
- ✓ દારા શિકોહ મુગલ બાદશાહ શાહજહાં બાદ દિલ્હીની ગાદીનો ઉત્તરાધિકારી હતો.
- ✓ તેના પર કટ્ટરપંથીઓએ બુતપરસ્ત મૂર્તિપૂજક હોવાનો આરોપ મૂક્યો.
- ✓ તેનો ફાયદો ઉઠાવી ઔરંગઝેબે વિદ્રોહ કર્યો અને પોતે બાદશાહ બની ગયો.
- ✓ 1659ની 30 ઓગસ્ટે દિલ્હીમાં દારા શિકોહને મોતની સજા અપાઈ.
- ✓ તેનું માથું વાઢીને આગરા લઈ જવાયું અને ધડ દિલ્હીમાં હુમાયૂના મકબરાના - પરિસરમાં દફનાવાયું હતું.

**કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલયે સમિતિ રચી છે**

✓ કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલયે દારા શિકોહની કબર શોધવા ટી. જે. અલોનની અધ્યક્ષતામાં નિષ્ણાતોની 7 સભ્યની સમિતિ રચી છે.

1. કે. કે. મુહમ્મદ
2. ASIના પૂર્વ ડાયરેક્ટર જનરલ આર. એસ. બિષ્ટ
3. બી. આર. મણિ
4. કે. એન. દીક્ષિત
5. બી. એમ. પાંડેય
6. અશ્વિની અગ્રવાલ અને
7. સૈયદ જમાલ હસન.

**કબર શોધીને તેની જાળવણી કરીશું**

✓ દારા શિકોહની કબર કઈ છે તે અંગે હાલ કોઇ માહિતી નથી. કબર શોધવા માટે નિષ્ણાતોની સમિતિ રચાઈ છે.

✓ આ સમિતિ જ જણાવશે કે કેવી રીતે દારા શિકોહની કબર શોધીને તેની જાળવણી કરી શકાય છે ? ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ ડાયરેક્ટર (સ્મારક) - ટી. જે. અલોન

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૭-૦૩-૨૦૨૦)

1. ગુજરાતમાં તાલુકા અને મહાનગરપાલિકા વિસ્તારોમાં કેટલી નારી અદાલતો દ્વારા કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યા છે – **૨૭૦ અને ૨૦૦૦થી વધુ કેસ**
2. ગુજરાત મહિલા આયોગનો હેલ્પલાઈન નંબર જણાવો - **૧૮૦૦ ૨૩૩ ૧૧૧૧**
3. ગુજરાત સરકારની કઈ યોજના હેઠળ રેસિડેન્શિયલ હોસ્ટેલ કમ સ્કૂલોમાં અભ્યાસ કરતી ૨૨,૦૦૦ કન્યાઓ માટે વિના મૂલ્યે રહેવા તથા ભોજનની વ્યવસ્થા સુનિશ્ચિત કરાઈ છે - **કસ્તુરબા ગાંધી વિદ્યાલય**
4. ગુજરાત સરકારની દૂધ સંજીવની યોજના હેઠળ આંગણવાડી અને પ્રાથમિક શાળાના બાળકો, ધાત્રી માતાઓ સહિત કેટલા લાભાર્થીઓને ફ્લેવર્ડ દૂધ અપાઈ છે - **અંદાજિત 30 લાખ**
5. કેટલા શૌચાલય નિર્માણ કરીને ગુજરાત ODF રાજ્ય જાહેર થયું છે - **૪૦ લાખ**
6. ગુજરાતમાં સ્ત્રી સુરક્ષાને વેગ આપવા રાજયના ૩૪ જિલ્લા મુખ્ય મથકો, ૬ પવિત્ર યાત્રાધામો અને સ્ટેચ્યૂ ઓફ યુનિટી મળી કુલ કેટલા સ્થળોના કેટલા જંકશનો ઉપર ૭૦૦૦થી વધુ CCTV કેમેરા નેટવર્ક સ્થાપવામાં આવ્યું છે – **૪૧ અને ૧૨૩૮**
7. ગુજરાતમાં કઈ યોજના અંતર્ગત ગ્રામીણ અને શહેરી વિસ્તારની મહિલાઓ જૂથ બનાવી રૂ. 1 લાખ સુધીનું ધિરાણ મેળવે તો તેનું સંપૂર્ણ વ્યાજ રાજ્ય સરકાર દ્વારા ચુકવવામાં આવે છે - **મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના**
8. ગુજરાતમાં કઈ યોજના હેઠળ અંદાજિત ૫ લાખ લાભાર્થી વિધવા બહેનોને પ્રતિ માસ સહાય ચૂકવવામાં આવે છે - **ગંગા સ્વરૂપ આર્થિક સહાય**
9. ગુજરાતમાં અનુસૂચિત જાતિની દીકરીઓને લગ્ન સમયે નાણાકીય સહાય આપવા માટે કઈ યોજના કાર્યરત છે - **કુંવરબાઈનું મામેરૂ યોજના**
10. કેન્દ્ર સરકાર દ્વારા મહિલા સશક્તિકરણના પ્રયાસો હેઠળ પ્રધાનમંત્રી માતૃવંદના યોજના અંતર્ગત કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે - **1 કરોડ**
11. કેન્દ્ર સરકાર દ્વારા મહિલા સશક્તિકરણના પ્રયાસો હેઠળ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત કેટલા લાભાર્થીઓને લાભ અપવામાં આવ્યો છે - **1.5 કરોડ**
12. માર્ચ-૨૦૨૦માં કયા ભારતીય ક્રિકેટર્સે નિવૃત્તિ જાહેર કરી - **વસીમ જાફર**
13. ભારતીય ક્રિકેટર વસીમ જાફરે રણજી ટ્રોફીના કેટલા ટાઈટલ પોતાના નામે કર્યા છે – **૧૦**
14. ક્યા ભારતીય ક્રિકેટરને સ્થાનિક ક્રિકેટના રનમશીન તરીકે ઓળખવામાં આવે છે - **વસીમ જાફર**
15. ક્યા ભારતીય ક્રિકેટરે વર્ષ-2009માં બીજી જ ફર્સ્ટક્લાસ ક્રિકેટમાં ત્રેવડી સદી નોંધાવી હતી-**વસીમ જાફર**
16. દેશભરમાં 7મી માર્ચે કયા દિવસની ઊજવણી કરવામાં આવે છે - **જન ઔષધિ**
17. કેન્દ્ર સરકાર દ્વારા દારા શિકોહની કબર શોધવા માટે કોની અધ્યક્ષતામાં 7 સભ્યોની કમિટીની રચના કરવામાં આવી - **ટી.જે. અલોન**
18. ગીતા અને 52 ઉપનિષદનો પહેલીવાર સંસ્કૃતમાંથી ફારસીમાં અનુવાદ કરીને વિશ્વને ભારતીય સનાતન સંસ્કૃતિથી વાકેફ કરાવનાર મુગલ બાદશાહનું નામ જણાવો - **દારા શિકોહ**
19. દિલ્હીમાં દારા શિકોહને કયારે મોતની સજા આપવામાં આવી હતી – **30મી ઓગસ્ટ-1659**

20. કેન્દ્ર સરકારના કયા મંત્રાલય દ્વારા દારા શિકોહની કબર શોધવા માટે જે ટી.જે. અલોનની અધ્યક્ષતામાં 7 સભ્યોની કમિટીની રચના કરવામાં આવી - **<u>કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલય</u>**

21. કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલયે દારા શિકોહની કબર શોધવા ટી. જે. અલોનની અધ્યક્ષતામાં સમિતિની રચના કરી તેના સભ્યોના નામ જણાવો – **<u>(૧) કે. કે. મુહમ્મદ, (૨) બી. આર. મણિ, (૩) કે. એન. દીક્ષિત, (૪) બી. એમ. પાંડેય, (૫) અશ્વિની અગ્રવાલ અને (૬) સૈયદ જમાલ હસન</u>**

22. વર્તમાન ભારતીય પુરાતત્વ સર્વેક્ષણના ડાયરેક્ટરનું નામ જણાવો - **<u>ટી. જે. અલોન</u>**

## 08-03-2020

**<u>૧. વિશ્વ મહિલા દિવસ : 8 માર્ચ કેન્દ્ર સરકાર દ્વારા દેશની મહિલાઓના સ્વપ્ન સાકાર કરવા પ્રયાસોની એક ઝલક</u>**

✓ થીમ-2020 : I am Generation Equality: Realizing Women's Rights.

**<u>૨. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી</u>**

**<u>વિશ્વ મહિલા દિવસ નિમિતે વડાપ્રધાનશ્રી દ્વારા આ 7 મહિલાઓને પોતાનું સોશિયલ મીડિયા એકાઉન્ટ સોંપ્યું હતુ. જેમને વડાપ્રધાનના એકાઉન્ટ પરથી પોતાની સફળ કહાની રજૂ કરી</u>**

1. **<u>માલવિકા ઐયર</u>**
   13 વર્ષની હતી ત્યારે એક બોમ્બ બ્લાસ્ટમાં બન્ને હાથ ગુમાવવા પડ્યા. હિંમત ન હારી. શિક્ષણને સૌથી મોટું હથિયાર બનાવ્યું.
2. **<u>વિજયા પવાર</u>**
   ગામડાંમાં વણઝારા હસ્તકળા જીવંત રાખવા સક્રિય છે. 682 મહિલાને ટ્રેનિંગ આપી. મહિલાઓને સશક્ત બનાવે છે.
3. **<u>સ્નેહા મોહનદાસ</u>**
   2015માં ફૂડબેંક ઇન્ડિયા શરૂ કરી હતી. સ્નેહા ઇચ્છે છે કે દેશમાં કોઈ ભૂખ્યું ન રહે. ઝુંબેશ સાથે સેંકડો લોકો જોડાયા છે.
4. **<u>કલાવતીદેવી</u>**
   લોકોને શૌચાલય માટે જાગૃત કર્યા અને ભીખ માગીને રૂપિયા ભેગા કરી 55 શૌચાલય બંધાવી આપ્યા હતા.
5. **<u>વીણાદેવી</u>**
   ઘરમાં જ મશરૂમની ખેતી કરી સક્ષમ બની રહ્યા છે તથા અન્ય મહિલાઓને પણ આર્થિક રીતે મજબૂત બનાવી રહ્યા છે.
6. કલ્પના રમેશ
   આર્કિટેક્ટર તરીકે એવા ઘર બનાવ્યા જ્યાં પાણીનું ટીપુંય ન વેડફાય. લોકોને રેઈન વોટર હાર્વેસ્ટિંગ માટે જાગૃત કર્યા.
7. **<u>આરિફા જાન</u>**
   28 મહિલાનું એક જૂથ બનાવી કાશ્મીરની ટ્રેડિશનલ પશ્મીના શાલ, જાજમ તથા અન્ય ક્રાફ્ટ બનાવવાનું શરૂ કર્યું.

**<u>૩.નારી શક્તિ એવોર્ડ : 8 માર્ચ નિમિતે ભારતની 15 મહિલાઓનું નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદના હસ્તે એવોર્ડ આપી સન્માન</u>**

**<u>એવોર્ડ વિજેતા મહિલાઓ અને વિશેષતા</u>**

1. પદલા ભૂદેવી
2. વીણા દેવી – મશરૂમ મહિલા
3. આરિફા જાન – હસ્તકલા
4. ચામી મુર્મુ – લેડી ટાર્ઝન - પર્યાવરણ
5. નિલ્ઝા વાંગ્મો – લદ્દાખ
6. રશ્મિ ઉર્ધવાર્દીશી
7. માન કૌર – દોડવીર-ચંદીગઢનો ચમત્કાર
8. કલાવતી દેવી – લેડી મેગન (શૌચાલય)
9. તાશી અને નુન્ગાશી મલિક
10. કૌશિકી ચક્રવતી
11. અવની ચતુર્વેદી – પાઈલોટ-IAF
12. ભાવના કંઠ – પાઈલોટ-IAF
13. મોહનાસિંહ જિતરવાલ – પાઈલોટ-IAF
14. ભાગીરથી અમ્મા (105)
15. કાર્થયાયિની અમ્મા (98) – કેરળ

## ૪. ખેલકૂદ – ICC મહિલા T-20 વર્લ્ડ કપ-2020



ઓસ્ટ્રેલિયા 7માંથી 5 વર્લ્ડ કપ જીત્યું, એકવાર રનરઅપ રહ્યું

| વર્ષ | ચેમ્પિયન | રનરઅપ |
|---|---|---|
| 2009 | ઇંગ્લેન્ડ | ન્યૂઝીલેન્ડ |
| 2010 | ઓસ્ટ્રેલિયા | ન્યૂઝીલેન્ડ |
| 2012 | ઓસ્ટ્રેલિયા | ઇંગ્લેન્ડ |
| 2014 | ઓસ્ટ્રેલિયા | ઇંગ્લેન્ડ |
| 2016 | વેસ્ટ ઇન્ડિઝ | ઓસ્ટ્રેલિયા |
| 2018 | ઓસ્ટ્રેલિયા | ઇંગ્લેન્ડ |
| 2020 | ઓસ્ટ્રેલિયા | ઇન્ડિયા |

- ✓ વિજેતા–ઓસ્ટ્રેલિયા (કુલ પાંચમીવાર વિજેતા)
- ✓ ઉપવિજેતા – ભારત
- ✓ યજમાન – મેલબોર્ન (ઓસ્ટ્રેલિયા)
- ✓ ઓસ્ટ્રેલિયન કેપ્ટન – મેગે લેનિંગ
- ✓ કેપ્ટન લેનિંગનું આ ત્રીજુ T-20 ટાઈટલ
- ✓ ભારતીય કેપ્ટન – હરમિનપ્રિત કૌર

## ૫. નવો પક્ષ : અપની પાર્ટી

- ✓ સ્થળ – કાશ્મીર સ્થાપક – અલ્તાફ બુખારી
- ✓ જમ્મુ-કાશ્મીરના પૂર્વ નેતા અને રાજ્યના પૂર્વ નાણામંત્રી અલ્તાફ બુખારીએ નવી પાર્ટીની જાહેરાત કરી.
- ✓ જમ્મુ-કાશ્મીર અપની પાર્ટી (જેકેએપી) નામે આ પાર્ટીમાં કોંગ્રેસ, પીડીપી સહિત અન્ય પક્ષોના 30 નેતા જોડાયા છે.

## ૬. હોલિકા દહન – ઉત્સવ

- ✓ હોળી દહનમાં પંચગવ્ય – ગુગળ, ગાયનું ઘી, લીમડાના પાન, સરસવ અને કપૂરની આહૂતિ આપી વાતાવરણને જંતુમુક્ત બનાવવા નાગરિકોને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીની અપીલ

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૮-૦૩-૨૦૨૦)

1. પ્રતિ વર્ષ વિશ્વ મહિલા દિવસની ઊજવણી કયારે કરવામાં આવે છે - **8 માર્ચ**
2. વિશ્વ મહિલા દિવસ-2020ની થીમ જણાવો - **I am Generation Equality: Realizing Women's Rights**
3. વિશ્વ મહિલા દિવસ નિમિતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા કેટલી મહિલાઓને પોતાનું સોશિયલ મીડિયા એકાઉન્ટ સોંપ્યું હતુ. જેમણે વડાપ્રધાનના એકાઉન્ટ પરથી પોતાની સફળ કહાની રજૂ કરી હતી - **7 મહિલા**
4. વિશ્વ મહિલા દિવસ નિમિતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા જે સાત મહિલાઓને પોતાનું સોશિયલ મીડિયા એકાઉન્ટ સોંપ્યું હતુ તે મહિલાઓના નામ જણાવો – **(૧) માલવિકા ઐયર, (૨) વિજયા પવાર, (૩) સ્નેહા મોહનદાસ, (૪) કલાવતીદેવી, (૫) વીણાદેવી, (૬) કલ્પના રમેશ અને (૭) આરિફા જાન**
5. કઈ મહિલાએ 13 વર્ષની ઉંમરે એક બોમ્બ બ્લાસ્ટમાં બન્ને હાથ ગુમાવ્યા બાદ પણ શિક્ષણને સૌથી મોટું હથિયાર બનાવ્યું હતુ - **માલવિકા ઐયર**
6. કઈ મહિલાએ ગામડાંમાં વણઝારા હસ્તકળા જીવંત રાખવા 682 મહિલાને ટ્રેનિંગ આપી મહિલાઓને સશક્ત બનાવી હતી -**વિજયા પવાર**
7. કઈ મહિલાએ દેશમાં કોઈ ભૂખ્યું ન રહે તે હેતુથી વર્ષ-2015માં ફૂડબેંક ઇન્ડિયા શરૂ કરી હતી-**સ્નેહા મોહનદાસ**
8. કઈ મહિલાઓએ ભીખ માગીને રૂપિયા ભેગા કરી 55 શૌચાલય બંધાવી લોકોને શૌચાલય માટે જાગૃત કર્યા - **કલાવતીદેવી** કર્યા - **કલાવતીદેવી**
9. કઈ મહિલાએ લોકોને રેઈન વોટર હાર્વેસ્ટિંગ માટે જાગૃત કર્યા તથા આર્કિટેક્ટર તરીકે એવા ઘર બનાવ્યા જ્યાં પાણીનું ટીપુંય ન વેડફાય - **કલ્પના રમેશ**
10. કઈ મહિલાએ 28 મહિલાનું એક જૂથ બનાવી કાશ્મીરની ટ્રેડિશનલ પશ્મીના શાલ, જાજમ તથા અન્ય ક્રાફ્ટ બનાવવાનું શરૂ કર્યું - **આરિફા જાન**
11. 8 માર્ચ નિમિતે ભારતની 15 મહિલાઓને નવી દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદના હસ્તે કયો એવોર્ડ આપી સન્માનિત કરાઈ - **નારી શક્તિ એવોર્ડ**
12. ICC મહિલા T-20 વર્લ્ડ કપ-2020ના વિજેતા દેશનું નામ જણાવો - **ઓસ્ટ્રેલિયા (કુલ પાંચમીવાર વિજેતા)**
13. ICC મહિલા T-20 વર્લ્ડ કપ-2020ના ઉપવિજેતા દેશનું નામ જણાવો – **ભારત**
14. ICC મહિલા T-20 વર્લ્ડ કપ-2020નું આયોજન કયાં કરવામાં આવ્યું હતુ – **મેલબોર્ન (ઓસ્ટ્રેલિયા)**
15. ICC મહિલા T-20 વર્લ્ડ કપ-2020 ટાઈટલ વિજેતા ઓસ્ટ્રેલિયન કેપ્ટનનું નામ જણાવો – **મેગે લેનિંગ**
16. તાજેતર માર્ચ-2020માં કાશ્મીરમાં કયા નવા પક્ષની રચના કરવામાં આવી - **જમ્મુ-કાશ્મીર અપની પાર્ટી**
17. તાજેતર માર્ચ-2020માં કાશ્મીરમાં રચાયેલા નવા પક્ષ જમ્મુ-કાશ્મીર અપની પાર્ટીના સ્થાપકનું નામ જણાવો - **અલ્તાફ બુખારી**

18. તાજેતર માર્ચ-2020માં જમ્મુ-કાશ્મીર અપની પાર્ટી (જેકેએપી)માં કોંગ્રેસ, પીડીપી સહિત અન્ય પક્ષોના કેટલા નેતા જોડાયા - **30**
19. તાજેતરમાં હોળી દહનમાં પંચગવ્ય– ગુગળ, ગાયનું ઘી, લીમડાના પાન, સરસવ અને કપૂરની આહૂતિ આપી
20. વાતાવરણને જંતુમુક્ત બનાવવા કોના દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી હતી – **મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણ**

**09-03-2020**

૧. ફ્લાઈંગ કાર ઉત્પાદન (વિદેશી રોકાણ)

**ગુજરાત સરકાર અને નેધરલેન્ડ PAL-V કંપની વચ્ચે ગુજરાતમાં ફ્લાઈંગ કાર ઉત્પાદન માટે પ્રોજેક્ટ શરૂ કરવા સમજૂતિ કરાર**

**કરાર અંગેની વિગતો**

- ✓ વર્ષ-2021ની મધ્યમાં ફ્લાઈંગ કારનું કોમર્શિયલ ઉત્પાદન શરૂ કરવાનું આયોજન : કલાકના 160 કિલોમીટરની ઝડપ રહેશે.
- ✓ સૌપ્રથમ આવો પ્રોજેક્ટ શરૂ કરવા PAL-Vએ ગુજરાત પર પસંદગી ઉતારી છે એમ કંપનીના ઈન્ટરનેશનલ બિઝનેસ ડેવલપમેન્ટના વાઈસ પ્રેસિડેન્ટ કાલો માસબોમીલે જણાવ્યું હતું.
- ✓ ગુજરાતમાં શરૂ થનારા તેમના ફ્લાઈંગ કાર ઉત્પાદન પ્લાન્ટમાંથી આવનારા દિવસોમાં યુરોપ, યુએસ અને વિશ્વના અન્ય દેશોમાં ફ્લાઈંગ કાર નિકાસ કરવા તેઓ તત્પર છે.
- ✓ આગામી વર્ષ-૨૦૨૧ના મધ્યમમાં ગુજરાતમાં ઉત્પાદન થનારી આ ફ્લાઈંગ કાર્સનું કોમર્શિયલ લોચિંગ કરવાના આયોજન સાથે તેઓ આગળ વધી રહ્યા છે. યુરોપ અને યુએસમાંથી આવી ૧૧૦ કારના ઓર્ડર્સ તેમને મળી ચૂક્યા છે.

**આ ફ્લાઈંગ કારની વિશેષતા શું છે ?**

- ✓ આ કારની ખાસિયત એ છે કે, માત્ર ત્રણ મિનીટમાં જ તે રોડ પર દોડીને ટેકઓફ કરી લેશે.
- ✓ ફ્લાઈંગ કારમાં નાના એરક્રાફ્ટ-પ્લેનમાં હોય છે તેવા રોટેક્ષ એન્જિનનો ઉપયોગ કરાશે. જ્યારે ફ્લાઇંગ કાર જમીન પર લેન્ડ કરશે ત્યારે એક એન્જિન કાર્યરત રહેશે.
- ✓ તે વખતે ફ્લાઈંગ કારની ઝડપ પ્રતિ કલાક ૧૬૦ કીમી હશે. જ્યારે હવામાં ફ્લાઈંગ કારના બંને એન્જિન કાર્યરત હશે જેથી પ્રતિ કલાક ૧૮૦ કિમીની ઝડપથી ઉડશે.
- ✓ ફ્લાઈંગ કારની એક વાર ટેન્ક ફુલ કરી ૫૦૦ કિમી સુધીની આકાશી સફર કરી શકાશે.

૨. અફઘાનિસ્તાન (વૈશ્વિક રાજકારણ)

**અશરફ ગનીના બીજીવાર રાષ્ટ્રપતિ તરીકે શપથ**

- ✓ રાજધાની – કાબૂલ

૩. લિસિપ્રિયા કંગુજમ : ૯ વર્ષિય એન્વાયરમેન્ટ એક્ટિવિસ્ટ

- ✓ રાજ્ય – મણિપુર

**કેમ ચર્ચામાં છે ?**

- ✓ મણિપુરની લિસિપ્રિયા કંગુજમ સાત વર્ષની હતી ત્યારથી પર્યાવરણ માટે દેખાવો કરતી આવી છે, દુનિયાના ૨૧ દેશોમાં તેણીએ ક્લાઇમેટ ચેન્જ માટેનાં સંમેલનોમાં હાજર રહી વક્તવ્ય આપ્યાં છે.
- ✓ આજે તે દુનિયાની સૌથી ઓછી ઉંમરની એન્વાયર્નમેન્ટ એક્ટિવિસ્ટ તરીકે જાણીતી બની છે.
- ✓ વુમન્સ ડેના દિવસે પીએમ મોદીએ પોતાના સોશિયલ એકાઉન્ટ્સ દેશભરની સાત પ્રેરણાદાયી મહિલાઓને સોંપ્યાં હતાં, પરંતુ તેમાંથી એક ૯ વર્ષની લિસિપ્રિયા કંગુજમે એવું કહીને પીએમ મોદીનું આ સન્માન સ્વીકારવાની ના પાડી કે તમે મારો અવાજ સાંભળતા નથી એટલે હું સન્માનનો અસ્વીકાર કરું છું.

૪. સોલાર રૂફટોપ યોજના– સિદ્ધિ (ઊર્જા)

**દેશના સોલાર રૂફટોપના 64 ટકા પ્લાન્ટ ગુજરાતમાં કાર્યરત**

- ✓ રાજ્યમાં અંદાજે 50,915 પ્લાન્ટ સ્થપાયા

૫. શસ્ત્ર આયાત અંગે સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટનો વાર્ષિક અહેવાલ (સંરક્ષણ)

**શસ્ત્રોની આયાતના મામલે વર્ષ-2015-2019 વચ્ચે વિશ્વમાં સાઉદી અરેબિયા બાદ ભારત બીજા ક્રમે**

- ✓ ભારતે સૌથી વધુ શસ્ત્રો રશિયા પાસેથી ખરીદ્યા હતા.

✓ <u>જો કે આયાત ૭૨ ટકાથી ઘટી ૫૬ ટકા થઈ : પાકિસ્તાનનો ક્રમ ૧૧મો</u>

✓ સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટે આજે જારી કરેલા વાર્ષિક અહેવાલમાં પાંચ વર્ષમાં શસ્ત્રોના સૌથી મોટા પાંચ ખરીદદાર દેશો

1. સાઉદી એરેબિયા ૨. ભારત

3. ઈજીપ્ત ૪. ઓસ્ટ્રેલિયા

૫. ચાઇના.

✓ આ તમામ દેશો ભેગા મળીને જે શસ્ત્રોની ખરીદી કરે છે તે શસ્ત્રોની કુલ આયાતનો ૩૬ ટકા થાય છે.

✓ <u>વિશ્વના સૌથી વધુ શસ્ત્રોની નિકાસ કરનાર દેશોમાં ભારતનું સ્થાન ૨૫મું હતું. ભારતે મ્યાંમાર, શ્રીલંકા અને મોરિશિયસને શસ્ત્રો વેચ્યા હતા.</u>

✓ અહેવાલમાં કહેવામાં આવ્યું હતું કે પાંચ વર્ષ દરમિયાન ભારતની શસ્ત્રોની આયાત અમેરિકા અને રશિયામાંથી ઘટી હતી.

✓ <u>રશિયાની શસ્ત્રોની કુલ નિકાસમાં ભારતનો હિસ્સો ૨૫ ટકા હતો.</u>

✓ વર્ષ ૨૦૧૪થી ૨૦૨૦ વચ્ચે ભારતને શસ્ત્રો સપ્લાય કરનાર રશિયા સૌથી મોટો દેશ હતો, પરંતુ ભારતને કરાતી કુલ નિકાસમાં ૭૨ ટકાથી ઘટીને ૫૬ ટકાની નિકાસ થઈ ગઈ હતી.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૦૯-૦૩-૨૦૨૦)</u>

1. તાજેતર માર્ચ-2020માં ગુજરાત સરકાર અને કયા દેશ વચ્ચે ફ્લાઈંગ કાર ઉત્પાદન માટે પ્રોજેક્ટ શરૂ કરવા સમજૂતિ કરાર કરવામાં આવ્યો - **<u>નેધરલેન્ડ</u>**
2. તાજેતર માર્ચ-2020માં ગુજરાત સરકાર અને નેધરલેન્ડની કઈ કંપની વચ્ચે ગુજરાતમાં ફ્લાઈંગ કાર ઉત્પાદન માટે પ્રોજેક્ટ શરૂ કરવા સમજૂતિ કરાર કરાયો - **<u>PAL-V</u>**
3. તાજેતર માર્ચ-2020માં ગુજરાત સરકાર અને નેધરલેન્ડની PAL-V કંપની વચ્ચે ગુજરાતમાં ફ્લાઈંગ કાર ઉત્પાદન માટે થયેલા સમજૂતિ કરાર અનુસાર કંપની દ્વારા કયા વર્ષ સુધીમાં કારનું કોમર્શિયલ ઉત્પાદન શરૂ કરવાનું આયોજન છે – **<u>વર્ષ-2021</u>**
4. ગુજરાતમાં શરૂ થનારા ફ્લાઈંગ કાર ઉત્પાદન પ્લાન્ટમાંથી ભવિષ્યમાં કયા દેશોમાં કારની નિકાસ કરવાનું લક્ષ્યાંક છે – **<u>યુરોપ અને યુએસ</u>**
5. ફ્લાઈંગ કારની એક વાર ટેન્ક ફુલ કરવાથી કેટલા કિલોમીટર સુધીની આકાશી સફર કરી શકાશે - **<u>500</u>**
6. તાજેતર માર્ચ-2020માં કોણે બીજીવાર અફઘાનિસ્તાનના રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા - **<u>અશરફ ગની</u>**
7. અફઘાનિસ્તાનની રાજધાનીનું નામ જણાવો - **<u>કાબૂલ</u>**
8. વિશ્વની સૌથી ઓછી ઉંમરની એન્વાયર્નમેન્ટ એક્ટિવિસ્ટનું નામ જણાવો-**<u>લિસિપ્રિયા કંગુજમ(9 વર્ષ)</u>**
9. વિશ્વની સૌથી ઓછી ઉંમરની એન્વાયર્નમેન્ટ એક્ટિવિસ્ટ લિસિપ્રિયા કંગુજમનું વતન જણાવો - **<u>મણિપુર</u>**
10. તાજેતર માર્ચ-2020માં મણિપુરની 9 વર્ષિય એન્વાયરમેન્ટ એક્ટિવિસ્ટ, લિસિપ્રિયા કંગુજમ કયા કારણે ચર્ચામાં હતી - **<u>લિસિપ્રિયાએ વડાપ્રધાન મોદી તેમનો અવાજ સાંભળતા ન હોવાનું કારણ આપી મહિલા દિવસ નિમિતે સન્માનનો અસ્વીકાર કર્યો હતો</u>**
11. દેશના સોલાર રૂફટોપના કેટલા ટકા પ્લાન્ટ ગુજરાતમાં કાર્યરત છે - **<u>64 ટકા</u>**
12. ગુજરાતમાં માર્ચ-2020ની સ્થિતિએ કેટલા સોલાર રૂફટોપ પ્લાન્ટ સ્થપાયા - **<u>અંદાજે 50,915</u>**
13. તાજેતરના સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના અહેવાલ અનુસાર ભારત શસ્ત્રોની આયાતના મામલે વર્ષ-2015-2019 વચ્ચે વિશ્વમાં કેટલામાં ક્રમે હતુ - **<u>બીજા ક્રમે</u>**
14. તાજેતરના સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના અહેવાલ અનુસાર શસ્ત્રોની આયાતના મામલે વર્ષ-2015-2019 વચ્ચે વિશ્વનો કયો દેશ પ્રથમ ક્રમે હતો - **<u>સાઉદી અરેબિયા</u>**
15. ભારતે માર્ચ-2020ની સ્થિતિએ સૌથી વધુ શસ્ત્રો કયા દેશ પાસેથી ખરીદ્યા હતા – **<u>રશિયા</u>**
16. વિશ્વના સૌથી વધુ શસ્ત્રોની નિકાસ કરનારા દેશોમાં ભારતનું સ્થાન જણાવો – **<u>૨૫મુ</u>**
17. ભારત કયા કયા દેશોમાં શસ્ત્રોની નિકાસ કરે છે – **<u>મ્યાંનમાર, શ્રીલંકા અને મોરેશિયસ</u>**

**10-03-2020**

## ૧. ગુજરાત પોલીસ દ્વારા નવા મેડલની જાહેરાત : પ્રશંસા મેડલ - "DGP's Commendation Disc" (સુરક્ષા)

- ✓ ગુજરાત પોલીસના તમામ સંવર્ગના પોલીસ અધિકારીશ્રીઓને તેઓની સરાહનીય/પ્રશંસનીય કામગીરી બદલ "DGP's Commendation Disc (ડી.જી.પી.શ્રી દ્વારા પ્રશંસા મેડલ) એનાયત કરાશે

**પસંદગીની પ્રક્રિયા –**

- ✓ નિયત કરેલ માપદંડ આધારે શહેર/જિલ્લા, એ.ટી.એસ., કોસ્ટલ સીકયુરીટી, સી.આઇ.ડી., આઇ.બી., સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ, હથિયારી એકમો, ટેકનિકલ સર્વીસ અને એસ.સી.આર.બી., તાલીમ વિભાગ, એસ.ટી.બી. વિભાગના મળી કુલ-૧૧૦ યોગ્યતા ધરાવતા તમામ સંવર્ગના પોલીસ અધિકારીશ્રીઓને "DGP's Commendation Disc" મેડલ એનાયત કરાશે
- ✓ નિયત કરેલ કમિટિ નકકી કરેલ માપદંડ મુજબ યોગ્યતા ધરાવતા પોલીસ અધિકારીશ્રીઓને પ્રથમવાર માટે એપ્રિલ-૨૦૨૦માં ડી.જી.પી. શ્રી શિવાનંદ ઝાના હસ્તે આ પ્રશંસા મેડલ એનાયત કરાશે.

**હેતુ –**

- ✓ પોલીસ ફોર્સનું મનોબળ મજબૂત બને તથા વધુ કાર્યક્ષમ રીતે પોલીસ વિભાગની તમામ શાખા યુનિટમાં દરેક સંવર્ગના પોલીસ અધિકારી પોતાની ફરજ બજાવે, તેવી ઉચ્ચ ભાવના સાથે આ પ્રસંશા મેડલ એનાયત કરનાર સમગ્ર દેશમાં ગુજરાત ૭મું રાજય બનશે.
- ✓ આ પ્રમાણે D.G.P & HoPF મારફતે પેરા મીલ્ટી ફોર્સ તથા અન્ય ૬ રાજયોમાં "DGP's Commendation Disc" એનાયત કરવામાં આવે છે.
- ✓ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી - શ્રી શિવાનંદ ઝા

## ૨. ઉત્સવ - ધૂળેટીની ઉજવણી (સંસ્કૃતિ)

- ✓ ગુજરાત સહિત દેશના વિવિધ રાજયમાં ફાગણ વદ એકમના દિવસે ધૂળેટીની ઉત્સાહભેર ઊજવણી.

## 3. સી.એમ. ડેશ બોર્ડ – ગુજરાત સરકાર

- ✓ ગુજરાત સરકારની ગુડ ગવર્નન્સની દિશામાં સી.એમ. ડેશબોર્ડ અંતર્ગત વિકસાવેલ 'રિઅલ ટાઇમ પર્ફોમન્સ સિસ્ટમ'.
- ✓ હેતુ- રાજ્યના તમામ વિભાગોને એક જ પ્લેટફોર્મ પર આવરી લેવાનો

સ્થાન–મુખ્યમંત્રીશ્રી નિવાસસ્થાન, ગાંધીનગર

## ૪. નવતર પહેલ - Papar box Authentication & Tracing Application : ગુજરાત સરકાર (શિક્ષણ)

ઉપયોગ –

- ✓ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા દરમિયાન પ્રશ્નપત્રોની ગોપનીયતા અને વર્ગખંડોમાં સીલબંધ કવર પહોચ્યા છે કે નહી તેની માહિતી મોબાઈલ દ્વારા મળશે
- ✓ આ માટે Papar box Authentication & Tracing Application (PATA) એપ્લિકેશન ગાંધીનગર ખાતેથી શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાની હાજરીમાં લોન્ચિંગ

**ફાયદા અને કાર્ય પદ્ધતિ –**

- ✓ આ એપ્લીકેશનના કારણે બોર્ડની જાહેર પરિક્ષાના પ્રશ્નપત્રોના સીલબંધ બોક્ષ પહોચ્યાનો સમય અને પરીક્ષા સ્થળની માહિતી મોબાઈલ એપ દ્વારા સ્થળ પર જ મળશે.
- ✓ ફોટોગ્રાફસના આધારે પ્રશ્નપત્રોના બોક્ષ કેટલા વાગ્યે પરીક્ષા સમયે પહોચ્યા, પરીક્ષા કેન્દ્રના કયા લોકેશન પર રાખવામાં આવ્યા, પ્રશ્નપત્રોના બોક્ષ પરીક્ષા કેન્દ્રો પર સીલબંધ રીતે પહોચ્યા છે કે નહી, પ્રશનપત્રોના બોક્ષ સીલબંધ અને સમયસર મળ્યા છે કે નહીં, ઉપરાંત પરીક્ષા પૂર્ણ થયા બાદ હાજર પરિક્ષાર્થીઓની લખાયેલ જવાબવહીઓ સીલબંધ કરવામાં તેમજ કયા સમયે મુકાયેલ છે તે પણ જાણી શકાશે.
- ✓ શિક્ષણ મંત્રી - શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા.

## ૫.જન્મ દિન વિશેષ : ૧૦ માર્ચ પરંપરાભંજક ચિત્રકાર : ભૂપેન ખખ્ખર જન્મ - ૧૦ માર્ચ-૧૯૩૪

અવસાન – ૮ ઓગષ્ટ-૨૦૦૩

- ✓ આજે તારીખ ૧૦ માર્ચના રોજ માધવરાવ સિંધિયા, અસગરઅલી એન્જીનીયર, રશિયાનો રાજા ઝાર એલેકઝાંડર ત્રીજો અને ભારતીય કળા જગતના મોટા ગજાના ચિત્રકાર ભૂપેન ખખ્ખરનો જન્મદિવસ છે.
- ✓ મુંબઈમાં પરમ્પરાગત કલાકાર કુટુંબમાં જન્મેલા ખખ્ખર પરિવારમાં સૌથી મોટા સંતાન હતા. ચાર વર્ષની ઉંમરે પિતાનું અવસાન થયું.

- ✓ ભૂપેન ખખ્ખર મુંબઈ યુનિ.થી અર્થશાસ્ત્ર અને રાજનીતિશાસ્ત્ર ઉપરાંત વાણીજ્યમાં પણ સ્નાતક થયા હતા.
- ✓ તેઓએ સ્વપ્રશિક્ષિત કલાકાર તરીકે બહુ મોડી કારકિર્દી શરુ કરી હતી. તેમની શરૂની કારકિર્દી ચાર્ટડ એકાઉન્ટન્ટ તરીકે રહી હતી.
- ✓ વડોદરાની ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટસમાં જોડાયા ૧૯૬૫થી સોલો ચિત્ર પ્રદર્શનો અને પછી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રદર્શનો શરુ કર્યા હતા તેમના ચિત્ર પ્રદર્શનો લંડન, બર્લિન, ટોકિયો વગેરે સ્થળોએ યોજાયા હતા.
- ✓ ભૂપેન ખખ્ખરના ચિત્રોમાં ભારતીય મીથકો અને મિથકીય વિષયવસ્તુવાળા ચિત્રોનું પ્રાધાન્ય છે. તેમના ચિત્રો વર્ણાત્મક અને જીવન ચરિત્રાત્મક પણ રહ્યા છે.
- ✓ કલાના માધ્યમથી ભૂપેન ખખ્ખરે સજાતીયતાને પણ આબેહુબ રીતે રજુ કરી.
- ✓ ભૂપેન ખખ્ખરની કલાસાધનાનું દિ રોયલ પેલેસ ઓફ આમ્સટરડેમમાં એવોર્ડ, સ્ટાર ફાઉન્ડેશનની ફેલોશીપ અને પદ્મશ્રી વગેરે દ્વારા થયું છે. તેમના જીવન પર એકાધિક પુસ્તકો લખાયા છે .
- ✓ અંગ્રેજી વિષે અભ્યાસ ન હોવા છતાં આંતરરાષ્ટ્રીય ખ્યાતીપ્રાપ્ત આ ચિત્રકારનું ૮ ઓગસ્ટ ૨૦૦૩ના રોજ અવસાન થયું.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૦-૦૩-૨૦૨૦)</u>

1. ગુજરાતમાં ધોરણ-10 અને 12ની બોર્ડની પરીક્ષાના પ્રશ્નપત્રોના ક્લાસરૂમ સુધીના સર્વેલન્સ માટે તાજેતરમાં કઈ એપ લોન્ચ કરાઈ- **<u>PATA</u>**
2. PATAનું વિસ્તૃત નામ જણાવો- **<u>પેપર બોક્સ ઓથેન્ટિકેશન એન્ડ ટ્રેસિંગ એપ્લિકેશન</u>**
3. ગુજરાતના વર્તમાન શિક્ષણ મંત્રીનું નામ જણાવો- **<u>શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા</u>**
4. માર્ચ 2020થી ગુજરાત પોલીસે તમામ અધિકારી-કર્મચારીઓને પ્રોત્સાહન મળે તે હેતુથી કયો નવો મેડલ આપવાની જાહેરાત કરી છે- **<u>પ્રશંસા મેડલ- "DGP's: Commendation Disc"</u>**
5. ગુજરાત પોલીસ દ્વારા દર વર્ષે કેટલા અધિકારી-કર્મચારીને પ્રશંસા મેડલ- "DGP's: Commendation Disc આપી સન્માનિત કરાશે- **<u>110</u>**
6. ભારતમાં ધુળેટીનો તહેવાર કઈ તિથિના રોજ ઉજવવામાં આવે છે - **<u>ફાગણ વદ એકમ</u>**
7. ગુજરાત સરકાર દ્વારા તમામ વિભાગોને એક જ પ્લેટફોર્મ હેઠળ સાંકળી લેતી કઈ નવી સિસ્ટમ ગાંધીનગર ખાતે વિકસાવવામાં આવી છે- **<u>CM ડેશ બોર્ડ</u>**
8. CM ડેશ બોર્ડ અંતર્ગત કઈ નવી સિસ્ટમ વિકસાવવામાં આવી છે- **<u>રિયલ ટાઇમ પર્ફોર્મન્સ સિસ્ટમ</u>**
9. ચિત્રકાર ભૂપેન ખખ્ખરનો જન્મદિવસ જણાવો- **<u>10 માર્ચ 1934</u>**

## 11-03-2020

### <u>૧. ઓપરેશન કમળ (રાજકારણ)</u>

- ✓ મધ્યપ્રદેશમાં ભાજપના 'ઓપરેશન કમળ' બાદ રાજવી અને કોંગ્રેસના દિગ્ગજ નેતા પૂર્વ સાંસદ જ્યોતિરાદિત્ય સિંધિયા ભાજપમાં જોડાયા
- ✓ મધ્યપ્રદેશમાં ભાજપ તરફથી રાજયસભાના ઉમેદવાર

**<u>સિંધિયા પરિવાર – ગ્વાલિયર વિશે</u>**

- ✓ ગ્વાલિયરના સિંધિયા પરિવાર અંગે કહેવાય છે કે તેઓ ભલે કોઇ પણ પક્ષમાં ચૂંટણી લડયા હોય કે, ભલે અપક્ષ ચૂંટણી લડે, પણ ગ્વાલિયરમાં ઝંડો તો તેમના પરિવારનો જ લહેરાતો હોય છે.
- ✓ છેલ્લા છ દાયકાથી મધ્યપ્રદેશની રાજનીતિમાં આ પરિવારનો દબદબો રહ્યો છે. રાજનીતિની શરૂઆત રાજમાતા વિજ્યારાજે સિંધિયાએ કરી હતી. એ શરૂઆત હવે જ્યોતિરાદિત્ય સિંધિયા સુધી પહોંચી છે.
- ✓ <u>ગ્વાલિયરના મશહૂર સિંધિયા રાજપરિવારના રાજમાતા વિજ્યારાજ સિંધિયાએ સૌથી પહેલાં રાજનીતિમાં પગલું માંડયું હતું. તેમણે રાજનીતિની શરૂઆત કોંગ્રેસથી કરી જનસંઘમાં સામેલ થયા.</u>
- ✓ વર્ષ ૧૯૫૭માં તેઓ ગુનાથી લોકસભા બેઠક જીતી સંસદમાં પહોંચ્યા હતા. દસ વર્ષ કોંગ્રેસમાં રહ્યા બાદ ૧૯૬૭માં તેઓ જનસંઘમાં સામેલ થયા હતા.
- ✓ મહારાણી વિજ્યારાજે ઇચ્છતા હતા કે તેમના પાંચ સંતાનોમાંથી માધવરાવ અને તેમના પુત્ર જ્યોતિરાદિત્ય ઉપરાંત તમામ ભાજપમાં જ રહે.

**જ્યોતિરાદિત્યનું ગુજરાત કનેક્શન**

- ✓ જ્યોતિરાદિત્યના પત્ની પ્રિયદર્શનીરાજે બરોડાના ગાયકવાડ પરિવારના રાજકુમારી છે. તેમના પિતા સંગ્રામસિંહ ગાયકવાડ છેલ્લા શાસક પ્રતાપસિંહ ગાયકવાડના દીકરા છે.
- ✓ પ્રિયદર્શનીની માતા નેપાળના રાજપરિવારના છે. જ્યોતિરાદિત્યને એક દીકરો મહાઆર્યમન અને એક દીકરી અનન્યા સિંધિયા છે.

**માધવરાવે શરૂઆત જનસંઘથી કરી હતી**

- ✓ રાજનીતિમાં માધવરાવે ૨૬ વર્ષની વયે પગલું પાડયું હતું. તેઓ જનસંઘમાં હતા, પરંતુ ૧૯૭૭માં કટોકટી બાદ ૧૯૮૦માં જ્યોતિરાદિત્યના પિતાએ કોંગ્રેસની ટિકિટ પર ચૂંટણી લડી કેન્દ્રીયમંત્રી પણ બન્યા.

**વસુંધરારાજે તો રાજસ્થાનના મુખ્યમંત્રી પણ બન્યાં**

- ✓ જ્યોતિરાદિત્યના ફોઇ વસુંધરા રાજે રાજસ્થાનના મુખ્યમંત્રીપદે પણ રહી ચૂક્યા છે. વસુંધરા રાજેના દીકરા દુષ્યંત ઝાલાવાડના સાંસદ છે. જ્યોતિરાદિત્યના બીજા ફોઈ યશોધરા પણ ભાજપના સાંસદ.

**ફોઈ યશોધરા પણ પાંચ વખત વિધાનસભ્ય બન્યાં**

- ✓ વસુંધરારાજેના બહેન યશોધરા ૧૯૭૭માં અમેરિકા જતા રહ્યા. ૧૯૯૪માં તેઓ ભારત પાછા ફર્યા ત્યારે માતા વિજ્યારાજેની ઇચ્છાથી ૧૯૯૮માં ભાજપની ટિકિટ પર ચૂંટણી લડયા હતા.
- ✓ પાંચ વખત વિધાનસભ્ય બનેલા યશોધરારાજે શિવરાજસિંહની સરકારમાં મંત્રી પણ હતા.

**૨. આરોગ્યલક્ષી – નવતર પ્રયોગ : અમદાવાદના નાગરિકો હવે 100 નંબર ડાયલ કરી બ્લડ મેળવી શકશે**

**હેતુ-**

- ✓ હવે પોલીસની 100 નંબરની હેલ્પલાઈન સુરક્ષાની સાથે સાથે હેલ્થની કામગીરી પણ નિભાવશે
- ✓ નાગરીકોને ઈમરજન્સીમાં રક્ત મળી રહે તેના માટે અમદાવાદ રેડક્રોસ અને શહેર પોલીસ દ્વારા રક્ત હેલ્પલાઈન '૧૦૦' શરૂ કરી છે.
- ✓ શહેર પોલીસ કમિશનર આશિષ ભાટીયા તેમજ રેડક્રોસ સંસ્થાના ચેરમેન કિરણ ચુડગર, ક્રાઈમ બ્રાન્ચના સ્પેશીયલ કમિશનર અજય તોમરની ઉપસ્થિતિમાં આ હેલ્પલાઈનનો શુભારંભ કરાયો હતો.
- ✓ આમ હવે પોલીસની ૧૦૦ નંબરની હેલ્પલાઈન સુરક્ષાની સાથે સાથે હેલ્થની પણ કામગીરી નિભાવશે.

**૩. નોવેલ કોરોના (COVID-19) : WHO દ્વારા કોરોનાને વૈશ્વિક રોગચાળો જાહેર (આરોગ્ય)**

- ✓ દુનિયાના 110 દેશમાં 4,300થી વધુ લોકોનો શિકાર કરી ચૂકેલા કોરોના વાઈરસ (કોવિડ–19)ને વિશ્વ આરોગ્ય સંગઠન (WHO)એ મહામારી જાહેર કરી દીધો છે.
- ✓ સંગઠને કહ્યું છે કે, અત્યાર સુધી 1.18 લાખ લોકોથી વધુ તેનો ભોગ બની ચૂક્યા છે.
- ✓ આ મહામારીની જાહેરાત કરતા સંગઠનના મહા સચિવ ડૉ.ટેડ્રોસ અદનોમ ગ્રેબ્રયાસસે કહ્યું કે, આ વાઈરસ દુનિયામાં ફેલાવાનો હજુ ખતરો છે.
- ✓ આ મહામારી સામે લડવા દરેક વ્યક્તિએ ભાગીદારી નોંધાવવી પડશે.

**મહામારીનો અર્થ : દુનિયામાં મોટી સંખ્યામાં લોકોનું પીડિત હોવું.**

- ✓ એપિડેમિક એટલે કે મહામારી એ ચેપીરોગને કહેવાય છે કે જેનાથી એક જ સમયે દુનિયાભરમાં મોટી સંખ્યામાં લોકો અસરગ્રસ્ત થઈ શકે છે.
- ✓ મહામારી જેવા રોગનું તાજેતરનું ઉદાહરણ 2009માં 'ફેલાયેલો સ્વાઈન ફ્લૂ હતો.
- ✓ કોઈ નવા વાઈરસથી ફેલાતી મહામારી વધુ ઘાતક હોય છે કેમ કે તે લોકોમાં સરળતાથી ફેલાઈ શકે છે.
- ✓ કોરોના વાઇરસમાં પણ આ બધાં લક્ષણ મળી આવ્યાં છે

**WHO – વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન**

**WHO વડુમથક – જીનિવા**

**૪. ISS : અવકાશ વિજ્ઞાન**

- ✓ ISSમાં એસ્ટ્રોનોટ્સે ઉગાડયા વધારે પોષક તત્વો ધરાવતા લેટ્સ

**આ પ્રયોગને વેગ-૦૧ નામ અપાયું**

- ✓ ૨૦૧૫માં સ્પેસમાં શાકભાજી ઉગાડવાના સમાચાર સામે આવ્યા હતા. એ દરમિયાન ત્રણ

અંતરિક્ષયાત્રીઓ દ્વારા સ્પેસ સ્ટેશનમાં શાકભાજી ઉગાડવામાં આવી હતી.

- ✓ જ્યારે પ્રયોગ થયો ત્યારે તેને વેગ-૦૧ નામ આપવામાં આવ્યું હતું જ્યારે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં વેગી નામના એક્સપિરિમેન્ટ હેઠળ આ શાકભાજી ઉગાડવામાં આવ્યા હતા.
- ✓ આ પ્રયોગમાં સ્કોટ કેલી નામની એક મહિલાનો પણ સમાવેશ થતો હતો. તેણે જણાવ્યું હતું કે, નાસા દ્વારા મંગળ ઉપર જવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. નજીકના ભવિષ્યમાં આ મિશન પણ પાર પાડવામાં આવશે.
- ✓ મંગળ ઉપર જવા માટે એક એવા સ્પેસક્રાફ્ટની જરૂર પડશે જેમાં શાકભાજી ઉગાડી શકાય.
- ✓ વિપરિત સ્થિતિમાં અહીંયા સર્વાઈવ કરવા માટે સ્પેસ ક્રાફ્ટમાં આવી શાકભાજી ઉગાડી શકાય તો અંતરિક્ષયાત્રીઓન લાભ થાય તેમ છે.

**<u>વધુ પ્રયોગો પ્રગતિમાં</u>**

- ✓ એસ્ટ્રોનોટ્સે જે લેટ્સ ઉગાડયાં હતાં એમાંથી કેટલાંક તેમણે ખાધાં હતાં અને બાકીનાં તેમણે પૃથ્વી પર પાછાં મોકલી દીધાં હતાં. એના પર પ્રયોગ થઈ રહ્યા છે.
- ✓ આકાશમાં અલ્ટાવાયોલેટ કિરણો અને રેડિએશન ખૂબ જ પ્રમાણમાં હોય છે અને એની કોઈ અસર થઈ શકે કે નહીં એનો સ્ટડી હાલમાં ચાલી રહ્યો છે.
- ✓ આકાશ જેવા વાતાવરણમાં પૃથ્વી પર ખાસ પ્રકારની લેબોરેટરીમાં આ પ્રકારે લેટસ ઉગાડવામાં આવી રહ્યાં છે અને એની પણ સરખામણી થઈ રહી છે.

**<u>ચંદ્ર પર શાકભાજી ઉગાડાશે</u>**

- ✓ એલન મસ્ક તેના સ્પેસએક્સ કાર્યક્રમ હેઠળ ૨૦૨૪માં ચંદ્રની ધરતીના દક્ષિણ ધ્રુવ પર શાકભાજીનું વાવેતર કરવા માગે છે.
- ✓ આ માટે આર્ટેમિસ-૩ નામનું મિશન તૈયાર થઈ રહ્યું છે.

**<u>ISS પર આ વસ્તુઓ પણ ઉગાડાઈ છે</u>**

- ✓ વૈજ્ઞાનિકો અને એસ્ટ્રોનોટ્સ ISS પર લેટસ ઉપરાંત ઘઉં, ચોખા, ડુંગળી, ચાઇનીઝ કોબી, વટાણા, મૂળા, લસણ, કાકડી, ટયૂલિપ્સ, પાર્સલી, બટાટા, સૂરજમુખી અને અરબીડોપ્સિસ જેવા છોડ ઉગાડી ચૂક્યા છે.

**<u>સ્પેસ મિશન માટે ઉપયોગી</u>**

- ✓ ૨૦૨૦ના દાયકાના મધ્ય કે અંતમાં નાસા મંગળ પર સમાનવ યાન મોકલવા માગે છે. એવું મનાય છે કે ૨૦૩૦ સુધીમાં માણસો મંગળ પર વસવાટ કરતા થઈ જશે.
- ✓ આવા પ્રોજેક્ટ માટે આવા પ્રયોગ જરૂરી છે. થોડાં વર્ષો પહેલાં એક ફિલ્મ આવી હતી જેમાં મંગળ મિશન પર ગયેલો એક એસ્ટ્રોનોટ ત્યાં જ ફસાઈ જાય છે અને ત્યાં બટાટા ઉગાડીને જીવતો રહે છે. આવું કંઈ હવે શક્ય બનવા જઈ રહ્યું છે.

**<u>શું છે ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS)?</u>**

- ✓ ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પૃથ્વીની સપાટીથી ૪૦૦ કિલોમીટર ઉપર એક હરતીફરતી પ્રયોગશાળા છે. એ ૧૦૦ અબજ ડોલરના ખર્ચે તૈયાર કરાઈ છે.
- ✓ એમાં સાયન્સ અને એન્જિનિયરિંગને લગતા પ્રયોગો અને રિસર્ચ થઈ રહ્યાં છે.
- ✓ ૨૦૦૦ના નવેમ્બરથી એમાં કોસ્મોનોટ્સ અને એસ્ટ્રોનોટ્સ આવનજાવન કરે છે. હ્યુમન રિસર્ચ, સ્પેસ મેડિસિન, લાઇફ સાયન્સિસ, એસ્ટ્રોનોમી અને વેધશાળાને લગતા રિસર્ચ એમાં થાય છે.
- ✓ ૨૦૨૪ સુધી આ પ્રોજેક્ટ માટે અમેરિકાએ મોટું ભંડોળ આપ્યું છે.

<u>૫. સ્માર્ટ સિટીના નવા નિયમો (માળખાગત સુવિધા)</u>

**<u>કેન્દ્ર દ્વારા શહેરો વચ્ચે ચાઈલ્ડ ફ્રેન્ડલી સિટી સ્પર્ધામાં અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ પણ સામેલ</u>**

- ✓ <u>સ્માર્ટ સિટી હેઠળ દેશના 100 શહેરો વચ્ચે ચાઇલ્ડ ફ્રેન્ડલી સિટી સ્પર્ધા થશે.</u>

**<u>નવા નિયમોમાં શું હશે ?</u>**

- ✓ સમગ્ર દેશમાં દિવ્યાંગોની સરળતા માટે પ્રાથમિક સુવિધા આપવી ફરજિયાત છે તેવી રીતે આગામી દિવસોમાં શહેરોમાં બાળકોની સરળતા માટે પૂરતી સુવિધા છે કે નહીં તે અંગે પણ નિયમ બની શકે છે.
- ✓ જેમાં શહેરના શૌચાલયોમાં બાળકો લઘુશંકા કરી શકે તે પ્રકારે યુરિનલ નીચું છે કે નહીં, ટોઇલેટ સીટ નીચી છે કે નહીં, ટોઇલેટ બહાર નીકળ્યા બાદ બાળક હાથ

ધોઇ શકે તે માટે ગેન્ડી નીચી છે કે નહીં, શાળાએથી ઘરે જતા હોય ત્યારે ફૂટપાથ તે ચાલી શકે તેવી છે કે નહીં, રોડ ક્રોસ કરવા માટે શું વ્યવસ્થા છે સહિતના મુદ્દા પર આ સ્પર્ધા થશે અને રેન્કિંગ જાહેર થશે.

- ✓ માર્ચ માસના અંત સુધીમાં દેશનાં 100 સ્માર્ટ શહેરો ચાઇલ્ડ ફ્રેન્ડલી સિટી સ્પર્ધા માટે રજિસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ થશે.
- ✓ આ રજિસ્ટ્રેશન થયા બાદ ભાગ લેનારા શહેરમાં ચાઇલ્ડ ફ્રેન્ડલી સિટી માટે કરેલી કામગીરી તેમજ કામ કરવાની ઇચ્છા શક્તિઓના આધારે 20 શહેર પસંદ કરવામાં આવશે.

**<u>સ્પર્ધાનો હેતુ</u>**

- ✓ આ સ્પર્ધાનો મુખ્ય હેતુ બાળકો માટે શહેરમાં સુવિધા ઊભી કરવાનો છે, બાળકોની રોજિંદી ક્રિયાઓ તેમજ તેની સુરક્ષાઓને ધ્યાને લેવામાં આવી છે.
- ✓ ચાઇલ્ડ ફ્રેન્ડલી સિટી સ્પર્ધા બાદ કેન્દ્ર સરકાર ટેક્નિકલ ટીમ શહેરોમાં મોકલશે જે બાળકોની સુવિધામાં વધારો થાય તે પ્રકારે કેવા ફેરફાર કરવા જરૂરી છે તેનું માર્ગદર્શન આપશે.

**<u>આ મુદ્દે થશે ચાઇલ્ડ ફ્રેન્ડલી સિટી સ્પર્ધા, માર્ચ અંતથી શરૂ થશે રજિસ્ટ્રેશન</u>**

- ✓ સિટી બસમાં બાળકો ચઢી શકે તે પ્રકારના બસ સ્ટોપ પર વ્યવસ્થા છે?
- ✓ સિટી બસમાં બાળકો બેસી શકે એ મુજબની બેઠક વ્યવસ્થા છે.
- ✓ જાહેર શૌચાલયમાં ટોઇલેટ અને યુરિનલની ઊંચાઈ નીચી છે?
- ✓ શૌચાલયમાં બાળકોને હાથ ધોવા માટે વૉશબેઝિનની ઊંચાઈ નીચી છે?
- ✓ શાળા નજીકની ફૂટપાથ પર બાળકો ચાલીને જઇ શકે તેવી છે?
- ✓ બાળકો સરળતાથી રોડ ક્રોસ કરવા માટે કોઇ વ્યવસ્થા છે?
- ✓ બગીચામાં બાળકોને ઇજા થાય તેવી કોઇ વસ્તુઓ કે રાઇડ નથી ને?
- ✓ બગીચાઓમાં બાળકો માટે કેવી સુવિધા ઊભી કરવામાં આવી છે.
- ✓ બાળકો સારી રીતે રમી શકે તે માટે બગીચામાં કેવી વ્યવસ્થા છે?
- ✓ બાળકોની બૌદ્ધિક ક્ષમતામાં વધારો થાય તે પ્રકારની કોઇ ગેમ બગીચાઓમાં છે?

<u>ચાઇલ્ડ ફ્રેન્ડલી 20 શહેરો વચ્ચેની સ્પર્ધામાં કેન્દ્ર સરકાર માર્ગદર્શન આપશે</u>

- ✓ કેન્દ્ર સરકારે દેશનાં 20 શહેરો વચ્ચે ચાઇલ્ડ ફ્રેન્ડલી સિટી સ્પર્ધાનું આયોજન કર્યું છે.
- ✓ આ સ્પર્ધામાં જે શહેરો ભાગ લેશે તે શહેરમાં ચાઇલ્ડ ફ્રેન્ડલી સુવિધા ઊભી કરવા માટે કેન્દ્ર સરકાર ટેકનિકલ ટીમ મોકલી મદદ કરશે.
- ✓ આ ટીમ શહેરમાં કેવા પ્રકારના ફેરફાર કરવાથી બાળકોની સુવિધામાં વધારો થશે તેની માહિતી આપશે.
- ✓ રાજકોટ શહેર આ સ્પર્ધામાં ભાગ લેશે અને ટેકનિકલ ટીમની મદદથી બાળકોની સુવિધામાં વધારો કરાશે.

## <u>૬. ખેલકૂદ – મહિલા વન ડે વર્લ્ડકપ-2021</u>

**<u>કાર્યક્રમ</u>**

- ✓ ICCએ આવતા વર્ષે ન્યૂઝીલેન્ડમાં થનારી મહિલા વન-ડે વર્લ્ડ કપનો 1 મહિનાનો કાર્યક્રમ જાહેર કર્યો.
- ✓ આ વર્લ્ડ કપ 6 ફેબ્રુઆરીથી શરૂ થશે, 7 માર્ચથી ફાઈનલ થશે.
- ✓ ટુર્નામેન્ટમાં કુલ 8 ટીમ ઉતરશે.
- ✓ અત્યાર સુધી ચાર ટીમ ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, ઈંગ્લેન્ડ અને દ.આફ્રિકાએ ક્વોલિફાય કરી લીધું છે.
- ✓ ભારત-પાક. વચ્ચે છેલ્લા 1 વર્ષથી નવેમ્બરમાં થનારી સીરિઝ પર ICCએ કોઈ નિર્ણય નથી લીધો.
- ✓ આ સીરિઝ પછી 5મી ટીમ મુદ્દે નિર્ણય લેવાશે, 3 ટીમનો નિર્ણય જુલાઈમાં થનારી ક્વૉલિફાય મેચ પછી થશે.

<u>ખાસ જાહેરાત - આ વર્લ્ડકપમાં સેમિફાઈનલ અને ફાઈનલ માટે રિઝર્વ-ડે રખાયો.</u>

## <u>૭. વૈશ્વિક રાજકારણ : રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુટિન આગામી વર્ષ-2036 સુધી પદ ઉપર રહી શકે</u>

**<u>બંધારણમાં સુધારો કરાયો</u>**

- ✓ રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુટિન વર્ષ-2000થી રશિયાનું નેતૃત્વ કરી રહ્યા છે.

- ✓ રશિયાની સંસદે પણ ત્રીજા અને અંતિમ રીડિંગમાં વધુ એક વ્યાપક બંધારણીય સુધારાને મંજૂરી આપી દીધી.
- ✓ આ પગલાથી પુટિનને 2024માં તેમના વર્તમાન કાર્યકાળ સમાપ્ત થયા પછી 12 વર્ષ સુધી સત્તામાં ટકી રહેવાની છૂટ મળી.
- ✓ ક્રેમલિન હસ્તક નીચલા ગૃહ, સ્ટેટ ધૂમાએ બંધારણમાં સુધારો કર્યો હતો. જેમાં 380-0 મત સાથે સુધારાને મંજૂરી આપી દેવામાં આવી હતી.
- ✓ જોકે 43 સભ્યો આ મતદાન વખતે ગેરહાજર રહ્યા હતા.
- ✓ આ પ્રસ્તાવિત સુધારા પર એક રાષ્ટ્રવ્યાપી મતદાન 22 એપ્રિલે કરવામાં આવશે.
- ✓ ક્રેમલિનના ટીકાકારોએ આ સુધારાને એક સનકી સુધારો ગણાવતાં આ પગલાની આકરી ટીકા કરી હતી અને દેખાવો કરવાની ચીમકી આપી હતી.
- ✓ કેજીબીના 67 વર્ષના પૂર્વ અધિકારી પુટિન રશિયા પર 20 વર્ષથી પણ વધુ સમયથી શાસન કરી રહ્યા છે.
- ✓ ચાર વર્ષના બે સતત કાર્યકાળમાં રાષ્ટ્રપતિ રહ્યાં પછી બંધારણને લીધે પુટિન 2008માં વડાપ્રધાન બન્યા હતા.

૮. દિન વિશેષ : 11 માર્ચ  નો સ્મોકિંગ ડે

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૧-૦૩-૨૦૨૦)

1. મધ્યપ્રદેશમાં ભાજપના 'ઓપરેશન કમળ' બાદ રાજવી અને કોંગ્રેસના કયા દિગ્ગજ નેતા ભાજપમાં જોડાયા - **જ્યોતિરાદિત્ય સિંધિયા**
2. જયોતિરાદિત્યા સિંધિયાના પત્ની પ્રિયદર્શની રાજે કયા પરિવારના રાજકુમારી છે - **બરોડાના ગાયકવાડ**
3. અમદાવાદના નાગરિકો કયો નંબર ડાયલ કરી બ્લડ મેળવી શકશે એવો નવતર પહેલ શરૂ કરાઈ - **100**
4. પોલીસની 100 નંબરની હેલ્પલાઈન કઈ કામગીરી નિભાવશે - **સુરક્ષાની સાથે હેલ્થ**
5. નાગરીકોને ઈમરજન્સીમાં રક્ત મળી રહે તેના માટે અમદાવાદ રેડક્રોસ અને શહેર પોલીસ દ્વારા કઈ હેલ્પલાઈ શરૂ કરાઈ - **રક્ત હેલ્પલાઈન '૧૦૦'**
6. માર્ચ-2020માં કઈ વૈશ્વિક સંસ્થાએ નોવેલ કોરોના (COVID-19)ને વૈશ્વિક રોગચાળો(મહામારી) જાહેર કર્યો - **WHO**
7. તાજેતર માર્ચ-2020માં WHOએ નોવેલ કોરોના રોગને મહામારી જાહેર કર્યો હતો આ પહેલા વર્ષ-2009માં કયા રોગને મહામારી જાહેર કરાયો હતો - **સ્વાઈન ફ્લૂ**
8. તાજેતરમાં ISSના એસ્ટ્રોનોટ્સે ઉગાડેલા લેટ્સ પ્રયોગને શું નામ અપાયું - **વેગ-૦૧**
9. પૃથ્વીની સપાટીથી ૪૦૦ કિલોમીટર ઉપર એક હરતીફરતી પ્રયોગશાળા બનાવવામાં આવી છે તેનું નામ જણાવો - **ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન**
10. પૃથ્વીની સપાટીથી ૪૦૦ કિલોમીટર ઉપર કેટલા રૂપિયાના ખર્ચે હરતીફરતી પ્રયોગશાળા-ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન બનાવાયુ છે - **૧૦૦ અબજ ડોલર**
11. માર્ચ-2020ના સ્માર્ટ સિટીના નવા નિયમો અંતર્ગત શહેરો વચ્ચે ચાઈલ્ડ ફ્રેન્ડલી સિટી સ્પર્ધામાં ગુજરાતના કયા શહેરો સામેલ કરાયા - **અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ**
12. સ્માર્ટ સિટી હેઠળ દેશના કેટલા શહેરો વચ્ચે ચાઇલ્ડ ફ્રેન્ડલી સિટી સ્પર્ધા યોજાશે અને તેમાંથી અંતિમ કેટલા શહેરોની પસંદગી કરાશે – **100 અને 20**
13. મહિલા વન ડે વર્લ્ડકપ-2021 કયા દેશમાં યોજાશે - **ન્યૂઝીલેન્ડ**
14. મહિલા વન ડે વર્લ્ડકપ ટુર્નામેન્ટમાં-2021માં કુલ કેટલી ટીમ ઉતરશે - **8**
15. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુટિન કયા વર્ષથી રશિયાનું નેતૃત્વ કરી રહ્યા છે – **વર્ષ-2000**
16. તાજેતર માર્ચ-2020માં રશિયાના બંધારણમાં કરાયેલા મહત્વના સુધારાની અસર જણાવો- **રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુટિન આગામી વર્ષ-2036 સુધી પદ ઉપર રહી શકશે**
17. કયા દિવસને 'નો સ્મોકિંગ ડે' તરીકે ઊજવવામાં આવે છે – **11 માર્ચ**

## 12-03-2020

૧. ખેલકૂદ : ઓલિમ્પિકના 133 દિવસ પહેલાં ગ્રીસમાં ટોર્ચ રિલેનો પ્રારંભ

ટોર્ચ રિલેની વિશેષતાઓ

- ✓ ગ્રીસના પ્રાચીન શહેર ઓલિમ્પિયા ખાતે ટોક્યો ગેમ્સ માટેની મશાલ સળગાવવામાં આવી હતી. આ પ્રસંગે પરંપરાગત પહેરવેશ પહેરીને મહિલાઓએ સૂર્યના સીધા પ્રકાશની મદદથી ટોર્ચ રિલે સળગાવી હતી.
- ✓ મશાલ રેલી ગ્રીસમાં આઠ દિવસ ફરશે અને આ દરમિયાન ૩૫૦૦ કિલોમીટરનું અંતર કાપશે. ૧૯મી માર્ચે એથેન્સના પેનાથેનિક સ્ટેડિયમ ખાતે આ મશાલને ટોક્યો ઓલિમ્પિકના આયોજકોને સુપરત કરવામાં આવશે.

**૨. નોવેલ કોરોના : કોરોનાને કારણે ભારતમાં પ્રથમ મૃત્યુ કર્ણાટકમાં નોંધાયું**


**3. ગ્લોબલ એવોર્ડ-2019 : ચીનના સાન્યા ફિનિક્સ ઈન્ટરનેશનલ એરપોર્ટ્ને 4 ગ્લોબલ એવોર્ડ-2019**

- ✓ ચીનના હેનાન પ્રાંત સ્થિત સાન્યા ફીનિક્સ ઈન્ટરનેશનલ એરપોર્ટ ગ્લોબલ એવોર્ડ 2019 પોતાના નામે કર્યો છે.
- ✓ એરપોર્ટ કાઉન્સિલ ઇન્ટરનેશનલે (એસીઆઇ) 6 લાખ લોકોના સરવે બાદ આ સાન્યા ફીનિક્સ એરપોર્ટને આ સન્માનથી નવાજ્યુ.
- ✓ સરવેમાં 84 દેશના પ્રવાસીઓ જોડાયા, જેમણે 41 ભાષામાં જવાબ આપ્યા.
- ✓ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ગ્રાહક સેવા, સુવિધા અને પર્યાવરણની દ્રષ્ટિએ એરપોર્ટને 4 એવોર્ડ.

**૪. દિન વિશેષ : 12 માર્ચ**

**(૧) દાંડીકૂચ : વર્ષ-૧૯૩૦થી ૨૦૨૦ : ૯૦ વર્ષ પૂર્ણ**

**દાંડીકૂચનો રૂટ**




**કૂચની જરૂર શા માટે પડી ?**

- ✓ અંગ્રેજોને જ્યારે આવક ઓછી પડે ત્યારે ભારતીય પ્રજા પર કોઈ પ્રકારનો કર વધારી દેતા હતા.
- ✓ ૧૯૨૦ના દાયકામાં અંગ્રેજોએ મીઠા પર કર વધારવાની શરૂઆત કરી ૨૪૦૦ ટકા કરી દેવાયો હતો ! ૧૯૨૫-૨૬ના વર્ષની બ્રિટિશ સરકારની સમગ્ર ભારતની કુલ આવકમાંથી ૧૯.૭ ટકા આવક મીઠાંના કરમાંથી થઈ હતી.
- ✓ પરિણામે ગાંધીજીએ કૂચ કરીને | કાયદાનો ભંગ કરવાનું આયોજન ઘડી કાઢ્યું હતું. પણ કૂચ કરવાથી અંગ્રેજોને શું ફરક પડશે અને કૂચ સફળ થશે કે કેમ એ વિશે સ્થાનિકથી લઈને રાષ્ટ્રિય સ્તર સુધીના આગેવાનો દ્વિધામાં હતા. પણ ગાંધીજી પોતાની લડત અને લડતની પદ્ધતિ અંગે બહુ સ્પષ્ટ હતા.

**પ્રવાસનું અદભૂત આયોજન**

- ✓ આજના નેશનલ હાઈ-વેના યુગમાં સાબરમતી આશ્રમથી દાંડીનું અંતર પોણા ત્રણસો કિલોમીટર થાય છે. પરંતુ એ જમાનામાં આજના જેવા હાઈ વે ન હતા. વળી વધુને વધુ લોકોને ભાગીદાર બનાવી શકાય એ માટે એક પછી એક ગામ ફરતાં જવાનું પ્રવાસ આયોજન કરાયું હતું.
- ✓ એટલે સાબરમતીથી નીકળ્યા ત્યાં સુધીમાં દાંડીકૂચ કુલ ૪૦ ગામોમાંથી પસાર થઈ હતી અને મહી, વાત્રક જેવી દસ નદી પસાર કરી હતી.
- ✓ દાંડીયાત્રા શરૂ તો ૧૨મી માર્ચે થઈ હતી, પરંતુ પૂર્ણાહુતી ૨૪ દિવસ પછી ૬ઠ્ઠી એપ્રિલે થઈ હતી. એ દરમિયાન દેશ વિદેશના અનેક પત્રકારો, ગાંધીપ્રેમીઓ આ યાત્રામાં જોડાયા હતા અને વ્યાપક ધોરણે દાંડીની પ્રસિદ્ધિ થઈ હતી.

**કૂચ ક્યાં પુરી કરવી ?**

- ✓ શરૂઆતમાં દાંડી સુધી કૂચ કરવાનો વિચાર ન હતો. બોરસદ તાલુકામાં મહી નદીના કાંઠે આવેલા ગામ બદલપુર સુધી જઈને જ પરત ફરવાનું હતું.
- ✓ જો એ સ્થળ પસંદ થયું હોત તો કૂચ પોણા ચારસોને બદલે સો કિલોમીટર સુધીની જ થઈ હોત.

- ✓ પરંતુ સુરતના કાર્યકરતા કલ્યાણરાય મહેતા અને અન્ય સાથીદારોએ ગાંધીજીને કહ્યું કે તમારો પ્રવાસ લંબાવી દો, તો વધારે અસર થશે.
- ✓ ગાંધીજીના ગળે એ વાત ઉતરી એટલે તેમણે સ્થળ શોધવાની સૂચના આપી.
- ✓ એ માટે એક નાનકડી સમિતિ પણ બની અને ગાંધીજીના સાથીદાર મહાદેવભાઈ પોતે બારડોલી પહોંચ્યા હતા. આસપાસના ઘણા ગામો ફર્યા પછી દાંડીનો દરિયાકિનારો પસંદ કરાયો.

**બાપુને બદલે સરદાર કેદ થયા**

- ✓ અંગ્રેજો ગાંધીજીને કૂચ શરૂ કરતાં પહેલા જ પકડી લે એવી પૂરી શક્યતા હતી. ગાંધીજી પોતે પણ ગમે ત્યારે ધરપકડ થશે એમ માનીને જ ચાલતા હતા.
- ✓ પોતાની ધરપકડ થાય તો શું કરવું તેની સૂચના સાથીદારોને આપી રાખી હતી. એ સ્થિતિ વચ્ચે અંગ્રેજોએ રાસ ગામેથી ૭મી માર્ચે સરદાર પટેલને પકડી લીધા હતા.
- ✓ સરકારે સરદારને ૫૦૦ રૂપિયાનો દંડ અને ૩ માસની કેદ ફરમાવી હતી.

(૨) વિશ્વ કિડની દિવસ

વિશ્વ કિડની દિવસ સ્લોગન –

- ✓ ભારત અને વિશ્વભરમાં કિડનીનાં રોગોનું પ્રમાણ ભયજનક રીતે વધતું જાય છે. કિડનીના રોગો અંગે જનજાગૃતિ માટે વિશ્વનાં ૧૦૦થી વધુ દેશોમાં ૧૨ માર્ચે વિશ્વ કિડની દિવસ ઉજવવામાં આવે છે. વર્ષ-૨૦૨૦, વિશ્વ કિડની દિવસનું સ્લોગન છે - "સાવચેતી, વહેલા નિદાન અને કાળજીથી, સર્વત્ર સર્વજનોમાં તંદુરસ્ત કિડની" છે.

૫. જન્મ દિન વિશેષ : 12 માર્ચ

(૧) દાંડી કૂચના ચિત્રકાર: કનુ દેસાઈ

જન્મ - 12 માર્ચ-1907 અવસાન – 8 ડિસેમ્બર-1980

- ✓ આજના દિવસે ૧૯૩૦ના વર્ષે દાંડીકૂચનો પ્રારંભ થયો હતો. આજ દાંડીયાત્રાના ચિત્રો કંડારનાર કનુ દેસાઇનો જન્મદિન પણ છે.
- ✓ ભરૂચમાં જન્મેલા કનુ દેસાઇનો ઉછેર અમદાવાદમાં થયો હતો.૧૯૨૧માં યોજાયેલી હિન્દી રાષ્ટ્રીય મહાસભામાં સ્વયંસેવક તરીકે જોડાઈ જાહેરજીવનમાં પદાર્પણ કર્યું હતું.
- ✓ તેના બીજા જ વર્ષે કલાગુરુ રવિશંકર રાવળ પાસેથી કળાશિક્ષણ પ્રાપ્ત કર્યું. ૧૯૩૦માં ગાંધીજીના જીવન માટે મહાભિનિષ્ક્રમણ સમી દાંડીકૂચ શરૂ થતાં તેના ચિત્રો દોર્યા તેનું આલ્બમ કુમાર કાર્યાલય દ્વારા બહાર પડ્યું હતું.
- ✓ જે દાંડીકૂચનું ચિત્રમય દસ્તાવેજીકરણ બન્યું. ૧૯૩૮માં હરિપુરામાં યોજાયેલી મહાસભામાં ડેલિગેટ બનવા સાથે અધિવેશન સ્થળને સુશોભિત કરવાનું કામ પણ કનુ દેસાઈએ કર્યું હતું.
- ✓ તેમના કળાકીય સર્જનો "જીવન મંગલ "અને "નૃત્યરેખા "શીર્ષક તળે પ્રકાશિત થયા છે. તેઓએ ફિલ્મોના સેટ અને આર્ટ ડિરેક્ટર તરીકે પણ કામ કર્યું હતું. જેમાં રામરાજ્ય, ભરત મિલાપ વગેરે ફિલ્મોનો સમાવેશ થાય છે.
- ✓ તેમની કળાસાધના રણજિતરામ સુવર્ણચંદ્રક, બેસ્ટ આર્ટ ડિરેકશનનો ફિલ્મ ફેર એવોર્ડ અને ગુજરાત ગૌરવ એવોર્ડ વગેરેથી પોંખાઇ છે.
- ✓ ગુજરાતના કળા જગતમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર કનુ દેસાઈનું ૮ ડીસે.૧૯૮૦ ના રોજ અવસાન થયું હતું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૨-૦૩-૨૦૨૦)

1. આગામી ટોક્યો ઓલિમ્પિક- 2020 માટે ટોર્ચ રિલેનો પ્રારંભ તાજેતરમાં કયા શહેરમાંથી થયો અને દેશ જણાવો- **ઓલિમ્પિયા અને ગ્રીસ**
2. ઓલિમ્પિકની મશાલ આજે પણ કયા માધ્યમથી પ્રજ્વલિત કરવામાં આવે છે - **સૂર્યના સીધા પ્રકાશથી**
3. ઓલિમ્પિક -2020ની મશાલની કેટલા કિલોમીટરનું અંતર કાપશે – **3500**
4. ભારતમાં માર્ચમાં નોવેલ કોરોના વાઈરસને કારણે દુઃખદ પ્રથમ મૃત્યુ કયા રાજ્યમાં નોંધાયું હતું- **કર્ણાટક**
5. એરપોર્ટ કાઉન્સિલ ઇન્ટરનેશનલ દ્વારા તાજેતરમાં કયા એરપોર્ટને ગ્લોબલ એવોર્ડ-2019થી નવાજવામાં આવ્યું છે-**સાન્યા ફિનિક્સ ઇન્ટરનેશનલ એરપોર્ટ-ચીન**
6. ભારતમાં કયા દિવસે દાંડીકૂચનો પ્રારંભ થયો હતો - **12.03.1930**

7. વિશ્વ કિડની દિવસ ક્યારે ઉજવવામાં આવે છે – **12 માર્ચ**
8. વિશ્વ કિડની દિવસ-2020નું સ્લોગન જણાવો-**"સાવચેતી, વહેલા નિદાન અને કાળજીથી, સર્વત્ર સર્વજનોમાં તંદુરસ્ત કિડની"**
9. વિશ્વ કિડની દિવસ-2020ની થીમ જણાવો - "Kidney Health for Everyone Everywhere- From Prevention to Detection and Equitable Access to Care"
10. દાંડીકૂચના ચિત્રકાર કનુભાઇ દેસાઇનો જન્મદિવસ જણાવો - 12 માર્ચ 1907
11. દાંડીકૂચનું ચિત્રમય દસ્તાવેજીકરણ કોના દ્વારા કરવામાં આવ્યું હતું - **ચિત્રકાર કનુભાઇ દેસાઇ**

## 13-03-2020

### ૧. નોવેલ કોરોના વાયરસ (આરોગ્ય)

**૧૩ માર્ચની સ્થિતિએ ભારતના ૧૪ રાજયોમાં કોરોનાના કેસ અસરો –**

યુપી અને મહારાષ્ટ્રમાં કોરોનાની મહામારી જાહેર જ્યારે ઓરિસ્સાએ કોરોનાને ડિઝાસ્ટર જાહેર કર્યો

- ✓ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા એડવાઇઝરી જાહેર
- ✓ કેન્દ્ર સરકાર દ્વારા માસ્ક, હેન્ડ સેનિટાઈઝર્સ અને હાથના મોજાંનો જીવનજરૂરી દવામાં આગામી ૧૦૦ દિવસ સુધી સમાવેશ

### ૨. રાજ્યસભા ચૂંટણી : ગુજરાત (બંધારણ)

વર્તમાનમાં ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણીના સમીકરણો

- ✓ રાજ્યસભામાં જય-પરાજયના સાદા ગણિતને આ રીતે સમજો
- ✓ ૧૮૨ની ગુજરાત વિધાનસભામાં ગત વર્ષે મોરવાહડફના અપક્ષ ભૂપેન્દ્ર ખાંટનું સભ્યપદ રદ થતા અને સુપ્રિમ કોર્ટે દ્વારકાથી ભાજપના પબુભા માણેકને ગેરલાયક ઠેરવતા સાંપ્રત સમયમાં આ બંને બેઠકો ખાલી છે.
- ✓ આથી, વિધાનસભામાં ૧૮૦ ધારાસભ્યો છે. જે પૈકી ભાજપ પાસે ૧૦૩ અને વિપક્ષ કોંગ્રેસમાં ૭૩ સભ્યો છે. જ્યારે એક અપક્ષ, એક NCP અને બે BTPના ધારાસભ્યો છે.
- ✓ રાજ્યસભામાં ચાર બેઠકોની ચૂંટણીમાં એક બેઠક જીતવા એક ઉમેદવાર માટે ૩૭ ધારાસભ્યોના ફર્સ્ટ પ્રેફરન્સ અર્થાત્ એકડાના મતો જોઈએ.
- ✓ આ નિસબતે કોંગ્રેસ પાસે અપક્ષ જિગ્નેશ મેવાણી સમેત ૭૪ મતો હોવાથી તમામ ધારાસભ્યો અકબંધ રહે તો બંને ઉમેદવારો સરળતાથી ચૂંટણી જીતશે.
- ✓ પરંતુ, ત્રણ કે તેથી વધુ ધારાસભ્યો કોંગ્રેસના વ્હિપની વિરૂધ્ધ ભાજપના ઉમદેવારને મત આપશે તો સ્થિતિ પલટાશે !
- ✓ ભાજપના દાવા મુજબ પોતાના ૧૦૩ ઉપરાંત NCP-BTPના ત્રણ એમ કુલ મળી ૧૦૬ ધારાસભ્યોનું સર્મથન છે.
- ✓ આથી, ૭૪ મતે બે બેઠકો જીત્યા બાદ વધેલા ૩૨ ધારાસભ્યોના ફર્સ્ટ પ્રેફરન્સમાં ક્રોસવોટિંગ (કોંગ્રેસ)ના ત્રણ મતો ઉમેરાતા ત્રીજા ઉમેદવાર માટેનું બળ વધીને ૩૫નું થશે. જેમાં સેકન્ડ પ્રેફરન્સનું મુલ્ય ઉમેરાતા ત્રીજી બેઠક પણ કબ્જે થઈ જશે !
- ✓ પણ જો કોંગ્રેસના એક પણ ધારાસભ્ય ભાજપના આ જાસામાં ન આવે, વ્હિપને વફાદાર રહેશે તો ભાજપનું આ સપનું ૨૬મી માર્ચની સાંજે જ ચકનાચૂર થઈ જશે.

### ૩.જાહેરાત - બીપીએલ યાદી (ગુજરાત સરકાર)

વર્ષ 2011ની બીપીએલની યાદીમાં સમાવિષ્ટ લોકોને વર્ષ 2022 સુધી સરકારી યોજનાઓના લાભ અપાશે

**અન્ય વિગત**

- ✓ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, છેલ્લે વર્ષ ૨૦૧૧માં રાજ્યમાં તૈયાર થયેલી ગરીબી રેખા હેઠળ જીવતા લોકોની યાદી એટલે બીપીએલ યાદીમાં રેડેશન પદ્ધતિ હોઈ શૂન્યથી ૬, ૬ થી ૧૨ એમ વિવિધ ગ્રેડમાં આવતા ગરીબ લોકોને યાદી મુજબ આવાસ યોજના હોય કે ટોઇલેટનો લાભ આપવાની યોજના હોય તેનો અમલ થાય છે.
- ✓ રાજ્ય સરકારની પ્રથમ અગ્રતા એ છે કે, ૨૦૧૧ની યાદીમાં સમાવિષ્ટ લોકોને ૨૦૨૨ સુધીમાં લાભ આપવો. ૨૦૨૨માં આ યાદી પૂરી થશે એ પછી યાદીમાં

રહી ગયેલાંઓને લાભ આપવાની બાબત વિશે સરકાર વિચારશે.

૪. ખેલકૂદ:રણજી ટ્રોફી 2019-20 (ક્રિકેટ)

**સૌરાષ્ટ્ર ચોથી વાર ફાઈનલમાં આવ્યા બાદ પ્રથમવાર રણજી ટ્રોફી વિજેતા**

- ✓ વિજેતા - સૌરાષ્ટ્ર (પ્રથમવાર)    હરીફ - બંગાળ
- ✓ યજમાન- રાજકોટ (ગુજરાત)
- ✓ કેપ્ટન-સૌરાષ્ટ્ર ટીમ : જયદેવ ઉનડકટ
- ✓ કેપ્ટન-બંગાળ ટીમ : અભિમન્યુ ઈશ્વરન
- ✓ પ્લેયર ઓફ ધ મેચ- અર્પિત વસાવડા
- ✓ બંગાળ-૧૪મી વાર ફાઈનલમાં પહોંચ્યું હતું જેમાં બે વાર વિજેતા
- ✓ સૌરાષ્ટ્રની ટીમે ૧૯૫૦-૫૧થી રણજીમાં ભાગ લેવાનું શરૂ કર્યું તે પછી આ પહેલી વખત તેઓ રણજી ટ્રોફી જીત્યા હતા.
- ✓ સૌરાષ્ટ્ર ક્ષેત્રની નવાનગર ટીમ ૧૯૩૬-૩૭માં અને વેસ્ટર્ન ઈન્ડિયા ટીમ ૧૯૪૩-૪૪માં રણજી ટ્રોફી જીતી હતી.
- ✓ છેલ્લી ૧૦ વર્ષમાં સૌરાષ્ટ્ર ચોથી એવી  ટીમ બની છે કે, જે પહેલી વખત રણજી ટ્રોફી જીતી છે.
- ✓ રાજસ્થાને ૨૦૧૦-૧૧માં, ગુજરાત ૨૦૧૬- ૧૭માં, વિદર્ભે ૨૦૧૭-૧૮માં અને સૌરાષ્ટ્ર ૨૦૧૯-૨૦માં ટાઈટલ જીત્યું હતુ.
- ✓ બંગાળની ટીમ ૧૪મી વખત રણજી ટ્રોફીની ફાઈનલ રમી હતી અને ૧૨મી વખત હારી હતી.
- ✓ આ સાથે સૌથી વધુ રણજી ફાઈનલ હારવાનો રેકોર્ડ તેમણે આગળ ધપાવ્યો છે.

૫. WHO : મહામારીના માપદંડ

**કેવી રીતે મહામારી નક્કી કરાય છે ?**

- ✓ WHO દ્વારા કોઈ બીમારી કે રોગચાળાને જાહેર કરવા માટે કોઈ ચોક્કસ ધોરણો હોતાં નથી. કોઈ બીમારીથી થનારા મોત અને ઇન્સ્ટ્રક્શન અથવા તેનાથી પ્રભાવિત દેશોની સંખ્યાને આધારે કોઈ બીમારીને મહામારી જાહેર કરી શકાય નહીં.
- ✓ વર્ષ ૨003માં સાર્સ નામનો વાઇરસ ફેલાયો હતો. તે ૨૬ દેશમાં ફેલાયો હતો. આમ છતાં સાર્સ રોગચાળાને વાઇરસ કે મહામારી જાહેર કરવાનો WHOએ નિર્ણય લીધો ન હતો.
- ✓ કોઈ બીમારીને જ્યારે મહામારી જાહેર કરવામાં આવે ત્યારે તેનાથી કોઈ બિનજરૂરી ડર કે ગભરાટની સ્થિતિ ન સર્જાય તે પણ જોવાનું હોય છે .

**મહામારી જાહેર કરવાના નિયમો**

- ✓ મહામારી જાહેર કરતી વખતે એક બાબત ધ્યાનમાં રાખવામાં આવે છે કે કોઈ પ્રભાવિત દેશમાંથી જ્યારે ઓછી સંખ્યામાં પ્રવાસીઓ આવતા હોય ત્યારે તેને મહામારી જાહેર કરવામાં આવતી નથી.
- ✓ જ્યારે એક કરતા વધુ દેશોમાં સ્થાનિક સ્તરે લોકોમાં બીમારી ફેલાય ત્યારે તેને મહામારી જાહેર કરવામાં આવે છે.
- ✓ જ્યારે કોઈ રોગચાળાને મહામારી જાહેર કરવામાં આવે ત્યારે તેનો અર્થ એવો કરી શકાય કે વ્યક્તિનો ચેપ લાગવાથી આ રોગ ફેલાઈ શકે છે.
- ✓ સરકાર માટે અને લોકો માટે તે ચેતવણીનો સૂર ઉચ્ચારે છે .

**મહામારી અને સ્થાનિક મહામારી વચ્ચે તફાવત**

- ✓ મહામારી (pandemic) અને સ્થાનિક મહામારી (Epidemic) વચ્ચે એ તફાવત રહેલો છે કે પેડેમિક એટલે કે મહામારી એક કરતા વધુ દેશમાં ફેલાય છે જ્યારે સ્થાનિક મહામારી (Epidemic) કોઈ એક દેશમાં મર્યાદિત સંખ્યામાં જ ફ્લાયેલી હોય છે.
- ✓ જે બીમારી આખા વિશ્વમાં ફેલાયેલી હોય તેને મહામારી કહેવાય છે. જ્યારે એપિડેમિક કોઈ દેશ કે રાજ્ય કે ક્ષેત્ર કે સરહદો સુધી જ સીમિત હોય છે.
- ✓ અગાઉ ૧૯૧૮થી ૧૯૨૦ સુધી સ્પેનિશ લૂને મહામારી જાહેર કરાઈ હતી.

**કોરોનાએ સમગ્ર વિશ્વને ભરડામાં લીધું છે**

- ✓ કોરોના વાઇરસે આખા વિશ્વમાં કેર મચાવ્યો છે. વિશ્વના ૧00થી વધુ દેશોમાં તે ફેલાયેલો છે. અત્યાર સુધીમાં કોરોનાને કારણે ૪૨૭૨ લોકોનાં મોત થયાં છે.
- ✓ આખા વિશ્વમાં ૧,૧૦,000થી વધુ લોકોને તેનો ચેપ લાગ્યો છે. ૧૧0થી વધુ દેશમાં તે ફેલાયો છે તેથી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (WHO) દ્વારા તેને મહામારી એટલે કે (pandemic) જાહેર કરવામાં આવેલ છે.

- ✓ કોરોના વાઇરસના રોગચાળાને મહામારી જાહેર કરવાથી તેનાં લક્ષણો કે રોગની પ્રકૃતિમાં કોઈ ફેરફાર થતો નથી.
- ✓ જ્યારે કોઈ બીમારી એક દેશ કે સીમા સુધી મર્યાદિત રહેવાને બદલે આખા વિશ્વમાં ફેલાય ત્યારે તેને મહામારી જાહેર કરવામાં આવે છે.

**૬. કોરોના સામે જંગ - વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની પહેલ : સાર્ક દેશો સંયુક્ત રીતે કોરોના સામનો કરવા સજ્જ થાય**

- ✓ યોગ્ય સ્ટ્રેટર્જી માટે વિડિયોકોન્ફરન્સનો મોદીજીનો પ્રસ્તાવનો સ્વિકાર
- ✓ સાર્કના દેશો તા.૧૫મી માર્ચ-૨૦૨૦ના રોજ વિડિયોકોન્ફરન્સના માધ્યમથી સંવાદ

**સમર્થન**

- ✓ દુનિયાના ૧૦૦થી વધારે દેશોમાં કોરોના વાઇરસનો ચેપ લાગ્યો છે ત્યારે પાડોશી દેશ ચીન જે ન કરી શક્યું એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરી બતાવ્યું છે અને પીએમ મોદીની આ પહેલની સાર્ક દેશોના પ્રમુખોએ આવકાર આપ્યો છે.
- ✓ પીએમ મોદીએ સાઉથ એશિયન એસોસિએશન ફોર રિજનલ કોઓપરેશન (સાર્ક) દેશોમાં વાઇરસ મહામારીથી નીપટવા ચર્ચા માટે વીડિયો ચેટિંગનો પ્રસ્તાવ મૂક્યો હતો.
- ✓ સાર્ક દેશોમાં ભારત ઉપરાંત પાકિસ્તાન, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ભુતાન, માલદિવ, શ્રીલંકા અને નેપાળનો સમાવેશ.
- ✓ પીએમ મોદીએ સાર્ક દેશોને આહવાન કર્યું હતું કે તમામ ૮ રાષ્ટ્રાધ્યક્ષ વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી જોડાઈને કોરોનાના વિરોધમાં સંયુક્ત લડાઈ સામે ચર્ચા કરે.
- ✓ પીએમ મોદીએ ટ્વિટમાં લખ્યું હતું કે વિશ્વની સૌથી મોટી વસતી ધરાવતા સાઉથ એશિયાએ તેના લોકોને સ્વસ્થ રાખવા માટેની દિશામાં કોઈ કસર છોડવી જોઈએ નહીં.
- ✓ હું સાર્ક દેશોના નેતૃત્વ સામે કોરોના વાઇરસ સામે લડવા માટે મજબૂત રણનીતિ બનાવવાનો પ્રસ્તાવ મૂકું છું.
- ✓ આ પ્રસ્તાવનો સાર્કના દેશો દ્વારા સહર્ષ સ્વિકાર

**પીએમ મોદીની શાનદાર પહેલ : ગોટબાયા રાજપક્સા**

- ✓ પીએમ નરેન્દ્ર મોદીની અપીલ બાદ શ્રીલંકાના રાષ્ટ્રપતિ ગોટબાયા રાજપક્સાએ ટ્વિટ કરીને લખ્યું હતું કે કોરોના વાઇરસ મામલે પીએમ નરેન્દ્ર મોદીએ શાનદાર પહેલ કરી છે. શ્રીલંકા આ રીતે વાતચીત કરવા માટે તૈયાર છે.
- ✓ ભુતાનના વડા પ્રધાન લોતેય શેરિંગે ટ્વિટમાં લખ્યું કે આને લીડરશિપ કહેવાય. સાર્ક ક્ષેત્રના સભ્ય તરીકે આપણે સાથે આવવું જોઈએ અન્યથા એનાથી અર્થવ્યવસ્થાને નુકસાન થઈ શકે છે. હું વીડિયો કોન્ફરન્સિંગ માટે તૈયાર છું.
- ✓ માલદિવના રાષ્ટ્રપતિ ઇબ્રાહિમ સોલિહે પીએમ મોદીનો આભાર માનતાં લખ્યું હતું કે કોરોના વાઇરસને હરાવવા માટે આપણે સૌએ એક સાથે આવવાની જરૂર છે. અમે ક્ષેત્રીય એકતા બતાવવાની ઝુંબેશનું સમર્થન કરીએ છીએ.
- ✓ નેપાળના વડા પ્રધાન કેપી શર્મા ઓલીએ કહ્યું હતું કે આ ઝુંબેશમાં અમે સાથ આપવા માટે તૈયાર છીએ.

**SAARC-સાઉથ એશિયન એસોસિએશન ફોર રિજનલ કોઓપરેશન**

**૭.કેન્દ્રીય કર્મચારી : મોંઘવારી ભથ્થામાં ૪ ટકાનો વધારો (વહીવટ)**

- ✓ અમલ - 1/1/2020થી
- ✓ અત્યાર સુધી 17 ટકા D. A. અપાતું હતું હવે વધીને 21 ટકા થયું

**૮. કેન્દ્ર સરકાર : સ્માર્ટ સિટી પ્રોજેક્ટ યોજનાનું રેન્કિંગ જાહેર(કુલ 100 સ્માર્ટ સિટી)**

**ક્રમ – શહેર અને રાજ્ય**

(1) આગરા - ઉત્તર પ્રદેશ
(2) અમદાવાદ - ગુજરાત
(3) કાનપુર - ઉત્તર પ્રદેશ
(5) સુરત -ગુજરાત
(7) વારાણસી - ઉત્તર પ્રદેશ
(9) વડોદરા - ગુજરાત


**અન્ય વિગત**

- ✓ ભારત સરકારે સ્માર્ટ સીટી પ્રોજેક્ટમાં પ્રોજેક્ટના અમલીકરણ, ફંડ ટ્રાન્સફર અને ફંડ યુટીલાઈઝ કરવા

મુદ્દે સ્માર્ટ સીટી યોજનામાં પસંદ પામેલા ૧૦૦ શહેરોનું રેકિંગ કર્યું હતું જેમાં અમદાવાદને બીજો ક્રમ મળ્યો છે.

- ✓ અમદાવાદ શહેરને ઓવરઓલ બીજો રેન્ક મળ્યો હતો જેમાં પ્રોજેક્ટ અમલીકરણમાં ૪૨.૪૫, ફંડ ટ્રાન્સફરમાં ૬.૯૮ અને ફંડ યુટીલાઈ ઝેશનમાં ૧૩.૬૯ માર્ક મળીને કુલ સ્કોર ૬૭.૬૨ થયો હતો.
- ✓ પહેલાં ક્રમે આગ્રા શહેરને પ્રોજેક્ટ અમલવારીના કિસ્સામાં અમદાવાદ કરતાં ઓછા ૪૧.૯૯ માર્કસ મળ્યા હતા.
- ✓ રાજ્યના અન્ય શહેરોની વાત કરીએ તો સુરતને પાંચમો ક્રમ મળ્યો છે.
- ✓ સુરતને પ્રોજેક્ટ અમલવારીમાં ૩૬.૮૯, ફંડ ટ્રાન્સફરમાં ૯.૬૨ અને ફંડ યુટીલાઈઝ કરવામાં ૧૦.૯૪ મળી કુલ ૫૮.૯૫ માર્ક મળ્યા હતા તો વડોદરાનો નવમો ક્રમ આવ્યો છે જેને કુલ ૫૩.૮૧ માર્કસ મળ્યા.
- ✓ રાજકોટને ૪૩મો, ગાંધીનગરને ૫૦મો, દાહોદને ૫૯મો, કેન્દ્ર શાસિત પ્રદેશ દીવને ૯૯મો ક્રમ મળ્યો છે.
- ✓ અમદાવાદ મ્યુનિ.એ સ્માર્ટ સીટી યોજના હેઠળ સ્માર્ટ સીટી અમદાવાદ ડેવલપમેન્ટ કંપનીની રચના કરી છે જેના ભાગરૂપે રૂ.૧૪૪૧ કરોડના વિકાસના કામો મૂકવામાં આવ્યા છે.

**<u>દેશમાં રાજયવાર કુલ સ્માર્ટ સિટી દર્શાવતો નક્શો</u>**




<u>૯. મનરેગા : ગુજરાતમાં દૈનિક ભથ્થું રૂ. 199 (વહીવટ) માર્ચ-2020ની સ્થિતીએ</u>

<u>૧૦. વસતી નિયંત્રણ કાયદા અંગેની વર્તમાન માંગ : ભારતમાં વસતી વધારાની વર્તમાન સ્થિતિ</u>

- ✓ દેશમાં વધતી વસતી અને ઘટતાં સંસાધનોને ધ્યાનમાં રાખી વસતી નિયંત્રણ કાયદો ઘડવાની માગ સંસદમાં ઊઠી. રાજ્યસભામાં ભાજપના સાંસદ હરનાથસિંહ યાદવે શૂન્યકાળ દરમિયાન આ માગ કરી.
- ✓ તેમણે દલીલ કરી કે વસતી વિસ્ફોટના કારણે સંસાધનો પર દબાણ વધ્યું છે, જેનાથી બેરોજગારી વિધવા ઉપરાંત બધે ભીડ જ ભીડ દેખાય છે.
- ✓ 1951માં દેશની વસતી 10.38 કરોડ હતી જે 2011માં 121 કરોડને પાર થઈ ગઈ અને 2025 સુધીમાં 150 કરોડને પાર થવાનો અંદાજ છે.
- ✓ વસતી ગુણાંકમાં વધે છે જ્યારે સંસાધનોમાં બહુ ઓછી વૃદ્ધિ થાય છે.
- ✓ સરકારે એવો વસતી નિયંત્રણ કાયદો ઘડવો જોઇએ કે જે "અમે બે, અમારા બે" પર આધારિત હોય. તેનું પાલન ના કરનારાઓને દરેક પ્રકારની સરકારી સુવિધાઓથી વંચિત રાખવા જોઈએ અને કોઈ પણ પ્રકારની ચૂંટણી લડતા રોકવા જોઇએ.
- ✓ યુએનના 2017ના રિપોર્ટ મુજબ, 2025 સુધીમાં ભારત વસતી બાબતે ચીનને પાછળ છોડી દેશે.
- ✓ હાલ ભારતની વસતી 130 કરોડ જ્યારે ચીનની 140 કરોડ છે.
- ✓ બંનેના ક્ષેત્રફળમાં તો કોઈ ફેરફાર થઈ શકે તેમ નથી પણ વસતી બાબતે ભારત તેને પાછળ છોડી દેશે.

**<u>ભારતના વિવિધ રાજ્યોની વસતી નિયંત્રણ નીતિઓ</u>**

1. <u>આસામ</u> 1 જાન્યુઆરી, 2021 પછી બે કરતાં વધુ બાળક ધરાવતા લોકોને સરકારી નોકરી નહીં મળે.
2. <u>ઓડિશાઃ</u> બે કરતાં વધુ બાળક હોય તેમને શહેરી સ્થાનિક સ્વરાજની ચૂંટણી લડવાની મંજૂરી નથી.
3. <u>બિહાર :</u> બે કરતાં વધુ બાળક હોય તેમને નગરપાલિકાની ચૂંટણી લડવાની મંજૂરી નથી.
4. <u>ઉત્તરાખંડ :</u> ટુ ચાઇલ્ડ પોલિસી માત્ર નગરપાલિકાની ચૂંટણી સુધી સીમિત.
5. <u>મહારાષ્ટ્ર :</u> બે કરતાં વધુ બાળક હોય તેમના માટે ગ્રામ પંચાયત અને નગરપાલિકાની ચૂંટણી લડવા પર રોક. સરકારમાં કોઈ પદ પણ મળી શકતું નથી. બે કરતાં વધુ બાળકો હોય તેમને જાહેર વિતરણ વ્યવસ્થાના લાભ પણ નહીં.
6. આંધ્રપ્રદેશ : 1994ના પંચાયતી રાજ એક્ટ મુજબ બે કરતાં વધુ બાળકો હોય તો ચૂંટણી લડવા પર રોક.
7. <u>તેલંગાણાઃ</u>પંચાયતી રાજ એક્ટ મુજબ બે કરતાં વધુ બાળકો હોય તો ચૂંટણી લડી શકાતી નથી.

8. <u>રાજસ્થાનઃ</u> બે કરતાં વધુ બાળક હોય તેઓ સરકારી નોકરી માટે ગેરલાયક. બે કરતાં વધુ બાળક હોય તેઓ એક બાળક દિવ્યાંગ હોય તો જ ચૂંટણી લડી શકે છે.
9. <u>ગુજરાતઃ</u> બે કરતાં વધુ બાળકો હોય તેઓ પંચાયત કે નગરપાલિકાની ચૂંટણી લડી શકતા નથી.
10. <u>મધ્યપ્રદેશઃ</u> 2001માં ટુ ચાઇલ્ડ પોલિસી હેઠળ સરકારી નોકરીઓ અને સ્થાનિક સ્વરાજની ચૂંટણી લડવા ન પર રોક હતી પણ 2005માં નિર્ણય બદલાયો. સરકારી નોકરીઓ અને ન્યાયિક સેવાઓમાં પોલિસી લાગુ.
11. <u>છત્તીસગઢ</u> બે કરતાં વધુ બાળકો હોય તો સરકારી નોકરીઓ અને સ્થાનિક સ્વરાજની ચૂંટણી લડવા પર રોક હતી પણ 2005માં નિર્ણય બદલાયો. જોકે, હજુ સરકારી નોકરીઓ અને ન્યાયિક સેવાઓમાં પોલિસી લાગુ.

**<u>૧૧. એશિયાનો સૌથી મોટો સિવિલ એવિએશન પ્રોગ્રામ : વિંગ ઇન્ડિયા-2020 (ઉડ્ડયન)</u>**

<u>નાગરિક ઉડ્ડયન પ્રદર્શન અને એર શૉ - વિંગ ઇન્ડિયા-2020</u>

- ✓ તા. 12 થી 15 માર્ચ-2020
- ✓ યજમાન : બેગમપેટ એરપોર્ટ, હૈદ્રાબાદ
- ✓ એક્ઝિબિશન આંતરરાષ્ટ્રીય છે, જેમાં ભારત નિર્મિત એરક્રાફ્ટ સહિત દુનિયાભરના એરક્રાફ્ટ પ્રદર્શિત કરાશે.
- ✓ પ્રથમ દિવસે બિઝનેસ ટુ બિઝનેસ અને બિઝનેસ ટુ ગવર્મેન્ટ મીટિંગ્સમાં એવિયેશન ઇન્ડસ્ટ્રી સાથે જોડાયેલા દુનિયાભરના અધિકારીઓએ ભાગ લીધો. બીજી તરફ બ્રિટિશ પાઇલસે બેગમપેટ એરપોર્ટ પર ભારતીય હેલિકોપ્ટર સારંગ અને ધ્રુવમાં ઉડાન ભરીને કરતબો બતાવ્યા.
- ✓ વિશ્વના 1 હજાર ડેલિગેશન ઉપસ્થિતિ
- ✓ <u>આયોજક : નાગરિક ઉડ્ડયન મંત્રાલય અને એરપોર્ટ ઓથૉરિટી ઓફ ઇન્ડિયા</u>

**<u>૧૨. જન્મ દિન વિશેષ : ૧૩ માર્ચ</u>**

**<u>ફર્સ્ટ વૂમન ઓફ ઈન્ડિયન શિપિંગ : સુમતિ મોરારજી</u>**

**<u>જન્મ - ૧૩ માર્ચ -૧૯૦૯</u>**

**<u>અવસાન – ૨૭ જૂન-૧૯૯૮</u>**

- ✓ ઉદ્યોગ સાહસિક્તા જ્યારે માત્ર પુરૂષોનો જ ઇજારો ગણાતો હતો ત્યારે એક મહિલાએ વહાણવટા વ્યવસાયના ક્ષેત્રે કાઠું કાઢ્યું અને આ નવાચારી મહિલાનું નામ સુમતિ મોરારજી.
- ✓ મુંબઈના પ્રસિદ્ધ અને ધનાઢય પરિવારના મથુરદાસ ગોકુલદાસને ત્યાં છ દીકરાઓ વચ્ચે એકમાત્ર દીકરી તરીકે તેમનો જન્મ થયો હતો. મૂળ નામ યમુના હતું.
- ✓ જમાનાની પ્રણાલી મુજબ 13 વર્ષની ઉંમરે તેમનાં લગ્ન એવા જ શ્રીમંત પરિવારના નરોત્તમ મોરારજી સાથે થયાં. તેમનો વિવાહોત્સવ અઠવાડિયા સુધી સ્થાનિક સમાચારપત્રોમાં ચમકતો રહ્યો હતો. લગ્ન પછી પતિએ તેમનું નામ સુમતિ રાખ્યું.
- ✓ સુમતિનો મતલબ સદબુદ્ધિ થાય છે. હિન્દી, અંગ્રેજી અને મરાઠીમાં નિપૂણ સુમતિએ પતિના ખાનદાની ધંધામાં અભિવૃદ્ધિ કરી.
- ✓ <u>1923માં પતિએ સ્થાપેલી સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપનીમાં મેનેજિંગ ડિરેક્ટર તરીકે જોડાયાં હતાં.</u>
- ✓ 1946માં કંપનીની સંપૂર્ણ કમાન સંભાળી લીધી અને રાષ્ટ્રવાદી દૃષ્ટિકોણથી સ્થપાયેલી આ કંપનીને અંગ્રેજ અમલની તુમાખી વચ્ચે વૈશ્વિક પ્રસિદ્ધિ અપાવી હતી.
- ✓ આ નવાચારી મહિલા પ્રયોજકનું 27 જૂન 1998ના રોજ હૃદયની બીમારીથી અવસાન થયું હતું.
- ✓ આજે સુમતિ મોરારજી ઉપરાંત રમણભાઈ નીલકંઠ જન્મદિવસ અને નાના ફડણવીસની પુણ્યતિથિ છે.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૩-૦૩-૨૦૨૦)</u>

1. ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા કોરોના વાયરસ સામે લોકો માટે જીવન જરૂરી દવામાં કઈ ત્રણ બાબતોનો 100 દિવસ માટે સમાવેશ કરાયો - **<u>માસ્ક, હેન્ડ સેનિટાઈઝેસ અને હાથના મોજા</u>**
2. ભારતમાં 13 માર્ચ 2020ની સ્થિતિએ કોરોના વાઈરસને કયા રાજ્યોએ મહામારી અને ડિઝાસ્ટર જાહેર કર્યો હતો - **<u>ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર અને ઓડિશા-ડિઝાસ્ટર</u>**
3. ગુજરાતમાં વર્ષે 2011ની બીપીએલની યાદી ધારકોને આગામી કયા વર્ષ સુધી સરકારી યોજનાઓનો લાભો અપાશે - **<u>વર્ષ 2022 સુધી</u>**
4. તાજેતરમાં કઈ ટીમ પ્રથમવાર રણજી ટ્રોફી-<u>2019-20</u> વિજેતા બની છે – **<u>સૌરાષ્ટ્ર</u>**

5. રણજી ટ્રોફી-2019-20ની ફાઇનલ કઈ બે ટીમો વચ્ચે યોજાઇ હતી - **સૌરાષ્ટ્ર અને બંગાળ**
6. રણજી ટ્રોફી-2019-20ની ફાઇનલ ક્યાં રમાઈ હતી – **રાજકોટ**
7. સૌરાષ્ટ્રની ટીમ અત્યાર સુધીમાં કેટલી વાર રણજી ટ્રોફીની ફાઇનલમાં પહોંચી હતી – 4
8. બંગાળની ટીમ કુલ કેટલી વખત રણજી ટ્રોફી વિજેતા બની છે – 2
9. રણજી ટ્રોફી -2019-20 વિજેતા સૌરાષ્ટ્રની ટીમના કેપ્ટનનું નામ જણાવો - **જયદેવ ઉનડકટ**
10. રણજી ટ્રોફી-2019-20માં બંગાળ ટીમ તરફથી સુકાની પદ કોણે સંભાળ્યું હતું - **અભિમન્યુ ઈશ્વરન**
11. બંગાળની ટીમ કુલ કેટલી વખત રણજી ટ્રોફીની ફાઇનલમાં પહોંચી છે – 14
12. વડાપ્રધાન મોદીએ કોરોના વાયરસનો સંયુક્ત રીતે સામનો કરવા યોગ્ય વ્યૂહરચના માટે કયા દેશો સામે વિડીયો કોન્ફરન્સનો પ્રસ્તાવ મૂક્યો હતો - SAARC
13. કેન્દ્ર સરકાર દ્વારા કેન્દ્રીય કર્મચારીઓ માટે તારીખ 13 માર્ચ 2020ના રોજ મોંઘવારી ભથ્થામાં કેટલા ટકાનો વધારો કર્યો - 4%
14. તા.13 માર્ચ 2020ની સ્થિતિએ કેન્દ્રીય કર્મચારીઓને મોંઘવારી ભથ્થું વધીને કુલ કેટલા ટકા થયું - 21%
15. તાજેતરમાં કેન્દ્ર સરકારના આવાસ અને શહેરી વિકાસ મંત્રાલય દ્વારા સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત આપેલા રેન્કિંગમાં પ્રથમ અને દ્વિતીય ક્રમે કયા શહેરનો સમાવેશ થાય છે - **આગ્રા અને અમદાવાદ**
16. તાજેતરમાં કેન્દ્ર સરકારના આવાસ અને શહેરી વિકાસ મંત્રાલય દ્વારા સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત આપેલા રેન્કિંગમાં ગુજરાતના સુરત અને વડોદરા કયા ક્રમે છે - **5 અને 9**
17. માર્ચ 2020ની સ્થિતિએ ગુજરાતમાં મનરેગા અંતર્ગત દૈનિક કેટલું ભથ્થું આપવામાં આવે છે - રૂ.199/-
18. તારીખ 12 થી 15 માર્ચ 2020 દરમિયાન એશિયાનો સૌથી મોટો સિવિલ એવિએશન પ્રોગ્રામ "વિંગ ઇન્ડિયા-2020" ક્યાં યોજાયો - **બેગમપટ એરપોર્ટ, હૈદરાબાદ**
19. ભારતમાં 'ફર્સ્ટ વુમન ઓફ ઇન્ડિયન શિપિંગ' તરીકે કોણ ઓળખાય છે - **સુમતિ મોરારજી**
20. શ્રી સુમતિ મોરારજીનો જન્મદિવસ જણાવો - 13 માર્ચ-1909
21. ભારતની પ્રસિદ્ધ સિંધિયા સ્ટીમ નેવિગેશનના પ્રથમ મહિલા મેનેજિંગ ડિરેક્ટરનું નામ જણાવો - **શ્રી સુમતિ મોરારજી**
22. શ્રી સુમતિ મોરારજીનું મૂળ નામ જણાવો – **યમુના**
23. SAARCનું વિસ્તૃત નામ જણાવો - **સાઉથ એશિયન એસોસિએશન ફોર રિજનલ કોઓપરેશન**

## 14-03-2020

### ૧.નોવેલ કોરોના વાયરસ (આરોગ્ય)

### 14 માર્ચ-2020માં ભારત કોરોના સ્ટેજ-2માં : આગામી 30 દિવસ વધુ ગંભીર

**કોરોના વાયરસ ભારતમાં જાહેર આફત ઘોષિત**

**WHO દ્વારા યુરોપને કોરોના વાયરસનું મૂળ કેન્દ્ર જાહેર કરાયું**

કોરોનોના કુલ ચાર સ્ટેજ

**સ્ટેજ-૧**

કોરોના સંક્રમિત દેશોમાંથી સ્વદેશ પરત ફરેલા લોકોમાં કોરોના પોઝિટિવ

**સ્ટેજ-૨**

સ્ટેજ ૧ના પોઝિટિવ લોકો દ્વારા સ્થાનિક લોકોમાં કોરોનાનો પ્રસાર

**સ્ટેજ-3**

જનસમુદાયમાં વાઇરસનો પ્રસાર, મોટા વિસ્તારો અસરગ્રસ્ત બને

**સ્ટેજ-૪**

રોગચાળો મહામારી બને, અંત ક્યાંય ન દેખાય, ચીન અને ઇટાલી સ્ટેજ-૪મા છે.

### ૨. ગુજરાત પોલીસ : નવા સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશન (સાઈબર સુરક્ષા)

**ગુજરાતમાં તમામ નવ આઈજી રેન્જમાં સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનનો પ્રારંભ**

✓ સાઈબર ક્રાઈમ અટકાવવા અને તેને સંબંધિત લગતી કોઈપણ ફરિયાદ નોંધવા માટે આ પહેલ કરાઈ

**રેન્જ અને તેનું વડુમથક**

✓ ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, પંચમહાલ-ગોધરા, ભાવનગર, સુરત, રાજકોટ, જુનાગઢ, કચ્છ બોર્ડ રેન્જ એમ રાજ્યની તમામ નવ રેન્જમાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન કાર્યરત કરવામાં આવ્યા છે.

1. મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લીને આવરી લેતી ગાંધીનગર રેન્જનું વડુ મથક ગાંધીનગર રહેશે.
2. ખેડા-નડીયાદ અને આણંદ સહિત અમદાવાદનું અમદાવાદમાં.
3. ભરૂચ, નર્મદા, છોટાઉદેપુર માટે વડોદરા ગ્રામ્ય.
4. પંચમહાલ, મહિસાગરના ગ્રામ્ય શહેરી ક્ષેત્રો માટે ગોધરામાં શરૂ કરવામાં આવ્યા.
5. અમરેલી, બોટાદને સમાવતી રેન્જ માટે ભાવનગરમાં.
6. નવસારી, તાપી, વલસાડ, ડાંગ માટે સુરત ગ્રામ્ય રેન્જની હેડ ઓફિસ.
7. મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા અને સુરેન્દ્રનગરને આવરી લેતી રેન્જ માટે રાજકોટમાં.
8. ગીર સોમનાથ, પોરબંદરને સાંકળી લેતી રેન્જ માટે જુનાગઢ ખાતે.

✓ પૂર્વ કચ્છ માટે ભુજ અને પાટણ, બનાસકાંઠા માટે ગાંધીધામ ખાતે

### 3. ખેલકૂદ-સન્માન : એર કંટ્રોલર અને મહિલા T-20 વર્લ્ડકપની ખેલાડી શિખા પાંડેનું IAF દ્વારા સન્માન

✓ મહિલા ટી-૨૦ વર્લ્ડકપમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરનારી શિખા પાંડેનું ઈંડિયન એર ફોર્સ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

✓ આ પ્રકારનું સન્માન મેળવનારી શિખા પાંડે પહેલી મહિલા ખેલાડી બની છે.

✓ શિખા પાંડેએ ૨૦૧૧માં એરફોર્સ જોઈન કર્યું હતું અને ૨૦૧૨માં તે એર કન્ટ્રોલર બની હતી.

✓ એન્જિનિયરિંગનો અભ્યાસ કરવા છતાં તેણે ક્રિકેટ રમવાનું ચાલુ રાખ્યું હતું. વર્લ્ડ કપમાં તેણે ૭ વિકેટ ઝડપી હતી.

### ૪. ઉત્તરપ્રદેશ સરકાર : મહત્વનો નિર્ણય (વહીવટ)

**જાહેર સંપત્તિને થયેલા નુક્સાનની ભરપાઈ માટે UPમાં વટહુકમ**

✓ સુપ્રીમ કોર્ટના આદેશાનુસાર વટહુકમને મંજૂરી

✓ જાહેર અને ખાનગી સંપત્તિઓને થયેલ નુકશાનની ભરપાઈ માટે યુપીએ સરકારે એક મહત્વનું પગલું ભર્યું છે.

✓ યુપી કેબિનેટ દ્વારા રાજકીય સરઘસ દરમિયાન સરકારી કે ખાનગી સંપત્તિઓને થયેલ નુકશાનની ભરપાઈ માટે યુપી રિકવરી ઓફ ડેમેજ ટુ પબ્લિક પ્રોપટીસ ઓર્ડિનન્સ ૨૦૨૦ને મંજૂરી આપવામાં આવી છે.

✓ મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં આ સંબંધિત નિર્ણય લેવામાં આવ્યો હતો .

### ૫. GST કાઉન્સિલની 39મી બેઠક : નવી દિલ્હી (અર્થશાસ્ત્ર)

**બેઠકમાં લેવાયેલા અગત્યના નિર્ણયો :**

✓ મોબાઈલ ફોન ઉપર GST દર 12 ટકાથી વધારીને 18 ટકા કરાયો

✓ રૂ.2 કરોડથી ઓછું ટર્ન ઓવર ધરાવનાર પાસેથી લેટ ફી વસૂલાશે નહીં

✓ જીએસટીમાં રહેલી ખામીઓ ૨૦૨૧ સુધીમાં દૂર કરાશે જીએસટીનાં માળખામાં રહેલી ખામીઓ સુધારવા તેમજ વેપારીઓને પડતી મુશ્કેલીઓ નિવારવા નંદન નિલેકણી દ્વારા કાઉન્સિલ સમક્ષ વિગતવાર પ્રેઝન્ટેશન કરાયું હતું.

તમામ સૂચનોને ધ્યાનમાં લઈને જાન્યુઆરી ૨૦૨૧ સુધીમાં તમામ ખામીઓ દૂર કરાશે તેવી તેમણે ખાતરી આપી હતી. આઈટીને લગતી ખામીઓ પણ દૂર કરાશે.

✓ **માચિસ પર હવે ૧૨ ટકા ટેક્સ લાગશે**

કાઉન્સિલ દ્વારા માચિસ પરનો ટેક્સ ૫ ટકાથી વધારીને ૧૨ ટકા કરાયો છે.

પહેલા હેન્ડ મેડ માચીસ પર.૫ ટકા ટેકસ હતો જ્યારે અન્ય માચિસ પર ૧૮ ટકા ટેક્સ લાગતો હતો.

✓ સેલ્સ રિટર્નનાં નિયમો બદલવામાં આવ્યા

GSTR-૧ કે જેને સેલ્સ રિટર્ન કહેવામાં આવે છે તેના માટે નિયમોમાં ફેરફાર કરાયો છે.

1. જેનું ટર્નઓવર રૂ. ૧.૫ કરોડથી વધુ હોય તેમણે દર મહિને ૧૦ તારીખ પહેલાં રિટર્ન ફાઈલ કરવાનું રહેશે.
2. જેનું રિટર્ન રૂ. ૧.૫ કરોડ કે તેથી ઓછું છે તેમણે ૧૩ તારીખ પહેલા રિટર્ન ફાઈલ કરવું પડશે.

3. GSTR-2A કે જેમાં પરચેઝ ડેટાની માહિતી હોય છે તેને ૧૪ તારીખ સુધીમાં જનરેટ કરી શકાશે.

✓ GST ચૂકવવામાં વિલંબ ઉપર તા.1લી જૂલાઈથી વ્યાજ વસૂલાશે

✓ GSTની ચોરી પકડવા ઈ-વે બિલ તા.1લી એપ્રિલ-2020 ફાસ્ટેગ સાથે જોડાશે

## ૬. નવીન પ્રયોગ : રાજકોટમાં ગીર ગાયમાં IVF દ્વારા દેશના પ્રથમ વાછરડાનો જન્મ (જીવવિજ્ઞાન)

✓ મનુષ્યોમાં આઈવીએફ પધ્ધતિ પ્રચલિત છે હવે તે ગાયોમાં પણ સફળ

✓ રાજકોટમાં પ્રથમ વખત આઈવીએફ પધ્ધતિનો ઉપયોગ ગીર ગાયની શુધ્ધ ઓલાદ મેળવવા કરાયો છે જેમાંથી ભારતના પ્રથમ આઈડેન્ટિકલ ટવીન વાછરડાનો જન્મ થયો છે.

✓ રાજકોટ નજીક સાશ્વત ગૌશાળા ધરાવતા દિલીપભાઈ તંતીના જે. કે. ફાઉન્ડેશન દ્વારા સફળ પ્રયોગ.

## ૭. કોરોના ડિક્શનરી (આરોગ્ય)

**કોરોના ડિક્શનરીઃ આ વાઈરસ સાથે જોડાયેલા એ શબ્દો જે હાલ સૌથી વધુ ચલણમાં**

**પેનડેમિક એટલે કે મહામારી**

✓ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને મહામારીને બે રૂપ સ્વીકાર્યા છે.

✓ વૈશ્વિક મહામારી એટલે કે પેનડેમિક અને સ્થાનિક મહામારી એટલે કે એપિડેમિક.

✓ કોરોનાને પેનડેમિક મનાયો છે. છ મહાદ્વીપ અને 100થી વધુ દેશમાં ફેલાયા પછી WHOએ મહામારી જાહેર કર્યો.

**કોવિડ-19/કોરોના**

✓ કોરોના વાઈરસનું ટેકનિકલ નામ સાર્સ સીઓવી-2 છે. કારણથી થતી શ્વાસની બિમારીને કોરોના વાઈરસ ડિસીઝ 2019 એટલે કે કોવિડ-19 નામ અપાયું છે. CO rona VI rus D-isease 2019

**સેલ્ફ ક્વારંટાઈન**

✓ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન પ્રમાણે જો તમે ઈટાલી, ચીન, ઈરાન અને દક્ષિણ કોરિયા જેવા દેશોમાં જઈ આવ્યા છો, જ્યાં કોરોના ઝડપથી ફેલાઈ રહ્યો છે. તો તમારે 14 દિવસ તમારા ઘરે સેલ્ફ ક્વાટાઈન તરીકે પસાર કરવા જોઈએ. એટલે કે પોતાને ઘરમાં બંધ કરી બીજાથી અલગ થવું જોઈએ.

**સોશિયલ ડિસ્ટન્સિંગ**

✓ કોરોના ફેલાવાનું જોખમ ભીડવાળી જગ્યાઓ પર વધુ છે. આ કારણે જ દુનિયાભરમાં આવા આયોજન ટાળવામાં આવી રહ્યાં છે

✓ જ્યાં ભીડ એકઠી થઇ શકે છે જેમકે અમેરિકામાં રાજકીય રેલીઓ રદ કરાઈ છે.

✓ જ્યારે ભારતમાં આઈપીએલ સ્થગિત કરાઈ છે. મેચને ટાળવામાં આવી રહી છે.

**આર-નોટ**

✓ આર-નોટ એટલે કે આરઓ કોઈ વાઈરસની મૂળ પ્રજનન સંખ્યા હોય છે. જેનાથી બીમારી કે વાઈરસની ગંભીરતા આંકવામાં આવે છે. એટલે કે, જે તે બિમારીથી ગ્રસ્ત એક વ્યક્તિ બીજા કેટલા લોકોને સંક્રમિત કરી શકે તેના પર તેની ગંભીરતા રહેલી છે.

✓ આ આંકડો જેટલો મોટો તેટલી આ બીમારી વધવાની આશંકા વધી જાય છે.

**ઈન્ક્યુબેશન પિરિયડ**

✓ સંક્રમિત થવાથી લઈને લક્ષણો જોવાનો સમય ઈન્ક્યુબેશન કહેવાય છે. કોરોનામાં આ સમય 14 દિવસનો છે, પરંતુ અનેક કેસમાં ફક્ત પાંચ દિવસમાં લક્ષણ સામે આવ્યા છે. એટલે કે આ વાઈરસથી તીવ્રતા પણ દરેક શરીરમાં જુદી જુદી છે.

**ફેટેલિટીરેટ**

✓ એટલે કે મૃત્યુદર. WHO પ્રમાણે, ફેટલિટી દર 3.4% છે. 80 કે તેનાથી વધુ ઉંમરના દર્દીઓમાં 20% મૃત્યુ નોંધાયા છે.

✓ ઈરાન જેવા દેશ, જ્યાં મેડિકલ સુવિધા અન્ય દેશો કરતા થોડી ઓછી છે, ત્યાં વધુ મૃત્યુ થયા.

## ૮. ચૂકાદો : આંબેડકર હાઉસ-લંડન

**બ્રિટિશ સરકારે લંડન સ્થિત 'આંબેડકર હાઉસ'ને સંગ્રહાલયમાં ફેરવવા મંજૂરી આપી**

✓ બ્રિટિશ વડાપ્રધાન બોરિસ જોનસનની સરકારે મહારાષ્ટ્ર સરકારને ઉત્તર પશ્ચિમી લંડન ખાતે આવેલા આંબેડકર હાઉસને મ્યુઝિયમમાં ફેરવવાની મંજૂરી આપી દીધી

- ✓ મહારાષ્ટ્ર સરકારે ૨૦૧૫માં ૩૧ લાખ પાઉન્ડમાં આંબેડકર હાઉસ ખરીદી તેનું વડાપ્રધાન મોદીના હસ્તે ઉદ્ઘાટન કરાવ્યું હતું
- ✓ બ્રિટિશ સરકારે લંડન ખાતે આવેલા આંબેડકર હાઉસને બંધ કરવા વિરુદ્ધની ભારતની અરજીને સ્વીકારી લીધી છે
- ✓ બી.આર. આંબેડકર ૧૯૨૦ના ગાળામાં લંડન સ્કુલ ઓફ ઈકોનોમિક્સ ખાતે અભ્યાસ દરમિયાન તે સ્થળે રહેતા હતા.
- ✓ સપ્ટેમ્બર ૨૦૧૫માં મહારાષ્ટ્ર સરકારે કામડેન ખાતે ૧૦ કિંગ હેનરી રોડ પર આવેલી તે સંપત્તિને ૩૧ લાખ પાઉન્ડ એટલે આશરે ૨૮.૧૩ કરોડ રૂપિયામાં ખરીદી લીધી હતી.

## ૯. જન્મ દિન વિશેષ : ૧૪ માર્ચ દંતકથા સમાન વૈજ્ઞાનિક : આલ્બર્ટ આઈન્સ્ટાઈન

જન્મ - ૧૪ માર્ચ-૧૮૭૯ અવસાન – ૧૮ એપ્રિલ-૧૯૫૫

- ✓ જર્મનીમાં જન્મેલા આલ્બર્ટ આઈન્સ્ટાઈન પદાર્થ વિજ્ઞાની હતા. તેઓ સાપેક્ષવાદ ખાસ કરીને સામૂહિક ઊર્જાની સમાનતાના સિદ્ધાંત માટે જાણીતા છે, જે ઈ=એમસી2ના ગુણાંકમાં વ્યક્ત કરવામાં આવે છે.
- ✓ આઈન્સ્ટાઈનને તેમના પદાર્થ વિજ્ઞાન અને ખાસ કરીને ફોટોઈલેક્ટ્રીક અસરના કાયદાના સંશોધન માટે 1921માં ફિઝિક્સનું નોબેલ પારિતોષિક મળ્યું હતું.
- ✓ આઈન્સ્ટાઈને ફિઝિક્સના ક્ષેત્રમાં આપેલા અનેક ફાળામાં સાપેક્ષવાદની વિશેષ થીયરીનો સમાવેશ થાય છે, જે યંત્રશાસ્ત્ર ને ઈલેક્ટ્રોમેગ્નેટિઝમ સાથે જોડે છે તથા તેમની સાપેક્ષવાદની તેમની સામાન્ય થીયરીનો આશય સાપેક્ષવાદના સિદ્ધાંતને સમાન ન હોય તેવા સિદ્ધાંત સુધી લંબાવવાનો અને ગુરુત્વાકર્ષણની નવી થીયરી આપવાનો હતો.
- ✓ તેમની અન્ય નોંધપાત્ર કામગીરીમાં સાપેક્ષવાદી બ્રહ્માંડ, સૂક્ષ્મ પગલાં, પ્રકાશનું પરાવર્તન આંકડાશાસ્ત્રના મિકેનિક્સની સામાન્ય સમસ્યાઓ તથા જથ્થાની થીયરીમાં તેનો અમલ, પરમાણુની હિલચાલ અંગે બ્રાઉન થીયરીની સમજ, પરમાણુનું પરિવર્તન, સંભાવનાઓ, એકમાર્ગી ગેસના જથ્થાની થીયરી, નીચા રેડિયેશન સાથે પ્રકાશમાં રહેલી ઉષ્ણતાની માત્રા, ઘટ્તા જેને પગલે ફોટોન થીયરીનો આધાર રચાયો, સ્ટિમ્યુલેટેડ ઈમિશન સહિત વિકિરણની થીયરી, સર્વગ્રાહી ફિલ્ડ થીયરીનો વિચાર તથા ફિઝિક્સના ભૌમિતિકરણનો સમાવેશ થાય છે.
- ✓ આઈન્સ્ટાઈને 300 કરતાં વધુ વૈજ્ઞાનિક લેખો તથા 150 કરતાં વધુ વિજ્ઞાન સિવાયના લેખો પ્રકાશિત કર્યા હતા.
- ✓ 1999માં "ટાઈમ" સામયિકે તેમને "પર્સન ઑફ ધ સેન્ચ્યુરી " જાહેર કર્યા હતા. અત્યંત વિશાળ અર્થ અને સંદર્ભમાં "આઈન્સ્ટાઈન" નામ જીનિયસનું સમાનાર્થી થઈ ગયું છે.
- ✓ આલ્બર્ટ આઈન્સ્ટાઈન જર્મન સામ્રાજ્યના વુદ્દમબર્ગનું કિંગડમમાં ઉલ્મ ખાતે એક જ્યુ-યહુદી પરિવારમાં 14 માર્ચ 1879ના રોજ જન્મ્યા હતા.
- ✓ તેમના પિતા હર્મન આઈન્સ્ટાઈન એક સેલ્સમેન અને એન્જિનિયર હતા. તેમનાં માતાનું નામ પોલીન કોચ હતું.
- ✓ 1880માં તેમનો પરિવાર સ્થળાંતર કરી મ્યુનિચ ગયો જ્યાં તેમના પિતા અને તેમના કાકાએ એલ્કટ્રોટેકનીશ ફેબ્રિક જે. આઈન્સ્ટાઈન એન્ડ કુ.નામની કંપની સ્થાપી.
- ✓ આ કંપની ડાયરેક્ટ કરન્ટ પર આધારિત ઈલેક્ટ્રીકલ સાધનો બનાવતી હતી. તેમના કાકા જેકબ હેરમાનનો પણ વિધ્યુત ઉપકરણનો ધંધો હતો.
- ✓ આઈન્સ્ટાઈન પરિવાર યહુદી ધર્મ પાળતો નહોતો, અને આલ્બર્ટે કેથોલિક સ્કૂલમાં શિક્ષણ લીધું હતું. આઈન્સ્ટાઈનને પ્રારંભમાં ભાષાની મુશ્કેલી પડતી છતાં પ્રાથમિક શાળામાં તેઓ સૌથી હોંશિયાર વિદ્યાર્થી હતા.
- ✓ તેમનો પરિવાર ઈટાલી સ્થળાંતર કરી ગયો તે પહેલાં 1893માં (14 વર્ષની ઉંમરે) આલ્બર્ટ આઈન્સ્ટાઈને પૂરતું શિક્ષણ લઈ લીધું હતું.
- ✓ આઈન્સ્ટાઈન પાંચ વર્ષના હતા ત્યારે તેમના પિતાએ તેમને નાનકડું હોકાયંત્ર બતાવ્યું હતું. આઈન્સ્ટાઈનને સમજાયું કે અગાઉ જેને ખાલી હોવાનું માનતા તે ખાલી જગ્યામાં કંઈક તો હશે, ત્યાં હલનચલન કરતો કાંટો હતો અને પાછળથી તેમણે એક નિવેદનમાં કહ્યું હતું કે એ અનુભવે તેમના મનમાં "ઊંડી અને કાયમી છાપ" છોડી હતી.તેમની માતાના આગ્રહથી તેમણે છ વર્ષની

ઉંમરે વાયોલિન શીખવાનું શરુ કર્યું, અને તેમને નહિ ગમતું હોવા છતાં અને શીખવાનું છોડી દીધું હોવા છતાં પાછળથી તેમને વોલ્ફગેન્ગ એમેન્ડયુસ મોઝાર્ટ વાયોલિન સોનાટામાં ખૂબ આનંદ આવતો.

- ✓ થોડા મોટા થયા પછી આઈન્સ્ટાઈને મોડલ શારીરિક તથા યાંત્રિક સાધનો બનાવવાનું શરુ કર્યું અને ગણિતમાં તેમની પ્રતિભા સ્પષ્ટ દેખાવા લાગી.
- ✓ 17 એપ્રિલ, 1955ના રોજ કિડનીમાં રુધિરનું વહન કરતી નસ ફાટી જવાથી આઇન્સ્ટાઇનને શરીરનાં અંદરના ભાગમાં રક્તસ્ત્રાવ (aortic aneurysm) શરુ થઇ ગયો હતો, જો કે આ રોગની અગાઉ સારવાર પણ કરાઇ હતી પરંતુ તે ફરીથી વકર્યો હતો.
- ✓ ઇઝરાયલ રાષ્ટ્રની સાતમી જયંતિની ઉજવણી નિમિત્તે પોતાને ટીવી ઉપર પ્રવચન આપવાનું હોવાથી તેમણે હોસ્પિટલમાં પણ પોતાના ભાષણનો મુસદ્દો સાથે લઇ લીધો હતો, પરંતુ તેને પૂર્ણ કરવા તે લાંબુ જીવી શક્યા નહોતા.
- ✓ બીજા દિવસે વહેલી સવારે પ્રિન્સ્ટન હોસ્પિટલમાં તેમનું નિધન થયું. છેલ્લા શ્વાસ સુધી તેમણે કામ ચાલુ રાખ્યું હતું.
- ✓ તેઓ 76 વર્ષના હતા. આઈન્સ્ટાઈનના પાર્થિવ શરીરના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા અને તેમની રાખ અલગ અલગ જગ્યાએ પધરાવવામાં આવી હતી.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૪-૦૩-૨૦૨૦)

24. WHO દ્વારા નોવેલ કોરોના વાઈરસના કેટલા તબક્કા નક્કી કરવામાં આવ્યા છે- 04
25. ભારત સરકાર દ્વારા કોરોના વાયરસને કઈ તારીખે જાહેર આફત ઘોષિત કરવામાં આવ્યો હતો- 14 માર્ચ 2020
26. WHO દ્વારા 14 માર્ચ 2020ના રોજ કોરોના વાયરસનું મૂળ કેન્દ્ર કોને જાહેર કરવામાં આવ્યું- યુરોપ
27. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં રાજ્યમાં કેટલા નવા સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન કાર્યરત કરાયા- 09
28. ગુજરાતમાં પોલીસ વિભાગની દ્રષ્ટિએ કુલ કેટલી રેંજ આવેલી છે- 09
29. તાજેતરમાં ભારતીય વાયુદળ દ્વારા તેની કર્મચારી કઈ મહિલા ક્રિકેટરને સન્માનિત કરાઇ- **એર કન્ટ્રોલર શિખા પાંડે**
30. જાહેર સંપત્તિને થયેલા નુકસાનની ભરપાઈ માટે તાજેતરમાં કયા રાજ્યમાં સૌપ્રથમવાર વટહુકમ બહાર પાડવામાં આવ્યો- **ઉત્તર પ્રદેશ**
31. તાજેતર માર્ચ-2020માં નવી દિલ્હી ખાતે GST કાઉન્સિલની કેટલામી બેઠક યોજાઇ - 39મી
32. માર્ચ-2020માં નવી દિલ્હી ખાતે યોજાયેલી GST કાઉન્સિલની બેઠકમાં મોબાઇલ ઉપર GST કેટલા ટકાથી વધારીને કેટલા ટકા કરાયો - 12%થી વધારી 18% કરાયો
33. માર્ચ-2020માં નવી દિલ્હી ખાતે યોજાયેલી કાઉન્સિલની બેઠકમાં નક્કી થયા મુજબ જીએસટી ચૂકવવામાં વિલંબ બદલ તારીખ વ્યાજ વસૂલાશે- 01 જુલાઈ -2020
34. GSTની ચોરી પકડવા માટે આગામી તા. 01.04.2020થી ઈ-વેબિલને કઈ સિસ્ટમ સાથે જોડવામાં આવશે - **ફાસ્ટેગ**
35. દેશમાં પ્રથમવાર IVF પદ્ધતિથી ગીર ગાય દ્વારા કયા શહેરમાં વાછરડાને જન્મ થયો- **રાજકોટ**
36. COVID-19નું વિસ્તૃત નામ જણાવો- CO rona VI rus D-isease 2019
37. પેનડેમિક એટલે શું- **વૈશ્વિક મહામારી**
38. એપિડેમિક એટલે શું - **સ્થાનિક મહામારી**
39. ડબલ્યુએચઓ દ્વારા કોરોના વાઈરસને કયો રોગ જાહેર કરાયો - **પેનડેમિક**
40. કોરોના વાઇરસનું ટેકનિકલ નામ જણાવો - **સાર્સ-** COV-2
41. તાજેતરમાં કઈ સરકાર દ્વારા "આંબેડકર હાઉસ"ને સંગ્રહાલયમાં તબદીલ કરવાની મંજૂરી આપવામાં આવી - **બ્રિટન સરકાર**
42. લંડન સ્થિત 'આંબેડકર હાઉસ'ને સંગ્રહાલયમાં ફેરવવા માટે કઈ સરકારે આશરે 31 લાખ પાઉન્ડમાં ખરીદ્યો હતો જેનું ઉદ્ઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ 2015માં કર્યું હતું - **મહારાષ્ટ્ર સરકાર**

43. વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈનનો જન્મ અને વતન જણાવો – **૧૪ માર્ચ-૧૮૭૯ તથા જર્મની**

44. વિશ્વ સાપેક્ષવાદની વિશેષ થિયરી આપનાર વૈજ્ઞાનિકનું નામ જણાવો - **આલ્બર્ટ આઈન્સ્ટાઈન**

15-03-2020

૧.કોરોના વાઇરસ : શાળા-કોલેજો તારીખ 16 થી 29 માર્ચ 2020 સુધી બંધ

- ✓ રૂ. 500નો દંડ

૨. વૈશ્વિક મહામારી : કોરોના વાઇરસ

**કોરોના સામે લડવા ભારત દ્વારા સાર્કના દેશોને રૂ. 1 કરોડ ડોલર આપવાની જાહેરાત**

- ✓ COVID-19 માટે ઇમરજન્સી ફંડ રચવામાં આવશે.
- ✓ ભારત SAARC ના દેશોને કોરોનો સામે તાલીમ આપવા સજ્જ
- ✓ વડાપ્રધાન મોદી દ્વારા SAARCના દેશો સાથે વિડીયો કોન્ફરન્સથી તા. 15/03/2020ના રોજ સંબોધન

**SAARCના કુલ દેશો**

- ✓ નેપાળ, ભૂતાન, પાકિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા, અફઘાનિસ્તાન, મ્યાનમાર અને માલ્દીવ

૩. ગોળ ગધેડાનો મેળો (ઉત્સવ)

સ્થાન-જેસાવાડા, તા. ગરબાડા, જિ. દાહોદ

**મેળાની વિશેષતા**

- ✓ ગરબાડા તાલુકાના જેસાવાડા ગામે આદિવાસી સંસ્કૃતિની આગવી લાક્ષણિક્તા અને પ્રાચીન સમયના રાજા રજવાડાના સ્વયંવરની યાદ તાજી કરાવતા ભરાયેલા ગોળ ગધેડાના મેળામાં હજારોની સંખ્યામાં આદિવાસીઓએ ઉમટી પડી મેળાનો આનંદ માણ્યો હતો.
- ✓ હવે બદલાયેલા સમયમાં માર ખાઈને થાંભલા ઉપરનો ગોળ ઉતારનાર યુવાન હવે તેની મનભાવતી કન્યાને પરણી શકતો નથી.
- ✓ મેદાનની વચ્ચે ઉભા કરાયેલા સીમળાના ઝાડના 30 ફૂટના થાંભલાની ટોચ ઉપર ગોળ ધાણાની પોટલી લટકાવાય છે. જેની આજુબાજુ આદિવાસી કન્યાઓ હાથમાં લીલી સોટી લઈ ગોળ ગોળ ફરતી હોય છે.
- ✓ કોઇ યુવાન થાંભલા નજીક આવે તો તેને રોકવા યુવતીઓ લીલી સોટીઓ વડે માર મારતી હોય છે. સોટીઓનો માર સહન કરીને કોઈ હિમતવાન યુવાન થાંભલાની ટોચે પહોંચી જાય છે.
- ✓ આ વખતે જેસાવાડા ગામના જ રાજેશ દીનેશ કટારા થાંભલેથી પોટલી ઉતારવામાં સફળ થયો હતો.
- ✓ ૪. નવી સિસ્ટમ : ભારતમાં 2022 સુધીમાં હવામાન આધારિત ઘટનાઓની આગાહી 2 દિવસ પહેલા કરી શકાશે (હવામાન વિજ્ઞાન)

ખાસ કમ્પ્યૂટીંગ સિસ્ટમ વિકસાવાઈ

- ✓ હવામાનની ઘટનાઓની માહિતી મળવાથી જાન-માલનું નુકસાન ઘટાડી શકાશે

**અહેવાલની વિગતો**

- ✓ દેશમાં આભ ફાટવા જેવી ઘટનાઓની આગાહી 2022 સુધીમાં 2 દિવસ અગાઉ કરી શકાશે.
- ✓ અર્થ સાયન્સ મંત્રાલયે સંસદની સમિતિને આ માહિતી આપી છે.
- ✓ રિપોર્ટ મુજબ, અર્થ સાયન્સ મંત્રાલયે કહ્યું છે કે દરિયામાં સર્જાતા ચક્રવાત તથા હવામાનની અન્ય હિલચાલની તુલનાએ આભ ફાટવાની આગાહી ખૂબ જટિલ છે, કેમ કે નાની જગ્યામાં હવામાનમાં બહુ ઝડપથી થતા ફેરફારના કારણે આભ ફાટતું હોય છે.
- ✓ ખાસ કમ્યુટિંગ સિસ્ટમથી 48 કલાક અગાઉ આગાહી કરી શકાય છે.
- ✓ દેશમાં હાલ હવામાનની આગાહી 10 પેટાફ્લોપ્સ (પીફ્લોપ્સ)ની ક્ષમતાવાળી હાઇ પરફોર્મન્સ કમ્યુટિંગ સિસ્ટમ પર આધારિત છે.
- ✓ વર્ષ-2022 સુધીમાં તેની ક્ષમતા વધારીને 40 પીક્લોપ્સ અને 2024 સુધીમાં 100 પીક્લોપ્સ કરવાનું આયોજન છે.
- ✓ 40 પીક્લોપ્સની ક્ષમતાવાળી કપ્યુટિંગ સિસ્ટમથી આગાહી 48 કલાક અગાઉ કરી શકાશે.
- ✓ આભ ફાટવાથી જાનમાલનું ઘણું નુકસાન થાય છે. આગાહી 2 દિવસ અગાઉ થાય તો આ નુકસાન ઘણું ઘટાડી શકાય.
- ✓ કોઈ ક્ષેત્રમાં એક કલાકમાં 4 ઇંચ વરસાદ ખાબકે તેને આભ ફાટ્યું કહે છે.
- ✓ અર્થ મંત્રાલય - ભારત સરકાર

## ૫.ગુજરાતમાં એપિડેમિક એક્ટનો અમલ

**શું છે એપિડેમિક એક્ટ?**

- ✓ ગુજરાત સરકારે કોરોના વાઇરસને લઈને રાજ્યભરમાં એપિડેમિક ડિસિસ એક્ટ 1897 લાગુ કર્યો હોવાથી હવે વિદેશથી આવેલી કોઈપણ વ્યક્તિ બીમાર હોય કે ન હોય 14 દિવસ સુધી ઘર બહાર નીકળી શકશે નહીં.
- ✓ જો આવી વ્યક્તિ ઘર બહાર નીકળશે તો અને મ્યુનિ. હેલ્થ વિભાગને તે અંગે ફરિયાદ મળશે તો તેની સામે મ્યુનિ. કાર્યવાહી કરશે અને તે વ્યક્તિને કોરોનટાઇન (અલાયદા) રાખવા માટે સોલા સિવિલ હોસ્પિટલમાં ખસેડી દેવાશે.

## ૬. દિન વિશેષ : ૧૫ માર્ચ  વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ

- ✓ **થીમ-2020: The Sustainable Consumer**
- ✓ અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૫-૦૩-૨૦૨૦)

1. ગુજરાત સરકારે કોરોના વાયરસથી બચવા સાવચેતીના ભાગરૂપે કઈ તારીખથી કઈ તારીખ સુધી સ્કૂલ-કોલેજો નિર્ણય કર્યો – **16 થી 29 માર્ચ 2020**
2. ગુજરાતમાં જાહેર સ્થળો ઉપર થૂંકવા બદલ કેટલા રૂપિયાનો દંડ જાહેર કરાયો- **રૂ. 500/-**
3. વૈશ્વિક મહામારી COVID 19 સામે લડવા SAARC દેશોને ભારતે કેટલી મદદ કરવાની જાહેરાત કરી- **1 કરોડ ડોલર**
4. વૈશ્વિક મહામારી COVID 19 સામે લડવા SAARC દેશોને દ્વારા કયા ફંડની રચના કરવામાં આવશે- **ઇમરજન્સી ફંડ**
5. વૈશ્વિક મહામારી COVID 19 સામે લડવા SAARC દેશોને ભારતના વડાપ્રધાન દ્વારા ક્યારે સંબોધન કરવામાં આવ્યું હતું- **15 માર્ચ 2020**
6. આદિવાસી સંસ્કૃતિનો આગવી ઓળખ ધરાવતોનો ગોળ ગધેડાનો મેળો ક્યાં અને કયા તાલુકામાં યોજાય છે- **જેસાવાડા અને ગરબાડા**
7. અર્થ મંત્રાલયના અહેવાલ મુજબ ભારતમાં આગામી કયા વર્ષ સુધીમાં 48 કલાક પહેલા હવામાન આધારિત ઘટનાઓની આગાહી કરી શકાશે-**વર્ષ 2022**
8. અર્થ મંત્રાલય દ્વારા હવામાન સંબંધિત આગાહી માટે કઈ સિસ્ટમ વિકસાવાઈ - **ખાસ કમ્પ્યુટિંગ સિસ્ટમ**
9. કોઈ વિસ્તારમાં એક કલાકમાં કેટલા ઇંચ વરસાદ પડે તેને આભ ફાટ્યું તેમ કહેવાય- **4 ઇંચ**
10. ગુજરાતમાં તાજેતરમાં અમલી બનાવવામાં આવેલ એપિડેમિક એક્ટ અંતર્ગત વિદેશમાંથી ભારતમાં આવેલ કોઈપણ વ્યક્તિને કેટલા દિવસ સુધી ઘર બહાર નહીં નીકળવાની સુચના આપવામાં આવે છે- **14 દિવસ**
11. વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ ક્યારે ઉજવવામાં આવે છે- **15 માર્ચ 2020**
12. વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ -2020ની થીમ જણાવો - **The Sustainable Consum**

# 16-03-2020

## ૧. નોવેલ કોરોના વાઇરસ : ભારતની સ્થિતિ (આરોગ્ય)

કેન્દ્ર સરકારના સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા નવો ટોલ ફ્રી હેલ્પલાઇન નંબર-1075 કાર્યરત કરાયો

- ✓ આ સાથે જૂનો ટોલ ફ્રી નંબર : 011-23978046 પણ કાર્યરત રહેશે
- ✓ ઈ-મેઈલ : ncov2019@gmail.com

**અન્ય નિર્ણય**

- ✓ કેન્દ્રનાં આરોગ્ય મંત્રાલયે નક્કી કર્યું છે કે કોરોનાના દર્દીના છેલ્લા ૨૪ કલાકમાં બે રિપોર્ટ નેગેટિવ આવે તો જ તેને ઘરે જવા માટે રજા આપવી.

વિદેશ મંત્રાલયે હેલ્પલાઈન નંબરો જારી કર્યા

- ✓ ૧૮૦૦૧૧૮૭૯૭
- ✓ + ૯૧ - ૧૧ - ૨૩૦૧૨૧૧૩
- ✓ + ૯૧ - ૧૧ - ૨૩૦૧૪૧૦૪
- ✓ + ૯૧ - ૧૧ - ૨૩૦૧૭૯૦૫

## ૨. તંત્રીલેખ : આધુનિક ટેક્નોલોજી ક્ષેત્રે ભારતની હરણફાળ : વિશ્વમાં ભારત ચીન પછી બીજા નંબરે

**વિગતવાર માહિતી**

- ✓ વાત માહિતી ટેક્નોલોજીની હોય કે ડિજિટલ ટેકનોલોજીની હોય કે મેડિકલ ક્ષેત્રે અવનવાં ઉપકરણોના ઉપયોગની હોય, આધુનિક ટેકનોલોજીના આવિષ્કારમાં ભારત ચીન પછી બીજા નંબરે છે.

- ✓ નવી નવી ટેકનોલોજીના શોધ અને સંશોધનમાં ભારતે અનેક વિકસિત દેશો સામે ટક્કર ઝીલી છે અને તેમને પાછળ રાખીને માસ્ટરી મેળવી છે.
- ✓ નવા જમાનાની આધુનિક ટેકનોલોજીના વિકાસમાં ભારતની યુવા પેઢીએ ઘણો રસ દર્શાવ્યો છે. તેનાં સારાં પરિણામો પણ આપણને મળ્યાં છે અને ટેકનોલોજી વિકસાવવામાં ભારતું ચીન પછી બીજો ક્રમ હાંસલ કરી શક્યું છે.
- ✓ કેપીએમજીના વર્ષ ૨૦૨૦ના ગ્લોબલ ટેકનોલોજી ઈન્ડસ્ટ્રીઝ ઇનોવેશન સરવેમાં પણ ભારતની આ સિદ્ધિઓની નોંધ લેવામાં આવી છે અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, મશીન લર્નિંગ, બ્લોકચેન અને ઇન્ટરનેટ ઓફ થિંગ્સના આવિષ્કારમાં ભારતે હરણફાળ ભરી હોવાનો ઉલ્લેખ કરાયો છે.
- ✓ જોકે કેટલીક આધુનિક ટેકનોલોજીની શોધમાં અમેરિકા હજી અવ્વલ એટલે કે ટોચ પર નંબર વન રહ્યું છે, પણ ચીન અને ભારત સાથે સાથે ચાલી રહ્યા છે.
- ✓ વિશ્વની મુખ્ય ટેકનોલોજીના વિકાસમાં બેંગ્લૂરૂ મુખ્ય કેન્દ્ર તરીકે ટોપ ટેનમાં સ્થાન પામ્યું છે અને ૯મો ક્રમ મેળવ્યો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતમાં ટેકનોલોજી ક્ષેત્રે કરોડોનું મૂડીરોકાણ આવ્યું છે. શહેરીકરણને કારણે ટેનિકલ શોધ અને સંશોધન માટે યોગ્ય વાતાવરણ સર્જાયું છે.
- ✓ ભારતની કુલ વસ્તીમાં ૬૦ ટકાથી વધુ લોકો યુવાન છે જેનો ભારતને લાભ મળ્યો છે. અમેરિકાની કડક વિઝા નીતિનો લાભ ભારત અને ચીનને મળ્યો છે. કેટલાક ટેક્નોલોજી નિષ્ણાતોને અમેરિકાના વિઝા નહીં મળવાને કારણે તેઓ પોતાના દેશમાં પાછા આવ્યા અને તેમના દેશમાં જ ટેકનોલોજી વિકસાવવા માટે સારાં કાર્યો કર્યા.
- ✓ ભારત સરકાર દ્વારા ટેકનોલોજી નિષ્ણાતોને છેલ્લાં કેટલાંક વર્ષોથી અનેક પ્રકારની રાહતો અને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યાં છે.
- ✓ સરકારે બજેટમાં પણ જંગી રકમ ફાળવતી રહી છે. ભારત સરકારને સારી રીતે સમજાઈ ગયું છે કે વિકસિત દેશો સાથે સ્પર્ધામાં રહેવું હશે અને વિશ્વ સાથે કદમ મિલાવવા હશે તો આધુનિક ટેકનોલોજી અપનાવ્યા વિના આરો નથી.
- ✓ ભવિષ્યમાં આવી ટેકનોલોજી દેશના વિકાસમાં પણ મહત્ત્વની ભૂમિકા નિભાવશે.
- ✓ સરકારે આ બાબતને ધ્યાનમાં રાખીને કેટલીક યોજનાઓ શરૂ કરી છે જેમાં ડેટા પાર્ક ટાઈડ ૨.૦ (ટેક્નોલોજી ઈક્યુબેશન એન્ડ ડેવલપમેન્ટ ઓફ એન્ટરપ્રિન્યોરશિપ), COE (સેન્ટર ઓફ એક્સલન્સ) તેમજ ડિજિટલ ઈન્ડિયા આમાં મુખ્ય છે.
- ✓ કેપીએમજી દ્વારા વિશ્વના શ્રેષ્ઠ ૮૦૦ નિષ્ણાતો સાથે સર્વે કરાયો હતો. જેમાં ૩૭ ટકા લોકોનું માનવું હતું કે, જે રીતે બીજા દેશો ટેકનિકલ નવીનીકરણ માટે કામ કરી રહ્યાં છે ત્યારે સિલિકોન વેલી દ્વારા સૌથી મોટું ઇનોવેશન સેન્ટર કાર્યરત થશે તેવી ધારણા અસ્થાને નથી. આધુનિક ટેક્નોલોજીના આવિષ્કાર અને ટેકનોલોજી હબમાં સિંગાપુર અગાઉ સાતમાં સ્થાને હતું જે આ વર્ષે પહેલા સ્થાને રહ્યું છે.
- ✓ ભારતે આધુનિક ટેકનોલોજી વિકસાવવામાં જે કંઈ હાંસલ કર્યું છે તેનાથી સંતોષ માનવાની જરૂર નથી. ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને હજી ઘણું કરવાનું બાકી છે.
- ✓ ફક્ત બેંગ્લૂરૂ અને ગણીગાંઠી ટેકનિકલ સંસ્થાઓનાં જોર પર જ મદાર રાખવાની જરૂર નથી. આપણી ટેકનિકલ સંસ્થાઓના અભ્યાસક્રમો ઘણાં જૂના પુરાણા છે તેમાં ધરમળથી ફેરફારો કરવાની જરૂર છે.

**ઉપાય-**

- ✓ ટેકનિકલ કોર્સિસમાં સુધારા સાથે, આપણે સ્ટાર્ટઅપ્સ પર ધ્યાન આપવાની જરૂર છે. સરકારે તેને તમામ પ્રકારની મદદ પણ કરવી પડશે તો જ આપણે આધુનિક ટેકનોલોજીની શોધ અને સંશોધન કરવા ધાર્યા નિશાન પાર પાડી શકીશું.

## ૩. નોમિનેટ : સુપ્રીમ કોર્ટના પૂર્વ ચીફ જસ્ટિસ ઓફ ઇન્ડિયા શ્રી રંજન ગોગોઈ રાજ્યસભા માટે નોમિનેટ

- ✓ રાષ્ટ્રપતિ શ્રી કોવિંદ દ્વારા નોમિનેટ કરાયા
- ✓ રાષ્ટ્રપતિ જુદા જુદા ક્ષેત્રની 12 વ્યક્તિઓને રાજ્ય સભાના સભ્ય તરીકે નોમિનેટ કરી શકે છે

**શ્રી રંજન ગોગોઈનો પરિચય**

- ✓ ભારતના ૪૬મા ચીફ જસ્ટીસ રહેલા રંજન ગોગોઈ 17 નવેમ્બરે નિવૃત થયા હતા.

- ✓ આ પહેલાં ૯ નવેમ્બરે પાંચ જજોની બેન્ચની આગેવાની કરતાં તેમણે અયોધ્યા વિવાદ પર ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો.
- ✓ ઈશાન ભારતમાંથી પહેલા ચીફ જસ્ટીસ બનનારા રંજન ગોગોઈનો જન્મ ડિબ્રૂગઢમાં થયો હતો.
- ✓ દિલ્હી યુનિવર્સિટીની સેંટ સ્ટીફન્સ કોલેજમાંથી ઈતિહાસના વિષયમાં ગ્રેજ્યુએશન કર્યા બાદ તેમણે કાનૂની અભ્યાસ કર્યો હતો.

૪. નાણાકીય સેવાઓ (આર્થિક)

**તારીખ ૧૬મી માર્ચ 2020થી ગ્રાહક ક્રેડિટ અને ડેબિટ કાર્ડ પોતે જ બ્લોક અને અનબ્લોક કરી શકશે**

૫. WHO : કોરોનો વાઈરસની જાગૃતિ માટે "સેફ હેન્ડ્સ ચેલેન્જ" અભિયાનનો પ્રારંભ

- ✓ ભારતમાં આ અભિયાન માટે અભિનેત્રી પ્રિયંકા ચોપરા અને દીપિકા પાદુકોણની પસંદગી.

૬. નવીન પહેલ : CRPF તેનાં 2200 શહીદ જવાનોના પરિવાર માટે હેલ્થ પ્રીમિયમ ભરશે (સુરક્ષા)

- ✓ સુરક્ષા દળના સ્થાપના કાળ પછી પહેલી જ વાર CRPFમાં ફરજ બજાવતા શહીદ થયેલા ૨૨૦૦ જવાનોના પરિવાર માટે આરોગ્ય વીમાનું પ્રિમીયમ ભરવાની પહેલ કરી હતી.
- ✓ વિવિધ રેન્કમાં ૩.૨૫ લાખ કર્મીઓ ધરાવતું દેશનું સૌથી જંગી સુરક્ષા દળ દ્વારા શહીદોનું સન્માન નામે એક પહેલ શરૂ કરાઇ હતી.
- ✓ CRPFની સ્થાપનાના ૮૧માં વાર્ષીક દિવસના ભાગ રૂપે થનારી ઉજવણીમાં આ પહેલ કરાઇ હતી.
- ✓ પ્રિમીયમના પૈસા વેલફેર ફંડમાંથી ભરાશે : શહીદ જવાનનું પ્રિમીયમ ત્રીસ હજાર જ્યારે ઉચ્ચ અધિકારીનું રૂ. ૧.૨૦ લાખ

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૬-૦૩-૨૦૨૦)

1. માર્ચ-2020માં ભારત સરકારના સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા નોવેલ કોરોના વાયરસ સંદર્ભે કયો નવો ટોલ ફ્રી હેલ્પલાઇન નંબર કાર્યરત કરાયો **- 1075**
2. માર્ચ-2020માં ભારત સરકારના સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા નોવેલ કોરોના વાયરસ સંદર્ભે નવો ટોલ ફ્રી હેલ્પલાઇન નંબર- 1075 કાર્યરત કરાયો આ પહેલા કયો ટોલ ફ્રી નંબર હતો જેને પણ યથાવત રખાયો છે - **011-23978046**
3. તાજેતરમાં માર્ચ-2020માં રાષ્ટ્રપતિ શ્રી કોવિંદ દ્વારા સુપ્રીમ કોર્ટના કયા પૂર્વ ચીફ જસ્ટિસ ઓફ ઇન્ડિયાને રાજ્યસભા માટે નોમિનેટ કર્યા - **શ્રી રંજન ગોગોઈ**
4. ભારતના રાષ્ટ્રપતિ જુદા જુદા ક્ષેત્રની કેટલી વ્યક્તિઓને રાજ્યસભાના સભ્ય તરીકે નોમિનેટ કરી શકે છે - **12**
5. તાજેતરમાં માર્ચ-2020માં રાષ્ટ્રપતિ શ્રી કોવિંદે સુપ્રીમ કોર્ટના પૂર્વ ચીફ જસ્ટિસ રંજન ગોગોઈને રાજ્યસભાના સભ્ય તરીકે નોમિનેટ કર્યાં તેઓ ભારતના કેટલામાં ચીફ જસ્ટીસ તરીકે સેવાનિવૃત્ત થયા હતા - **46મા**
6. ઈશાન ભારતમાંથી પહેલા ચીફ જસ્ટીસ બનનારા રંજન ગોગોઈનું જન્મસ્થળ જણાવો – **ડિબ્રૂગઢ**
7. કઈ તારીખથી ગ્રાહક ક્રેડિટ અને ડેબિટ કાર્ડ પોતે જ બ્લોક અને અનબ્લોક કરી શકશે - **16મી માર્ચ 2020થી**
8. ભારતમાં કોરોનો વાઈરસની જાગૃતિ માટે કયા અભિયાનનો પ્રારંભ કરાયો - **"સેફ હેન્ડ્સ ચેલેન્જ"**
9. ભારતમાં કોરોનો વાઈરસની જાગૃતિ માટેના "સેફ હેન્ડ્સ ચેલેન્જ" અભિયાન માટે કઈ બોલીવૂડ અભિનેત્રીની પસંદગી કરાઈ - **પ્રિયંકા ચોપરા અને દીપિકા પાદુકોણ**
10. કયું ભારતીય સુરક્ષા દળ તેનાં 2200 શહીદ જવાનોના પરિવાર માટે આરોગ્ય વીમાનું પ્રીમિયમ ભરશે - **CRPF**
11. ભારતીય સુરક્ષા દળ CRPF વિવિધ રેન્કમાં કેટલા કર્મીઓ ધરાવે છે - **૩.૨૫ લાખ**

## 17-03-2020

૧.કોરોના વાઇરસ : પ્રથમ રસી mRNA-૧૨૭૩ની ટ્રાયલ શરૂ (આરોગ્ય વિજ્ઞાન)

- ✓ કોરોનો સામે લડવા વિશ્વની પ્રથમ રસીનું માનવીય પરીક્ષણ કરાયું
- ✓ નામ - mRNA-૧૨૭૩

- ✓ <u>સંસ્થા-</u> કાઇસાર પરમેનન્ટ વોશિંગ્ટન હેલ્થ રિસર્ચ ઇન્સ્ટિટયૂટ, સિએટલ (USA)
- ✓ ભારતમાં રેન્ડમ સેમ્પલિંગનો અહેવાલ નેગેટીવ એટલે કે વાયરસનો ફેલાવો બેકાબૂ નથી

**<u>અન્ય વિગતો :-</u>**

- ✓ <u>ભારત અને નોર્વે દ્વારા સ્થાપિત વૈશ્વિક સંગઠનના સમર્થન સાથે અમેરિકાએ કોરોના વાઇરસની રસી બનાવવા માટે હ્યુમન ટ્રાયલનો પ્રારંભ</u> કર્યો છે. સિએટલમાં કાઇસાર પરમેનન્ટ વોશિંગ્ટન હેલ્થ રિસર્ચ ઇન્સ્ટિટયૂટ ખાતે જેનિફર હોલર નામની મહિલા સહિત ૪ વ્યક્તિને પ્રસ્તાવિત રસીના ડોઝ અપાયા હતા.
- ✓ નેશનલ ઇન્સ્ટિટયૂટ ઓફ એલર્જી એન્ડ ઇન્ફેક્શિયસ ડિસીઝ આ ટ્રાયલને આર્થિક સહાય આપી રહી છે. આ ટ્રાયલમાં ૧૮થી ૫૫ વર્ષના ૪૫ તંદુરસ્ત લોકોએ ભાગ લીધો
- ✓ તેમને ૬ સપ્તાહ કરતાં વધુ સમયમાં ડોઝ આપવામાં આવશે. તે પૈકીના ચાર લોકોને પહેલો ડોઝ અપાયો હતો.
- ✓ રસીના નિર્માણ માટે કોએલિશન ફોર એપિડેમિક પ્રિપેર્ડનેસ ઇનોવેશન્સ (સીઇપીઆઇ) દ્વારા આ પ્રોજેક્ટમાં સહાય અપાઇ જેની સ્થાપના ૨૦૧૭માં દાવોસ ખાતે ભારત અને નોર્વે દ્વારા કરાઇ હતી.

## <u>૨. સુપ્રીમ કોર્ટ : નેવીમાં મહિલા અધિકારીઓને પૂર્ણ સમયની નિયુક્તિની મંજૂરી (સંરક્ષણ)</u>

**<u>ચૂકાદાની મહત્વની બાબતો</u>**

- ✓ પુરુષ અને મહિલા વચ્ચે સમાનતાના મુદ્દે આપેલા એક મહત્ત્વના ચુકાદામાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, ભારતીય નૌકાદળમાં ફરજ બજાવતી મહિલા કર્મચારીઓને પુરુષ કર્મચારી જેટલા જ પૂર્ણ સમયની નિયુક્તિ અને સમાનતાનો અધિકાર છે.
- ✓ <u>જસ્ટિસ ડી વાય ચંદ્રચૂડ અને જસ્ટિસ અજય રસ્તોગીની ડિવિઝન બેન્ચે</u> કેન્દ્ર સરકાર વર્સિસ લે. કોમોડોર એની નાગરાજા અને અન્યો તથા સંબંધિત મામલાઓમાં ચુકાદો આપતાં સરકારને તમામ કાર્યવાહી ૩ મંહિનામાં પૂરી કરવાનો આદેશ આપ્યો હતો.
- ✓ સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, સશસ્ત્ર દળોમાં પુરુષ અને મહિલાઓ સમાનતા માટે ૧૦૧ બહાનાં હોઈ શકે નહીં. સશસ્ત્ર દળોમાં મહિલાઓને પણ પોતાની ક્ષમતા પુરવાર કરવાની તક મળવી જોઇએ.

**<u>આ અંગે દિલ્હી હાઇકોર્ટનો વર્ષ-2015નો ચૂકાદો</u>**

- ✓ દિલ્હી હાઇકોર્ટે ૪ સપ્ટેમ્બર ૨૦૧૫ના રોજ આપેલા ચુકાદામાં જણાવ્યું હતું કે, ઇન્ડિયન નેવીમાં મહિલાઓને કાયમી નિયુક્તિ મળવી જોઇએ.
- ✓ દેશના અન્ય સશસ્ત્ર દળોમાં મહિલા અધિકારીઓને મળે છે તેવા જ અધિકારો ભારતીય નેવીમાં પણ મળવા જોઇએ અને તેમની સાથે લિંગના આધારે કોઇ ભેદભાવ થવા જોઇએ નહીં.
- ✓ મહિલાઓ હવે ભારતીય નૌકાદળમાં પૂર્ણ સમયની સેવાની હકદાર રહેશે અને નિવૃત્તિના તમામ લાભ મેળવી શકશે.

**<u>પરમેનન્ટ કમિશન અને શોર્ટ સર્વિસ કમિશન વચ્ચેનો તફાવત</u>**

- ✓ પરમેનન્ટ કમિશન થતાં મહિલા અધિકારી હવે નિવૃત્તિ સુધી પૂર્ણ સમય માટે ફરજ બજાવી શકશે અને તેને નિવૃત્તિના તમામ લાભ મળશે
- ✓ શોર્ટ સર્વિસ કમિશનમાં હાલ મહિલા ૧૦ વર્ષ સુધી જ છે ફરજ બજાવી શકે છે, તેમનો કાર્યકાળ મહત્તમ ૪ વર્ષ સુધી લંબાવી શકાય છે.

## <u>૩. ઇલેક્ટ્રિકલ વ્હિકલ : EV (પર્યાવરણ)</u>

**<u>અન્ય વિગત :</u>**

- ✓ કેન્દ્ર સરકાર વર્ષ 2020 સુધી 60.70 લાખ ઇલેક્ટ્રીક ગાડીઓના વેચાણનો ટાર્ગેટ પ્રાપ્ત કરવાની યોજના ઘડી રહી છે.
- ✓ ઉદ્યોગમંત્રી પ્રકાશ જાવડેકરે કહ્યું કે નેશનલ ઇલેક્ટ્રિક મોબિલિટી મિશન પ્લાન 2020 દ્વારા આ લક્ષ્ય રાખવામાં આવ્યો.
- ✓ સરકારે ફેમ ઈન્ડિયા યોજનાના બીજા ચરણને મંજૂરી આપી છે. જેમાં 10000 કરોડ રૂપિયાની કુલ બજેટની જોગવાઇ કરાઇ છે.

## <u>૪. વર્લ્ડ ઈકોનોમી : ટોપ 10 દેશોનો 66 ટકા હિસ્સો</u>

- ✓ <u>વિશ્વનું અર્થતંત્ર 86.31 લાખ કરોડ ડોલર એટલે કે અંદાજે 6,214 લાખ કરોડ રૂપિયાનું છે.</u>

✓ વૈશ્વિક જીડીપીનો અંદાજે 66 ટકા હિસ્સો વિશ્વના ટોચના 10 અર્થતંત્રમાં છે. તેમાંથી મોટા ભાગના કોરોનો સામે ઝઝૂમી રહ્યા છે.

| દેશ | જીડીપી | ભાગીદારી | દેશ | જીડીપી | ભાગીદારી |
|---|---|---|---|---|---|
| અમેરિકા | 21.44 | 24.84% | યુકે | 2.74 | 3.17% |
| ચીન | 14.14 | 16.38% | ફ્રાંસ | 2.71 | 3.13% |
| જાપાન | 5.15 | 5.96% | ઈટલી | 1.99 | 2.30% |
| જર્મની | 3.86 | 4.47% | બ્રાઝીલ | 1.85 | 2.14 |
| ભારત | 2.94 | 3.40% | કનાડા | 1.73 | 2% |

(આંકડા: લાખકરોડ ડોલરમાં) સ્રોત: IMF, નાસ્ડેક

<u>૫. સ્વદેશી LCA તેજસ : બેગ્લૂંરૂ ખાતે પ્રથમ સફળ ઉડાન (સંરક્ષણ)</u>

✓ ભારતમાં વિકસિત થયેલા લાઇટ કોમ્બેટ એરક્રાફ્ટ (એલસીએ) તેજસે ફાઇનલ ઓપરેશન ક્લિયરેંસ (એફઓસી) માટે પોતાની પ્રથમ ઉડાન ભરી હતી.

✓ આ ઉડાન દરમિયાન સ્વદેશી ફાઈટર જેટ તેજસ ૪૦ મિનિટ સુધી હવામાં રહ્યું હતું. બપોરે ૧૨.૩૦ કલાકે <u>હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ</u>ના ચીફ ટેસ્ટ પાયલોટ કે. એ. મુથાનાએ બેંગ્લૂરૂમાં તેજસ સાથે ઉડાન ભરી હતી.

✓ <u>તેજસ એરક્રાફ્ટમાં એરટુ એરરિફીલિંગ, બિયોન્ડવિઝયુઅલ રેંજમિસાઇલ જેવી એડવાન્સ ટેકનોલોજી છે.</u>

✓ પ્રથમ એલસીએ તેજસની આ ઉડાન બાદ અન્ય ૧૫ આવા તેજસ એરક્રાફ્ટ બનાવવા માટે મંજૂરી અપાશે

<u>૬. જન્મદિન વિશેષ : ૧૭ માર્ચ અંતરિક્ષની પરી : કલ્પના ચાવલા</u>

<u>જન્મ - ૧૭ માર્ચ -૧૯૬૨ અવસાન – ૧ ફેબ્રુઆરી ૨૦03</u>

✓ આજ તારીખ 17 માર્ચ બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ મુજીબૂર રહેમાન અને અંતરીક્ષ પરી કલ્પના ચાવલાનો જન્મ દિવસ.

✓ રાકેશ શર્મા પછીના બીજા ભારતીય અને <u>ભારતના પહેલાં મહિલા અંતરિક્ષ યાત્રી કલ્પનાનો જન્મ હરિયાણાના કરનાલમાં થયો હતો.</u>

✓ ચાર ભાઈ-બહેનોમાં સૌથી નાનાં કલ્પનાનું હુલામણું નામ મોન્ટુ હતું. પિતા કલ્પનાને ડોક્ટર કે શિક્ષક બનાવવા ઇચ્છતા હતાં જ્યારે તેઓ અંતરિક્ષ ભ્રમણની કલ્પના કરતાં રહેતાં.

✓ કરનાલમાં સ્કૂલિંગ અને ચંદીગઢથી ઇજનેરીનો અભ્યાસ કરી 1928માં અમેરિકાની યુનિ. ઓફ ટેક્સાસથી એરોસ્પેસ એન્જિનિયરિંગમાં પદવી અને 1988માં પીએચ. ડીની ડિગ્રી મેળવી હતી.

✓ 1988માં નાસા સાથે જોડાયાં, 1991માં અમેરિકન નાગરિક બન્યાં. કલ્પના ચાવલા એ તેમની પહેલી અંતરીક્ષ યાત્રા 19 નવે. 1997માં થઈ.

✓ લગભગ 10.4 મિલિયન માઈલ અંતર અને 372થી વધુ કલાકો સ્પેસમાં રહ્યાં. પરંતુ તેમની 2003માં કરેલી બીજી અંતરીક્ષ યાત્રા સફળ ન રહી.

✓ 1 ફેબ્રુઆરી 2003ના રોજ તેમનું યાન પૃથ્વીની કક્ષામાં પ્રવેશ કરતાં જ તૂટી પડ્યું.

✓ "હું અંતરીક્ષ માટે બની છું, પ્રત્યેક ક્ષણ અંતરીક્ષ માટે વીતાવી છે અને તેના માટે જ મરીશ" જેવાં ખુદ કલ્પનાનાં શબ્દો સાચા સાબિત થયાં.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૭-૦૩-૨૦૨૦)</u>

1. કોરોના વાયરસ સામે રક્ષણ માટે વિશ્વમાં પ્રથમવાર કઈ રસી સાથે ટ્રાયલ શરૂ થયો છે તેનું નામ જણાવો- **<u>mRNA-1273</u>**
2. કોરોના વાયરસ સામે રક્ષણ માટે વિશ્વમાં પ્રથમવાર કયા શહેર- દેશમાં નવી શોધાયેલી રસી સાથે ટ્રાયલ શરૂ થયો છે - **<u>સિએટલ, અમેરિકા</u>**
3. કોરોના વાઇરસ સામે mRNA-1273 રસીનું કઈ સંસ્થા દ્વારા તાજેતરમાં પરીક્ષણ હાથ ધરાયું - **<u>કાઈસાર પરમેનન્ટ વોશિંગ્ટન હેલ્થ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ: સિએટલ</u>**
4. અમેરિકા દ્વારા હાથ ધરવામાં આવેલ વિશ્વની સૌપ્રથમ કોરોના વાયરસની રસી પરિક્ષણમાં કયા દેશ દ્વારા સ્થાપિત કયા સંગઠનને સમર્થન આપ્યું છે - **<u>ભારત અને નોર્વે તેમજ કોએલિશન ફોર એપિડેમિક પ્રિપેર્ડનેસ ઈનોવેશન્સ</u>**
5. તાજેતર માર્ચ 2020માં સુપ્રીમ કોર્ટ દ્વારા કયા સુરક્ષા દળોમાં મહિલા અધિકારીઓને પૂર્ણ સમયની નિયુક્તિની મંજૂરી અપાઈ - **<u>ભારતીય નૌકાદળ</u>**
6. સુરક્ષા દળોમાં શોટ સર્વિસ કમિશનમાં કેટલા વર્ષ સુધી ફરજ બજાવી શકાય છે- <u>10 વર્ષ</u>
7. કેન્દ્ર સરકાર દ્વારા વર્ષે 2020માં કેટલી ઇલેક્ટ્રોનિક ગાડીઓ વેચવાનો લક્ષાંક નક્કી કરાયો છે - <u>60.70 લાખ</u>

8. કેન્દ્ર સરકાર દ્વારા કયા મિશન અંતર્ગત ઇલેક્ટ્રોનિક વાહનો વેચવામાં આવશે - **નેશનલ ઈલેક્ટ્રીક મોબિલીટી મિશન પ્લાન-2020**
9. કેન્દ્ર સરકારે ફેમ ઇન્ડિયા યોજના અંતર્ગત કયા ચરણની મંજૂરી આપી છે અને બજેટમાં કેટલી રકમની જોગવાઇ કરી છે - **બીજું ચરણ અને 10,000 કરોડ**
10. IMFના આંકડા મુજબ વર્લ્ડ ઈકોનોમીમાં વિશ્વના ટોપ-10 દેશોનો કેટલા ટકા છે- **66%**
11. IMFના આંકડા મુજબ વર્લ્ડ ઈકોનોમીમાં વિશ્વમાં સૌથી મોટી ઈકોનોમી ધરાવતો દેશ અને માર્ચ 2020ની સ્થિતિએ જીડીપીમાં તેની ટકાવારી જણાવો- **અમેરિકા અને 21.44%**
12. તાજેતર માર્ચ-2020માં બેંગલુરૂ ખાતેથી કયા સ્વદેશી યુદ્ધ વિમાને ફાઈનલ ઓપરેશન કિલયરેંસ માટે અંતિમ ઉડાન ભરી - **LCA તેજસ**
13. HALની મદદથી આગામી સમયમાં ભારતમાં કેટલા નવા LCA તેજસનું નિર્માણ કરવામાં આવશે- **15**
14. HALનું વિસ્તૃત નામ જણાવો -**હિન્દુસ્તાન એરોનોટિકસ લિમિટેડ**
15. ભારતની અંતરિક્ષ પરી કલ્પના ચાવલાનો જન્મ દિવસ જણાવો - **17 માર્ચ- 1962**
16. કલ્પના ચાવલાનો જન્મ કયા શહેરમાં થયો હતો - **કરનાલ( હરિયાણા)**
17. નાસાના પૃથ્વી ઉપર પ્રવેશતા તૂટી પડેલા કયાં અવકાશયાનમાં અવકાશયાત્રી કલ્પના ચાવલાનું 01.02.2003ના રોજ અવસાન થયું હતું - **કોલંબિયા યાન**

## 18-03-2020

**૧. કોરોના વાયરસ : ભારતમાં ખાનગી કંપનીને પણ કોરોના ટેસ્ટની મંજૂરી**

**કંપની :** રોસ ડાયગ્નોસ્ટિક્સ ઇન્ડિયા (મૂળ સ્વિસ કંપની)

**અન્ય વિગત :**

- ✓ સરકારે સ્વિસ કંપની રોસ ડાયગ્નોસ્ટિક્સ ઇન્ડિયાને ભારતમાં કોરોનાના ટેસ્ટ કરવાની પરવાનગી આપી દીધી છે.
- ✓ ડીજીસીઆઇ બાયોમેરિક્સને પણ ટેસ્ટનું લાઇસન્સ આપવાની તૈયારી કરી રહ્યું છે. સરકારે તાજેતરમાં જ જણાવ્યું હતું પ્રાઇવેટ લેબને પણ કોરોના વાઇરસના ટેસ્ટની પરવાનગી અપાશે.

**૨. એથ્લેટ ફોર રિલીફ**

**વિશ્વમાં COVID-19ના પીડિતો માટે ઓલિમ્પિયનસે ખજાનો ખુલ્લો મૂક્યો**

રમત જગતની એક વિશેષ પહેલ

**પહેલ કરનાર**

- ✓ જીમનાસ્ટ સિમેના બાઈલ્સ અને સ્વિમર માઈકલ ફલેપ્સે પહેલ કરી
- ✓ વિજેતા વસ્તુઓની હરાજી કરી તે રકમ દાનમાં આપશે
- ✓ ફૂટબોલર રુડી ગોબર્ટ NBAના કર્મચારી માટે 5 લાખ ડોલરનું ફંડ આપ્યું
- ✓ આ અભિયાનમાં કુલ -70થી વધુ ખેલાડી જોડાયા

**૩. વૈશ્વિક બાબતો : હવે ઇન્ડિયન આર્મી વિશ્વની સૌથી મોટી સેના (સંરક્ષણ)**

- ✓ અગાઉ ચીન પ્રથમ ક્રમે હતું

**ભૂમિદળમાં વિશ્વના ટોપ દેશ**

1. ભારત સંખ્યા -12.40 લાખ
2. ઉત્તર કોરિયા - 11 લાખ
3. ચીન - 9.8 લાખ

**કારણ -**

- ✓ વર્ષ 2015માં સૈન્ય સુધારાની શરૂઆત કર્યા બાદ ચીની સેનાએ થિયેટર કમાન્ડ માળખું અપનાવી 3 લાખ સૈનિકો ઘટાડ્યા
- ✓ વિવેકાનંદ એકેડમી, સે.૨૨, ગાંધીનગર મો.નં. 99256 98721

**૪.સંરક્ષણ મંત્રાલય : IAF માટે રૂ. ૩૮ હજાર કરોડના સંરક્ષણ સોદાને મંજૂરી**

**અન્ય વિગતો :**

- ✓ આશરે રૂ. ૩૮ હજાર કરોડના સંરક્ષણ સોદાઓને મંજૂરી આપી હતી. આ સોદા આધુનિક તેજસ જેટ્સની ખરીદી

માટે કરવામાં આવશે. આશરે ૮૩ જેટલા તેજૂસ જેટ્સની ખરીદી કરવામાં આવશે જેનાથી સૈન્યની તાકાત વધશે.

- ✓ મેઈક ઈન્ડિયાને પ્રોત્સાહન આપવા આ ૮૩માંથી ૪૦ જેટ્સ માટે એચએએલની સાથે કરારો થયા છે.
- ✓ આ ખરીદીથી મેક ઇન ઇન્ડિયાને પણ પ્રોત્સાહન મળશે તેવો દાવો સરકારે કર્યો હતો કેમ કે મોટા ભાગના જેટ્સનું ઉત્પાદન ભારતમાં જ કરવામાં આવશે.
- ✓ ડીલના ત્રણ વર્ષ બાદ એચએએલ એમકે-૧એ જેટનો પહેલો સેટ આપવાનું શરૂ કરી દેશે. એટલે કે હાલ જે ડીલ થવા જઈ રહી છે તે થયા બાદ ત્રણ વર્ષ પછી આ વિમાન સૈન્યને મળશે.
- ✓ હાલ ઇન્ડિયન એર ફોર્સ પાસે યુદ્ધ વિમાનોની અછત છે.
- ✓ જે વિમાનો છે તે પણ જુની પદ્ધતીથી કામ કરી રહ્યા છે તેથી આધુનિક વિમાનોની તાતી જરૂરિયાત હોવાને કારણે સંરક્ષણ મંત્રાલયે આ મંજૂરી આપી હતી.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૮-૦૩-૨૦૨૦)

1. કોરોના વાઈરસના ટેસ્ટ માટે ભારત સરકારે કયા દેશની કઈ કંપનીને મંજૂરી આપી છે - **રોસ ડાયગ્નોસ્ટિક્સ ઈન્ડિયા-સ્વિસ.**
2. વિશ્વના 70થી વધુ ઓલિમ્પિક ખેલાડીઓ દ્વારા કોરોના ગ્રસ્ત લોકોને મદદ માટે કયું અભિયાન શરૂ કર્યું છે - **"એથ્લેટ્સ ફોર રિલીફ"**
3. માર્ચ 2020ની સ્થિતિએ વિશ્વમાં સૌથી વધુ જવાનો ધરાવતું સૈન્ય કયા દેશ પાસે છે- **ભારત**
4. તાજેતરના અહેવાલ મુજબ વર્ષ 2015થી કયા દેશ દ્વારા તેના ભૂમિદળની સંખ્યામાં ઘટાડો કરવાનો પ્રારંભ કર્યો હતો - **ચીન**
5. માર્ચ 2020ની સ્થિતિએ સૌથી વધુ સૈન્ય જવાનો ધરાવતા વિશ્વના પ્રથમ ત્રણ દેશો જણાવો - **ભારત, ઉત્તર કોરિયા અને ચીન**
6. ભારતના સંરક્ષણ મંત્રાલય દ્વારા માર્ચ-2020માં અંદાજે કેટલા હજાર કરોડના સંરક્ષણ સોદાને મંજૂરી અપાઈ- **રૂ. 38,000 કરોડ**
7. તાજેતરમાં થયેલા સંરક્ષણ સોદામાં મેઈક ઇન ઇન્ડિયાને પ્રોત્સાહન આપવા કુલ-83માંથી કેટલા યુદ્ધ વિમાનો માટે કઈ સંસ્થા સાથે કરાર કર્યા- **40 અને HAL**
8. તાજેતરમાં સંરક્ષણ મંત્રાલય દ્વારા કરેલા રૂ.38,000 કરોડના સોદામાં કયા સ્વદેશી યુદ્ધ વિમાનોનું પણ નિર્માણ કરવામાં આવશે- **LCA તેજસ**
9. ભારત પાસે માર્ચ-૨૦૨૦ની સ્થિતિએ વિશ્વના સૌથી મોટા ભૂમિદળમાં અંદાજે કેટલા સૈનિકો સેવા આપી રહ્યાં છે – **૧૨.૪૦ લાખ**
10. માર્ચ-૨૦૨૦માં કયા ભારતીય સંરક્ષણ દળ માટે રૂ. ૩૮ હજાર કરોડની મંજૂરી અપાઈ – **ભારતીય વાયુદળ**

## 19-03-2020

### ૧. કોરોના વાઈરસ (આરોગ્ય)

**અમદાવાદની કંપનીને દેશમાં સૌપ્રથમવાર કોરોના વાઈરસની કીટ બનાવવાની મંજૂરી**

**અન્ય વિગતો**

- ✓ સમગ્ર દેશમાં અમદાવાદમાં સ્થિત કંપની કો-સારા ડાયગ્નોસ્ટિક્સ પ્રાઈવેટ લિમિટેડને સૌ પ્રથમ કોરોના વાઈરસ સંબંધિત ટેસ્ટ કિટ બનાવવા માટેનુ લાયસન્સ આપવામાં આવ્યું છે.
- ✓ સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશનને (CDSCO) કંપની દ્વારા ફેબ્રુઆરીમાં અરજી કરાયેલી, જેને મંજૂરી આપવામાં આવી છે.
- ✓ કોરોના વાઈરસના ટેસ્ટ માટે આરટીઆર પીસીઆર મશીનમાં વપરાતા રિએજન્ટ કિટ્સનું ઉત્પાદન આ કંપની કરશે.
- ✓ આ કિટને વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીના પ્રોફેસર મોદીની દિકરી મયુરંકીએ આ સસ્તી અને સરળતાથી ઉપયોગમાં લેવાઈ તેવી કિટ બનાવી છે.
- ✓ કોરોના વાઈરસના ટેસ્ટ માટે ઉપયોગમાં લેવામાં આવતા પોલીમેરાઝ ચેઈન રિએક્શન (PCR) મશીનમાં નાસોફેરિન્જીઅલ ઓરોપેરિન્જીઅલ સ્વાબ અને સિરમ સેમ્પલ્સની તપાસથી કોરોના વાઈરસનું પરીક્ષણ થાય છે.

### ૨. નોવેલ કોરોના સામે વડાપ્રધાન મોદીનું દેશવાસીઓને 'જનતા કરફ્યુ' માટે આહ્વાન

**તા. 22મી માર્ચ 2020ને રવિવારના રોજ સવારે 7.00 થી રાત્રે 9.00 વાગ્યા સુધી ઘરમાં જ રહીને જનતા કરફ્યુ રાખીએ.**

- ✓ **જનતા કરફ્યુ :** જનતા માટે જનતા દ્વારા ખુદ પર લગાવેલો કરફ્યુ.
- ✓ સૂત્ર : 'હમ સ્વસ્થ તો જગ સ્વસ્થ'

**વડાપ્રધાનનો દેશ જોગ પ્રજા સંદેશ**

- ✓ જનતા સંકલ્પ કરી સંયમ રાખો
- ✓ નાગરિકના કર્તવ્યનું પાલન કરીને સરકારી આદેશોનું પાલન કરીશ
- ✓ જાતે સ્વસ્થ રહેવું જરૂરી, હમ સ્વસ્થ તો જગ સ્વસ્થ
- ✓ ભીડથી બચો, મોટી સંખ્યામાં એકઠાં ન મળો, ઘરોમાં જ રહો
- ✓ સોશિયલ ડિસ્ટન્સિંગ અત્યંત મહત્વનું, કામ સિવાય ઘરની બહાર ના નીકળો
- ✓ બચી જઇશ એમ માનવું પોતાની અને પરિવાર સાથે અન્યાય
- ✓ સંભવિત હોય ત્યાં સુધી ઘેરથી જ કામ કરો, સિનિયર સિટિઝનને ઘરમાં જ રાખો.

**કેન્દ્ર સરકારની એડવાઇઝરી**

- ✓ ૬૫ વર્ષથી વધુ વયના તમામ સિનિયર સિટિઝન્સ અને ૧૦ વર્ષથી નાનાં તમામ બાળકોને ઘરમાં જ રહેવાની સલાહ
- ✓ ૨૨ માર્ચથી એક સપ્તાહ સુધી ઇન્ટરનેશનલ ફ્લાઇટને ભારતમાં લેન્ડિગની પરવાનગી નહીં
- ✓ રાજ્ય સરકારો ઇમર્જન્સી જરૂરી સેવાઓ સિવાયના કર્મચારીઓને વર્ક ફ્રોમ હોમનો આદેશ આપે
- ✓ પ્રાઇવેટ સેક્ટરની કંપનીઓ તેના કર્મચારીઓને વર્ક ફ્રેમ હોમ શરૂ કરાવે
- ✓ સિનિયર સિટિઝન કન્સેશન ટિકિટ રેલવેએ બંધ કરી

**કેન્દ્ર દ્વારા કોવિડ-૧૯ ઇકોનોમિક ટાસ્ક ફોર્સની રચના**

- ✓ વડાપ્રધાને જણાવ્યું કે,કોરોના વાઇરસની અર્થતંત્ર પર ગંભીર અસર પડી છે.સરકારે પડકારોનો સામનો કરવા માટે કોવિડ-૧૯ ઇકોનોમિક ટાસ્ક ફોર્સની રચના કરી છે.
- ✓ આ ટાસ્ક ફોર્સ દેશમાં સ્થિતિની સમીક્ષા કરીને નિર્ણયો લેશે અને તેનો અમલ કરાવવાની જવાબદારી પણ ટાસ્ક ફોર્સ પર રહેશે.
- ✓ પીએમ મોદીએ નાગરિકોને હોસ્પિટલો અને ડોક્ટરો પર દબાણ ન સર્જવા અપીલ કરતા જણાવ્યું હતું કે, અત્યંત જરૂરી હોય તો તમારા ફેમિલી ડોક્ટર, પરિવારના ડોક્ટર સભ્યની સલાહ લેજો.

### 3. NASA : અવકાશ વિજ્ઞાન (કુદરતી આપત્તિ)

- ✓ ઉલ્કાપિંડ (નાનો તારો) ઝડપથી પૃથ્વી તરફ આવી રહ્યો હોવાનો નાસાના વિજ્ઞાનીઓનો દાવો

**અવકાશી પદાર્થનું નામ-** 52768 (1998 OR-2)

- ✓ **કદ-** એવરેસ્ટ કરતાં પણ અનેક ગણો મોટો
- ✓ અવકાશ પદાર્થની ઝડપ 31,319 કિલોમીટર પ્રતિ કલાક.
- ✓ એક સંભાવના મુજબ આ પદાર્થ પૃથ્વીથી 64 કી.મી.ના અંતરેથી પસાર થશે.

### ૪. આધારકાર્ડ : ભારતમાં ૯૦ ટકા વસ્તીને આધારકાર્ડ અપાયા

- ✓ ફેબ્રુઆરી 2020ની અંત સુધીની સ્થિતિ.
- ✓ લોકસભામાં કેન્દ્ર સરકારે માહિતી આપી

### ૫. ગુજરાત પોલીસનો નવતર પ્રયોગ : ટેઝર ગન (સુરક્ષા)

- ✓ નાગરિકોની સુરક્ષા અને કાયદો વ્યવસ્થાની જાળવણી માટે ભારતમાં પ્રથમવાર ગુજરાત પોલીસ દ્વારા 25 ટેઝર ગનની ખરીદી
- ✓ **પ્રકાર**-અત્યાધુનિક નોન-લીથલ પ્રકારનું હથિયાર

**ટેઝર ગન વિશે**

- ✓ કાયદો વ્યવસ્થાની જાળવણી તથા ગુનેગારોને પકડતી વખતે પોલીસ લાઠીચાર્જ તથા અશ્રુવાયુનો ઉપયોગ કરે છે. જોકે તેમાં નાગરિકો અને ગુનેગારોને ઈજા થતી હોવાથી પોલીસે અન્ય વિકલ્પ તરીકે ટેઝર ગનની પસંદગી કરીને તેની ખરીદી કરી છે.
- ✓ ટેઝર ગનથી ટાર્ગેટના શરીરમાં વીજપ્રવાહનું પરિવહન થતા થોડીવાર માટે તેના સ્નાયુઓ જકડાઈને, નિષ્ક્રિય થઈ જાય છે. આમ તેને ઈજા પહોંચાડ્યા વિના જીવતા પકડી શકાય છે.

**કાર્ય-ઉપયોગ**

- ✓ વિકસિત દેશોમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ટેઝર ગનનો ઉપયોગ કરાય છે.
- ✓ ટેઝર ગનની કારતુસમાં રહેલા ઈલેકટ્રીક પ્રોબને કમ્પ્રેસ્ડ નાઈટ્રોજનની મદદથી ફાયર કરવામાં આવે છે. જે ઈલેકટ્રીક પ્રોબ દ્વારા ટાર્ગેટના શરીરમાં વીજપ્રવાહનું

પરિવહન થતા તે વ્યક્તિના સ્નાયુઓ થોડીવાર માટે નિષ્ક્રિય થઈ જાય છે.

- ✓ જેને પગલે તેને ઈજા કર્યા વિના જીવતા જ ઝડપી શકાય છે.
- ✓ ઈલેક્ટ્રીક શોકની અસર ઓછી થતા તે ફરીથી મુળ સ્થિતિમાં આવીને સ્વસ્થ થઈ જાય છે.
- ✓ આ ગનથી દરેક કારતુસમાંથી બે વખત ઈલેક્ટ્રીક પ્રોબ ફાયર કરી શકાય છે. તથા બન્ને વખત ફાયર થયા બાદ તાત્કાલિક કોઈ પણ સમયે કારતુસ બદલી શકાય છે.

**હેતુ**

- ✓ ગુજરાત પોલીસ દ્વારા ભારતમાં પહેલીવાર ટેઝર ગન જેવા અત્યાધુનિક નોન-લીથલ પ્રકારનું હથિયાર વસાવવામાં આવ્યું છે.
- ✓ મોટેભાગે કાયદો અને વ્યવસ્થાની જાળવણી તથા ગુનેગારોની પકડવાની કામગીરી વખતે પોલીસ પર જરૂર કરતા વધારે બળ વાપરવા તથા બિનજરૂરી જાનહાની કરવા અંગેના આક્ષેપો થાય છે.
- ✓ પોલીસ પાસે આવી પરિસ્થિતીમાં લાઠીચાર્જ, અશ્રુવાયુ તથા ઘાતક હથિયારોનો ઉપયોગ કર્યા સિવાય બીજો કોઈ વિકલ્પ રહેતો નથી.
- ✓ જેમાં નાગરિકો અને ગુનેગારોને ઈજા તથા જાનહાની થવાની શક્યતા રહે છે.

**૬. બંધારણ : રાજ્યસભામાં ૧૨ સભ્યો નોમીનેટ થઇ શકે**

**પૂર્વ CJI શ્રી રંજન ગોગોઈની રાજ્યસભામાં સાંસદ તરીકે શપથ વિધિ યોજાઈ**

**બંધારણમાં જોગવાઈ**

- ✓ ભારતમાં રાજ્યસભામાં બંધારણની કલમ ૮૦ મુજબ સભ્યોની મહત્તમ સંખ્યા ૨૫૦ નક્કી કરાઈ છે. તેમાંથી ૧૨ સભ્યોની નિમણૂક રાષ્ટ્રપતિ પોતે કરે છે.
- ✓ રાષ્ટ્રપતિને વિવિધ ક્ષેત્રોમાંથી ૧૨ પ્રતિષ્ઠિત લોકોને રાજ્યસભામાં નોમિનેટ કરવાનો અધિકાર છે.
- ✓ આ લોકોએ ચૂંટણી લડવાની નથી હોતી.
- ✓ રંજન ગોગોઈની નિમણૂક આ કેટેગરીમાં થઈ છે.
- ✓ બાકીના ૨૩૮ સભ્યો રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રતિનિધિઓ દ્વારા ચૂંટાય છે.
- ✓ **સભાપતિ**-શ્રી વૈંકેયા નાયડુ (ઉપરાષ્ટ્રપતિ)

**૭. વૈશ્વિક આતંકવાદ : USAએ દ્વારા ISના નવા પ્રમુખ આમિર મોહમ્મદ અબ્દુલ રહમાન અલ-માલવીનું નામ બ્લેક લિસ્ટમાં સામેલ કરાયું**

- ✓ USA દ્વારા તેની માહિતી આપનારે ૫૦ લાખ ડોલરના ઇનામની જાહેરાત
- ✓ IS - ઇસ્લામિક સ્ટેટ

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૧૯-૦૩-૨૦૨૦)**

1. ભારત સરકાર દ્વારા દેશમાં સૌપ્રથમવાર કોરોના વાયરસની કીટ બનાવવાની મંજૂરી કઇ કંપનીને અપાઈ- **કો-સારા ડાયગ્નોસ્ટિક્સ પ્રા. લિ., અમદાવાદ**
2. કો-સારા ડાયગ્નોસ્ટિક્સ પ્રા. લિ.- અમદાવાદ દ્વારા કોરોના વાઇરસ સામે રક્ષણ માટે કઈ કીટ તૈયાર કરવામાં આવશે- **રિએજન્ટ કિટ્સ**
3. ભારતમાં કોરોના વાઇરસ સામે લડવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા તા. 22 માર્ચના રોજ લોકોને સ્વયંભૂ જોડાવા કઈ અપીલ કરાઈ- **જનતા કરફ્યુ**
4. કોરોના સામે રક્ષણ માટે ભારતમાં સ્વેચ્છાએ જનતા કરફ્યુનો સમયગાળો કયો નક્કી કરાયો- **સવારે 7 થી રાત્રે 9 કલાક**
5. ભારતમાં કોરોના સામે સાવચેતીના હેતુથી જનતા કરફ્યુ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા કયું સૂત્ર અપાયું-" **હમ સ્વસ્થ તો જગ સ્વસ્થ**"
6. કોરોના સામે લડવા કેન્દ્ર સરકાર દ્વારા કઈ એક ટાસ્ક ફોર્સની રચના કરાઈ - **COVID-19 ઇકોનોમિક ટાસ્ક ફોર્સ**
7. તાજેતરમાં અમેરિકાની અવકાશ એજન્સી NASAના અહેવાલ મુજબ સંભવિત એપ્રિલ-2020માં કયો ઉલ્કા પિંડ પૃથ્વીની ખૂબજ નજીકથી પસાર થશે જે પૃથ્વીની નુકસાન પહોંચાડી શકે છે - **52768(1998 OR-02)**
8. તાજેતરમાં અંદાજપત્ર સત્ર-2020 દરમિયાન સંસદમાં અપાયેલી માહિતી મુજબ ફેબ્રુઆરી 2020ની સ્થિતિ કેટલા ટકા લોકોને આધારકાર્ડ અપાયા - **90%**
9. ભારતમાં તાજેતરમાં જ સૌપ્રથમ ટેઝર ગન ખરીદનાર રાજ્ય અને વિભાગનું નામ જણાવો - **ગુજરાત અને પોલીસ વિભાગ**

10. ટેઝર ગન ચલાવવાથી ટાર્ગેટને સામે શું અસર થાય છે - **શરીરમાં વીજ પ્રવાહનું પરિવહન થતાં થોડાક સમય માટે સ્નાયુઓ જકડાઈને શિથિલ થઈ જાય**
11. ભારતીય બંધારણની કઈ કલમ અનુસાર રાજ્યસભામાં 12 સભ્યો રાષ્ટ્રપતિ દ્વારા નિયુક્ત કરવામાં આવે છે- 80
12. રાજ્યસભાના સભાપતિનું નામ જણાવો - **ઉપરાષ્ટ્રપતિ- શ્રીવેંકૈયા નાયડુ**
13. તાજેતરમાં યુએસએ દ્વારા આઇએસના કયા વડાને બ્લેક લિસ્ટમાં મુક્યો છે જેની માહિતી આપનાર માટે 50 લાખ ડોલરના ઇનામની જાહેરાત કરી છે - **આમિર મોહમ્મદ અબ્દુલ રહેમાન અલ-માલવી**

## 20-03-2020

### ૧. WHO અહેવાલ – કોરોના વાયરસ : ભારતમાં કોરોનાનું સંક્રમણ સ્થાનિક સ્તરે પહોંચ્યું

**કમ્યુનિટી લોકલ ટ્રાન્સમિશન એટલે શું ?**

- ✓ કોરોના સંક્રમિત વ્યક્તિ જે તે ભૌગોલિક સ્થળ ખાતે હાજર હોય
- ✓ **ખાસ-** વિશ્વમાં પહેલાં 1 લાખ કેસ 3 મહિનામાં બીજા એક લાખ કેસ 12 દિવસમાં નોંધાયા

### ૨. વરિષ્ઠ નાગરિક કલ્યાણ ફંડ (આર્થિક બાબતો)

- ✓ નવો વ્યાજ દર – ૬.૮૫ ટકા
- ✓ અગાઉનો વ્યાજ દર – ૭.૯ ટકા

**સમગચાળો**

- ✓ સરકારે સિનિયર સિટિઝન્સ વેલ્ફર ફંડમાં જમા કરાવેલી રકમ પર વ્યાજદરમાં ઘટાડો કર્યો છે અને હાલના ૭.૯ ટકા વ્યાજદરના બદલે હવે ૬.૮૫ ટકા વ્યાજ મળશે.
- ✓ ૧ એપ્રિલ, ૨૦૧૯થી ૩૧ માર્ચ ૨૦૨૦ સુધી જમા રકમ પર હવે ૬.૮૫ ટકા વ્યાજ મળશે.
- ✓ આ પહેલાં ૧ એપ્રિલ, ૨૦૧૮થી ૩૧ માર્ચ, ૨૦૧૯ સુધી વ્યાજદર ૭.૯ ટકા હતો.

**વરિષ્ઠ નાગરિક કલ્યાણ ફંડ**

- ✓ ફાઇનાન્સ એક્ટ, ૨૦૧૫ હેઠળ સિનિયર સિટિઝન્સ વેલ્ફર ફંડની સ્થાપના કરાઈ.
- ✓ આ ફંડની સ્થાપના એટલા માટે કરાઈ હતી કે-સિનિયર સિટિઝનોથી સંબંધિત તમામ યોજનાઓને એમના હિતમાં ઉપયોગમાં લેવામાં આવે.
- ✓ નાની બચત યોજના, એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફન્ડ, પબ્લિક પ્રોવિડન્ટ ફન્ડ સ્કીમ અને જીવન અને નોન જીવન વીમા યોજના, કોલ માઈડ પ્રોવિડન્ટ ફંડને સિનિયર સિટિઝન્સના વેલ્ફર ફંડમાં સામેલ કરી શકાય.
- ✓ ૨૦૧૯ના ડિસેમ્બર સુધીમાં આમાં ૪૧૦ કરોડ રૂપિયા જમા હતા.
- ✓ કેન્દ્ર ૨૦૧૫ના નાણાકીય અધિનિયમ હેઠળ સિનિયર સિટિઝન વેલ્ફર ફંડ અધિનિયમને લાગુ કરીને આ ભંડોળની રચના કરી હતી.
- ✓ આ ભંડોળનો ઉપયોગ સિનિયર સિટિઝનોની સુવિધા માટે ખર્ચ કરવામાં આવનાર હતો.

### ૩. ખેલકૂદ : ભારતના મહાન ફૂટબોલર લિજેન્ડ તથા ઓલિમ્પિક સુકાની પ્રદિપકુમાર (પી.કે.) બેનરજીનું કોલકત્તા ખાતે 83 વર્ષની વયે નિધન

**પ્રદીપકુમાર બેનર્જીનો પરિચય**

- ✓ જન્મ સ્થળ – જલપાઈગુડી જન્મ - 23/06/1936
- ✓ અવસાન - 20/03/2020 પોઝિશન : સ્ટ્રાઈકર
- ✓ યુથ ફેરિયર : બિહાર (૧૯૫૧)
- ✓ કલબ: આર્યન એફસી (૧૯૫૪), પૂર્વીય રેલવે એફસી (૧૯૫૫ થી ૬૭)

**ફૂટબોલમાં શ્રી બેનરજીની સિદ્ધિઓ**

- ✓ વર્ષ-1962ના ગોલ્ડ વિજેતા બેનરજી
- ✓ ભારતીય ફૂટબોલના ગોલ્ડન યુગના સાક્ષી.
- ✓ ઈ.સ. ૧૯૫૫માં ઢાકા (બાંગ્લાદેશ)માં રમાયેલી ચતુષ્કોણીય શ્રેણીથી આંતરરાષ્ટ્રીય કારકિર્દીનો પ્રારંભ કર્યો.
- ✓ ૧૯ વર્ષની ઉંમરે પીકે બેનર્જીએ ટુર્નામેન્ટમાં પાંચ ગોલ ફટકાર્યા ભારતને ચેમ્પિયન બનાવવામાં મહત્વની ભૂમિકા
- ✓ ઈ.સ. ૧૯૫૬ના મેલબોર્ન ઓલિમ્પિકમાં ભાગ લીધો. ઓસ્ટ્રેલિયાને ક્વાર્ટર ફાઈનલમાં ૪-૨થી હરાવનારી ટીમમાં સામેલ હતા.
- ✓ ઈ.સ. ૧૯૬૦ના રોમ ઓલિમ્પિકમાં ભારતીય ટીમના કેપ્ટન તરીકે ભાગ લીધો અને ફ્રાન્સ સામે ૧-૧થી ડ્રો થયેલી મેચમાં એકમાત્ર ગોલ ફટકાર્યો.

- ✓ ૧૯૫૮ ટોકિયો, ૧૯૬૨ જકાર્તા અને ૧૯૬૬ બેંગ્કોક એશિયન ગેમ્સમાં ભાગ લીધો, જેમાંથી ૧૯૬૨ની જકાર્તા એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનારી ટીમમાં સામેલ.
- ✓ ફાઈનલમાં ભારતે ૨-૧થી સાઉથ કોરિયાને હરાવ્યું, તે મેચમાં બેનર્જીએ ગોલ ફટકાર્યો.
- ✓ કુઆલાલુપુરમાં યોજાતા મેર્ડેકા કપમાં ત્રણ વખત દેશનું પ્રતિનિધિત્વ કર્યું.
- ✓ ઈ.સ. ૧૯૫૮ અને ૧૯૬૪માં સિલ્વર મેડલ જીતનારી અને ઈ.સ. ૧૯૬૫માં બ્રોન્ઝ જીતનારી ટીમમાં સામેલ હતા.

**વિવિધ એવોર્ડ**

- ✓ ૧૯૬૧માં અર્જુન એવોર્ડ શરૂ કરાયો ત્યારે તે મેળવનારા કેટલાક શરૂઆતના ખેલાડીઓમાં તે સામેલ હતા.
- ✓ ૧૯૯૦માં પદ્મશ્રી એનાયત થયો હતો.
- ✓ ૧૯૯૦માં ફિફા તેમને ફેર પ્લે એવોર્ડ એનાયત કર્યો હતો. જે અત્યાર સુધી ભારતના કોઈ ખેલાડીને મળેલું આવું એકમાત્ર સન્માન છે.
- ✓ ૨૦૦૪માં ફિફાએ તેમને ભારતના ૨૦મી સદીના શ્રેષ્ઠ ફૂટબોલર જાહેર કરતાં તેમને સેન્ટેનિયલ ઓર્ડર ઓફ મેરિટ એનાયત કર્યું હતુ.

## ૪. MyGov Corona HelpDesk : કેન્દ્ર સરકાર દ્વારા વોટ્સએપ પર હેલ્પ ડેસ્કનો પ્રારંભ કરાવાયો

**હેલ્પ ડેસ્કની વિગતો**

- ✓ કેન્દ્ર સરકારે વોટસએપ પર MyGov Corona Helpdesk શરૂ કરી હતી. આ ચેટબોટ તમામ યૂઝર્સ માટે ઉપલબ્ધ.
- ✓ આ માટે યૂઝરે કોન્ટેકટ લિસ્ટમાં ૯૦૧૩૧૫૧૫૧૫ નંબર સેવ કરી હેલ્પડેસ્કને મેસેજ મોકલવાનો રહેશે.
- ✓ સરકારે કોરોનાની માહિતી માટે હેલ્પલાઇન નંબર ૧૦૭૫ જારી કર્યો છે .

## ૫.નિર્ભયા ગેંગરેપ હત્યા કેસ (ન્યાયતંત્ર)

**ચારેય દોષિતોને તા.20/03/2020ના રોજ સવારે 5.30 કલાકે ફાંસી અપાઈ**

- ✓ સ્થાન – તિહાર જેલ, નવી દિલ્હી
- ✓ દુ:ખદ ઘટના – તા.16/12/2012, નવી દિલ્હી

## ૬. કોરોનાની ઓળખ માટે થતો PCR ટેસ્ટ શું છે

- ✓ પીસીઆર એટલે - પોલિમરાઈઝ ચેઈન રિએક્શન.
- ✓ આ શબ્દ મેડિકલ સાયન્સનો છે, પરંતુ તેનો સામાન્ય અર્થ વસતી વધારો એવો કરી શકાય. પોલિમર શબ્દનો અર્થ જ સંખ્યાબંધ ઉત્પાદન એવો થાય છે.
- ✓ સાદા શબ્દોમાં કહીએ તો પીસીઆર દ્વારા ખબર પડે કે વાઈરસ શરીરમાં ઘૂસીને જથ્થાબંધ ઉત્પાદન કરવા લાગ્યો છે કે નહીં.

**ટેસ્ટની પ્રક્રિયા**

- ✓ ટેસ્ટ માટે શંકાસ્પદ વ્યક્તિના ડીએનએનો નમૂનો (જે મોટે ભાગે લાળમાંથી મળી રહે) લેવામાં આવે છે.
- ✓ કોઈ પણ વાઈરસે શરીરને કંઈ નુકસાન કરવું હોય તો એ ડીએનએ મારફત જ કરી શકે. માટે ડીએનએમાં વાઈરસની હાજરી હોય જેની વર્તણૂક નોંધવામાં આવે છે.
- ✓ મનુષ્ય અને બીજા તમામ સજીવોનું શરીર કોષનું બનેલું છે. કોષનું ઉત્પાદન સતત થતું રહે છે. ઉત્પાદન બંધ થાય ત્યારે મૃત્યુ થાય.
- ✓ વાઈરસનું કામ ડીએનએમાં રહેલી કોષ ઉત્પાદનની ફેક્ટરી પર કબજો લઈને કોષના બદલે વાઈરસ પેદા કરવાનું છે. ટેસ્ટ દરમિયાન ખબર પડી આવે કે વાઈરસનું જથ્થાબંધ (ચેઈન રિએક્શન) ઉત્પાદન થઈ રહ્યું છે.

**PCR ટેસ્ટના શોધક - કેરી મુલીસ**

પીસીઆર ટેસ્ટની રીત અમેરિકાના સંશોધક કેરી મુલીસે ૧૯૮૩માં શોધી કાઢી હતી.

- ✓ એ માટે ૧૯૯૩માં તેમને માઈકલ સ્મિથ સાથે સંયુક્ત રીતે કેમેસ્ટ્રીનું નોબેલ પ્રાઈઝ પણ મળ્યું હતું.
- ✓ ૧૯૪૪માં જન્મેલા કેરીનું ૨૦૧૯ના ઑગસ્ટમાં નિધન થયુ હતુ.

**વિશ્વના સૌથી ફાસ્ટ સુપર કોમ્પ્યુટર "સમિટે" કોરોના સામે લડી શકતા 77 તત્વો શોધ્યા**

- ✓ કોરોના સામે લડત આપવા ટેકનોલોજીનો ઉપયોગ કરાઈ રહ્યો છે.
- ✓ આઈબીએમનું સુપર કપ્યુટર સમિટ પણ કોરોના સામેની લડતમાં જોડાયુ છે.
- ✓ સમિટ જગતનું સૌથી ફાસ્ટ સુપર કમ્પ્યુટર, જે સેકન્ડમાં અબજો ગણતરી કરી શકે છે.

- ✓ વિવિધ ડ્રગ્સ અને દવાઓના કોમ્બિનેશનને આ કપ્યુટર દ્વારા તપાસાઈ રહ્યાં છે.
- ✓ જગતમાં અનેક પ્રકારની દવા, અનેક પ્રકારની દવાના મિશ્રણ (કોમ્બિનેશન) હોય ત્યારે દરેકનું પરીક્ષણ કરવું શક્ય નથી.
- ✓ આ સંશોધકોએ સમિટ સમક્ષ કોરોના વાઈરસની પ્રતિકૃતિ તૈયાર કરીને કમ્પ્યુટરને આપી હતી. એ પછી કઈ દવાથી વાઈરસ આગળ ફેલાતો અટકી શકે તેની ગણતરી કપ્યુટરે કરી હતી.
- ✓ આવી તપાસમાં અબજો ગણતરી કરવી પડે. સમિટે અબજો ગણતરી કર્યા પછી ૭૭ એવા એલિમેન્ટ (તત્ત્વો) શોધી કાઢ્યા, જે કોરોના વાઈરસ સામે કારગત નિવડી શકે.
- ✓ સંશોધકોએ હવે અબજોને બદલે ૭૭ એલિમેન્ટનું જ પરિક્ષણ કરવાનું રહેશે.
- ✓ <u>ઓક રિજ નેશનલ લેબોરેટરી- ટેનિસીનીમાં આવેલા આ કમ્પ્યુટરે</u> અગાઉ અલ્ઝાઈમર્સ જેવા રોગોની દવા શોધવામાં પણ મદદ કરી.
- ✓ આ સંશોધકોએ વિવિધ ૮ હજાર પ્રકારની દવા-ડ્રગ્સના મોડેલ કપ્યુટર સમક્ષ રજૂ કર્યા હતા.
- ✓ તેમાંથી આ કમ્પ્યુટરે અબજો મિશ્રણ પેદા કરીને ક્યા મિશ્રણથી વાઈરસનું કામકાજ અટકી શકે એમ છે, તેની થિયરી તૈયાર કરી હતી.
- ✓ હવે આ થિયરીને આધારે રસી તૈયાર કરવામાં મદદ મળી શકશે.

<u>IBM - ઈન્ટરનેશનલ બિઝનેસ મશીન</u>

**<u>વિગતવાર માહિતી</u>**

- ✓ કોઈ પણ પ્રકારના વાઈરસની તપાસ માટે આ ટેસ્ટ સૌથી વિશ્વાસપાત્ર ગણાય છે. એચઆઈવી માટે પણ વિવિધ ટેસ્ટ થાય છે, જેમાંનો એક ટેસ્ટ પીસીઆર છે.

## <u>૭. દિન વિશેષ : 20 માર્ચ</u>

## <u>વિશ્વ ચકલી દિવસ</u>

- ✓ **<u>હેતુ-</u>** ચકલી બચાવો અભિયાન
- ✓ દિલ્હીનું રાષ્ટ્રીય પક્ષી
- ✓ <u>હાઉસ સ્પૈરોને ગુજરાતમાં ચકલી અને હિંદીમાં ગૌરૈયા કહેવામાં આવે છે.</u>
- ✓ ઘર ચકલી ડોમેસ્ટિકસ કેટેગરીમાં આવતું એક પક્ષી છે.
- ✓ ચકલી યુરોપ અને એશિયા ખંડમાં સામાન્ય રીતે દરેક જગ્યા પર જોવા મળે છે.
- ✓ આ ઉપરાંત જગતભરમાં જ્યાં જ્યાં માણસ ગયો, ત્યાં આ પક્ષીએ એનું અનુકરણ કર્યું અને અમેરિકાના મોટાભાગના સ્થાનો, આફ્રિકાનાં કેટલાંક સ્થાનો, ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા તથા અન્ય નગરીય વસાહતોમાં પોતાનાં ઘર બનાવી રહેવાનું ચાલુ કર્યું.
- ✓ <u>શહેરી ઇલાકાઓમાં ચકલીઓની છ પ્રકારની પ્રજાતિઓ જોવા મળી છે.</u>

### <u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૦-૦૩-૨૦૨૦)</u>

1. કોરોના સંક્રમિત વ્યક્તિ જે તે ભૌગોલિક સ્થળ ખાતે હાજર હોય તેને શું કહેવાય છે - **<u>કમ્યુનિટી લોકલ ટ્રાન્સમિશન</u>**
2. સિનિયર સિટિઝન્સ વેલ્ફર ફંડમાં જમા રકમ ઉપર તા. ૧ એપ્રિલ, ૨૦૧૯થી તા.૩૧ માર્ચ ૨૦૨૦ સુધી કેટલા ટકા વ્યાજ મળશે - **<u>૬.૮૫</u>**
3. સિનિયર સિટિઝન્સ વેલ્ફર ફંડમાં જમા રકમ ઉપર તા. ૧ એપ્રિલ, ૨૦૧૮થી તા. ૩૧ માર્ચ, ૨૦૧૯ દરમિયાન કેટલા ટકા વ્યાજ મળતુ હતુ - **<u>૭.૯</u>**
4. સિનિયર સિટિઝનોથી સંબંધિત તમામ યોજનાઓને એમના હિતમાં ઉપયોગમાં લેવામાં આવે તે હેતુથી કયા એક્ટ અંતર્ગત સિનિયર સિટિઝન્સ વેલ્ફર ફંડની સ્થાપના કરવામાં આવી છે - **<u>ફાઇનાન્સ એક્ટ, ૨૦૧૫</u>**
5. તાજેતર માર્ચ-2020માં ભારતના કયા મહાન ફૂટબોલરનું અવસાન થયું- **<u>પ્રદિપકુમાર(પી.કે.) બેનરજી</u>**
6. ભારતીય ફૂટબોલના ગોલ્ડન યુગના સાક્ષી પી.કે. બેનરજીએ કયા વર્ષમાં ગોલ્ડ મેળવ્યો હતો - **<u>વર્ષ-1962</u>**
7. ભારતીય ફૂટબોલર પી.કે. બેનરજીને ૧૯૬૧માં કયો એવોર્ડ મળ્યો હતો - **<u>અર્જુન એવોર્ડ</u>**
8. ભારતીય ફૂટબોલર પી.કે. બેનરજીને કયા વર્ષમાં પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા - **<u>વર્ષ-૧૯૯૦</u>**
9. વર્ષ-૧૯૯૦માં ફિફા દ્વારા પી.કે. બેનરજીને કયા એવોર્ડથી સન્માનિત કર્યા હતા. જે અત્યાર સુધી ભારતના કોઈ ખેલાડીને મળેલું આવું એકમાત્ર સન્માન છે - **<u>ફેર પ્લે એવોર્ડ</u>**
10. ભારત સરકારે કોરોના માટે વોટ્સએપ પર કઈ હેલ્પ ડેસ્કનો પ્રારંભ કરાવ્યો હતો - **<u>MyGov Corona HelpDesk</u>**

11. નિર્ભયા ગેંગરેપ હત્યા કેસના ચારેય દોષિતોને કઈ તારીખે સવારે 5.30 કલાકે ફાંસી અપાઈ - **તા.20/03/2020**
12. કોરોનાની ઓળખ માટે થતો PCR ટેસ્ટનું વિસ્તૃત નામ આપો - **પોલિમરાઈઝ ચેઈન રિએક્શન**
13. પોલિમર શબ્દનો અર્થ જણાવો - **સંખ્યાબંધ ઉત્પાદન**
14. PCR ટેસ્ટના શોધકનું નામ જણાવો - **કેરી મુલીસ**
15. પીસીઆર ટેસ્ટની રીત અમેરિકાના સંશોધક કેરી મુલીસે કયા વર્ષમાં શોધી કાઢી હતી - **૧૯૮૩**
16. કેરી મુલીસને PCR ટેસ્ટની શોધ માટે વર્ષ-૧૯૯૩માં માઈકલ સ્મિથ સાથે સંયુક્ત રીતે કયા એવોર્ડથી સન્માનિત કરાયા હતા - **કેમેસ્ટ્રી નોબેલ પ્રાઈઝ**
17. તાજેતર માર્ચ-૨૦૨૦માં વિશ્વના સૌથી ફાસ્ટ કયા કોમ્પ્યુટરે કોરોના સામે લડી શકતા 77 તત્વો શોધ્યા - **સુપર કોમ્પ્યુટર "સમિટ"**
18. IBMનું વિસ્તૃત નામ જણાવો - **ઈન્ટરનેશનલ બિઝનેસ મશીન**
19. વિશ્વ ચકલી દિવસની ઊજવણી કયારે કરવામાં આવે છે - **20 માર્ચ**
20. દિલ્હીના રાષ્ટ્રીય પક્ષીનું નામ જણાવો – **ચકલી**
21. હાઉસ સ્પૈરોને ગુજરાતી તથા હિન્દીમાં કયા નામે ઓળખવામાં આવે છે - **ચકલી તથા ગૌરૈયા**
22. શહેરી વિસ્તારોમાં ચકલીઓની કેટલા પ્રકારની પ્રજાતિઓ જોવા મળે છે - **૦૬**

## 21-03-2020

### ૧. નોવેલ કોરોના વાઈરસ - ભારત કોરોના ફેઝ-3 તરફ : કોમ્યુનિટી ટ્રાન્સમિશનનો પ્રારંભ (આરોગ્ય)

તા. 21/03/2020

ફેઝ-1 : વિદેશમાં સંક્રમિત થઈને આવેલા કોરોના પોઝિટિવ દર્દીઓ
ફેઝ-2 : ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા વ્યક્તિના સંપર્કમાં આવેલા પોઝિટિવ કેસ.
ફેઝ-3 : કોમ્યુનિટી ટ્રાન્સમિશન જેમાં વ્યક્તિને ચેપ કયાંથી લાગ્યો તેની ખબર જ પડતી નથી.
ફેઝ - 4 : ચીન, ઇટાલી અને ઇરાન જેવી મહામારી સર્જાય

**મહામારી ફેઝ-1 થી 4 આ રીતે સમજો :**

ફેઝ-1 :
- ✓ વિદેશમાં સંક્રમિત થઈને આવેલા કોરોના પોઝિટિવ દર્દીઓ

ફેઝ-2 :
- ✓ ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા વ્યક્તિના સંપર્કમાં આવેલા પોઝિટિવ કેસ.

ફેઝ-3 :
- ✓ કોમ્યુનિટી ટ્રાન્સમિશન જેમાં વ્યક્તિને ચેપ કયાંથી લાગ્યો તેની ખબર જ પડતી નથી.

ફેઝ - 4 :
- ✓ ચીન, ઇટાલી અને ઇરાન જેવી મહામારી સર્જાય

### ૨. કેન્દ્રીય કેબિનેટ : મહત્વના કુલ-5 નિર્ણયો

(૧) કેબિનેટમાં ૧૨,૫૦૦ નવા આયુષ કેન્દ્રો ખોલવામાં આવશે. તે માટે ૩૪ કરોડ રૂપિયા ખર્ચ થશે.

(૨) ભારતે બેલ્જિયમ સાથે કરેલી પ્રત્યાર્પણ સંધિને પણ મંજૂરી આપવામાં આવી છે. તે સંધિ હેઠળ ભારત અને બેલ્જિયમ પોતાને ત્યાં છુપાયેલા અપરાધીઓને એકબીજાને સોંપી શકશે.

(3) કપાસના સમર્થન મુલ્ય માટે સર્વેક્ષણ કરવામાં આવશે. અંદાજે ૨ હજાર કરોડ રૂપિયાની ભરપાઈ માટે રાહત પેકેજની જાહેરાત પણ થઈ હતી.

(૪) દેશને ઈલેક્ટ્રોનિક, ફાર્મા અને તબીબી ઉપકરણોના ઉત્પાદન મોરચે હબ બનાવવા નિર્ણય લેવામાં આવ્યો છે.
- ✓ દેશમાં ફાર્મા કંપનીઓ માટે મોટો સ્કોપ છે. વિશ્વમાં આપણે ફોર્મ્યુલેશન મેડિસિન નિકાસ કરીએ છીએ.
- ✓ દેશના ચાર રાજ્યોમાં મેડિકલ ડિવાઈસ પાર્ક ઊભા કરવામાં આવશે.

(૫) ૨૦૨૫ સુધીમાં ૨૦ લાખ નોકરીઓ ઊભી કરવાનું લક્ષ્ય
- ✓ વર્ષ ૨૦૧૮માં નેશનલ ઇલેક્ટ્રોનિક નીતિ ઘડી, કાઢવામાં આવી હતી. આવનારા દિવસોમાં ૨૦ લાખ કરોડનું રોકાણ આ ક્ષેત્રમાં કરવામાં આવશે.
- ✓ ૨૦૨૫ સુધીમાં ૨૦ લાખ નોકરીઓ પેદા કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું.
- ✓ કંપનીઓને ૪ થી ૬ ટકા પ્રોડક્શન લિન્કડ ઇન્સેટિવ આપવામાં આવશે.

- ✓ ઇલેક્ટ્રોનિક ડિવાઇસના કંપોનન્ટ બનાવવા પર પણ ભાર મૂકવામાં આવશે.
- ✓ કપનીઓને કુલ ઉત્પાદન ખર્ચ પર ૨૫ ટકા ઇન્સેટિવ આપવામાં આવશે.
- ✓ મોટી કપનીઓની સાથોસાથ નાની કંપનીઓને પણ પ્રોત્સાહન આપવામાં આવશે.

## 3. ટેકટોનિક પ્લેટ (ભૂગોળ)

- ✓ ટેકટોનિક પ્લેટ અંગે IIG સંસ્થાનો અહેવાલ
- ✓ દેશમાં ભૂગર્ભ જળ ઘટતાં ટેકટોનિક પ્લેટ ખસવાના દરમાં 12%નો ઘટાડો થયો જેને કારણે દેશમાં ભૂકંપનું જોખમ પણ ઘણું ઘટયું
- ✓ હિમાલય પર્વતનું ભારતીય ઉપમહાદ્વીપના ક્લાઇમેટ ચેન્જમાં મોટું યોગદાન છે. તેનું ખસવું અન્ય કારણો સાથે ભૂગર્ભજળના સ્તરમાં ફેરફાર પર પણ નિર્ભર કરે છે.
- ✓ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ જીયોમેગ્નેટિઝમ (આઇઆઇજી)ના વિજ્ઞાનીઓએ અભ્યાસ દ્વારા જાણ્યું કે ભૂગર્ભજળ ઘટવાથી ઇન્ડિયન ટેક્ટોનિક પ્લેટ ખસવાના દરમાં 12 ટકાનો ઘટાડો થયો છે.
- ✓ ભૂગર્ભજળમાં ઘટાડા અંગે જાણવા માટે કરાયેલા આ અભ્યાસનું એક કારણ એવું પણ છે કે ભૂકંપનું જોખમ પણ ઘટ્યું છે.
- ✓ જમીનની નીચે ટેક્ટોનિક પ્લેટ પરસ્પર ટકરાવાથી જ ભૂકંપ આવે છે.
- ✓ પ્લેટો ખસવાનો દર ઘટશે તો ભૂકંપ પણ ઓછા આવશે.
- ✓ ભારતનું હિમાલય ક્ષેત્ર સિસ્મિક ઝોન-5માં આવે છે. ભૂકંપની દ્રષ્ટિએ તે દેશમાં સૌથી વધુ સંવેદનશીલ છે.
- ✓ આ ઝોનમાં ઉત્તર-પૂર્વીય વિસ્તાર, જમ્મુ કાશ્મીર, હિમાચલ, ઉત્તરાંચલ, કચ્છ, ઉત્તર બિહાર અને આંદામાન-નિકોબાર સામેલ.
- ✓ જર્નલ ઓફ જિયોફિઝિકલ રિસર્ચમાં પ્રકાશિત અભ્યાસ મુજબ, પાણી એક લ્યુબ્રિકેટિંગ એજન્ટ (ચીકાશ આપતા પદાર્થ) તરીકે કામ કરે છે. તેથી સૂકી ઋતુમાં ફોલ્ટ (આંતરિક ભૂખંડ) ખસવાનો દર ઘટી જાય છે.
- ✓ આઈઆઈજીના વરિષ્ઠ વિજ્ઞાની સુનીલ સુકુમારન જણાવે છે કે પાછલા દાયકાઓમાં હિમાલયની તળેટી અને ગંગા બેલ્ટના મેદાની ભાગો સતત ડૂબી રહ્યા છે અને તેની આસપાસના વિસ્તારોમાં ભૂસ્ખલન તથા ટેક્ટોનિક હલચલ નોંધાઇ છે.
- ✓ જમીનની નીચે પાણીનું પ્રમાણ અને સપાટી પર ભૂખંડના ભારના તફાવતની ગણના ખૂબ જટિલ છે.
- ✓ સંશોધક અજીત સાજીએ જણાવ્યું કે તેમણે જીપીએસ અને ગ્રેવિટી રિકવરી એન્ડ ક્લાઇમેટ એક્સપરિમેન્ટ (ગ્રેસ)ના ડેટાનો ઉપયોગ કરીને ભૂગર્ભજળના પ્રમાણમાં તફાવતની ગણતરી કરી નાસા ગ્રેસ સેટેલાઇટના ડેટાથી આઈઆઈજીને હિમાલય ક્ષેત્રમાં જળવિજ્ઞાનને સમજવામાં મદદ મળી.
- ✓ ટેક્ટોનિક પ્લેટ એક વર્ષમાં 4-5 મિ. મી. ખસે છે
- ✓ ધરતીમાં 12 ટેક્ટોનિક પ્લેટ છે. આ પ્લેટો તેમના સ્થાનેથી હલતી, ફરતી અને ખસતી રહે છે. તે એક વર્ષમાં તેના સ્થાનેથી અંદાજે 4-5 મિ. મી. સુધી ખસે છે.
- ✓ તે ઉપર-નીચે કે આગળ-પાછળ કોઇ પણ દિશામાં ખસે છે.
- ✓ આ અભ્યાસથી એ સમજવામાં મદદ મળી કે જળવિજ્ઞાન જળવાયુને કેવી રીતે અસર કરે છે.

## ૪. જન્મદિન વિશેષ : 21 માર્ચ

### નારી હકોના ચેમ્પિયન :પુષ્પાબેન મહેતા

**જન્મ - 21 માર્ચ – 1905 અવસાન – 2 એપ્રિલ-1988**

- ✓ આજે ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાન, અભિનેતા અરવિંદ પંડ્યા અને મહાન નારી પ્રતિભા પુષ્પાબેન મહેતાનો જન્મદિવસ.
- ✓ કલમ, કડછી અને બરછી માટે પંકાયેલી વડનગરા નાગર જ્ઞાતિમાં તેમનો જન્મ પ્રભાસ પાટણમાં થયો હતો.
- ✓ પિતા હરિપ્રસાદ દેસાઈ બ્રિટિશ અને જૂનાગઢની નવાબીમાં મહત્ત્વનું સ્થાન ધરાવતાં હતાં.
- ✓ નાનપણથી જ ગૃહવ્યવસ્થા માથે આવી પડી પણ આજ બાબત પુષ્પાબેન માટે ભાવિ જીવનની પ્રયોગશાળા સમું બન્યું હતું.
- ✓ વાંચનનો શોખ ધરાવતાં પુષ્પાબેન પ્રભાસ પાટણ અને મહાલક્ષ્મી ફીમેલ કોલેજમાં ભણ્યાં હતાં.
- ✓ શાળામાં 14 વર્ષની ઉંમરે ક્ષમા, દયા અને કૃપા વિશે સતત ત્રણ કલાક બોલ્યાં હતાં, બોલવાની રીતે જ નહીં

શાળામાં ઈનામ ન મળવાથી રડતી છોકરીને પોતાને મળેલું ઈનામ આપી દઈ પ્રત્યક્ષ પ્રમાણ આપ્યું.

- ✓ પુષ્પાબેન ગાંધીજીથી ગાઢ રીતે પ્રભાવિત હતાં. પુષ્પાબેન સૌરાષ્ટ્ર ધારાસભા, મુંબઈ ધારાસભા, સૌરાષ્ટ્ર બંધારણ સભાના, 1970માં રાજ્યસભાના સભ્ય પણ હતાં. રાજ્યસભામાં તેમણે ગર્ભપાત વિરોધી બિલ રજૂ કર્યું હતું.
- ✓ આઝાદી પછીની ગુજરાતની જાહેર જીવનની મોટાભાગની પ્રવૃત્તિમાં પ્રવૃત્ત અને જમનાલાલ બજાજ સહિતના પુરસ્કારોથી સન્માનિત પુષ્પાબેનનું 2 એપ્રિલ 1988ના રોજ અવસાન થયું હતું.

## ૫. દિન વિશેષ : 21 માર્ચ

### (૧) વિશ્વ કવિતા દિવસ (world poetry day)

- ✓ સંયુક્ત રાષ્ટ્ર સંઘે ..૨૧ માર્ચને વિશ્વ કવિતા દિવસ તરીકે જાહેર કર્યો છે. સાહિત્યનો સૌથી વધુ લોકપ્રિયને જૂનો પ્રકાર પણ આજ.કવિતા સંગીતે મઢાય ને મધુરા સ્વરે ટહુકે ..પછીતો હૈયે એવી જડાય કે યુગવર્તી બની જાય. આપણું પ્રાચીન સાહિત્ય ઋષી મુનિઓએ કવિતા રૂપે જ ભેટ ધર્યું છે..વેદ, મહાભારત, રામાયણ, કે કવિ કાલિદાસ વગેરેની અમર રચનાઓ આપણી સંસ્કૃતિનું ગૌરવ છે. આપણા વેદ વ્યાસજીએતો એક લાખ શ્લોકો થકી મહાભારતનું મહાકાવ્ય લખ્યું હતું...બોલાય જાયને અધધ.
- ✓ કવિતા એટલે કે poetry ...એ ગ્રીક ભાષાના શબ્દ..poieo જેનો અર્થ છે..હું સર્જન કરું છું પરથી ઉતરી આવ્યો છે.આપણી અતિ પ્રાચીન સભ્યતાઓ જે વિકસી હતી..ગ્રીક અને સુમેરિકન..તે લોકો પણ કવિતા કરતા હતા. ગ્રીક મહાકાવ્યો..ઈલિડય અને ઓડિસીની..પણ જગતની યાદગાર કવિતાઓમાં ગણના થાય છે.
- ✓ કવિતા પ્રેમીઓને જાણતાં જ ખુશી થાય એવા સમાચાર એ છે કે..આજથી ૪ હજાર પૂર્વે..સુમેરિકન કાળમાં..મોસેપોટેમિયા એટલે કે આજના ઈરાનમાં ,એક રાજાની પ્રસંશા સાથે તેમના પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરતા શીલા લેખમાં , વિશ્વની જૂનામાં જૂની કવિતા પ્રાપ્ત થઈ છે...'Epic of Gilgamesh' અને તેની થોડી પંક્તિઓ સચવાયેલી અનામત છે. જે ૧૮૮૦ના દસકાઓમાં ઐતિહાસિક ખોદકામ કરતાં મળેલ. આ કવિતા પણ વિવિધ પથ્થરો પર ક્રમશઃ લખાઈ છે.

### (૨) આંતરરાષ્ટ્રીય વન દિવસ

**થીમ-2020–FOREST AND BIODIVERSITY**

- ✓ સંસ્થા – સંયુક્ત રાષ્ટ્રસંઘ (UN)

**૧. ઈતિહાસ અને મહત્વ :**

- ✓ વિશ્વભરના લોકોમાં વનો પ્રત્યે જાગૃતિ, વન સંવર્ધન અને તેના સંરક્ષણની ભાવના વિકસાવવા માટે તેમજ વનોની સમગ્ર જીવસૃષ્ટિમાં અગત્યતા સમજાવવા માટે સંયુક્ત રાષ્ટ્રસંઘ (UNO) દ્વારા તા. ૨૧ માર્ચના દિવસને આંતરરાષ્ટ્રીય વન દિવસ તરીકે ઉજવવાનું સને ૧૯૭૧થી ઠરાવવામાં આવેલ છે.
- ✓ આ ઉજવણી માટે દર વર્ષે જુદી-જુદી થીમ (વિષયવસ્તુ) નક્કી કરવામાં આવે છે.
- ✓ વર્ષ-૨૦૨૦માં ઉજવણી માટે "FORESTS AND BIODIVERSITY"ની થીમ નક્કી કરવામાં આવેલ છે.

રાષ્ટ્રીય વન નીતિ ૧૯૮૮ મુજબ પર્યાવરણ સમતુલા માટે ૩૩ ટકા વિસ્તાર હોવો જોઇએ.

- ✓ જ્યારે આપણા રાજ્યમાં વનો હેઠળ ૧૧ ટકા જેટલો વિસ્તાર છે.
- ✓ ઓછા વનોના પરિણામે વન આધારિત ઉપજોમાં તીવ્ર ખેંચ અને મહા મુશ્કેલીઓ અનુભવવી પડે છે.
- ✓ ઉપરાંત જમીનનું સતત ધોવાણ, દરિયાકિનારે વધતી જતી ખારાશ, પાતાળમાં પાણીના જળ નીચા જવા, ઉત્પાદક્તામાં થતો ઘટાડો વગેરે વર્ષો જુની ઉકેલો મગતી સમસ્યાઓ ઉપરાંત રક્ષણાત્મક ઓઝોન વાયુના આવરણમાં ઉદભવેલા વિક્ષેપો અને તેને કારણે વધતી જતી ગ્રીનહાઉસની અસર અને જલવાયુ પરિવર્તન જેવા ગંભીર પ્રશ્નો ઉમેરાયા છે.

**૨. ભારતીય બંધારણમાં જોગવાઈ**

- ✓ ભારતીય બંધારણમાં સને ૧૯૭૬માં ૪૨ માં સુધારા દ્વારા બંધારણની કલમ ૪૮-એમાં રાજ્ય સકારોને ખાસ માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે, રાજ્યના જંગલો, વન્યજીવન અને પર્યાવરણનું રક્ષણ કરવાની તેમની ફરજ છે.

- ✓ બંધારણની કલમ-૫૧ એ દ્વારા વન, સરોવર, નદી, વન્યપ્રાણી સહિત કુદરતી પર્યાવરણનું રક્ષણ કરવાની દરેક નાગરિકની મૂળભૂત ફરજ હોવાનું જણાવ્યું છે.
- ✓ ગુજરાત રાજ્યનું એ સદભાગ્ય છે કે વન સંપતિ અને વૃક્ષ ઉછેર માટે રાજયની પ્રજા અને શાસકો ચિંતિત અને જાગૃત છે. સ્વૈચ્છિક સંસ્થાઓ પણ સક્રિય છે

**<u>3. જૈવ વિવિધતા (BIODIVERSITY) અંગે</u>**

- ✓ ગુજરાતનો ગૌરવ સમા સિંહનાં સંરક્ષણ ક્ષેત્રે અદ્વિતિય સફળતા મે-૨૦૧૫ની વસ્તી ગણતરીમાં સિંહોની સંખ્યા ૫૩ થયેલ છે. જે ૨૭%નો વધારો દર્શાવે છે.
- ✓ રાજયમાં દિપડાની સંખ્યા સને ૨૦૧૧માં ૧૧૬૦ હતી. જે સને ૨૦૧૬ની વસ્તી ગણતરી મુજબ તેમની સંખ્યા ૧૩૯૫ થયેલ છે. જે છેલ્લાં ૫ વર્ષમાં ૨૦%નો વધારો સુચવે છે.
- ✓ રીંછની વસ્તી સને ૨૦૧૧ માં ૨૯૩ હતી. જે સને ૨૦૧૬ની વસ્તી ગણતરી મુજબ તેમની સંખ્યા ૩૪૩ થયેલ છે. જે છેલ્લાં ૫ વર્ષમાં ૧૭%નો વધારો સુચવે છે.
- ✓ આ ઉપરાંત સમગ્ર દેશમાં માત્ર ગુજરાત રાજ્યમાં જ કુદરતી રીતે વિહરતું જોવા મળતું ભારતીય ઘુડખરની વસ્તી સને ૨૦૦૯માં ૪૦૩૮ હતી. જે સને ૨૦૧૪ની વસ્તી ગણતરી મુજબ તેમની સંખ્યા ૪૪૫૧ થયેલ છે, જે છેલ્લાં ૫ વર્ષમાં ૧૦%નો વધારો સુચવે છે.
- ✓ તાજેતરના સને ૨૦૧૯ના ફોરેસ્ટ સર્વે ઓફ ઇન્ડિયાના અહેવાલ અનુસાર રાજ્યના જળપ્લાવિત વિસ્તાર ૧૨૧૦૬૭૫ હેકટર નોંધાયેલ છે. જે વન વિસ્તારના ૩૯.૮૮% થયેલ છે.

**<u>૪. ગુજરાતમાં વનની સ્થિતિ</u>**

- ✓ તાજેતરમાં ફોરેસ્ટ સર્વે ઓફ ઇન્ડિયા દ્વારા બહાર પાડવામાં આવેલા વર્ષ ૨૦૧૭ના અહેવાલ અનુસાર રાજયમાં કુલ વન વિસ્તાર ૧૪,૮૫૭ ચો. કી. મી. થયેલ છે જે વર્ષ ૨૦૧૭ની સરખામણીએ ૧૦૦ ચો. કિ.મી.નો વધારો થયેલ છે.
- ✓ સને ૨૦૦૪માં રાજ્યમાં કરવામાં આવેલી વૃક્ષ ગણતરી મુજબ વન બહારના વિસ્તારમાં ૨૫.૧ કરોડ વૃક્ષો હતા જે વધીને સને ૨૦૧૭ના અભ્યાસ મુજબ ૩૪. ૩૫ કરોડ થવા પામેલ છે.
- ✓ આમ ૧૩ વર્ષમાં ૩૭%નો વધારો થયેલ છે. એટલું જ નહી ફોરેસ્ટ સર્વે ઓફ ઇન્ડિયાના વર્ષ ૨૦૦૧ના અહેવાલ મુજબ ગુજરાત રાજ્ય ૨.૦૬% વૃક્ષ આચ્છાદિત વિસ્તાર સાથે દેશમાં ૧૬મા ક્રમે હતું જે રાજ્યની જનતાના સહિયારા પ્રયાસોથી સને ૨૦૧૯ના અહેવાલ અનુસાર આપણા રાજ્યમાં વૃક્ષ આચ્છાદિત વિસ્તાર ૩.૫૨% થયેલ છે.
- ✓ ગુજરાતમાં વર્ષ-૨૦૦૪થી રાજયકક્ષાના વન મહોત્સવનો પ્રારંભ
- ✓ પ્રથમ સાંસ્કૃતિક વન – પુનિત વન, ગાંધીનગર, ૨૦૦૪
- ✓ પુનિત વન – નક્ષત્ર આધારિત
- ✓ વર્ષ-૨૦૧૯ની સ્થિતિએ ગુજરાતમાં કુલ-૧૯ સાંસ્કૃતિક વન

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૧-૦૩-૨૦૨૦)</u>

1. તા.21/03/2020ની સ્થિતિએ ભારતમાં નોવેલ કોરોના વાઈરસ કયા ફેઝમાં પહોંચ્યો હતો - **<u>ફેઝ-3, કોમ્યુનિટી ટ્રાન્સમિશનનો પ્રારંભ</u>**
2. માર્ચ-2020માં કેન્દ્રીય કેબિનેટ દ્વારા કેટલા નવા આયુષ કેન્દ્રો ખોલવા માટે મંજૂરી આપવામાં આવી - **<u>૧૨,૫૦૦</u>**
3. માર્ચ-2020માં કેન્દ્રીય કેબિનેટ દ્વારા કેટલા કુલ કેટલા રૂપિયાના ખર્ચે ૧૨,૫૦૦ નવા આયુષ કેન્દ્રો ખોલવાની મંજૂરી આપી – **<u>૩૪ કરોડ</u>**
4. તાજેતરમાં ભારત-બેલ્જિયમ વચ્ચે થયેલી પ્રત્યાર્પણ સંધિથી શું ફાયદો થશે – **<u>ભારત-બેલ્જિયમ પોતાને ત્યાં છુપાયેલા અપરાધીઓને એકબીજાને સોંપી શકશે</u>**
5. માર્ચ-2020 કેન્દ્રીય કેબિનેટ દ્વારા ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ક્લસ્ટર્સ (EMC) દ્વારા સામાન્ય સુવિધાઓ અને સવલતો સાથે વિશ્વ કક્ષાના ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે કોને આર્થિક સહાય આપવાની મંજૂરી અપાઈ - **<u>મોડિફાઇડ ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ક્લસ્ટર્સ (EMC 2.0)</u>**
6. ભારતમાં આગામી સમયમાં કેટલા રાજ્યોમાં મેડિકલ ડિવાઈસ પાર્ક ઊભા કરવાનું આયોજન છે - **<u>ચાર</u>**
7. વર્ષ ૨૦૧૮માં ઘડાયેલી નેશનલ ઇલેક્ટ્રોનિક નીતિ અંતર્ગત આ ક્ષેત્રમાં આગામી સમયમાં કેટલા રૂપિયાનું રોકાણ કરવાનું તથા કેટલી રોજગારી ઉત્પન્ન કરવાનું ભારત સરકારનું લક્ષ્યાંક છે – **<u>રૂ. ૨૦ લાખ કરોડ અને ૨૦ લાખ નોકરી</u>**

8. તાજેતર માર્ચ-૨૦૨૦ના IIGના અહેવાલ અનુસાર દેશમાં ભૂગર્ભ જળ ઘટતાં ટેકટોનિક પ્લેટ ખસવાના દરમાં કેટલા ટકાનો ઘટાડો થયો જેને કારણે દેશમાં ભૂકંપનું જોખમ પણ ઘણું ઘટયું - <u>12%</u>
9. IIGનું વિસ્તૃત નામ જણાવો - **<u>ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ જીયોમેગ્નેટિઝમ</u>**
10. ધરતીમાં કેટલી ટેક્ટોનિક પ્લેટ આવેલી છે – <u>12</u>
11. નારી હકોના ચેમ્પિયન એવા પુષ્પાબેન મહેતાનો જન્મ દિવસ જણાવો - <u>21 માર્ચ – 1905</u>
12. વિશ્વ કવિતા દિવસની ઊજવણી કયારે કરવામાં આવે છે - <u>21 માર્ચ</u>
13. આંતરરાષ્ટ્રીય વન દિવસની ઊજવણી કયારે કરવામાં આવે છે - <u>21 માર્ચ</u>
14. આંતરરાષ્ટ્રીય વન દિવસ -2020ની થીમ જણાવો – **<u>FOREST AND BIODIVERSITY</u>**
15. રાષ્ટ્રીય વન નીતિ ૧૯૮૮ મુજબ પર્યાવરણ સમતુલા માટે કેટલા ટકા વન વિસ્તાર હોવો જોઇએ - **<u>૩૩ ટકા</u>**
16. ગુજરાતમાં કેટલા ટકા વન વિસ્તાર આવેલો છે-**<u>૧૧ ટકા</u>**
17. ફોરેસ્ટ સર્વે ઓફ ઇન્ડિયાના ૨૦૧૯ના અહેવાલ અનુસાર ગુજરાતમાં વૃક્ષ આચ્છાદિત વિસ્તાર કેટલા ટકા થયેલ છે - <u>૩.૫૨%</u>
18. ગુજરાતમાં કયા વર્ષથી રાજયકક્ષાના વન મહોત્સવનો પ્રારંભ થયો હતો - **<u>વર્ષ-૨૦૦૪</u>**
19. ગુજરાતનું પ્રથમ સાંસ્કૃતિક વન જણાવો – પુનિત વન, ગાંધીનગર (૨૦૦૪)
20. ગુજરાતનું પ્રથમ સાંસ્કૃતિક પુનિત વન શાના પર આધારિત છે – **<u>નક્ષત્ર આધારિત</u>**
21. વર્ષ-૨૦૧૯ની સ્થિતિએ ગુજરાતમાં કુલ કેટલા સાંસ્કૃતિક વન આવેલા છે – <u>૧૯</u>

## 22-03-2020

<u>૧. 'જનતા કરફ્યૂ' – કોરોના સામે લડવા દેશના 130 કરોડ લોકોની સ્વૈચ્છિક તાળાબંધી</u>

- ✓ સવારે-૭.૦૦ થી સાંજે ૯.૦૦ સુધી લોકો ૧૪ કલાક ઘરમાં રહ્યાં
- ✓ સાંજે ૫.૦૦ કલાકે ૫ મિનિટ લોકોએ શંખનાદ, તાળીઓ પાડી તમામ સેવાકર્મીઓનુ અભિવાદન કર્યું
- ✓ સાવચેતી–દેશના ૨૫ રાજ્ય-કેન્દ્રશાસિત પ્રદેશોના ૧૪૬ જિલ્લાઓમાં સંપૂર્ણ લોકડાઉનના આદેશ (તા.૨૨-૦૩-૨૦૨૦)
- ✓ તા.૩૧મી માર્ચ-૨૦૨૦ સુધી તમામ પ્રવાસી ટ્રેન રદ
- ✓ અનેક સ્થળોએ કલમ-૧૪૪ લાગુ કરાઈ
- ✓ વિશ્વના ૧૮૮ દેશોમાં કોરોનાનો કેર (તા.૨૨-૦૩-૨૦૨૦)
- ✓ <u>ગુજરાતમાં જાહેરનામાના ભંગ બદલ સંબંધિતોની સામે 'ધ ગુજરાત એપેડેમિક રેગ્યુલેશન-૨૦૨૦' અન્વયે કાનુની કાર્યવાહી કરવામાં આવશે</u>

<u>૨. નિર્ણય – કોરોના વાઈરસના ટેસ્ટ માટે ખાનગી લેબને મંજૂરી : રૂ. ૪૫૦૦ ચૂકવવા પડશે</u>

- ✓ કેન્દ્ર સરકારે ખાનગી લેબોરેટરીઓને કોરોના વાઈરસના શંકાસ્પદ કેસોમાં સેમ્પલ ટેસ્ટિંગ કરવાની મંજૂરી આપી.
- ✓ <u>ભારતમાં યુએસ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન દ્વારા મંજૂર કરાયેલ ટેસ્ટિંગ કિટ દ્વારા ખાનગી લેબોરેટરીઓ કોરોનાના ટેસ્ટ કરી શકશે.</u>
- ✓ સરકારના આ નિર્ણયથી દેશમાં કોરોના સેમ્પલના ટેસ્ટિંગમાં ઝડપ આવશે.

**<u>ભારત હાલ કોરોના સ્ટેજ-ટુ અને થ્રી ટ્રાન્સમિશનના તબક્કામાં</u>**

- ✓ <u>ICMR અને ઇન્સ્ટિટ્યૂટ ઓફ જિનોમિક્સ એન્ડ ઈન્ટેગ્રેટિવ બાયોલોજી</u> ડિરેક્ટર અનુરાગ અગ્રવાલના જણાવ્યા મુજબ ભારત હાલ કોરોનાના સ્ટેજ-ટુ અને સ્ટેજ-થ્રી વચ્ચેના તબક્કામાં છે.
- ✓ જેમાં સોશિયલ ડિસ્ટન્સિંગ વધુ અસરકારક રહેશે. સ્ટેજ-૩માં લોકડાઉન અનિવાર્ય છે.
- ✓ આમાં દરેક કેસની સંપૂર્ણ તપાસ જરૂરી બને છે. આ તબક્કામાં સોશિયલ ડિસ્ટન્સિંગ અને જનતા કરફ્યૂ મહત્વના છે. આમ સરકાર સાચી દિશાનાં પગલાં લઈ રહી છે.

<u>૩. દિન વિશેષ : 22 માર્ચ વિશ્વ જળ દિવસ</u>


થીમ :- 'Water and Climate Change'

**<u>વિશ્વ જળ દિવસ વિશે</u>**

- ✓ 1 ટકા શુદ્ધ પાણીનો 60મો ભાગ ખેતી અને ઉદ્યોગમાં ઉપયોગ
- ✓ રિયો ડિ જાનેરોમાં ૧૯૯૨માં યોજવામાં આવેલ પર્યાવરણ તથા વિકાસનાં સંયુક્ત રાષ્ટ્ર સંમેલનમાં વિશ્વ જળ દિવસની વાત કરાઈ હતી. ત્યારથી ૨૨ માર્ચના રોજથી વિશ્વ જળ દિવસ ઉજવવામાં આવે છે.
- ✓ પાણી બચાવવાનો સંકલ્પને ધ્યાનમાં રાખીને આ દિવસની ઉજવણી દર વર્ષે કરવામાં આવે છે.
- ✓ એક સર્વે અનુસાર વિશ્વનાં ૧.૫ અબજ લોકોને શુદ્ધ પાણી નથી મળતું.

## ૪. જન્મ દિન વિશેષ : 22 માર્ચ

## કવિ શિરોમણી : સુંદરમ




**જન્મ - 22 માર્ચ-1908**

**અવસાન – 13 જાન્યુઆરી-1991**

- ✓ 'તને મેં ઝંખી છે, યુગોથી દીઠેલા પ્રખર સહરાની તરસથી' જેવા અમર ગુજરાતી પ્રણય કાવ્યના કવિ અને વિશ્વ સાહિત્યમાં બિરાજે તેવી 'ખોલકી' વાર્તાના સર્જક સુન્દરમનો આજે જન્મ દિવસ.
- ✓ સુન્દરમનું મૂળ નામ ત્રિભુવનદાસ પુરૂષોત્તમદાસ લુહાર અને જન્મ ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના મીયામાતર ગામે.
- ✓ પ્રારંભિક શિક્ષણ મીયામાંતર, આમોદમાં લઈ ગુજરાત વિદ્યાપીઠથી સ્નાતક થયા હતા. ભાષાવિશારદ પણ થયા અને સોનગઢમાં અધ્યાપન શરૂ કર્યું.
- ✓ સુંદરમની પછીની પ્રવૃત્તિઓ અમદાવાદ જ્યોતિસંઘ અને અરવિંદ આશ્રમ પોંડિચેરીમાં રહી હતી.
- ✓ તેમના વ્યક્તિત્વ અને સર્જન પર ગાંધી અને અરવિંદનો ઘેરો પ્રભાવ હતો.
- ✓ કોયા ભગતની કડવી વાણી અને ગરીબોના ગીતો, કાવ્યમંગલા, વસુધા, યાત્રા અને રંગ રંગ વાદળિયા તેમના કાવ્ય ગ્રંથો
- ✓ હીરાકણી અને બીજી વાતો, પિયાસી તથા ઉન્નયન તેમનાં જાણીતા વાર્તાસંગ્રહો છે.
- ✓ સુન્દરમે વાસંતી પૂર્ણિમા, ચિદંબરા, પાવકને પંથે, દક્ષિણાયન, અવલોકન, સાહિત્ય ચિંતન, સમર્ચના અને શ્રી અરવિંદ મહાયોગી જેવા નાટક, અંજલિ, પ્રવાસ અને ચરિત્ર ગ્રંથો પણ લખ્યા છે.
- ✓ 13 જાન્યુઆરી 1991ના રોજ તેમનું અવસાન થયું.

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૨-૦૩-૨૦૨૦)

1. ગુજરાતમાં કોરોના સામે બહાર પાડવામાં આવેલા જાહેરનામાના ભંગ બદલ કયા એક્ટ હેઠળ સજાની જોગવાઈ કરવામાં આવેલી છે-' **ધ ગુજરાત એપેડેમિક રેગ્યુલેશન-2020'**
2. કોરોના વાયરસના ટેસ્ટ માટે કેન્દ્ર સરકારે તાજેતરમાં કોને મંજૂરી આપી- **ખાનગી લેબોટરીઓને**
3. ભારતમાં ખાનગી લેબોરેટરીઓને કોરોના વાઈરસના શંકાસ્પદ કેસોના ટેસ્ટિંગ માટે કોના દ્વારા મંજૂરી અપાઈ - **યુએસ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન**
4. તા.૨૨મી માર્ચ-૨૦૨૦ની સ્થિતિએ કોના અહેવાલ અનુસાર ભારતમાં કોરોના વાઈરસ સ્ટેજ-ટુ અને સ્ટેજ-થ્રી વચ્ચેના તબકકામાં છે - **ICMR અને ઇન્સ્ટિટ્યૂટ ઓફ જિનોમિક્સ એન્ડ ઈન્ટેગ્રેટિવ બાયોલોજી**
5. ભારતમાં કોરોના વાયરસના ટેસ્ટ માટે ખાનગી લેબને રૂપિયા ચૂકવવા પડશે- **રૂ.4500/-**
6. વિશ્વ જળ દિવસ-2020ની થીમ જણાવો - **'Water and Climate Change'**
7. કયા વર્ષમાં રિયો ડિ જાનેરોમાં યોજવામાં આવેલ પર્યાવરણ તથા વિકાસનાં સંયુક્ત રાષ્ટ્ર સંમેલનમાં દર વર્ષે તા.22મી માર્ચને વિશ્વ જળ દિવસ તરીકે ઊજવવાનું નક્કી કરાયું – **વર્ષ-1992**
8. એક સર્વે અનુસાર વિશ્વનાં અંદાજે કેટલા લોકોને શુદ્ધ પાણી નથી મળતું – **1.5 અબજ**
9. ગુજરાતના જાણીતા સાહિત્યકાર ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહારનું તખ્ખલુસ જણાવો – **સુંદરમ**
10. ગુજરાતી કવિ-લેખક સુંદરમનો જન્મ ક્યારે અને ક્યાં થયો હતો - **22 માર્ચ-1908 અને ભરૂચના મિયામાતર ગામે**

**23-03-2020**

**૧. કોરોના વાઇરસ : સાવચેતીના ભાગરૂપે સંપૂર્ણ ગુજરાત તારીખ ૩૧મી માર્ચ- ૨૦૨૦ સુધી લોકડાઉન : આવશ્યક સેવાઓ ચાલુ રહેશે**

- ✓ તમામ સરહદો બંધ કરાઈ
- ✓ લોકડાઉન ભંગ કરનારને છ માસની જેલ અને એક હજારનો દંડ
- ✓ તારીખ ૨૩ માર્ચની સ્થિતિએ ૩૬ માંથી ૩૦ રાજ્ય લોકડાઉન (૨૮ રાજ્ય અને ૮ કેન્દ્રશાસિત પ્રદેશ)

**૨. નિર્ણય – ઈ-સ્ટેમ્પ : મહેસૂલ વિભાગ - ગુજરાત સરકાર**

**જોગવાઈ:-**

- ✓ ઈ-સ્ટેમ્પિંગ માટે ઓથોરાઇઝ્ડ કલેક્શન સેન્ટર(ACC)ને ૦.૧૫ ટકા કમિશન તેમજ ઈ-સ્ટેમ્પ દીઠ રૂ. ૧૦ કમિશન ચૂકવવામાં આવશે.

**હેતુ**

- ✓ રાજ્ય સરકારે આ નિર્ણય એસીસી ધારકોને વાજબી કમિશન મળી રહે તે હેતુથી લીધો. જેના લીધે, તેમનો ઉત્સાહ પણ વધશે.
- ✓ ઈ-સ્ટેમ્પિગથી સ્ટેમ્પ પેપરના વેચાણમાં સલામતી, સુવિધા ઉપલબ્ધ થશે. જેના લીધે, છેતરપિંડી અને ગેરરીતિઓ અટકશે. ઉપરાંત, સ્ટેમ્પના વેચાણમાં પારદર્શકતા આવશે.

મહેસૂલ મંત્રી - શ્રી કૌશિકભાઈ પટેલ

**૩.મધ્યપ્રદેશ : ભાજપના શિવરાજસિંહ ચૌહાણ ચોથીવાર મધ્યપ્રદેશના મુખ્યમંત્રી તરીકે**




- ✓ રાજ્યપાલ - શ્રી લાલજી ટંડન
- ✓ રાજધાની – ભોપાલ

**૪. વર્તમાનમાં પ્રચલિત થયેલા – કરફ્યૂ, લોકડાઉન અને જનતા કરફ્યુ વચ્ચેનો તફાવત**

**(૧) કરફ્યૂ**

- ✓ કોઈ પણ દેશમાં કાયદા હેઠળ જો કરફ્યૂ લગાડી દેવામાં આવે તો લોકો ઈમરજન્સીને બાદ કરતાં કોઇ પણ સ્થિતિમાં પોતાના ઘરોમાંથી બહાર નીકળી શકતા નથી.
- ✓ કરફ્યૂ ઘણો આકરો નિયમ છે જે હેઠળ લોકોને અમુક નિશ્ચિત સમય સુધીમાં ઘરોમાં રહેવાનું હોય છે. તેનો ભંગ કરનારને જેલની સજા થઈ શકે છે.
- ✓ **(૨) લોકડાઉન**
- ✓ મોટી સંખ્યામાં લોકોને ઘરોમાં બંધ રાખવા માટે લોકડાઉન સૌથી શ્રેષ્ઠ સ્થિતિ હોય છે.
- ✓ આ સામાન્ય રીતે ત્યારે લગાડવામાં આવે છે જ્યારે સ્થિતિ ઈમરજન્સી જેવી હોય તેથી કોઈ એક જગ્યાને સીમિત કરવા માટે લોકડાઉન કરવામાં આવે છે.
- ✓ આ સંજોગોમાં બહાર નીકળવા માટે પરવાનગી લેવી પડે છે.

**(3) જનતા કરફ્યુ**

- ✓ જનતા કરફ્યુ કે સ્વય કરફયુ એક જાતે લાદવામાં આવેલું લોકડાઉન છે. લોકો પોતાની વિવેક મરજી અને સતર્કતા સાથે ઘરમાં બંધ રહે છે.
- ✓ જોકે ઘરની બહાર જવા માટે કોઈ સજા કે દંડની જોગવાઈ નથી.

**૫. ICMRની જાહેરાત (આરોગ્ય) સુવિધા માટે વપરાતા દવા હાઈડ્રોક્સી ક્લોરોક્વિન કોરોના દરદી પર અસરકારક**

- ✓ ઇન્ડિયન કાઉન્સિલ મેડિકલ રિસર્ચ (ICMR) દ્વારા જાહેરાત

**અન્ય વિગતો**

- ✓ સંધિવા માટે વપરાતી દવા હાઇડ્રોક્સી ક્લોરોક્વિન કોરોના દર્દીઓ પર કારગત
- ✓ કોરોના પોઝિટિવ દર્દીને ૪૦૦ mg દવાનો ડોઝ પહેલા દિવસે બે ટાઇમ અને ત્યારબાદ ૫ દિવસ સુધી ૨૦૦ mgનો ડોઝ સવાર-સાંજ અપાશે
- ✓ કોરોના વાઇરસના દર્દીઓ માટે સહેલાઈથી ઉપલબ્ધ થતી એક દવા આ રોગ પર અસરકારક રીતે રિસ્પોન્સ આપી રહી છે.
- ✓ ઇન્ડિયન કાઉન્સિલ મેડિકલ રિચર્સ દ્વારા જાહેરાત કરાઈ છે કે, કોરોના વાઇરસના હાઇ રિસ્ક દર્દીની સારવાર માટે હાઇડ્રોક્સી ક્લોરોક્વિન (HYDROXY CHLOROQUINE) મેડિસિન કારગત છે.

- ✓ આ સંજોગોમાં દુનિયાભરમાં કોરોનાના દર્દીઓના મોત થઈ રહયાં છે. ત્યારે ડોક્ટર્સ કોરોનો દર્દીઓ પર જાતજાતની દવાઓના પ્રયોગો કરી રહયાં હતાં. તેમાં આખરે હાઇડ્રોક્સી ક્લોરોક્વિન HYDROXY CHLOROQUINE) મેડિસિન કોરોના વાઇરસના દર્દીઓ પર અસરકારક નીવડી છે, તેવું ICMR દ્વારા પણ જાહેરાત કરાઈ.

૬. વૈશ્વિક કક્ષાએ આરોગ્યના આઠ માપદંડમાં ભારતની સ્થિતિ અંગે અહેવાલ

આરોગ્ય સુવિધાઓ અંગે ભારત વિશ્વમાં ૧૪૫માં ક્રમે

આરોગ્ય સેવાઓના વિવિધ માપદંડ પર કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત દેશોની સ્થિતિ કેવી છે ?

- ✓ ડોક્ટરો, નર્સ, આરોગ્ય કર્મચારીઓની ઉપલબ્ધતા, આરોગ્ય સેવાઓ પાછળ ખર્ચ થનારું સરકારી બજેટ, કોઈ દેશની બીમારીઓ સામે લડવાની ક્ષમતા વગેરે એવા માપદંડ છે, જે કોઈ દેશની આરોગ્ય સિસ્ટમને મજબૂત બનાવે છે.

(૧) હેલ્થકેર સુધી પહોંચવા રેન્કિંગ

આરોગ્ય સુવિધાઓ આપવામાં ભારત ૧૪૫માં ક્રમે

- ✓ જનરલ મેડિકલ જર્નલ લેન્સેટે ૨૦૧૮માં ૧૯૫ દેશોમાં લોકો સુધી આરોગ્ય સેવાઓ સુધી પહોંચના વિવિધ માપદંડોના આધારે આ રેન્કિંગબહાર પાડ્યું હતુ. જેમાં સારું રેન્કિંગ મેળવનારા ઈટાલી, જર્મની અને સ્પેન જેવા દેશ પર કોરોના વાઈરસથી વધુ પ્રભાવિત

| | |
|---|---|
| **ભારત – ૧૪૫** | **ઈરાન – ૬૬** |
| **ચીન – ૪૮** | **જર્મની – ૧૮** |
| **ઈટાલી – ૯** | **અમેરિકા – ૨૯** |
| **સ્પેન – ૧૯** | |

**(૭) આઈસીયુ પથારીની સ્થિતિ**

- ✓ 1 લાખ લોકો દીઠ દેશમાં છે 2.3 આઈસીયુ બેડ
- ✓ 2.3 આઈસીયુ પથારી છે. ભારતમાં 1 લાખ લોકો પર કોરાના દર્દીઓની સંખ્યા વધતા તેની જરૂરિયાત વધશે
- ✓ 12.5 આઈસીયુ પથારી છે ઈટલીમાં, પ્રતિ એક લાખ વ્યક્તિએ, જ્યારે ચીનમાં 3.6 લાખ. કોરોના પછી નવી હોસ્પિટલ બનાવીને ચીને ક્ષમતા વધારી, સ્પેનમાં 9.7 આઈસીયુ બેડ, જર્મનીમાં આ સંખ્યા 29.2 અને અમેરિકામાં 34.7 છે.

**(૮) મહામારી સામે લડવાની ક્ષમતા**

- ✓ જે દેશોનું રેન્કિંગ સારું ત્યાં વધુ કોરોના દદી !
- ✓ 57મો ક્રમ છે ભારતનો મહામારીને રોકવાની ક્ષમતાની બાબતે
- ✓ 1લો ક્રમ અમેરિકાનો છે, તેમ છતાં અહીં કોરોનાના 15 હજારથી વધુ દર્દી
- ✓ રેન્કિંગ ગ્લોબલ હેલ્થ સિક્યોરિટી ઈન્ડેકસ 2019 પર આધારિત છે, વિચિત્ર વાત છે કે, અત્યારે સારું રેન્કિંગ ધરાવતા દેશોમાં વધુ દર્દી જોવા મળી રહ્યા છે.

૭. નાણા બિલ-૨૦૨૦ પસાર (કેન્દ્ર સરકાર)

- ✓ કેન્દ્ર સરકારરૂ. ૮ સુધી પેટ્રોલ-ડિઝલમાં એક્સાઈઝ ડ્યૂટી વધારી શકશે

**અન્ય વિગતો**

- ✓ સરકાર રૂ. ૮ સુધીની એકસાઇઝ ડયુટી વધારી શકશે નાણાં બીલ-૨૦૨૦ પસાર
- ✓ ભવિષ્યમાં પેટ્રોલ-ડિઝલમાં પ્રતિ લીટર રૂ. ૮ સુધીની એકસાઇઝ ડયુટી વધારવા સરકારને સત્તા આપતો સુધારો કાયદામાં કરાયો.

૮. કોરોના વાયરસ : નવીન પહેલ (આરોગ્ય)

- ✓ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે મુંબઈમાં દેશની પ્રથમ COVID-19 દરદીઓ માટે ૧૦૦ બેડની અલગથી હોસ્પિટલ બનાવાશે
- ✓ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે મુંબઈમાં દેશની પ્રથમ COVID-19 દર્દીઓ માટે અલગથી હોસ્પિટલ સેટઅપ કરી
- ✓ રિલાયન્સ ફાઉન્ડેશન હોસ્પિટલે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે મળીને COVID-19ના દર્દીઓ માટે એક વિશેષ રીતે 100 બેડનો હોસ્પિટલ સેટઅપ કર્યો.
- ✓ નિર્માણ- રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા મુંબઈ મ્યુનિસિપલ સાથે મળીને હોસ્પિટલ બનાવશે

૯. માયલેબ કિટ : કોરોનાની તપાસ માટે પ્રથમ કિટ 'માય લેબ'ને કેન્દ્રની મંજૂરી

- ✓ નામ- માયલેબ પેથોડિટેક્ટ કોવિડ-19 ક્વોલિટેટિવ PCR કિટ
- ✓ કંપની- માયલેબ ડિસ્કવરી સોલ્યૂશન્સ પ્રા.લિ. પૂના (મહારાષ્ટ્ર)
- ✓ WHOની ગાઈડલાઈન મુજબ કિટ તૈયાર કરાઈ

૧૦ દિન વિશેષ : ૨૩ માર્ચ ૧૯૩૧ શહીદ દિવસ

**મહાન ક્રાંતિકારી ભગતસિંહ, રાજગુરૂ અને સુખદેવને ફાંસી અપાઈ હતી.**

૧૧. જન્મ દિન વિશેષ : ૨૩ માર્ચ

લોહિયાવાદ: રામમનોહર લોહિયા

જન્મ : 23 માર્ચ-1910 અવસાન : 12 ઓક્ટોબર 1967

- ✓ આજે મહાન ક્રાંતિકારીઓ ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવનો શહીદ દિવસ છે. ઉપરાંત રામમનોહર લોહિયાનો જન્મદિવસ
- ✓ ફૈઝાબાદ પાસે અકબરપુરમાં જન્મેલા લોહિયાના માતા તેમની અઢી વર્ષની ઉમરમાં જ અવસાન પામ્યાં.
- ✓ પિતા પાસેથી દેશભક્તિ, આઝાદી અને ગાંધીવિચારનો વારસો મળ્યો હતો.
- ✓ 1929માં કોલકાતાથી સ્નાતક થયા, પીએચ.ડી થવા જર્મની ગયા ત્યાંથી પદવી મેળવી.
- ✓ યુરોપ નિવાસ દરમિયાન લોહિયાએ ભારતીય રાષ્ટ્રવાદના પ્રચાર માટે સંગઠન પણ રચ્યું હતું.
- ✓ ભારત આવ્યાં પછી ગાંધીપ્રભાવમાં જીવન દેશ માટે સમર્પિત કર્યું.
- ✓ અનેક આંદોલનોમાં ભાગ લઈ જેલવાસ પણ ભોગવ્યો. 1934માં કોંગ્રેસ સમાજવાદી પક્ષના એક સ્થાપક સભ્ય બન્યા.
- ✓ આઝાદી બાદ લોહિયા સમાજવાદી રાજનીતિ, લિંગભેદનો અંત, નાતજાતના નિવારણ માટે રોટી-બેટી વ્યવહારની હિમાયત જેવાં અનેક મુદ્દે સક્રિય રહ્યાં હતાં. 12 ઓક્ટોબર 1967ના રોજ અવસાન થયું હતું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૩-૦૩-૨૦૨૦)

1. કોરોના વાઇરસ સંદર્ભે સાવચેતીના ભાગરૂપે સંપૂર્ણ ગુજરાતને કઈ તારીખ સુધી લોકડાઉન જાહેર કરાયું – **તા. ૨૪ થી ૩૧મી માર્ચ- ૨૦૨૦ સુધી**
2. ગુજરાતમાં લોકડાઉન ભંગ કરનારને કઈ સજા અપાશે - **છ માસની જેલ અને એક હજારનો દંડ**
3. ગુજરાત સરકારે માર્ચ-૨૦૨૦માં ઈ-સ્ટેમ્પિંગ માટે ACCને કેટલા ટકા કમિશન તેમજ ઈ-સ્ટેમ્પ દીઠ કેટલું કમિશન ચૂકવવાનો નિર્ણય કર્યો - **૦.૧૫ ટકા તથા રૂ. ૧૦**
4. ACCનું વિસ્તૃત નામ જણાવો - **ઓથોરાઇઝ્ડ કલેક્શન સેન્ટર**
5. ગુજરાતના વર્તમાન મહેસૂલ મંત્રીનું નામ જણાવો - **કૌશિકભાઈ પટેલ**
6. માર્ચ-૨૦૨૦માં કોણે ચોથીવાર મધ્યપ્રદેશના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા - **શિવરાજસિંહ ચૌહાણ**
7. મધ્યપ્રદેશના વર્તમાન રાજ્યપાલનું નામ જણાવો - **લાલજી ટંડન**
8. મધ્યપ્રદેશની રાજધાની જણાવો – **ભોપાલ**
9. કયા નિયમ હેઠળ લોકોને અમુક નિશ્ચિત સમય સુધીમાં ઘરોમાં રહેવાનું હોય છે તેનો ભંગ કરનારને જેલની સજા કરવામાં આવે છે - **કરફ્યુ**
10. ઈમરજન્સી જેવી સ્થિતિમાં કોઈ એક જગ્યાને સીમિત કરવા માટે કયો નિયમ લાગૂ કરાઈ છે - **લોકડાઉન**
11. લોકો પોતાની વિવેક મરજી અને સતર્કતા સાથે ઘરમાં બંધ રહે તેને શું કહેવામાં આવે છે - **જનતા કરફ્યુ**
12. ICMRનું વિસ્તૃત નામ જણાવો – **ઇન્ડિયન કાઉન્સિલ મેડિકલ રિસર્ચ**
13. ઇન્ડિયન કાઉન્સિલ મેડિકલ રિચર્સ દ્વારા કોરોના વાઇરસના હાઇ રિસ્ક દર્દીની સારવાર માટે કઈ મેડિસન કારગત હોવાનું જાહેર કરાયું - **હાઇડ્રોક્સી ક્લોરોક્વિન (HYDROXY CHLOROQUINE)**
14. વૈશ્વિક કક્ષાએ આરોગ્યના આઠ માપદંડમાં આરોગ્ય સુવિધાઓ બાબતે ભારત વિશ્વમાં કેટલામા ક્રમે છે - **૧૪૫માં ક્રમે**
15. વર્ષ-૨૦૧૮માં ૧૯૫ દેશોમાં લોકો સુધી આરોગ્ય સેવાઓ સુધી પહોંચના વિવિધ માપદંડોના આધારે કોના દ્વારા રેન્કિંગ બહાર પડાયું હતુ જેમાં ભારત ૧૪૫માં ક્રમ પર હતુ - **જનરલ મેડિકલ જર્નલ લેન્સેટ**
16. મહામારીને રોકવાની ક્ષમતાની બાબતે ભારતનો ક્રમ જણાવો - **57મો**
17. મહામારીને રોકવાની ક્ષમતાની બાબતે પ્રથમ ક્રમે કયો દેશ છે – **અમેરિકા**
18. નાણા બિલ-૨૦૨૦ પસાર થવાને કારણે કેન્દ્ર સરકાર કેટલા રૂપિયા સુધી પેટ્રોલ-ડિઝલમાં એક્સાઈઝ ડયૂટી વધારી શકશે - **રૂ. ૮**
19. કયુ ફાઉન્ડેશન મુંબઈમાં દેશની પ્રથમ COVID-19 દર્દીઓ માટે ૧૦૦ બેડની અલગથી હોસ્પિટલ બનાવાશે - **રિલાયન્સ ફાઉન્ડેશન**

20. રિલાયન્સ ફાઉન્ડેશન કોની સાથે મળીને મુંબઈમાં દેશની પ્રથમ COVID-19 દર્દીઓ માટે અલગથી હોસ્પિટલ બનાવવાની જાહેરાત કરી - **મુંબઈ મ્યુનિસિપલ**
21. કોરોનાની તપાસ માટે કઈ પ્રથમ કિટને ભારત સરકાર દ્વારા મંજૂરી અપાઈ - **'માય લેબ'**
22. WHOની ગાઈડલાઈન મુજબ કોરોનાની તપાસ માટે કઈ કંપની દ્વારા 'માય લેબ' કિટ તૈયાર કરાઈ - **માયવેલ ડિસ્કવરી સોલ્યૂશન્સ પ્રા.લિ. પૂના (મહારાષ્ટ્ર)**
23. મહાન ક્રાંતિકારી ભગતસિંહ, રાજગુરૂ અને સુખદેવને કયારે ફાંસી અપાઈ હતી – **તા. ૨૩ માર્ચ ૧૯૩૧**
24. તા.૨૩ માર્ચ ૧૯૩૧ના રોજ મહાન ક્રાંતિકારી ભગતસિંહ, રાજગુરૂ અને સુખદેવને ફાંસી અપાઈ તેને કયા દિવસ તરીકે ઓળખવામાં આવે છે – **શહીદ દિવસ**
25. રામમનોહર લોહિયાનો જન્મ દિવસ જણાવો - **23 માર્ચ-1910**

## 24-03-2020

### ૧. કોરોના વાઇરસ (આરોગ્ય)

**ઇતિહાસમાં સૌથી મોટી મહામારી સામે પ્રથમવાર સમગ્ર ભારત 21 દિવસ માટે સંપૂર્ણ લોકડાઉન**

- ✓ કોરોનાના પ્રકોપથી બચવા વડાપ્રધાન શ્રી મોદી દ્વારા ભારતની ૧૩૦ કરોડ જનતાને ઘરમાં જ રહેવા અપીલ
- ✓ આરોગ્યલક્ષી સુવિધાઓ માટે રૂ. ૧૫,૦૦૦ કરોડનું ખાસ આર્થિક પેકેજ
- ✓ આવશ્યક સેવા સંપૂર્ણ ચાલુ રહેશે
- ✓ સોશિયલ ડિસ્ટન્સિંગ જરૂરી

### ૨. કોરોના વાયરસ સામે સાવચેતી - સોશિયલ ડિસ્ટન્સિંગ અંગે ICMRનો અહેવાલ : ૬૨ ટકા ચેપ ઘટે

- ✓ કોરોના ચેપને રોકવાનો સૌથી મોટો ઉપાય છે સોશિયલ ડિસ્ટન્સિંગ.
- ✓ આઈસીએમઆરે કહ્યું કે આ ચેપ એક વ્યક્તિથી 4 લોકો સુધી ફેલાઈ શકે છે, પછી 4થી 16 અને આ જ રીતે આગળ. સોશિયલ ડિસ્ટન્સિંગનું કડકાઈથી પાલન ચેપને 62 ટકા સુધી ઘટાડી શકે છે.
- ✓ જો એવું માનીએ કે દર બીજા દિવસે એક વ્યક્તિ 4 લોકોને ચેપગ્રસ્ત કરે છે, તો દર બીજા દિવસે આ ચારથી 16 વ્યક્તિ ચેપગ્રસ્ત થઈ જશે.
- ✓ આવું જ ચાલતું રહેશે તો એક ચેપગ્રસ્ત વ્યક્તિ 15 દિવસમાં 27 કરોડ લોકોને ચેપગ્રસ્ત કરી દેશે. એટલા માટે સોશિયલ ડિસ્ટન્સિંગ જરૂરી છે.
- ✓ ICMR - ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ - નવી દિલ્હી

### ૩.વર્તમાન સ્થિતિ સંદર્ભે કેન્દ્ર સરકારના અન્ય પ્રજાલક્ષી નિર્ણયો : નાણા મંત્રી શ્રી નિર્મલા સીતારામન

(૧) આગામી તારીખ ૩૦મી જૂન ૨૦૨૦ સુધી ઇન્કમટેક્સ રિટર્ન ભરી શકાશે

(૨) પાન કાર્ડ સાથે આધાર કાર્ડ લિંક કરાવવાની તારીખ પણ લંબાવીને ૩૦મી જૂન ૨૦૨૦ કરાઈ

**(3) ઉદ્યોગો માટે જાહેરાત**

- ✓ વિવાદથી વિશ્વાસ સ્કીમની તારીખ ૩૦ જૂન કરવામાં આવી.
- ✓ પાંચ કરોડ રૂપિયાથી ઓછું ટર્ન ઓવર ધરાવતી કંપનીઓને વિલંબથી જીએસટી ફાઈલ કરવા મુદ્દે કોઈ વ્યાજ, પેનલ્ટી કે લેટ ફીસ લાગુ થશે નહીં.
- ✓ પાંચ કરોડથી વધારાનું ટર્ન ઓવર ધરાવતી કંપનીઓને લેટ ફી પેનલ્ટી નહીં લાગે અને જે વ્યાજ વસૂલવામાં આવે છે તે પણ ૧૮ ટકાથી ઘટાડીને ૯ ટકા કરવામાં આવશે.
- ✓ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ૬૦ દિવસે ફરજિયાત કરવામાં આવતી મિટિંગના નિયમોમાં રાહત.
- ✓ નવી બનેલી કંપનીઓએ છ મહિનામાં કંપનીનો અહેવાલ આપવાનો હોય છે. તેમને રાહત આપતા વધુ છ મહિનાની મુદત આપવામાં આવી.
- ✓ માર્ચ-એપ્રિલ-મે દરમિયાન જે પણ રિટર્ન ફાઈલિંગની તારીખો આવે છે તે વધારીને ૩૦ જૂન કરવામાં આવી.
- ✓ માર્ચ ૨૦૨૦ સુધીમાં ઓડિટરનો રિપોર્ટ ફાઈલ કરવાની સમય મર્યાદા એક વર્ષ વધારાઈ.

✓ નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે જે પણ ઇન્ડિપેન્ડન્ટ બોર્ડ ઓફ ડિરેક્ટરે કંપનીની એકપણ બેઠકમાં હાજરી નહીં આપી હોય તેમની સામે કોઈ પગલાં લેવાશે નહીં.

✓ ૧ કરોડથી ઓછા વેપાર કરતી કંપનીઓ સામે દેવાળિયા પ્રક્રિયા પણ હાથ ધરવામાં નહીં આવે.

**(૪) બેન્કિંગ ક્ષેત્રની જાહેરાત**

✓ ડેબિટ કાર્ડધારકો આગામી ત્રણ મહિના સુધી કોઈપણ ATMમાંથી પૈસા ઉપાડી શકશે. તે માટે કોઈ ચાર્જ નહીં લાગે.

✓ સેવિંગ્સ ખાતાઓમાં મિનિમમ બેલેન્સ રાખવાનો નિયમ હાલ પૂરતો દૂર કરાયો. તેમાં પણ કોઈ દંડ નહીં લાગુ પડે.

✓ ટ્રેડ અને ફાઇનાન્સ કન્ઝ્યુમર માટે બેન્કના ચાર્જિસ પણ ઘટાડાશે.

✓ કોમર્સ ડિપાર્ટમેન્ટ દ્વારા સ્થિતિ ઉપર નજર રાખવામાં આવી રહી છે. સમય મર્યાદામાં વધારો કરવા અંગે નિર્ણય લેવાશે પણ સ્કીમમાં કોઈ ફેરફાર કરાશે નહીં.

✓ સરકાર અને સેબી દ્વારા અઠવાડિયામાં ત્રણ વખત શેરમાર્કેટ ઉપર નજર રાખવામાં આવી રહી છે. આગામી સમયમાં તે અંગે પણ કેટલીક જાહેરાતો કરાઈ શકે છે.

**(૫) ઇન્કમટેક્સ અને જીએસટીમાં રાહત**

✓ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે ITR ફાઇલિંગની મર્યાદા 30 જૂન કરાઈ

✓ ૨૦૧૮-૧૯ માટે વિલંબથી ઇન્કમટેક્સ રિટર્ન ભરવાની અંતિમ તારીખ ૩૧ માર્ચથી વધારીને 30 જૂન કરવામાં આવી.

✓ વિલંબથી આઈટીઆર ફાઈલ કરવા ઉપર દંડ સ્વરૂપે લેવાતા ૧૨ ટકા વ્યાજને ઘટાડીને ૯ ટકા કરવામાં આવ્યું છે.

✓ ટીડીએસ પણ વિલંબથી જમા કરાવવા મુદ્દે ૧૮ ટકા વ્યાજ લાગતું હતું તે ૯ ટકા કરવામાં આવ્યું છે.

✓ આધાર અને પાનકાર્ડને જોડવાની સમયમર્યાદા પણ જૂન ૨૦૨૦ કરવામાં આવી.

✓ વેલ્થ ટેક્સ એક્ટ, બેનામી પ્રોપર્ટી ટ્રાન્સફર એક્ટ, બ્લેક મની એક્સ, સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન જેવા વિવાદ ઉકેલતી સ્કીમોની મર્યાદા 30 જૂન કરાઈ.

**૪. ખેલકૂદ : ટોક્યો ઓલિમ્પિક-૨૦૨૦ એક વર્ષ માટે સ્થગિત - IOCનો નિર્ણય**

**સંભવિત વર્ષ ૨૦૨૧ની ઉનાળુ સિઝન પહેલા ગેમ્સ યોજવા માટે IOC કટિબદ્ધ**

✓ ટોક્યો ઓલિમ્પિક ૨૦૨૦ તરીકે જ આવતા વર્ષે ઓળખાશે

✓ IOC - ઇન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી

✓ રાજધાની - ટોક્યો (જાપાન)

✓ PM - શિન્ઝો આબે IOC પ્રમુખ - થોમસ બાક

**૫. હંતા વાયરસ : (આરોગ્ય)**

**ચીનમાં નવા હંતા વાયરસનો પગપેસારો : એક વ્યક્તિનું મોત**

**જાણો શું છે હંતા વાયરસ ?**

✓ કોરોના વાઈરસ જેટલો હંતા વાઈરસ ઘાતક નથી. આ વાઈરસ ઉંદર કે ખીસકોલીના સંપર્કમાં આવનાર વ્યક્તિથી ફેલાય છે.

✓ સેન્ટર ફોર ડિસિઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન રિપોર્ટ મુજબ ઉંદરના ઘરની અંદર-બહાર આવવાથી હંતા વાઈરસના ચેપનો ખતરો વધે છે.

✓ ખાસ કરીને કોઈ સ્વસ્થ વ્યક્તિ છે અને તે પણ હંતા વાઈરસના સંપર્કમાં આવી જાય તો તેને પણ ચેપ લાગતો હોવાનો ખતરો રહે છે.

**હંતા વાઈરસ જીવલેણ છે ?**

✓ સીડીસીના રિપોર્ટ મુજબ હંતા વાઈરસ જીવલેણ છે.

✓ આનો ચેપ લાગનાર લોકોના મરવાનો આંકડો ૩૮ ટકા સુધી છે.

✓ ચીનમાં હંતા વાઈરસનો મુદ્દો એવા સમયમાં સામે આવ્યો છે કે જ્યારે આખી દુનિયા વુહાનથી નીકળેલા કોરોના વાઈરસની મહામારીથી પીડાઈ રહી છે.

**૬. ગુજરાત સરકાર : ગુજરાતમાં ધોરણ 1 થી 9 અને 11ના વિદ્યાર્થીઓ માટે માસ પ્રમોશન જાહેર**

✓ નવું શૈક્ષણિક વર્ષ હવે એપ્રિલના બદલે જૂનથી શરૂ કરાશે

**૭. જાહેરાત : કેન્દ્ર સરકાર**

**કોરોના સામે લડવા કંપનીઓ જે ખર્ચ કરશે તેને CSR પ્રવૃત્તિ તરીકે ગણવામાં આવશે**

**CSR વિશે-**

✓ કંપની કાયદા હેઠળ નફો કરતી કંપનીઓએ તેમના ત્રણ વર્ષના નફાના બે ટકા રકમ સીએસઆર પાછળ વાપરવાની હોય છે.

✓ તે અંગે કોર્પોરેટ બાબતના મંત્રાલયે સ્પષ્ટતા કરી કે, કોવિડ-19 માટે સીએસઆર ફંડમાંથી થતાં ખર્ચને CSR હેડ હેઠળ જ આવરી લઈ શકાશે.

✓ જેમાં પ્રિવેન્ટીવ હેલ્થકેર અને સેનિટેશન સહિતની એક્ટિવિટીઝ અને ખર્ચનો સમાવેશ થાય છે.

✓ સરકાર એક પોર્ટલ પણ તૈયાર કરશે તેની ઉપર જરૂરી ઉપકરણો, દવાઓ વગેરેની યાદી પણ મૂકવામાં આવશે અને કોર્પોરેટ્સને તેમાં કેશ કે જરૂરીયાત અનુસારની મદદ માટે પરવાનગી આપવામાં આવશે.

✓ CSR- કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી

## ૮. દિન વિશેષ : 24 માર્ચ વિશ્વ ટીબી દિવસ

✓ વિશ્વ ટીબી દિવસ- 2020ની થીમ- "ITS TIME TO END TB"

### અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૪-૦૩-૨૦૨૦)

1. કોરોના વાયરસની ચેઈન આગળ વધતી અટકાવવા ભારતના ઇતિહાસમાં સૌપ્રથમવાર તા. 24 માર્ચ 2020થી આવશ્યક સેવાઓ સિવાય કેટલા દિવસ માટે સમગ્ર દેશને લૉકડાઉન કરાયો - **21 દિવસ (14.04.2020)**
2. કેન્દ્ર સરકાર દ્વારા કોરોના વાયરસ સામે લડવા આરોગ્યલક્ષી સુવિધા વધારવા માટે કેટલી રકમનું આર્થિક પેકેજ જાહેર કરાયું- **રૂ.15,000 કરોડ**
3. ભારતમાં લૉકડાઉનની સ્થિતિએ કેન્દ્રીય નાણા મંત્રાલય દ્વારા ઇન્કમટેક્સ રિટર્ન ભરવાની તારીખ ક્યાં સુધી લંબાવાઇ છે - **30.06.2020**
4. ભારતમાં લૉકડાઉનની સ્થિતિએ કેન્દ્રીય નાણા મંત્રાલય દ્વારા પાન કાર્ડ સાથે આધાર કાર્ડને લીંક કરવાની તારીખ ક્યાં સુધી લંબાવાઇ છે-**30.06.2020**
5. ભારતમાં લૉકડાઉનની સ્થિતિએ કેન્દ્રીય નાણા મંત્રાલય દ્વારા કોઈપણ એટીએમમાંથી ડેબિટ કાર્ડ દ્વારા નાણા ઉપાડવા ઉપર આગામી કેટલા માસ સુધી કોઈ પણ ચાર્જ લાગશે નહીં – **3**
6. ટોક્યો ઓલમ્પિક -2020ને આગામી કેટલા વર્ષ સુધી કોરોનાના કારણે સ્થગિત કરવામાં આવ્યો છે- **1 વર્ષ**
7. ઓલમ્પિકના સંદર્ભમાં IOCનું વિસ્તૃત નામ જણાવો- **ઇન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી**
8. ઇન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટીના વર્તમાન અધ્યક્ષનું નામ જણાવો- **થોમસ બાક**
9. તાજેતરમાં હંતા જીવલેણ વાયરસ કયા દેશમાં જોવા મળ્યો છે - **ચીન**
10. ચીનમાં જોવા મળેલ હંતા વાયરસ શાનાથી ફેલાય છે - **ઉંદર કે ખિસકોલી દ્વારા**
11. કોરોના વાયરસથી સાવચેતીના ભાગરૂપે ગુજરાત સરકાર દ્વારા કયા ધોરણના વિદ્યાર્થીઓ માટે માસ પ્રમોશનની જાહેરાત કરાઈ - **ધોરણ: 1 થી 9 અને 11**
12. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા કંપની કાયદા હેઠળ કરવામાં આવતી CSR પ્રવૃત્તિમાં કયા ભયાનક રોગની સારવાર સામેલ કરવામાં આવી છે - **કોરોના વાયરસ**
13. CSRનું વિસ્તૃત નામ જણાવો – **કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી**
14. તાજેતરના ICMR અહેવાલ મુજબ સોશિયલ ડિસ્ટન્સિંગ દ્વારા કોરોના વાઇરસનો ચેપ કેટલા ટકા ઘટે છે- **62%**
15. કોરોના વાયરસનો ફેલાવો અટકાવવા માટે સૌથી મહત્વનો ઉપાય કયો - **સોશિયલ ડિસ્ટન્સિંગ**
16. ICMRનું વિસ્તૃત નામ જણાવો- **ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ**
17. વિશ્વ ટીબી દિવસ કયારે આવે છે - **24 માર્ચ**
18. વિશ્વ ટીબી દિવસ-2020ની થીમ જણાવો - **"ITS TIME TO END TB"**

# 25-03-2020

## ૧. કોરોના વાઈરસ : ગુજરાતમાં સવારે ૮ થી સાંજે ૪ સુધી જ પેટ્રોલ-ડિઝલ મળશે

✓ નાગરિકોના પ્રશ્નો-આવશ્યક સેવાઓ માટે ગૃહ વિભાગ દ્વારા બે હેલ્પલાઈન શરૂ

(૧) ૧૦૭૦ (૨) ૫૧૯૦૦

## ૨. મહત્વની જાહેરાત : ગુજરાત સરકાર

✓ રાજ્યના ૬૦ લાખ ગરીબ પરિવારોના ૩.૨૫ કરોડ લોકોને ઘઉં, ચોખા, દાળ, ખાંડ તથા મીઠુ આગામી એક માસ સુધી વિનામૂલ્યે અપાશે

**જાહેરાત**

- ✓ ગરીબ પરિવારોને એપ્રિલ માસમાં વ્યક્તિદિઠ ૩.૫૦ કિ.ગ્રા. ઘઉં, ૧.૫૦ કિ.ગ્રા. ચોખા તથા કુટુંબ દિઠ ૧ કિ.ગ્રા. ખાંડ તથા દાળ અને મીઠું સસ્તા અનાજની દુકાનો પરથી વિના મૂલ્ય આપવામાં આવશે.
- ✓ અન્ય રાજ્યોમાંથી ગુજરાતમાં આવતા શાકભાજી, ફળ-ફળાદિનો પુરવઠો જાળવવા મુખ્યમંત્રીશ્રીનો દિશા નિર્દેશ
- ✓ નાગરિકોને પુરતી માત્રામાં સરળતાથી દૂધ મળી રહે તે માટે ડેરી - દૂધ સંઘો પર દૂધની, આવક - વિતરણ વ્યવસ્થા પર રાજ્ય સરકારના અધિકારીઓ દેખરેખ રાખશે
- ✓ નાગરિકોને શાકભાજી, ફળ-ફળાદિની અવિરત ઉપલબ્ધિ માટે ૭૫ APMCમાં સહકાર સચિવની આગેવાનીમાં દેખરેખ રખાશે

**3. NPR : દેશમાં કોરોનાને કારણે NPR અપડેટની પ્રક્રિયાને અનિશ્ચિતકાળ માટે સ્થગિત કરાઈ**

- ✓ આગામી ૧લી એપ્રિલ-૨૦૨૦થી આ કાર્ય શરૂ થવાનું હતુ
- ✓ NPR- નેશનલ પોપ્યુલેશન રજિસ્ટર

**૪. ક્વોરેન્ટાઈન અને આઈસોલેશન વચ્ચેનો તફાવત : બંને અલગ બાબતો**

**ક્વોરેન્ટાઈન એટલે શુ ?**

- ✓ તે તંદુરસ્ત વ્યક્તિને અલગ રાખવા માટે છે, જેને ચેપ લાગવાની શંકા છે. ક્વોરેન્ટાઈનમાં તેને રાખે છે, જે તાજેતરમાં જ પ્રભાવિત દેશમાંથી પરત ફર્યો હોય કે ચેપ લાગેલી વ્યક્તિના સંપર્કમાં આવ્યો હોય.
- ✓ આ 14 દિવસનો સમય હોય છે, કેમ કે 14 દિવસમાં સ્પષ્ટ થઈ જાય છે કે, વ્યક્તિ બીમાર છે કે નહીં.
- ✓ તેમાં વ્યક્તિ પરિવારની સાથે ઘરમાં અલગ રૂમમાં સાવચેતી સાથે રહી શકે છે.

**આઈસોલેશન એટલે શુ ?**

- ✓ આ એવા લોકો માટે છે, જેમના અંદર લક્ષણ દેખાય છે, કે જેમનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે.
- ✓ આઈસોલેશનમાં એ વ્યક્તિને અલગ રાખવામાં આવે છે, જેના લક્ષણ સ્પષ્ટ હોય છે.
- ✓ આ ત્યાં સુધી ચાલે છે જ્યાં સુધી વ્યક્તિ સંપૂર્ણ રીતે સાજો ન થઈ જાય કે કોઈ લક્ષણ ન દેખાય.
- ✓ તેમાં બીમાર વ્યક્તિએ એકલા જ રહેવાનું હોય છે. ડોક્ટરની દેખરેખ જરૂરી હોય છે.

**૫. કોરોના વાયરસ : કેન્દ્ર દ્વારા ભારતમાં BPLના ૮૦ કરોડ લોકોને ૨ રૂપિયા કિલો ઘઉં અને ૩ રૂપિયા કિલો ચોખા વિનામૂલ્યે અપાશે**

**૬. નિધન : લોકપ્રિય કાર્ટૂન કોમિક સિરિઝ એસ્ટ્રિક્સના સહ સર્જક અને કાર્ટૂનિસ્ટ આલ્બર્ટ ઉદેરઝોરનું ૯૨ વર્ષે નિધન**

- ✓ સ્થાન – ફ્રાંસ
- ✓ થીમ – આ સિરિઝ ગુલગુલિસ અને રોયન સામ્રાજય વચ્ચેની લડાઈ છે.
- ✓ આ સિરિઝનો ૧૦૦થી વધુ ભાષામાં અનુવાદ થયો છે.

**૭. દિન વિશેષ : તિથિ-ચૈત્ર સુદ એકમ, (૧) આજથી ચૈત્રી નવરાત્રિનો પ્રારંભ**

(૨) ગુડી પડવો પર્વ : મહારાષ્ટ્રીયન લોકોનો તહેવાર

- ✓ મરાઠી લોકોનો નવા વર્ષનો પ્રથમ દિવસ એટલે ગુડી પડવો

**૮. જન્મ દિન વિશેષ : ૨૫ માર્ચ**

**આર્થિક રાષ્ટ્રવાદના જનક : અંબાલાલ સાકરલાલ દેસાઈ**

**જન્મ : 25 માર્ચ – 1844 અવસાન : 1914**

- ✓ ગાંધી પહેલાના ગાંધી ગણી શકાય પણ ગુજરાતીઓ દ્વારા અવગણાયેલા અંબાલાલ સાકરલાલ દેસાઈનો આજે જન્મદિવસ છે.
- ✓ જૂના ખેડા જિલ્લાના અલીણા ગામે બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિમાં તેમનો જન્મ થયો હતો.
- ✓ બી. એ., એમ. એ. થયા ગુજરાતી સમાજમાં તેઓ પહેલા અનુસ્નાતક હતા. વકીલાતનો અભ્યાસ પણ કર્યો, પરંતુ વકીલાત કરવાને બદલે શિક્ષકનો પવિત્ર વ્યવસાય સ્વીકાર્યો.
- ✓ અમદાવાદની સૌથી જૂની કોલેજ ગુજરાત કોલેજમાં પણ અધ્યાપન કાર્ય કર્યું હતું.
- ✓ અંબાલાલ સાકરલાલ ગુજરાતમાં આર્થિક રાષ્ટ્રવાદના પ્રણેતા પણ કહેવાય છે. સ્વદેશીને લગતી ઘણી સંસ્થાઓ, સ્વદેશી પ્રદર્શનોમાં તેમનું સીધું યોગદાન રહ્યું હતું. 20માં સૈકાના પ્રારંભે મહાત્મા ગાંધી જે વાતો દેશ સમક્ષ કરવાના હતા તેમાંની સ્વદેશી અને વિદેશી

બહિષ્કારને લગતી વાતો અને વ્યવહારુ અમલ તેઓ 19મા સૈકાના ઉત્તરાર્ધમાં જ કરી ચૂક્યા હતા.

- ✓ નડિયાદમાં સ્વદેશી મિલની પણ સ્થાપના કરી હતી.
- ✓ 1914માં 70 વર્ષની વયે તેમનુ અવસાન થયું હતું.

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૫-૦૩-૨૦૨૦)

1. ગુજરાતમાં લૉકડાઉનના સંદર્ભે લોકોને આવશ્યક સેવાઓ ઉપલબ્ધ થાય માટે કઈ નવી બે હેલ્પલાઈન ગૃહ વિભાગ દ્વારા શરૂ કરાઈ- **1070 અને 51900**
2. ગુજરાત સરકાર દ્વારા લૉકડાઉન દરમિયાન રાજ્યના 60 લાખ BPL- ગરીબ પરિવારોના 3.25 કરોડ લોકોને એક માસ સુધી કયું રાશન વિનામૂલ્યે અપાશે- **ઘઉં, ચોખા, દાળ, ખાંડ, મીઠું**
3. તા. 01.04.2020થી શરૂ થનારી NPRની પ્રક્રિયા આગામી કયાં સુધી સ્થગિત કરાશે - **અનિશ્ચિત કાળ માટે**
4. કવૉરેન્ટાઈન એટલે શું - **તંદુરસ્ત વ્યક્તિને અલગ રાખવા માટેની વ્યવસ્થા, જેને ચેપ લાગવાની શંકા છે**
5. કવૉરેન્ટાઈનમાં કેટલા દિવસ સુધી વ્યક્તિને અલગ રાખવામાં આવે છે - **14 દિવસ**
6. આઇસોલેશન એટલે શું - **જે વ્યક્તિની અંદર રોગના લક્ષણ દેખાય અને જેમનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો હોય**
7. કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં લૉકડાઉન દરમિયાન કેટલા કરોડ બીપીએલ લાભાર્થીઓને વિનામૂલ્યે ઘઉં અને ચોખા આપવામાં આવશે - **80 કરોડ**
8. તાજેતરમાં ફ્રાન્સમાં કયા લોકપ્રિય કોમિક કાર્ટૂનિસ્ટનું 92 આ વર્ષે નિધન થયું - **આલ્બર્ટ ઉદેરઝોર**
9. તાજેતરમાં લોકપ્રિય કાર્ટૂન કોમિક સિરીઝ "એસ્ટ્રિક્સિ"ના કયા સહ સર્જકનું અવસાન થયું- **આલ્બર્ટ ઉદેરઝોર**
10. ભારતમાં ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ ક્યારથી થાય છે - **ચૈત્ર સુદ એકમ**
11. ગુડી પડવો કયા રાજ્યના લોકોનો નવા વર્ષનો પ્રથમ દિવસ છે - **મહારાષ્ટ્ર**
12. ગુડી પડવો ક્યારે ઉજવાય છે - **ચૈત્ર સુદ એકમ**
13. ગુજરાતમાં આર્થિક રાષ્ટ્રવાદના પિતા એવા અંબાલાલ સાકરલાલ દેસાઈનો જન્મદિવસ જણાવો - **25 માર્ચ 1844**

## 26-03-2020

**૧. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના : કોરોના વાયરસ સામે લડવા માટે અનાજ-આર્થિક રાહત પેકેજ - કેન્દ્ર સરકાર મહામારી સામે લડવા માટે ગરીબ લોકોને રૂ. 1.70 લાખ કરોડનું પેકેજ તાત્કાલિક અસરથી અમલ થશે**

- ✓ વડાપ્રધાન ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત અંદાજે કુલ ૮૦ કરોડ લોકોને લાભ મળશે
- ✓ પેકેજ દેશના 63 લાખ જૂથ અને સાત કરોડ પરિવારોને લાભ થશે

**કોને શું મળશે**

**(૧) સ્વાસ્થ્યકર્મી**

- ✓ હોસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રોના 22 લાખ કર્મચારીનો 50 લાખ રૂ. નો વીમો હશે.
- ✓ તેમાં ડૉક્ટર્સ ઉપરાંત આશા વર્કર, સફાઈકર્મી, વૉર્ડ બોય, નર્સ, પેરામેડિકલ સ્ટાફ અને ટેક્નિશિયન્સને આવરી લેવાશે.

**(૨) ગરીબ**

- ✓ મહિને વ્યક્તિદીઠ 5 કિલો અનાજ મળે છે. હવે 3 મહિના સુધી વધુ 5 કિલો મળશે. દર મહિને 1 કિલો દાળ મળશે. 80 કરોડ ગરીબોને મતલબ કે દેશની બે-તૃતીયાંશ વસતીને ફાયદો. 40 હજાર કરોડ ખર્ચ થશે
- ✓ ઉજ્જવલા યોજના હેઠળ 3 મહિના ગેસ સિલિન્ડર મફત અપાશે.

**(3) કર્મચારી/કંપની**

- ✓ 3 મહિના સુધી પ્રોવિડન્ટ ફંડમાં કર્મચારી અને એમ્પ્લોયરનો ફાળો સરકાર આપશે. આ નિર્ણય એ તમામ કંપનીઓને લાગુ પડશે કે જેમના કર્મીઓની સંખ્યા 100 કે તેનાથી ઓછી હોય અને તેમાંથી 90% કર્મીઓનું વેતન 15 હજાર રૂ. થી ઓછું હોય. કર્મચારી તેના ફાળાનો 75% હિસ્સો કે 3 મહિનાના વેતન જેટલી રકમમાંથી ઓછું હોય તે ઉપાડી શકે છે.

**(૪) ખેડૂત, મહિલા, દિવ્યાંગ**

- ✓ કિસાન સન્માન નિધિની 6 હજાર, રૂ. વાર્ષિક સહાયનો 2 હજાર રૂ. નો પહેલો હપ્તો ચૂકવાશે.

- ✓ 20.5 કરોડ મહિલાઓના જનધન ખાતાંમાં 3 મહિના 500-500 રૂ.
- ✓ ગરીબ નાગરિકો, વિધવાઓ, દિવ્યાંગોને એકસામટા હજાર રૂ.
- ✓ મહિલા સહાયતા સમૂહોની ગેરંટીમુક્ત લોનની લિમિટ 10થી 20 લાખ રૂ. 7 કરોડ પરિવારને લાભ થશે.

<u>(૫) મનરેગા શ્રમિક</u>




- ✓ મનરેગા હેઠળ દૈનિક વેતનમાં રૂ.20નો વધારો, દૈનિક વેતન રૂ. 182થી વધારીને રૂ. 202 કરાયું. તેનાથી 13.62 કરોડ પરિવારને લાભ થશે. 5 કરોડ શ્રમિકોને 2-2 હજાર રૂ. મળશે.

<u>(૬) બાંધકામ શ્રમિક</u>

- ✓ દેશના કન્સ્ટ્રક્શન સેક્ટર સાથે સંકળાયેલા ૩.૫ કરોડ નોંધાયેલા કામદારોને લાભ આપવા માટે કેન્દ્ર સરકારે રાજ્ય સરકારોને રૂપિયા ૩૧,૦૦૦ કરોડનું કન્સ્ટ્રક્શન વેલ્ફેર ફંડ વાપરવા નિર્દેશ આપ્યો છે.

<u>(૭) ડિસ્ટ્રિક્ટ ફંડ</u>

- ✓ સરકારે કોરોના વાઇરસના કેસોના સ્ક્રીનિંગ અને ટેસ્ટિંગ માટેની સુવિધાઓ ઊભી કરવા રાજ્ય સરકારોને ડિસ્ટ્રિક્ટ મિનરલ્સ ફંડનો ઉપયોગ કરવાની સૂચના આપી છે. સરકારે જણાવ્યું હતું કે, રાજ્યો આ ફંડનો ઉપયોગ મેડિકલ ટેસ્ટિંગ, સ્ક્રીનિંગ અને અન્ય હેલ્થકેર સુવિધા માટે કરે.

## <u>૨. WHO : કોરોના સામે દરેક દેશે કુલ છ પગલા લેવા WHOનું સૂચન</u>

- ✓ વિશ્વ આરોગ્ય સંગઠને જણાવ્યું છે કે તેણે તમામ દેશોને નીચે મુજબના ૬ પગલાં લેવા સૂચવ્યું છે.

(૧) આરોગ્ય કર્મીઓની સંખ્યા વધારવી

(૨) આરોગ્ય કર્મીઓને તાલીમ આપીને મોટી સંખ્યામાં મેદાનમાં ઉતારવામાં આવે

(૩) શંકાસ્પદ કેસો શોધી કાઢવાની સિસ્ટમ કામે લગાડવામાં આવે.

(૪) ટેસ્ટ કિટનું ઉત્પાદન વધારીને તેની ઉપલબ્ધિ વધારવામાં આવે

(૫) કોરોના વાઇરસ હેલ્થ સેન્ટરના રૂપમાં તબદીલ થઈ શકે તેવા સંકુલો શોધીને તૈયાર રાખવામાં આવે.

(૬) મળી આવેલા કેસોને ક્વોરન્ટાઇન કરવાની યોજના ઘડવામાં આવે .

## <u>૩. G-20 બેઠક - 2020 : સમગ્ર બેઠક પ્રથમવાર વર્ચ્યુઅલ પ્લેટફોર્મ થકી યોજાઈ (વિડીયો કોન્ફરન્સ)</u>

<u>યજમાન :</u> દેશ-સાઉદી અરેબિયા, રાજધાની – રિયાધ

<u>મુખ્ય વિષય :</u>

- ✓ કોરોનાને હરાવવા વિશ્વ એક જૂથ થાય

<u>રાહત પેકેજ</u>

- ✓ <u>ગ્લોબલ ઈકોનોમી સુધારવા માટે જી-૨૦ દેશો પાંચ ટ્રિલિયન ડોલર આપશે.</u>
- ✓ કોરોનાને કારણે સમગ્ર વિશ્વની અર્થવ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. ઉદ્યોગધંધા ચોપટ થઈ ગયા છે. મેન્યુફેક્ચરિંગ અને સપ્લાય ઉપર બ્રેક વાગી ગઈ છે.
- ✓ વિશ્વના મોટાભાગના દેશો કોરોનાની ઝપેટમાં આવી ગયા છે. આ સ્થિતિમાંથી દુનિયાને બહાર લાવવા માટે જી-૨૦ દેશો દ્વારા પહેલ કરવામાં આવી છે.
- ✓ જી-૨૦ દેશો દ્વારા વિશ્વના અર્થતંત્રમાં પાંચ ટ્રિલિયન ડોલર ઠાલવવામાં આવશે. આ મુદ્દે ભારતીય પીએમ મોદી દ્વારા ડબ્લ્યુએચઓને પણ મજબૂત બનાવવા માટે હાકલ કરવામાં આવી હતી.

<u>ગ્રૂપ-૨૦ વિશે</u>

- ✓ <u>વિશ્વના ૮૫ ટકા ઈકોનોમી ધરાવતા ૨૦ દેશોનો સમૂહ</u>

## <u>૪. કોરોના વાયરસ:રોગ અંગે તબીબોની અગત્યની સ્પષ્ટતા</u>

**<u>શરદી, ખાંસી એ 'કોરોના' નથી : ખોટો 'હાઉ' ન રાખો</u>**

- ✓ કોરોનાનો કેર વર્તાઈ રહ્યો હોવાને પગલે સામાન્ય શરદી, ખાંસી અને તાવને કારણે લોકો ગભરાટના માર્યા ડોક્ટર પાસે જતા હોય છે.
- ✓ પરંતુ શરદી, ખાંસી અને તાવ એ કોરોનાના શંકાસ્પદ લક્ષણો નથી અને તેના કારણે લોકોએ મનમાં ખોટો 'હાઉ' રાખવાની જરૂર નથી.
- ✓ COVID-૧૯નો વાવર ફેલાવાને કારણે શરદી, ખાંસી હોય તે અંગે લોકોમાં ગેરસમજ પ્રવર્તે છે.

✓ શ્વસનતંત્રના નિષ્ણાત તબીબોના સર્વસંમત અભિપ્રાય મુજબ, કોરોના અંગે ખોટી માન્યતા કે 'ડર' રાખવાની જરૂર નથી.

✓ સામાન્ય શરદી, ખાંસી અને 'કોરોના'ના શંકાસ્પદ લક્ષણો વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરીને ગેરસમજ દૂર કરવા તબીબોએ સૌને અપીલ કરી છે.

| | | |
|---|---|---|
| **સૂકી ખાંસી + છીંક** | = | **વાયુ પ્રદૂષણ** |
| **ખાંસી + કફ + છીંક + વહેતું નાક** | = | **સાધારણ શરદી** |
| **ખાંસી + કફ + વહેતું નાક + શરીરમાં કળતર + કમજોરી + હળવો તાવ** | = | **ફલૂ** |
| **સૂકી ખાંસી + શરીરમાં દર્દ + કમજોરી + ખૂબ વધારે તાવ + શ્વાસ લેવામાં તકલીફ** | = | **કોરોના** |

## ૫. નિધન : બોલીવૂડ અભિનેત્રી નિમ્મીનું 88 વર્ષે મુંબઈમાં અવસાન

✓ મૂળ નામ : નવાબ બાનો

✓ સમયગાળો : વર્ષ 1950 થી 1960

✓ અગત્યની ફિલ્મ : બરસાત, આન, દીદાર વગેરે

## ૬. કોવિડ-19 : દેશની પ્રથમ કોવિડ-19 હોસ્પિટલ ઓડિશાના ભૂવનેશ્વરમાં નિર્માણ પામશે

✓ ઓડિશા સરકાર દેશની સૌથી મોટી કોવિડ-૧૯ હોસ્પિટલ બનાવવા જઈ રહી છે

✓ આ હોસ્પિટલમાં કુલ ૧,000 બેડ હશે અને આગામી એક પખવાડિયામાં તે કામ કરવાનું શરૂ કરી દેશે.

✓ ઓડિશા સરકાર, કોર્પોરેટ્સ અને મેડિકલ કોલેજો વચ્ચે ૧,000 બેડની એક એક્સક્લુઝિવ કોવિડ-19 ટ્રીટમેન્ટ હોસ્પિટલ સ્થાપિત કરવા માટે ત્રિપક્ષીય કરાર પર હસ્તાક્ષર થયા છે.

## ૭. જન્મ દિન વિશેષ : ૨૬ માર્ચ

## આધુનિક મીરાં : મહાદેવી વર્મા




જન્મ : ૨૬ માર્ચ- ૧૯૦૭ અવસાન : ૧૧ સપ્ટેમ્બર ૧૯૮૭

✓ 'હિન્દી ભાષા કે સાથ હમારી અસ્મિતા જુડી હુઈ હૈ, હમારે દેશ કી સંસ્કૃતિ ઔર રાષ્ટ્રીય એકતા કી હિન્દી ભાષા સંવાહિકા હૈ.'

✓ હિન્દી માટે આટલું સન્માન ધરાવનારા મહાદેવી વર્માનો આજે જન્મદિવસ છે. તે દિવસે હોળી હતી.

✓ ફરુખાબાદમાં જન્મેલાં મહાદેવીના પરિવારમાં બસો-વર્ષથી કોઈ દીકરી જન્મી ન હતી.

✓ અત્યંત લાડકોડમાં ઉછરેલાં મહાદેવી વર્મા જબલપુરથી સ્નાતક અને અલ્હાબાદથી અનુસ્નાતક થયાં હતાં.

✓ વિદ્યાર્થીવસ્થામાં કવિતા લખવી શરૂ કરી, આવી એક સ્પર્ધામાં ઈનામમાં ચાંદીનો કટોરો પ્રાપ્ત થયેલો જે મહાત્મા ગાંધીને ભેટ આપી દીધેલો.

✓ તેઓ મરાઠી મિશ્રિત હિન્દી બોલતાં અને આઝાદીની લડતોમાં કાવ્યપાઠ પણ કરતાં. મહાદેવીનો સમાવેશ હિન્દીના ચાર પ્રમુખ છાયાવાદી કવિઓમાં થાય છે.

✓ તેમણે નૌહાર, રશ્મિ, નીરજા, સાંધ્યા ગીત, દીપશીખા, યામાં , સપ્તપૂર્ણા, અતીત કે ચલચિત્ર ઝડપી સ્મૃતિ કી રેખાયે, દૃષ્ટિબોધ, નિલાંબરા, આત્મિકા, વિવેચનાત્મક ગદ્ય, ક્ષણદા જેવાં પુસ્તકો લખ્યાં.

✓ 11 સપ્ટેમ્બર 1987ના રોજ તેઓનું અવસાન થયું

## અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૬-૦૩-૨૦૨૦)

1. કેન્દ્ર સરકારે નોવેલ કોરોના વાયરસ સંદર્ભે માર્ચ-૨૦૨૦માં કેટલા રૂપિયાનું પેકેજ જાહેર કર્યુ – **રૂ. 1.70 લાખ કરોડ**
2. કેન્દ્ર સરકારે માર્ચ-૨૦૨૦માં નોવેલ કોરોના વાયરસ સંદર્ભે કઈ યોજના અંતર્ગત રૂ. 1.70 લાખ કરોડનું પેકેજ જાહેર કર્યુ - **પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના**
3. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત અંદાજે કેટલા લોકોને લાભ મળશે - **કુલ ૮૦ કરોડ**
4. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત હેલ્થ સેક્ટરમાં કામ કરતા લોકોને ત્રણ મહિના માટે કેટલા રૂપિયાનો વીમો સરકાર તરફથી અપાશે – **રૂ. ૫૦ લાખ**
5. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત અંદાજે ૩ કરોડ જેટલા વિધવા, દિવ્યાંગ અને વૃદ્ધોને આગામી ત્રણ મહિના માટે બે હપ્તામાં કેટલી સહાય અપાશે - **રૂ. ૧,000**
6. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત સ્વસહાયતા મહિલા જૂથ સાથે જોડાયેલા પરિવારોને

કેટલી કોલેટરલ ફ્રી લોન મળશે - **૨૦ લાખ (પહેલા ૧૦ લાખ અપાતી હતી)**

7. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત 80 કરોડ ગરીબોને ત્રણ મહિના માટે મફત અનાજ અપાશે આ માટે કેટલા રૂપિયાનો ખર્ચ થશે - **40 હજાર કરોડ**
8. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત ગરીબ પરિવારોને કઈ યોજના હેઠળ 3 મહિના ગેસ સિલિન્ડર મફત અપાશે - **ઉજ્જવલા**
9. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત કિસાન સન્માન નિધિની રૂ. 6 હજારનો વાર્ષિક સહાયના કેટલા રૂપિયાનો પહેલો હપ્તો ચૂકવાશે - **રૂ. 2 હજાર**
10. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત દેશની 20.5 કરોડ મહિલાઓના જનધન ખાતાંમાં 3 મહિના કેટલા રૂપિયાની મદદ કરાશે - **રૂ. 500-500**
11. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત મનરેગા હેઠળ દૈનિક વેતન રૂ. 182ને બદલે કેટલુ અપાશે- **રૂ. 202**
12. દેશના કન્સ્ટ્રક્શન સેક્ટર સાથે સંકળાયેલા ૩.૫ કરોડ નોંધાયેલા કામદારોને લાભ આપવા માટે કેન્દ્ર સરકાર રાજ્ય સરકારોને કેટલા રૂપિયાનું કન્સ્ટ્રક્શન વેલ્ફેર ફંડ વાપરવા નિર્દેશ આપ્યો – **રૂ. ૩૧,૦૦૦ કરોડ**
13. કેન્દ્ર સરકારે કોરોના વાઇરસના કેસોના સ્ક્રીનિંગ અને ટેસ્ટિંગ માટેની સુવિધાઓ ઊભી કરવા રાજ્ય સરકારોને કયા ફંડનો ઉપયોગ કરવા સૂચના આપી - **ડિસ્ટ્રિક્ટ મિનરલ્સ ફંડ**
14. માર્ચ-૨૦૨૦માં વિશ્વ આરોગ્ય સંસ્થાએ કોરોના વાયરસ સંદર્ભે દરેક દેશને કુલ કેટલા પગલા લેવા સૂચન કર્યું હતુ - **છ**
15. G-20 બેઠક–2020 કયા યોજાઈ હતી - **સાઉદી અરેબિયા**
16. સાઉદી અરેબિયાના રાજાનું નામ જણાવો - **રાજા સલમાન**
17. તાજેતરમાં ૨૦૨૦માં કેટલામી G-20 બેઠક યોજાઈ – **૧૫મી**
18. G-20 બેઠક–2020નો મુખ્ય વિષય કયો હતો - **કોરોનાને હરાવવા વિશ્વ એક જૂથ થાય**
19. ગ્લોબલ ઈકોનોમી સુધારવા માટે જી-૨૦ દેશો કેટલું રાહત પેકેજ આપશે - **પાંચ ટ્રિલિયન ડોલર**
20. માર્ચ-૨૦૨૦માં કોરોના વાયરસ અંગે તબીબોએ કઈ અગત્યની સ્પષ્ટતા કરી હતી - **શરદી, ખાંસી એ 'કોરોના' નથી : ખોટો 'હાઉ' ન રાખો**
21. માર્ચ-૨૦૨૦માં કઈ બોલીવૂડ અભિનેત્રીનું 88 વર્ષે મુંબઈમાં અવસાન થયુ - **નિમ્મી**
22. માર્ચ-૨૦૨૦માં અવસાન પામનાર બોલીવૂડ અભિનેત્રી નિમ્મીનું મૂળ નામ અને તેનો સમયગાળો જણાવો - **નવાબ બાનો તથા વર્ષ 1950 થી 1960**
23. દેશની પ્રથમ કોવિડ-19 હોસ્પિટલ કયાં નિર્માણ પામશે – **ભૂવનેશ્વર (ઓડિશા)**
24. આધુનિક મીરાં તરીકે ઓળખાતા મહાદેવી વર્માનો જન્મ દિવસ જણાવો - **૨૬ માર્ચ- ૧૯૦૭**

## 27-03-2020

**૧. RBI : કોરોના વાયરસ સંદર્ભે ગ્રાહકોને વિવિધ રાહતો આપવા RBI દ્વારા બેંકોને નિર્દેશ**

**RR-રેપોરેટ વ્યાજદરમાં 75 બેઝિસ પોઇન્ટનો ઘટાડો : હાલમાં રેટ 4.40 ટકા**


**RBIની વિવિધ જાહેરાતો**

RBIનું ઇએમઆઇ પેકેજ એટ એ ગ્લાન્સ

- ✓ હોમ, ઓટો, કોર્પોરેટ સહિતની તમામ લોન લેનારને લાભ, લોકડાઉનના કારણે આવકમાં ઘટાડો થાય તો આગામી ૩ મહિના સુધી રિપેમેન્ટ પર અસર નહીં થાય
- ✓ ઇએમઆઇની ચુકવણી મોકૂફી પ્રિન્સિપલ અને ઇન્ટરેસ્ટ એમ બંને પર લાગુ થશે
- ✓ ત્રણ મહિના ઇએમઆઇની ચુકવણી નહીં કરવાની કસ્ટમરની ક્રેડિટ હિસ્ટ્રી પર અસર નહીં થાય
- ✓ લોનધારકના ખાતાને નોન પરફોર્મિંગ આસેટ તરીકે ગણી લેવાશે નહીં
- ✓ ઓછું ભંડોળ ધરાવતી કોર્પોરેટ કંપનીઓ માટે રાહતભર્યો નિર્ણય, બિઝનેસ ઠપ હોવાથી લોનની પુનઃચુકવણીમાં મોટી રાહત કંપનીઓને અસ્તિત્વ ટકાવવામાં મદદ મળશે
- ✓ ઇએમઆઇની આવક ઘટતાં બેન્કોના કેશ ફ્લો પર અસર થશે પરંતુ લિક્વિડિટી જાળવી રાખવા આરબીઆઇએ કેશ રિઝર્વ રેશિયોમાં ઘટાડો કર્યો

**<u>આરબીઆઇની આર્થિક સમીક્ષા : રેપોરેટ</u>**

- ✓ ૭૫ બેઝિસ પોઇન્ટ ઘટાડીને ૪.૪૦ ટકા કરાયો
- ✓ બેન્કોને આરબીઆઇ પાસેથી સસ્તા દરે ધિરાણ મળશે
- ✓ હોમ, ઓટો સહિતની તમામ લોન સસ્તી થશે
- ✓ વ્યાજદર સાથે જોડાયેલ લોનના ઈએમઆઈમાં ઘટાડો થશે




**<u>રિવર્સ રેપોરેટ</u>**

- ✓ ૯૦ બેઝિસ પોઇન્ટના ઘટાડા સાથે ૪.૦ ટકા કરાયો
- ✓ રેપોરેટ કરતાં રિવર્સ રેપોરેટ ઓછો હોવાથી બેન્કો RBIને ધિરાણ ઘટાડશે
- ✓ RBIમાં થાપણો ઘટતાં બેન્કોની લિક્વિડિટીમાં વધારો થશે

**<u>કેશ રિઝર્વ રેશિયો-</u>**

- ✓ કેશ રિઝર્વ રેશિયોમાં ૧૦૦ બેઝિસ પોઇન્ટનો ઘટાડો : હવે કુલ ૩ ટકા
- ✓ આરબીઆઇ પાસે ફરજિયાત રાખવાની થાપણમાં એક ટકાનો ઘટાડો થતાં બેન્કો પાસે રોકડ વધશે. આ નિર્ણયને કારણે બેન્કોની લિક્વિડિટીમાં ૧,૩૭,૦૦૦ કરોડનો વધારો થશે.

**<u>ક્યાંથી લોન લીધી હશે તો આ લાભ?</u>**

- ✓ તમામ કોમર્શિયલ બેન્ક  પ્રાદેશિક ગ્રામીણ બેન્ક
- ✓ સ્મોલ ફાઇનાન્સ બેન્ક  લોકલ એરિયા બેન્ક
- ✓ કો-ઓપરેટિવ બેન્ક
- ✓ આખા ભારતના ફાઇનાન્શિયલ ઇન્સ્ટિટયૂટ
- ✓ હાઉસિંગ ફાઇનાન્સ કંપનીઓ
- ✓ માઇક્રો ફાઇનાન્સ ઇન્સ્ટિટયૂટ

**<u>ક્રેડિટ કાર્ડના પેમેન્ટ પર લાભ નહીં</u>**

- ✓ ક્રેડિટ કાર્ડ પરના ધિરાણોને ટર્મ લોન નહીં પરંતુ રિવોલ્વિંગ ક્રેડિટ ગણવામાં આવે છે. આરબીઆઇ દ્વારા ફક્ત ટર્મ લોન માટે જ ઇએમઆઇ મોકૂફ રાખવાની પરવાનગી આપી છે તેથી ક્રેડિટ કાર્ડના પેમેન્ટનો તેમાં સમાવેશ થતો નથી.
- ✓ RBI ગવર્નર - શક્તિકાંત દાસ
- ✓ મુખ્ય મથક – મુંબઈ

<u>૨. ગુજરાત સરકાર : મુખ્યમંત્રી રાહત નિધિમાં આપેલું દાન-ફાળો આવકવેરાની કલમ 80 G હેઠળ કરમુક્તને પાત્ર</u>




<u>3. મનોરંજન : 33 વર્ષ બાદ આજ તા.28-માર્ચથી દૂરદર્શન પર પુનઃ રામાયણ શ્રેણીનો પ્રારંભ</u>

- ✓ કાર્યક્રમ રોજ સવારે ૯.00 અને રાત્રે 9:00 કુલ બે એપિસોડ પ્રકાશિત થશે
- ✓ નિર્માતા - રામાનંદ સાગર
- ✓ કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલય નવી દિલ્હી
- ✓ મંત્રી - શ્રી પ્રકાશ જાવડેકર

<u>૪. કોરોના વાયરસ : વિશ્વમાં કોરોના વાયરસનો ભોગ બનનાર પ્રથમ વડાપ્રધાન - બોરિસ જોનસન બ્રિટન</u>

- ✓ દેશ – બ્રિટન

<u>૫. અવસાન : ભારતના શ્રેષ્ઠ ચિત્રકાર અને આર્કિટેક એવા સતિષ ગુજરાલનું નવી દિલ્હીમાં 94 વર્ષે અવસાન</u>

- ✓ પૂર્વ પીએમ આઈ.કે. ગુજરાલના નાના ભાઈ હતા
- ✓ એવોર્ડ - પદ્મવિભૂષણ

<u>૬. ઓપરેશન નમસ્તે : કોરોના વાયરસ સામેના યુદ્ધમાં ભારતીય સેનાનું ઓપરેશન નમસ્તે</u>

- ✓ મદદ – સૈન્ય આઇસોલેશન સેન્ટર અને આઇસીયુ જેવી આરોગ્યલક્ષી સુવિધાઓ ઉપલબ્ધ કરાવશે
- ✓ હેલ્પલાઇન નંબર પણ કાર્યરત

✓ આર્મી જનરલ - મુકુંદ નરવાણે

**૭. કોરોના વાયરસ સંદર્ભે નેશનલ સોશિયલ આસિસ્ટન્ટ પ્રોગ્રામ હેઠળ કેન્દ્ર સરકારનો નિર્ણય**

નેશનલ સોશિયલ આસિસ્ટન્ટ પ્રોગ્રામ (NSAP)હેઠળ દેશની 3 કરોડ વિધવાઓ, સિનિયર સિટીઝન અને દિવ્યાંગોને એપ્રિલના પ્રથમ સપ્તાહમાં ત્રણ માસનુ પેન્શન એડવાન્સમાં આપશે

- ✓ ૬૦થી ૭૯ વર્ષના સિનિયર સિટીઝનને રૂ. ૨૦૦ અને ૮૦ કે તેથી વધુ ઉંમરના સિનિયર સિટીઝનને રૂ. ૫૦૦નું માસિક પેન્શન અપાય છે
- ✓ ૪૦ થી ૭૯ વર્ષની વિધવાઓને દર મહિને રૂ.૩૦૦ અને ૮૦ કે તેથી વધુ ઉંમરની વિધવાઓને દર મહિને રૂ. ૫૦૦ પેન્શન આપવામાં આવે છે

**અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૭-૦૩-૨૦૨૦)**

1. તા. 27 માર્ચ 2020ની સ્થિતિએ RBI દ્વારા રેપો રેટમાં કેટલા બેઝિસ પોઈન્ટનો ઘટાડો કરવામાં આવ્યો- **75**
2. તા. 27 માર્ચ 2020ની સ્થિતિએ રેપો રેટનો દર જણાવો - **4.40%**
3. લોન ધારકોના હિતમાં RBI દ્વારા EMI ચૂકવવામાં કેટલા મહિનાની છૂટ આપવા ભારતની બેન્કોને નિર્દેશ અપાયા છે- **3 માસ**
4. તા. 27 માર્ચ 2020ની સ્થિતિએ RBI દ્વારા રિવર્સ રેપો રેટમાં કેટલા બેઝિસ પોઈન્ટનો ઘટાડો કરાયો- **90**
5. તા. 27 માર્ચ 2020ની સ્થિતિએ દેશમાં રિવર્સ રેપો રેટમાં કેટલા ટકા છે- **4 %**
6. તા. 27 માર્ચ 2020ની સ્થિતિએ RBI દ્વારા કેશ રિઝર્વ રેશિયોમાં કેટલા બેઝિસ પોઈન્ટનો કરાયો - **100 અથવા 1%**
7. તા. 27 માર્ચ 2020ની સ્થિતિએ દેશમાં કેશ રિઝર્વ રેશિયો કેટલા ટકા છે- **3%**
8. આરબીઆઇના વર્તમાન ગવર્નરનું નામ જણાવો- **શક્તિકાંત દાસ**
9. કોરોના વાયરસ સામે લડવા માટે મુખ્યમંત્રી રાહત નિધિમાં આપેલું દાન કઈ કલમ હેઠળ કરમુક્તિને પાત્ર છે - **આવકવેરા કલમ 80-G**
10. ભારતમાં રામાનંદ સાગર નિર્મિત કઈ લોકપ્રિય ધાર્મિક શ્રેણી 33 વર્ષ બાદ પુનઃ દુરદર્શન ચેનલ ઉપર શરૂ કરાઈ- **રામાયણ**
11. વર્તમાન કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રીનું નામ જણાવો - **શ્રી પ્રકાશ જાવડેકર**
12. કોરોના વાયરસનો ભોગ બનનાર વિશ્વના પ્રથમ વડાપ્રધાન અને દેશનું નામ જણાવો- **બોરિસ જોનસન અને બ્રિટન**
13. ભારતીય સેના દ્વારા કોરોના વાયરસ સામે લડવા વિવિધ આરોગ્યલક્ષી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા કયું ઓપરેશન હાથ ધરાયું- **" ઓપરેશન નમસ્તે"**
14. કોરોના વાયરસ સંદર્ભે કેન્દ્ર સરકાર દ્વારા NSAP હેઠળ દેશની ત્રણ કરોડ વિધવા બહેનો, સિનીયર સિટીઝન અને દિવ્યાંગોને એપ્રિલના પ્રથમ માસમાં કેટલા માસનું પેન્શન એડવાન્સમાં ચૂકવાશે- **3 માસ**
15. NSAPનું વિસ્તૃત નામ જણાવો- **નેશનલ સોશિયલ આસિસ્ટન્ટ પ્રોગ્રામ**
16. NSAP હેઠળ દેશના 60 થી 79 વર્ષના સિનિયર સિટીઝન તેમજ 80થી વધુ ઉંમરનાને માસિક કેટલું પેન્શન અપાય છે- **રૂ.200 અને રૂ.500**
17. NSAP હેઠળ દેશના 40 થી 79 વર્ષના વિધવા બહેનો તેમજ 80થી વધુ ઉંમરનાને માસિક કેટલું પેન્શન અપાય છે- **રૂ.300 અને રૂ.500**
18. તાજેતરમાં 94 વર્ષે દિલ્હીમાં અવસાન પામેલ પદ્મવિભૂષણ શ્રી સતીષ ગુજરાલનું કાર્યક્ષેત્ર જણાવો- **ચિત્રકાર અને આર્કિટેક**

## 28-03-2020

**૧. PM–CARES FUND : કોરોના સામે લડવા કેન્દ્ર સરકારને મદદરૂપ-સહયોગ કરવા લોકો દાન કરી શકે તે હેતુથી PM–CARES FUNDની રચના**



- ✓ દાનની તમામ રકમ આવકવેરાની કલમ 80G હેઠળ કરમુક્ત
- ✓ PM–CARES FUND: પ્રધાનમંત્રી સિટીઝન આસિસ્ટન્ટ એન્ડ રિલીફ ઈન ઈમરજન્સી સિચ્યુએશન ફંડ

**PM–CARES FUND વિશે :**

- ✓ પીએમ-કેર ફંડ એક પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ હશે. વડા પ્રધાન તેના ચેરપર્સન હશે તેમજ ગૃહમંત્રી, સંરક્ષણ મંત્રી અને નાણામંત્રી ટ્રસ્ટના સભ્યો રહેશે.
- ✓ આ ફંડને વિપરિત સ્થિતિમાં રહેતા લોકો સુધી પહોંચાડી શકીશું. તેના કારણે જ સ્વસ્થ ભારત અને ભાવિ પેઢીને સારા ભવિષ્ય માટે સહયોગ આપવો જોઈએ.

**PM-CARES FUNDમાં દાન કરવાની પ્રક્રિયા**


- ✓ ખાતાનું નામ: PM CARES
- ✓ ખાતા નંબર: ૨૧૨૧PM૨૦૨૦૨
- ✓ આઈએફએસસી કોડ: SBIN0000૬૯૧
- ✓ સ્વિફ્ટ કોડ : SBININBB૧૦૪
- ✓ બેન્કનું નામ: એસબીઆઈ, નવી દિલ્હી મેઈન બ્રાન્ચ
- ✓ યુપીઆઈ આઈડી : pmcares@sbi
- ✓ ઉપરાંત pmindia.gov.in વેબસાઈટ ઉપર ડેબિટ કાર્ડ ક્રેડિટ કાર્ડ, ઈન્ટરનેટ બેન્કિંગ, યુપીઆઈ (BHIM, PhonePe, Amazon Pay, Google Pay, PayTM, Mobikwik) આરટીજીએસ, એનઈએફટી દ્વારા દાન કરી શકાશે.

**દાનની વિગત**

- ✓ તાતા જૂથ અને ટાટા ટ્રસ્ટ કુલ રૂપિયા ૧૫૦૦ કરોડ દાનમાં આપશે
- ✓ અભિનેતા અક્ષય કુમાર ૨૫ કરોડ દાનમાં આપશે

## ૨. ગુજરાત સરકાર : કોરોના વાયરસ સામે લડવા માટે અગત્યના નિર્ણયો

**(૧) રાજ્યના દરેક જિલ્લામાં કોરોના સામે લડવા ૧૦૦ બેડની આઈસોલેશન હોસ્પિટલ તૈયાર કરાશે (૧૦ વેન્ટિલેટર+ ૯૦ અન્ય બેડ)**




(૨) પોલીસ કે અન્ય રક્ષકના ફરજ દરમિયાન મૃત્યુના કેસમાં રૂ. ૨૫ લાખનું વળતર




(૩) ધારાસભ્યશ્રીને તેને વિકાસ માટે મળતી વાર્ષિક રૂ. ૧.૫ કરોડની ગ્રાન્ટમાંથી રૂ.૨૫ લાખ આરોગ્ય માટે ફાળવી શકશે

(૪) સામાજિક ન્યાય અધિકારીતા અને આદિજાતિ વિભાગના છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓને-લાભાર્થીઓને એક માસ માટે રૂ. ૧૫૦૦ DBT દ્વારા તેમના ખાતામાં જમા કરાશે





## ૩. વૈશ્વિક સહાય : USA દ્વારા કોરોના વાયરસનો સામનો કરવા ૬૪ દેશોને ૧૭૪ મિલિયન ડોલરની આર્થિક મદદ કરી

- ✓ જ્યાં કોરોના ઝડપથી વધી રહ્યો છે ત્યાં તમામ પ્રકારની મેડિકલ સુવિધા ઊભી કરવા આ રકમ ખર્ચાશે.
- ✓ અમેરિકાએ ફેબ્રુઆરીમાં ૧૦૦ મિલિયન ડૉલરની રાહતો જાહેર કરી હતી તે ઉપરાંત આ સહાય પેકેજ વધારાનું રહેશે.
- ✓ આમાં અનેક મેડિકલ સંસ્થાઓ જેવી કે સેન્ટર્સ ફોર ડિસીસ કન્ટ્રોલ એન્ડ પ્રિવેન્શન જેવી સંસ્થાઓનો સમાવેશ કરાયો છે.
- ✓ અમેરિકાનાં વિદેશ વિભાગે જણાવ્યું હતું કે છેલ્લા ૨૦ વર્ષમાં ભારતને ૨.૮ અબજ ડૉલરની જુદી જુદી સહાય કરાઈ છે.

**US દ્વારા એશિયાના આ દેશને મદદ કરાઈ**

✓ ભારત 2.9 મિલિયન ડોલર
✓ શ્રીલંકા 1.3 મિલિયન ડોલર
✓ નેપાળ 1.8 મિલિયન ડોલર
✓ બાંગ્લાદેશ 3.4 મિલિયન ડોલર
✓ અફઘાનિસ્તાન 5.0 મિલિયન ડોલર

**૪. COVID-19 : કુલ 4 તબક્કા**




**(૧) કોમ્યુનિટી ટ્રાન્સફર સૌથી ખતરનાક**

✓ **પ્રથમ તબક્કો:** વિદેશથી આવેલા વ્યક્તિમા કોરોનાનો ચેપ હોય.
✓ **બીજો તબક્કો:** વિદેશમાંથી આવેલા વ્યક્તિના પોઝિટિવ કેસમાંથી ચેપ ફેલાવાની શરૂઆત થાય. લોકલ ટ્રાન્સમીશનમા ચેપ ક્યાંથી લાગ્યો તેનુ પગેરૂ મેળવી શકાય છે. ભારતમાં અત્યારે આ તબક્કો છે.
✓ **ત્રીજો તબક્કો:** થર્ડ સ્ટેજ કોમ્યુનિટી ટ્રાન્સફર તરીકે ઓળખાય છે. એ સૌથી ખતરનાક છે. કારણ કે તેમાં સમુદાય છે ચેપ લાગવાની શરૂઆત થાય છે અને મોટા વિસ્તારમાં ચેપ ફેલાય છે.
✓ આ સ્ટેજમાં વાઇરસને ટ્રેસ કરવો એટલે કે ચેપ કેવી રીતે લાગ્યો એ જાણવું મુશ્કેલ થઇ પડે છે.
✓ **ચોથો તબક્કો:** ઇટલી-સ્પેનમાં જે જોવા મળ્યું છે, ચીન જે ભોગવી ચૂક્યું છે એ ચોથો તબક્કો છે. જે વાઇરસનો ફેલાવો બધી દિશાએથી થવા માંડે એક-બે નહી પણ એક સાથે સંખ્યાબંધ પોઝિટિવ કેસ નોંધાવા લાગે છે.

**(૨) ઈન્કયુબેશન પિરિયડ એટલે શું**

✓ કોવિડ-૧૯ના ટ્રેન્ડ મુજબ હવે આ વાઇરસનો ઇન્ક્યુબેશન પિરિયડ શરૂ થયો છે, આથી ગુજરાતમાં પાંચમી એપ્રિલ સુધીમાં કોરોના ચેપગ્રસ્ત કેસો વધે એવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.
✓ ઇક્યુબેશન પિરિયડ એટલે કોરોનાનો ચેપ લાગે પછી શરીરમાંથી ૧૪ દિવસમાં આ વાઇરસ એક્ટિવ થાય છે અને તેના લક્ષણો લગાડવાની શરૂઆત કરે છે.
✓ એટલે અત્યાર સુધીના પાંચ-છ દિવસના લોકડાઉન દરમિયાન જેમને ચેપ લાગ્યો હશે તેવા વ્યક્તિઓમાં આગામી એક સપ્તાહથી ૧૦ દિવસ દરમિયાન તેના લક્ષણો જોવા મળશે.
✓ આવા વ્યક્તિઓના સંપર્કમાં આવેલા વ્યક્તિઓમાં પણ એ જ ક્રમે ચેપગ્રસ્ત થઇ શકે છે. આથી આ સમયગાળામાં ચૂસ્તપણે લોકડાઉનનો પાલન કરવુ જોઇએ.

**(3) રોગ પ્રતિકારક શક્તિમાં વધારો**

✓ કોરોના વાયરસના જીવલેણ રોગચાળાથી બચવા માટે રોગ પ્રતિકારક શક્તિ વધારવી અત્યંત આવશ્યક છે.
✓ કોરોનાની ઝપટમાં ન આવી જવાઈ તે માટે દરેક વ્યક્તિએ રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે વિટામીન 'C' લેવું ખૂબ જ જરૂરી છે.
✓ લીંબુ, મોસંબી, સંતરા, નારંગીમાંથી ભરપુર વિટામીન C મેળવી શકાય છે.
✓ મેડિકલ સ્ટોર્સમાંથી લિમ્સી નામની ગોળી ખરીદીને પણ વિટામીન સી મેળવી શકાય.
✓ ગરમ કરેલ પાણી પીવું જોઈએ, તુલસી, તજ, મરી, લવિંગ, સૂંઠ, અજમાના પાન, વગેરેનો ઉકાળો પીવાથી પણ રોગ પ્રતિકારક શક્તિ વધારી શકાય
✓ નિયમિત કસરત કરવી, નિયમિત પૌષ્ટિક આહાર લેવો અને ૭થી ૮ કલાક ઉંઘ લેવી જોઈએ.
✓ દિવસમાં સમયાંતરે હાથ ધોવા, ગાર્ગલ કરવાનું સલાહભર્યું હોવાનું તબીબોએ જણાવ્યું છે.

**(૪) PPE-પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વિપમેન્ટ કિટ**

✓ **વિશેષતા-જેમાં માસ્ક, ફૂલ બોડી કવર, સ્યૂટ કેપ સહિતની અનેક વસ્તુઓ હોય છે**
✓ **જે ખાસ કરીને કોરોનાની સારવાર કરતાં ડૉકટર અને તેના મેડિકલ સ્ટાફને અપાઈ છે.**
✓ સેમ્પલ લીધા પછી પીપીઈ કિટ નષ્ટ કરવામાં આવે છે




**કોરોનો ટેસ્ટ માટે કિટનો ઉપયોગ**

✓ કર્મચારી એક કાળી બેગમાં પીપીઇ કીટ (જેમાં માસ્ક, ફુલ બોડી કવર સૂટ, કેપ સહિતની અન્ય ચીજો હોય છે. સાથે દર્દીના ઘરે જાય છે. પરત આવી આ પીપીઈ

કિટને કેમિકલથી નષ્ટ કરી નાંખવામાં આવે છે. જે બાદ લેબોરેટરીમાં સેમ્પલની તપાસ કરાઈ છે

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૮-૦૩-૨૦૨૦)

1. કોરોના વાયરસ સામે લડવા દેશના લોકો કેન્દ્ર સરકારને આર્થિક મદદ-સહયોગ કરી શકે તે માટે કયા નવા ફંડની રચના કરવામાં આવી - **PM-CARES FUND**
2. PM-CARES FUNDનું વિસ્તૃત નામ જણાવો- પ્રાઈમ મિનિસ્ટર - **સિટીઝન આસિસ્ટન્ટ એન્ડ રીલિફ ઈન ઈમરજન્સી સિચ્યુએશન્સ ફંડ**
3. PM-CARES FUND પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટના અધ્યક્ષ કોણ હોય છે - **વડાપ્રધાન**
4. PM-CARES FUND ટ્રસ્ટના હોદ્દાની રૂએ અન્ય સભ્યો કોણ હોય છે- **નાણામંત્રી, ગૃહ મંત્રી અને સંરક્ષણ મંત્રી**
5. PM-CARES FUNDમાં આપેલું દાન આવકવેરાની કલમ હેઠળ કરમુક્તિની પાત્ર છે - **80 G**
6. ગુજરાતમાં કોરોના વાયરસ સામે લડવા દરેક જિલ્લામાં કેટલા બેડની આઈસોલેશન હોસ્પિટલ તૈયાર કરવાનો નિર્ણય કર્યો છે - **100**
7. કોરોના સામે ફરજ બજાવતા સુરક્ષાકર્મીઓનું મૃત્યુ થાય તો ગુજરાત સરકાર તેમના પરિવારને કેટલું વળતર ચૂકવશે- **રૂ.25 લાખ**
8. ગુજરાતમાં ધારાસભ્યશ્રીને વાર્ષિક મળતી રૂ.1.5 કરોડની ગ્રાન્ટમાંથી કેટલી રકમ આરોગ્ય માટે ફાળવી શકશે- **રૂ.25 લાખ**
9. રાજ્યમાં સામાજિક ન્યાય અધિકારીતા અને આદિજાતિ વિભાગના છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓને આગામી એપ્રિલ માસ માટે કેટલી રકમ DBTના માધ્યમથી તેમના ખાતામાં જમા કરાશે- **રૂ.1500/-**
10. USA દ્વારા કોરોના વાયરસનો સામનો કરવા વિશ્વના કેટલા દેશોને કેટલી આર્થિક મદદની જાહેરાત કરી- **64 દેશ અને 174 મિલિયન ડોલર**
11. USA દ્વારા કોરોના સામે લડવા ભારત માટે કેટલી આર્થિક મદદ જાહેર કરી - **2.9 મિલિયન ડોલર**
12. COVID-19 રોગના કુલ કેટલા તબક્કા છે - **04**
13. COVID-19 રોગમાં ત્રીજો તબક્કો ક્યાં નામે ઓળખાય છે - **કમ્યુનિટી ટ્રાન્સફર - સૌથી ખતરનાક**
14. ઈન્ક્યુબેશન પિરિયડ એટલે કોરોનાનો ચેપ લાગે પછી વ્યક્તિના શરીરમાંથી કેટલા દિવસમાં આ વાયરસ સક્રિય થાય છે - **14 દિવસ**
15. કોરોના વાયરસ જેવા રોગો સામે રોગ પ્રતિકારક શક્તિ વધારવા કયુ વિટામીન લેવું સૌથી અગત્યનું છે - **C**
16. કોરોના જેવા રોગના સંદર્ભમાં PPEનું વિસ્તૃત નામ જણાવો - **પર્સનલ પ્રોટેક્ટિવ ઇક્વિપમેન્ટ કિટ**
17. કોરોનાની સારવાર કરતા મેડિકલ સ્ટાફને કઈ કિટનો ઉપયોગ કરવો ફરજીયાત છે- **PPE**
18. PPEનું અન્ય નામ જણાવો- **MIN -02**

## 29-03-2020

### ૧. વડાપ્રધાન મોદી : 'મન કી બાત'ની 63મી આવૃતિ યોજાઈ (૨૯-૦૩-૨૦૨૦)

✓ 'મન કી બાત' કાર્યક્રમ પ્રત્યેક માસનો છેલ્લો રવિવારે પ્રસિદ્ધ થાય.

### ૨. પેશન્ટ ઝીરો (આરોગ્ય)

**વિશ્વની સૌપ્રથમ કોરોના દર્દી એવી 57 વર્ષીય મહિલા સારવારના અંતે સાજી થઈ**




✓ નામ - વેઇ સુઝિયાન-ચીન

✓ ચીન દ્વારા તેને 'પેશન્ટ ઝીરો'ની ઓળખ અપાઇ હતી

✓ પ્રથમ કેસ : તા.૧૯ ડિસેમ્બર ૨૦૧૯ વુહાન

**પેશન્ટ ઝીરો તરીકે નામ કોણે આપ્યું ?**

✓ ચીનની ન્યૂઝ વેબસાઇટ 'ધ પેપર'ને ટાંકતાં આ મહિલાને પેશન્ટ ઝીરો જાહેર કરતા અહેવાલો વિશ્વભરના સમાચારપત્રોમાં ચમક્યા હતા.

✓ બ્રિટનના મિરર, સિડનીના ન્યૂઝ ડોટ ઓસ્ટ્રેલિયા ઉપરાંત ભારતની પીટીઆઇ તેમજ આઇએએનએસ સમાચાર સંસ્થાએ પણ આ મહિલા પેશન્ટ ઝીરો હોવાના અહેવાલ આપ્યા હતા.

૩. નિર્ણય : ખાનગી કંપનીનું CSR ભંડોળ પીએમ કેર ફંડમાં જમા કરાવી શકાશે (વહીવટ)

- ✓ CSR - કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી ( કોર્પોરેટ સામાજિક દાયિત્વ)

નિયમ-

- ✓ કંપની કાયદા મુજબ ચોક્કસ કક્ષાનો નફો રળતી કંપનીઓએ પોતાના ત્રણ વર્ષના સરેરાશ શુદ્ધ નફાના બે ટકા જેટલી રકમ એક નાણાકીય વર્ષમાં સીએસઆર પ્રવૃત્તિ પાછળ ખર્ચ કરવાની રહેતી હોય છે.
- ✓ પીએમ કેર્સકેર્સની રચના કોઈ સંકટભરી સ્થિતિનો સામનો કરવા પ્રભાવિત લોકોને મદદ માટે થયેલી છે.
- ✓ પીએમ-કેર્સમાં કંપની દ્વારા થનારા કોઇપણ યોગદાનને સીએસઆર ખર્ચ માનવામાં આવશે.

શું છે પીએમ કેર્સ ફંડ

- ✓ સરકારે પ્રાઇમ મિનિસ્ટર્સ સિટિઝન આસિસ્ટન્ટ એન્ડ રિલીફ ઈન ઇમરજન્સી સિચુએશન ફંડ (પીએમ-કેર્સ ફંડ)ની રચના કરી છે.
- ✓ કોરોના વાઇરસને કારણે ઊભી થનારી તાકીદની સ્થિતિને પહોંચી વળવા તે ભંડોળનો ઉપયોગ થશે.
- ✓ તાકીદે મદદની જરૂર પડે તેવા સંકટનો સામનો કરી રહેલા પ્રભાવિત લોકોને રાહત આપવા આ ભંડોળની રચના થયેલી છે.

૪. સ્ટાર્ટ અપ : મેઈડ ઇન ગુજરાત (સંશોધન)

દેશનું પ્રથમ સેનિટાઈઝર મશીન તૈયાર: માત્ર ૧૦ સેકન્ડમાં સમગ્ર શરીર જંતુમુક્ત કરે છે

- ✓ સ્થાન : રાજકોટ

વિગત

- ✓ રાજકોટની મેયર બીનાબેન આચાર્યએ આ મશીનનો ટેસ્ટ કર્યો
- ✓ રાજકોટ કોર્પોરેશનને મશીન ભેટ આપ્યું, પાણીમાં માત્ર 6% હાઈડ્રોજન પેરોક્સાઈડ ભેળવીને સ્પ્રે કરાય છે.
- ✓ રાજકોટ દેશનું પ્રથમ ડિસઈન્ફેકશન મશીન રાજકોટના ત્રણ યુવાનોએ કર્યું છે. તે માત્ર 10 સેકન્ડમાં વ્યક્તિને જંતુમુક્ત કરી દે છે.
- ✓ આ માટે પાણીમાં 6 ટકા હાઈડ્રોજન પેરોક્સાઈડ ભેળવવામાં આવે છે.

૫. ગુજરાતની આંતરરાષ્ટ્રીય સીમા સ્માર્ટ બોર્ડરમાં તબદીલ (સુરક્ષા)

- ✓ વિસ્તાર : કચ્છ અને બનાસકાંઠા
- ✓ ગુજરાતની 425 કિલોમીટર બોર્ડર લાઇટોથી સીલ : ફેન્સીંગ સાથે 11880 સોડિયમ લાઈટ

**આવી હશે ગુજરાતની સ્માર્ટ બોર્ડર**

- ✓ કૉમ્પ્રિહેન્સીવ ઈન્ટિગ્રેટેડ બોર્ડર મેનેજમેન્ટ સિસ્ટમ (CIBMS) ઇઝરાયેલની મદદ અને સ્વદેશી પદ્ધતિથી ડેવલપ કરવામાં આવી.
- ✓ તેનાથી છુપા સીસીટીવી કેમેરાની મદદથી કન્ટ્રોલ રૂમમાંથી ઘૂસણખોરીના પ્રયાસોને નિષ્ફળ બનાવી શકાશે.
- ✓ સંવેદનશીલ વિસ્તારોમાં તારની વાડની સાથે લેસર વૉલ બનાવવાની સાથે લેસર બીમ, કેમેરા, રડાર અને સેન્સર લાગશે.
- ✓ સ્માર્ટ ફેન્સિંગ ઇલેક્ટ્રોનિક સર્વેલન્સથી સજ્જ હશે. તેમાં નાઇટ વિઝન કેમેરા, હેન્ડહેલ્ડ થર્મલ ઈમેજર્સ, બેટલ ફિલ્ડ સર્વેલન્સ રડાર ઉપરાંત ડાયરેક્શન ફાઇન્ડર ગ્રાઉન્ડ સેન્સર, હાઈપાવર ટેલિસ્કોપ છે.
- ✓ ઘૂસણખોર ફેન્સિંગની નજીક પણ આવશે તો પકડાઈ જશે.
- ✓ કુલ બોર્ડર વિસ્તાર : 508 કી.મી

એલઇડી લગાવવાથી દર મહિને BSFના 41 લાખ રૂપિયા બચશે

- ✓ ગુજરાત સરહદે અત્યારે 2,970 પોલ પર 11,880 સોડિયમ લાઈટ્સ લાગી છે. એટલે કે પ્રત્યેક પોલ પર 4 લાઇટ્સ છે.
- ✓ એક રાતમાં પોલ દીઠ 12 યુનિટ વીજ વપરાશ થાય છે.
- ✓ દૈનિક 35,640 યુનિટ એટલે કે 2.49 લાખનો વીજ વપરાશ ખર્ચ છે.
- ✓ બીએસએફદર મહિને 74.84 લાખ રૂપિયા વીજ બિલ ચૂકવે છે.
- ✓ એલઆઇડી લગાવ્યા બાદ 55 ટકા સુધી વીજળીની બચત થશે.
- ✓ એલઇડીથી મહિને વીજ ખર્ચ 1.12 લાખ યુનિટ એટલે કે 33.67 લાખ રૂપિયા થઈ જશે.

૬. અર્થ અવર ડે (પર્યાવરણ)

- ✓ તા. 28 માર્ચ ઉજવાયો
- ✓ વર્ષ-૨૦૨૦ની થીમ- 'રેઈઝ યોર વોઈસ ફોર નેચર'
- ✓ અર્થ અવર ડે દર વર્ષે માર્ચ મહિનાના છેલ્લા શનિવારે મનાવવામાં આવે છે.
- ✓ રાત્રે 8.30થી 9.30 દરમિયાન લાઈટ સ્વેચ્છાએ બંધ રખાઈ : બ્લેક આઉટ
- ✓ હેતુ : પર્યાવરણને બચાવવા
- ✓ સંસ્થા : વર્લ્ડ વાઇડ ફંડ (WWF)

**૭. ટેકનોલોજી હિસ્ટ્રી : એપ્રિલના નવા આવિષ્કાર વિશે**

- ✓ ટેક્નોલોજીની દુનિયામાં, અગાઉ શું શું બન્યું આ સમયગાળામાં

**એપ્રિલ ૧,૧૯૭૬: એપલ કંપનીનો જન્મ**

- ✓ સ્ટીવ જોબ્સ અને સ્ટીવ વોઝનિકે આજના દિવસે તેમની પર્સનલ કમ્પ્યૂટર કિટ્સ વેચવા એપલ કમ્પ્યૂટર કંપની સ્થાપી.
- ✓ પછી તો એમની જોડી અને કંપનીએ એવી પ્રગતિ કરી કે એપલ નામ ફળ જેટલું જ ટેક્નોલોજી માટે પણ જાણીતું થઈ ગયું

**એપ્રિલ ૧, ૨૦૦૪ : જી-મેઇલની ક્રાંતિકારી શરૂઆત**

- ✓ ૧૯૯૭માં યાહૂ મેઇલની શરૂઆત થઈ ત્યારે તેમાં ૪ એમબી સ્પેસ મળતી હતી.
- ✓ ૨૦૦૪માં તે ૧૦૦ એમબી થઈ અને અને તેની સામે, આજના દિવસે લોન્ચ થયેલ જીમેઇલમાં સીધી ૧ જીબીની સ્પેસ મળી !
- ✓ જીમેઇલમાં જોડાવા માટે પહેલાં આમંત્રણ મળવું જરૂરી હતું અને આટલી તોતિંગ સ્પેસને કારણે સૌએ પહેલાં તેને ગૂગલની એપ્રિલ ફૂલની મજાક જ માની હતી.

**એપ્રિલ ૨, ૧૯૮૦ માઇક્રોસોફ્ટનું પહેલું હાર્ડવેર**

- ✓ આજના દિવસે માઈક્રોસોફ્ટે ઝેડ-૮૦ સોફ્ટકાર્ડ નામે તેનું પહેલું હાર્ડવેર લોન્ચ ક્યું હતું, જે એપલના પર્સનલ કમ્પ્યૂટરમાં જોડીને તેમાં એ સમયની લોકપ્રિય ઓપરેટિંગ સિસ્ટમના પ્રોગ્રામ્સ ચલાવી શકાતા હતા !

**એપ્રિલ ૩, ૧૯૭૩ : પહેલો સેલ ફોન કોલ**

- ✓ આજના દિવસે, ન્યૂયોર્ક શહેરના રસ્તે માર્ટિન કૂપરે પહેલો સેલ ફોન કોલ કર્યો !
- ✓ આ અમેરિકન એન્જિનિયર વાયરલેસ કમ્યુનિકેશન ઈન્ડસ્ટ્રીના પ્રણેતા અને સેલફોનના જનક ગણાય છે.

**એપ્રિલ ૭, ૧૯૬૪ : આઇબીએમ સિસ્ટમ ૩૬૦**

- ✓ આઇબીએમ કંપની સિસ્ટમ ૩૬૦ નામનું મેઇનફ્રેમ આર્કિટેક્ચર લોન્ચ કર્યું.
- ✓ આ સિસ્ટમમાં એકબીજા સાથે જોડાયેલાં ૬ મોડેલ્સઓ અને તેમાં વળી બીજા ૪૦ પેરિફેરલ્સ હતા.
- ✓ આ સિસ્ટમ તમામ પ્રકારના કસ્ટમર્સની જરૂરિયાત સંતોષી શકે તેવી હોવાથી તેને ૩૬૦ નામ અપાયું હતું.
- ✓ કંપનીએ આ સિસ્ટમ વિક્સાવવા પાંચ અબજ ડોલરનો જુગાર ખેલ્યો, જે આજ સુધી સૌથી જોખમી બિઝનેસ દાવમાંનો એક ગણાય છે !

**૮. માનવ જીવનને જોખમમાં મૂકનાર વિવિધ વાયરસ-રોગ (આરોગ્ય)**

**(૧) રોટા વાઇરસ**

- ✓ રોટા વાયરસને <u>ચાઇલ્ડ કિલર</u> વાઇરસ તરીકે ઓળખવામાં આવે છે.
- ✓ આ વાઇરસના કારણે દર વર્ષે વિશ્વમાં પાંચ લાખ બાળકોના મોત થાય છે.
- ✓ રોટાની અસરથી નવજાત શિશુથી માંડી આઠ વર્ષ સુધીના બાળકોના ભારે ઝાડા-ઉલ્ટી થાય છે.

**(૨) સ્મોલ પોક્સ (શીતળા)**

- ✓ શીતળના કારણે અત્યાર સુધીમાં દુનિયામાં આશરે ૫૦ કરોડ લોકોના મોત થયા છે.
- ✓ <u>આ વાઇરસનો મૃત્યુદર ૯૦ ટકા છે. સ્મોલ પોક્સને આર-૦ (આર-નોટ) તરીકે પણ ઓળખવામાં આવે છે.</u>
- ✓ શીતળાનો રિપ્રોડક્શન નંબર ૩થી ૬ હોય છે એટલે કે આ વાઇરસથી સંક્રમિત વ્યક્તિ અન્ય ૩થી ૬ વ્યક્તિને પણ ચેપ લગાડી શકે છે.
- ✓ જો કે હવે શીતળાની રસી શોધાઈ ચૂકી હોવાથી હવે આ રોગ કોઇને થતો નથી.

**(3) યલો ફીવર (પિત્ત જવર)**

- ✓ યલો ફીવરથી પીડાતા વ્યક્તિને હાલત સૌથી દયનીય માનવામાં આવે છે.
- ✓ યલો ફીવરમાં નાક, આંખ, મોઢું અને પેટમાંથી લોહી નીકળે છે. આ સ્થિતિમાં પહોંચનારા દર્દીઓ પાંચથી દસ દિવસમાં મૃત્યુ પામે છે.
- ✓ અત્યારે પણ યલો ફીવર દર વર્ષે દુનિયામાં બે લાખ લોકોને સંક્રમિત કરે છે.

**(૪) ઇન્ફલુએન્ઝા**

- ✓ ઇન્ફલુએન્ઝા કે ફલૂના કારણે દર વર્ષે પાંચ લાખ લોકોના જીવ જાય છે.
- ✓ પેન્ડેમિક ફલૂને સૌથી ખતરનાક ગણવામાં આવે છે. દુનિયાના મોટા ભાગના વિસ્તારોને બાનમાં લેનારા ફલૂને પેન્ડેમિક કહેવામાં આવે છે.
- ✓ સ્પેનિશ ફલુએ પાંચથી દસ કરોડ લોકોનો ભોગ લીધો હતો.

**(૫) ડેન્ગ્યૂ**

- ✓ ડેન્ગ્યૂ રોગ એડિસ ઇજીપ્તી પ્રકારના મચ્છરના કરડવાથી થાય છે અને દુનિયાના ૧૧૦ દેશોમાં ડેન્ગ્યૂના કેસો જોવા મળે છે.
- ✓ દર વર્ષે વિશ્વમાં દસ કરોડ લોકોને ડેન્ગ્યૂનો ચેપ લાગે છે અને ૨૦ હજાર લોકોના મોત પણ થાય છે.
- ✓ જે લોકોને બીજીવાર ડેન્ગ્યૂનો ચેપ લાગે તેઓ ગંભીર પરિસ્થિતિમાં મૂકાઇ જાય છે.

**(૬) રેબિસ (હડકવા)**

- ✓ હડકવાને અગાઉના દાયકાઓમાં અતિ ગંભીર રોગ માનવામાં આવતો હતો.
- ✓ કૂતરાં કે ચામાચીડિયાના બચકું ભરવાથી કે નખ વાગવાથી રેબિસનો ચેપ લાગે છે.
- ✓ રેબિસના કારણે દર વર્ષે ૬૦ હજાર લોકોના મૃત્યુ થાય છે.

**(૭) હિપેટાઇટિસ બી અને સી**

- ✓ હિપેટાઇટિસ-બીના કારણે અત્યારે પણ દર વર્ષે આશરે સાત લાખ લોકોના મોત થાય છે. આ વાઇરસ લીવર પર સીધી અસર કરે છે.
- ✓ હિપેટાઇટિસ-સીના કારણે દર વર્ષે સાડા ત્રણ લાખ લોકોના મૃત્યુ થાય છે.

**(૮) ઇબોલા (મારબર્ગ વાયરસ)**

- ✓ ઇબોલા કે મારબર્ગ વાયરસ હજુ પણ માનવ ઇતિહાસના સૌથી ખતરનાક વાયરસોમાં સ્થાન ધરાવે છે, કારણ કે હજુ પણ ઇબોલાના ઇલાજ માટે કોઇ નક્કર સારવાર કે રસી શોધી શકાઇ નથી.
- ✓ ઇબોલા લાગુ પડવાથી વ્યક્તિને હેમરેજીક ફીવર કે ઓર્ગન ફેલ્યોર થાય છે.

**(૯) એચ. આઇ. વી. (એઇડ્સ)**

- ✓ હાલના સમયે દુનિયામાં આશરે ચાર કરોડ લોકો એઈડ્સથી પીડાઈ રહ્યા છે. ગત ત્રીસ વર્ષમાં આશરે વીસ લાખ લોકો આ વાયરસના કારણે મૃત્યુ પામ્યા છે.

**૯. સુવિધા : COVID-19 - AIIMS દિલ્હી દ્વારા દેશભરના ડોક્ટરને કોરોનાના માર્ગદર્શન માટે CoNTeC સેવાનો પ્રારંભ**

**Covid-19 National Teleconsultation Centre - CoNTeC**

- ✓ AIIMS- ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીસ-નવી દિલ્હી

**૧૦. વર્ષ 2020 : 'ઈન્ટરનેશનલ યર ઓફ નર્સ એન્ડ મિડવાઈફ' તરીકે ઉજવણી**

**ફ્લોરેન્સ નાઈન્ટી ગર્લનો પરિચય**

- ✓ વર્ષ-૨૦૨૦ને 'ઇન્ટરનનેશનલ યર ઓફ નર્સ એન્ડ મિડવાઇફ' તરીકે ઊજવી રહ્યું છે. જેનો સંબંધ ૨૦૦ વર્ષ પહેલાં ૧૮૨૦માં ઇટાલીમાં જન્મનાર ફલોરેન્સ નાઈન્ટી ગર્લ સાથે જોડાયેલો છે.
- ✓ તેણે માનવજાતની સેવા કરી અને નર્સિંગને અનોખી ઓળખ આપી હતી.
- ✓ દુનિયાની તમામ વર્ગો માટે આજનો સમય કસોટીનો છે અને કપરો છે .

અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૨૯-૦૩-૨૦૨૦)

1. 29 માર્ચ 2020ના રોજ વડાપ્રધાન દ્વારા "મન કી બાત"ની કેટલામી આવૃતિ પ્રસારિત કરાઈ - **63મી**
2. ભારતમાં વડાપ્રધાનશ્રી દ્વારા "મન કી બાત" ક્યારે પ્રસારિત કરવામાં આવે છે - **માસના છેલ્લા રવિવારે**
3. વર્ષ 2020ને સમગ્ર વિશ્વ કયા વર્ષ તરીકે ઉજવી રહ્યું છે - **"ઇન્ટરનેશનલ યર ઓફ નર્સ એન્ડ મિડવાઈફ"**
4. કોની યાદમાં 2020ને "ઇન્ટરનેશનલ યર ઓફ નર્સ એન્ડ મિડવાઈફ" તરીકે ઉજવવામાં આવે છે - **200 વર્ષ પહેલા ઈટાલીમાં જન્મ લેનાર ફ્લોરેન્સ નાન્ટિન્ગલ**
5. સમગ્ર વિશ્વમાં સૌપ્રથમ કોરોના વાઈરસનો ભોગ બનનાર કઈ 57 વર્ષીય મહિલા સારવાર બાદ સંપૂર્ણ સ્વસ્થ થઇ છે અને ચાઈનીઝ વેબસાઈટ દ્વારા તેને કહ્યું સન્માન અપાયું છે - **વેઈ ગુઝિયાન (વુહાન)પેશન્ટ ઝીરો**
6. કોરોના વાયરસ સામે આર્થિક મદદ મળી રહે તે હેતુથી ખાનગી કંપનીઓ CSR ભંડોળ કયા ફંડમાં જમા કરાવી શકશે- **PM-CARES FUND**

7. માત્ર 10 સેકન્ડમાં શરીરને બહારથી જંતુમુક્ત બનાવતું દેશનું પ્રથમ મેઇડ ઈન ગુજરાત બોડી સેનિટાઈઝર્સ મશીન ક્યાં તૈયાર કરાયું - **રાજકોટ**
8. ગુજરાતમાં કચ્છ અને બનાસકાંઠામાં આવેલી વૈશ્વિક બોર્ડર કઈ પદ્ધતિથી તૈયાર કરવામાં આવી - **કૉમ્પ્રિહેન્સિવ ઈન્ટિગ્રેટેડ બોર્ડર મેનેજમેન્ટ સિસ્ટમ**
9. કૉમ્પ્રિહેન્સિવ ઈન્ટિગ્રેટેડ બોર્ડર મેનેજમેન્ટ સિસ્ટમ કયા દેશ દ્વારા ડેવલોપ કરવામાં આવી છે - **ઇઝરાયેલ**
10. સમગ્ર વિશ્વમાં વર્ષે 2020માં "અર્થ અવર ડે" ક્યારે મનાવાયો- **29 માર્ચ**
11. પર્યાવરણ બચાવવાના હેતુથી "અર્થ અવર ડે" કઈ સંસ્થા દ્વારા મનાવવામાં આવે છે - world wide fund
12. "અર્થ અવર ડે" દરમ્યાન લાઈટ ક્યારે બંધ રાખવામાં આવે છે - **રાત્રે 8.30 થી 9.30**
13. સમગ્ર વિશ્વમાં "અર્થ અવર ડે" દર વર્ષે ક્યારે મનાવાય છે - **માર્ચ મહિના છેલ્લા શનિવારે**
14. "અર્થે અવર ડે" 2020ની થીમ જણાવો - **"રેઈઝ યોર વોઇસ ફોર નેચર"**
15. વિશ્વમાં "ચાઈલ્ડ કિલર વાયરસ" તરીકે કોને ઓળખવામાં આવે છે - **રોટા વાયરસ**
16. શીતળા વાઈરસ- સ્મોલ પોક્સને અન્ય કયા નામે ઓળખવામાં આવે છે - **આર-0 અથવા આર-નોટ**
17. COVID-19ની સારવાર કઈ રીતે કરવી તે અંગે ભારતભરના ડોક્ટરોને તાત્કાલિક માર્ગદર્શન મળી રહે તે હેતુથી AIIMS-નવી દિલ્હી દ્વારા કઈ હેલ્પલાઇન શરૂ કરવામાં આવી છે - **CoNTeC**
18. CoNTeCનું વિસ્તૃત નામ જણાવો- **Covid-19 National Teleconsulation Centre**
19. AIIMSનું વિસ્તૃત નામ જણાવો - **ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીસ**

## 30-03-2020

### ૧. કોરોના વાયરસના કારણે ચલણમાં આવેલા નવા શબ્દો

**1. લૉકડાઉન :**

✓ લૉકડાઉન એવી સ્થિતિ છે, જેમાં લોકોને ઘરમાંથી બહાર નીકળવાનું હોતું નથી.

**2. સોશિયલ ડિસ્ટેન્સિંગ :**

✓ કોરોનાથી બચવા માટે લોકો વચ્ચે એક મીટરથી વધુનું અંતર હોવું જોઈએ, જેને સોશિયલ ડિસ્ટેન્સિંગ કહે છે.

**3. કવૉરન્ટાઇન :**

✓ કોરોના વાઇરસના ચેપ લાગ્યાની શંકા હોય એવી વ્યક્તિને બીજા લોકોથી ભળવા ન દેવાય એ સ્થિતિ

**4. સેલ્ફ આઇસોલેશન :**

✓ જો તમે કોઇ સંક્રમિત વ્યક્તિના સંપર્કમાં આવ્યા, તો કોરોનાના સંક્રમણના લક્ષણ દેખાય ત્યાં સુધી રાહ જોવાને બદલે બીજા લોકોના સંપર્કથી અલગ થઈ જવું એ સ્થિતિ

**5. પેન્ડેમિક :**

✓ પેન્ડેમિક એટલે એવી બીમારી જે આખા વિશ્વમાં ફેલાઈ ગઈ હોય.

**6. વર્ક ફ્રોમ હોમ :**

✓ અંગ્રેજીમાં તેને WFH કહે છે. ઘરમાં રહીને જ કંપનીનું કામ કરો તેને વર્ક ફ્રોમ હોમ કહે છે.

### ૨. ગુજરાત સરકાર : કોરોનાના કારણે હોમ કોરોન્ટાઇનમાં રહેલાના કાઉન્સેલિંગ માટે ટેલી મેડિસન સુવિધાનો પ્રારંભ (ટેકનોલોજી)

✓ હેલ્પલાઈન '1100' ઉપર ફોન કરી માર્ગદર્શન માંગી શકશે

✓ **હેતુ :** શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની સમસ્યાના નિરાકરણ માટે 24 કલાક સેવા ઉપલબ્ધ

✓ આયોજક : GVK EMRE 108 - કઠવાડા, અમદાવાદ




### COVID-19 દવા અંગે

✓ COVID-19 અંગેની પ્રોફાઈલેકસીસ માટેની દવા ટેબ. હાઈડ્રોકસી કલોરોકવીન નામની દવાને શીડયુલ H1 ડ્રગ તરીકે જાહેર કરેલ છે. જેથી હવે આ દવા માત્ર અને

માત્ર અધિકૃત ડોકટરના પ્રિસ્કીપશન પર જ મળી શકે છે.

- ✓ ટ્વિટર હેન્ડલ : GujHFWDept
- ✓ હેલ્પલાઇન : 104

3. N -95 માસ્ક (આરોગ્ય)

- ✓ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની ગાઈડ લાઈન પ્રમાણે, કોરોના વાઈરસથી બચવા માટે એન-95 માસ્ક સૌથી ઉત્તમ છે અને તેના પછી સૌથી સુરક્ષિત થ્રી-પ્લાય માસ્ક છે.
- ✓ ઑલ ફૂડ એન્ડ ડ્રગ લાઈસન્સ હોલ્ડર ફાઉન્ડેશનના નેશનલ પ્રેસિડેન્ટ અભય પાંડેએ 31 જાન્યુઆરી 2020ના રોજ ભારત સરકારને પત્ર લખીને જણાવ્યું કે, એન-95 માસ્કની નિકાસ રોકવી જોઈએ.
- ✓ સરકારે તુરત તેની નિકાસ રોકવા માટે પગલાં લીધા. આમ છતાં, હાલ દેશમાં એન-95ની અછત સર્જાઈ છે.

૪.કૉપકૉવ અભ્યાસ : કોરોના વાયરસને રોકવા વૈશ્વિક સ્તરે કૉપકૉવ અભ્યાસનો પ્રારંભ

**કૉપકૉવ:** ક્લોરોક્વીન-હાઈડ્રોકસી ક્લોરોક્વીન પ્રિવેન્શન ઓફ કોવિડ-19

**કૉપકૉવ અભ્યાસ-ટ્રાયલ વિશે**

- ✓ કોરોના (કોવિડ-૧૯)નો ઇલાજ શોધવા માટે આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિકો દ્વારા હાથ ધરાનારી ટ્રાયલ માટે ગુજરાતની ઇન્ટાસ ફાર્મા હાઇડ્રોક્સી ક્લોરોક્વીનની વીસ લાખ ટેબ્લેટ દાન કરી છે.
- ✓ થોડા દિવસોમાં ઓક્સફોર્ડ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોની આગેવાનીમાં આંતરાષ્ટ્રીય સ્તરે અભ્યાસ હાથ ધરવામાં આવશે.
- ✓ હાઇડ્રોક્સી ક્લોરોક્વીન દવા દ્વારા કોરોનાને રોકવાના અથવા તેના લક્ષણો ઓછાં કરવા માટે થોડાં દિવસોમાં એક આંતરરાષ્ટ્રીય અભ્યાસ હાથ ધરાવાનો છે.
- ✓ આ અભ્યાસને કોપકોવ (ક્લોરોકવીન- હાઇડ્રોક્સી ક્લોરોકવીન પ્રિવેન્શન ઓઉ કોવિડ-૧૯) નામ આપવામાં આવ્યું છે.
- ✓ આ અભ્યાસની આગેવાની ઓક્સફોર્ડ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો લેશે, આ ઉપરાંત વિશ્વના વિવિધ દેશોના નિષ્ણાતો પણ તેમાં જોડાશે.
- ✓ વિશ્વભરમાં કોરોનાના દર્દીઓની સારવાર સાથે સંકળાયેલા આશરે ૪૦ હજાર તબીબો અને સ્વાસ્થયકર્મીઓ તેમાં મદદરૂપ થશે.

૫. ખેલકૂદ : ટોક્યો ઓલમ્પિક હવે આગામી ૨૩ જુલાઇ ૨૦૨૧થી યોજાશે

- ✓ ઉદ્ઘાટન : ૨૩ જુલાઇ-૨૦૨૧
- ✓ સમાપન : ૮ ઓગસ્ટ-૨૦૨૧

**પેરા ઓલમ્પિક - ૨૦૨૧**

- ✓ ૨૪ ઓગસ્ટથી ૫ સપ્ટેમ્બર-૨૦૨૧ દરમિયાન યોજાશે
- ✓ દિવ્યાંગ ખેલાડીઓ માટે એ જ મેદાન ઉપર રમતોત્સવ- પેરા ઓલમ્પિક
- ✓ જાહેરાત : ઇન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી

૬. વૈશ્વિક રોકાણ : ADB NIIF દ્વારા ભારતીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં ૧૦ કરોડ ડૉલરનું રોકાણ કરશે (આર્થિક)

**અન્ય વિગત**

- ✓ એશિયન ડેવલોપમેન્ટ બેંક (એડીબી)એ જાહેરાત કરી છે કે નેશનલ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ઇન્ફ્રાસ્ટ્રકચર ફંડ (NIIF) દ્વારા ઇન્ડિયન ઇન્ફ્રાસ્ટ્રકચર સેક્ટરમાં ૧૦ કરોડ ડોલરનું રોકાણ કરશે.
- ✓ અસામાન્ય અને પડકારજનક સમયમાં NIIF ફંડ માટે એશિયન ડેવલોપમેન્ટ બેંકનું વચન ખૂબ જ મહત્વપૂર્ણ છે
- ✓ ADB : એશિયન ડેવલપમેન્ટ બેંક
- ✓ NIIF : નેશનલ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ

૭. જન્મ દિન વિશેષ : 30 માર્ચ

રજતપટની પહેલી ડ્રીમ ગર્લ :દેવિકા રાની

જન્મ - 30 માર્ચ – ૧૯૦૮ અવસાન – ૮ માર્ચ ૧૯૯૪

- ✓ ભારતીય મહિલાઓ "રસોડાની રાણી" જ હતી ત્યારે એક સાહસિક યુવતીએ તદ્દન નવતર ક્ષેત્રમાં પ્રવેશ કર્યો.ક્ષેત્ર હતું ફિલ્મો અને પ્રયોજક મહિલા નામે દેવિકા રાની. આજે તેમનો જન્મદિવસ છે.
- ✓ જૂનાં મદ્રાસ પ્રાંતના વિશાખાપટ્ટનમમાં વલ્ટયેરમાં અત્યંત ધનિક પરિવારમાં તેમનો જન્મ થયો હતો. પિતા પ્રાંતના પહેલા સર્જન અને કાકા કલકત્તા હાઇકોર્ટના ચીફ જસ્ટીસ હતા. પ્રારંભિક શિક્ષણ મેળવી દેવિકા ઇંગ્લેન્ડ ગયા. ત્યાં નાટય શિક્ષણ લીધું અને ફિલ્મોમાં અભિનય કરવાના ઇરાદા સાથે ભારત આવ્યા. પણ પરિવારને તે સ્હેજે મંજૂર ન હતું.

✓ ૧૯૨૮માં દેવિકા રાનીનો પરિચય નિર્માતા હિમાંશુ રોય સાથે થયો અને તેમણે દેવિકાને ફિલ્મી પરદે પ્રસ્તુત કર્યા. બંનેની પહેલી ફિલ્મ" કર્મા "હતી. તે પછી તો જવાની કી હવા, અંજાન, સાવિત્રી, ઈજ્જત , અછૂત કન્યા,જન્મભૂમિ, જીવન નૈયા જેવી અનેક ફિલ્મોમાં અભિનય આપ્યો. અછૂત કન્યાના કસ્તુરીના પાત્ર પછી તો "ડ્રીમ ગર્લ "અને "લેડી ઑફ ઇન્ડિયન સ્ક્રીન" જેવી ઉપાધિ મળી.

✓ દેવિકા એ પોતાના યુગથી આગળ જર્જર સામાજિક રૂઢિઓ અને માન્યતાઓને પડકારી માનવીય મૂલ્યો અને સંવેદના ઓને સ્થાપિત કરવાનું સ્તુત્ય કાર્ય બજાવ્યું હતું. ૧૯૪૦ માં પતિ હિમાંશુનાં અવસાન પછી હિંમત હાર્યા વગર બોમ્બે ટોકિઝ સ્ટુડિયો પર નિયંત્રણ સ્થાપ્યું.૧૯૪૫ માં રશિયન ચિત્રકાર રોરિક સાથે પુનઃ લગ્ન કરી બેંગ્લોરમાં સ્થાયી થયા.

✓ <u>દેવિકા રાનીનું પદ્મશ્રી, સોવિયત લેન્ડ નહેરુ પુરસ્કાર અને દાદાસાહેબ ફાળકે પુરસ્કારથી સન્માન થયું હતું.</u>

✓ તારીખ ૮ માર્ચ ૧૯૯૪ ના રોજ તેમનું અવસાન થયું હતું.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૩૦-૦૩-૨૦૨૦)</u>

1. કોરોના વાયરસ જેવી જીવલેણ બિમારી સમયે "સોશિયલ ડિસ્ટેન્સિંગ" સમયે બે લોકો વચ્ચે કેટલું અંતર જાણવું જરૂરી છે - **<u>1 મીટરથી વધુ</u>**
2. સરકારી આદેશ મુજબ લોકોને પોતાના ઘરમાંથી બહાર ન નીકળવાની સ્થિતિને શું કહેવામાં આવે છે - **<u>લૉકડાઉન</u>**
3. કોઈપણ વ્યક્તિને કોઈ ગંભીર રોગનો ચેપ લાગ્યા હોવાની શંકાને આધારે અન્ય લોકોથી દૂર રાખવાની સ્થિતિને શું કહેવાય છે- **<u>ક્વોરન્ટાઈન</u>**
4. WFHનું વિસ્તૃત નામ જણાવો- **<u>વર્ક ફ્રોમ હોમ</u>**
5. આખા વિશ્વમાં ફેલાયેલી બિમારી માટે WHO દ્વારા કયો શબ્દ ઉપયોગમાં લેવાય છે- **<u>પેન્ડેમિક</u>**
6. ગુજરાત સરકાર દ્વારા હોમ ક્વોરન્ટાઈનમાં રહેલા લોકોના કાઉન્સેલિંગ-પ્રશ્નોના નિરાકરણ માટે કઈ હેલ્પલાઇન-ટેલી મેડિસિન સુવિધાનો પ્રારંભ કર્યો છે - **<u>1100</u>**
7. COVID-19 અંગેની પ્રોફાઈલેક્સીસ માટેની દવા ટેબલેટ હાઈડ્રોક્સી ક્લોરોક્વિન નામની દવાને કયા ડ્રગ તરીકે જાહેર કરાઈ છે જે અધિકૃત ડોક્ટર દ્વારા જ પ્રિસ્ક્રાઈબ કરવામાં આવે છે - **<u>શિડયુલ H1 ડ્રગ</u>**
8. WHOની માર્ગદર્શિકા મુજબ કોરોના વાયરસના ચેપથી બચવા માટે કયો માસ્ક ઉત્તમ છે- **<u>N-95</u>**
9. કોરોના વાયરસ અંગે માહિતી માટે ગુજરાત સરકારના આરોગ્ય વિભાગનું ટ્વિટર હેન્ડલ અને હેલ્પલાઇન નંબર જણાવો - **<u>GujHFWDept અને 104</u>**
10. કોરોના વાયરસને રોકવા માટે વૈશ્વિક કક્ષાએ હાલમાં કયો સંયુક્ત અભ્યાસ કરવામાં આવી રહ્યો છે - **<u>"કોપકોવ"</u>**
11. "કૉપકૉવ"નું વિસ્તૃત નામ જણાવો - **<u>ક્લોરોક્વિન-હાઈડ્રોક્સિ ક્લોરોક્વિન પ્રિવેન્શન ઓફ કોવીડ-19</u>**
12. ટોક્યો ઓલમ્પિક-2021નો પ્રારંભ ક્યારે થશે - **<u>23 જુલાઈ-2021</u>**
13. પેરાલિમ્પિક-2021નો પ્રારંભ ક્યારે થશે - **<u>24 ઓગસ્ટ 2021</u>**
14. પેરાલિમ્પિક-2021 ક્યાં યોજાશે - **<u>ટોક્યો- જાપાન</u>**
15. પેરાલિમ્પિક ખાસ કરીને કયા ખેલાડીઓ માટે યોજાય છે - **<u>દિવ્યાંગ</u>**
16. માર્ચ 2020માં ADB NIIF દ્વારા ભારતમાં માળખાગત ક્ષેત્રમાં કેટલું રોકાણ કરવાની જાહેરાત કરી છે - **<u>10 કરોડ ડોલર</u>**
17. ADBનું વિસ્તૃત નામ જણાવો- **<u>એશિયન ડેવલોપમેન્ટ બેન્ક</u>**
18. NIIFનું વિસ્તૃત નામ જણાવો - **<u>નેશનલ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ</u>**
19. રજતપટની પ્રથમ ડ્રીમ ગર્લ શ્રી દેવિકા રાનીનો જન્મદિવસ જણાવો - **<u>30 માર્ચ 1908</u>**
20. અભિનેત્રી દેવિકા રાનીને પદ્મશ્રી ઉપરાંત ભારતીય ફિલ્મ જગતમાં કયો સર્વોચ્ચ એવોર્ડ અપાયો છે - **<u>દાદાસાહેબ ફાળકે એવોર્ડ</u>**

31-03-2020

**૧. UN CTAD : વૈશ્વિક અર્થતંત્ર ઉપર હાલની સ્થિતિ અંગે ટ્રેડ રિપોર્ટ (અર્થતંત્ર)**

**મહત્વના તારણો :**

વિશ્વ અર્થતંત્ર મંદીના ભરડામાં સપડાશે ભારત અને ચીન ઉગરી જશે

- ✓ સંયુક્ત રાષ્ટ્રની ટ્રેડ અને વિકાસ સંસ્થા યુનાઇટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ (UNCTAD)નો ટ્રેડ રિપોર્ટ મુજબ આ વર્ષે કોરોનાનાં પ્રકોપની વૈશ્વિક અર્થતંત્ર પર કારમી થપાટ પડશે અને આખું વૈશ્વિક અર્થતંત્ર મંદીની ગર્તામાં ધકેલાઈ જશે.
- ✓ મંદીનો આ તબક્કો વેપાર ઉદ્યોગો માટે વર્ષ ૨૦૦૮-૦૯ની મંદી કરતા વધુ ભયાનક પુરવાર થશે. આખા વિશ્વની આવકમાં ટ્રિલિયન ડોલર્સનો ઘટાડો થશે અને તમામ પ્રકારનાં વેપાર ઉદ્યોગોને ભરપાઈ ન થઈ શકે તેટલું પારાવાર નુકસાન થશે. જો કે વૈશ્વિક મંદીના આ તબક્કામાં ભારત અને ચીન ઊગરી જશે તેવું રિપોર્ટનું તારણ છે. ખાસ કરીને વિકાસશીલ દેશોને મરણતોલ ફટકો પડશે અને બરબાદીનાં આરે આવીને ઊભા રહેશે.

**મંદીથી બચવા ત્રિપાંખિયો વ્યૂહ :**

- ✓ ઇન્ટરનેશનલ મોનેટરી ફંડ ખાતે સ્પેશિયલ ઉપાડ હક ધરાવતા દેશોમાં ૧ ટ્રિલિયન ડોલરની નાણાકીય સહાય કરવી કે મૂડી ઠાલવવી.
- ✓ આ વર્ષે દેવાના બોજ હેઠળ દટાયેલા વિકાસશીલ દેશોનાં ૧ ટ્રિલિયન ડોલરનાં દેવા માફ કરવા.
- ✓ વધારે જાનહાનિવાળા દેશોમાં હેલ્થ રિકવરી માટે ૫૦૦ અબજ ડોલરનું ફંડ ફાળવવાનો માર્શલ પ્લાન.

**વિકાસશીલ દેશોની સ્થિતિ :**

- ✓ વિકાસશીલ દેશોને બે વર્ષ સુધી ૨ ટ્રિલિયનથી ૩ ટ્રિલિયન ડોલર્સ જેટલી નાણાંની તંગી અનુભવવી પડશે
- ✓ આખા વિશ્વની નાણાકીય અને આર્થિક સ્થિતિ વણસી રહી છે ત્યારે આગામી બે વર્ષ દરમિયાન અનેક દેશોમાં નાણાભીડ સર્જાશે અને ફોરેન એક્સ્ચેન્જમાં ગાબડાં પડશે. વિકાસશીલ દેશોને બે વર્ષ સુધી ૨ ટ્રિલિયનથી ૩ ટ્રિલિયન ડોલર્સ જેટલી નાણાંની તંગી અનુભવવી પડશે. ભારત અને ચીન મંદીમાથી કઈ રીતે ઊગરી જશે તેનાં કારણો તેણે દર્શાવ્યા નથી.

**રેસ્ક્યુ પેકેજની ભલામણ :**

- ✓ વિશ્વની બે તૃતીયાંશ વસતી હાલ વિકાસશીલ દેશોમાં વસે છે તેમને કોરોનાને કારણે અભૂતપૂર્વ નુકસાન થશે આથી આવા દેશો માટે ૨.૫ ટ્રિલિયન ડોલરનું રેસ્ક્યૂ પેકેજ જાહેર કરવા યુએનએ સૂચવ્યું છે. કોમોડિટીની નિકાસ કરતા સમૃદ્ધ દેશોનાં રોકાણમાં આગામી ૨ વર્ષમાં ૨ ટ્રિલિયનથી ૩ ટ્રિલિયન ડોલર્સનો ઘટાડો થશે.

UNCTAD વિશે

- ✓ UNCTAD : યુનાઇટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ
- ✓ CTADના સેક્રેટરી જનરલ : મુખીશા કિટુચી

**૨. વર્લ્ડ બેંક : કોરોના કેર અંગે વૈશ્વિક ચેતવણી (રોજગારી)**

- ✓ કોરોના વાઇરસનાં કેર પછી ઈસ્ટ એશિયા અને પેસિફિક દેશોનાં ૧૧૦ લાખ લોકો ગરીબીમાં ધકેલાઈ જશે તેવી ધારણા વર્લ્ડ બેન્કે રજૂ કરી હતી.
- ✓ સરકારોના તમામ પગલાં છતાં એશિયા-પેસિફિકના દેશો પરથી કોમ્યુનિટી ટ્રાન્સમિશનનું જોખમ દૂર થયું નથી.
- ✓ હાલ આવા દેશોમાં ૩૫૦ લાખ લોકો ગરીબીની રેખાની બહાર છે જેમાં એકલા ચીનમાં જ ૨૫૦ લાખ લોકો ગરીબીથી બચી શક્યા છે.
- ✓ જો કોરોનાને કારણે આખા વિશ્વમાં નાણાકીય સ્થિતિ ડામાડોળ બનશે તો વધુ ૧૧૦ લાખ લોકો ગરીબીમાં સપડાશે.
- ✓ ઈસ્ટ એશિયા અને પેસિફિકનાં દેશોમાં ગ્રોથ ઘટીને ૨.૧ ટકાથી માઇનસ ૦.૫ ટકા જેટલો થઈ શકે છે. જે ૨૦૧૯માં ૫.૮ ટકા અંદાજવામાં આવ્યો હતો. ચીનનો ગ્રોથ ઘટીને ૨.૩ ટકા અને વધુ ઘટીને ૦. ૧ ટકા થઈ શકે છે જે ૨૦૧૯માં ૬.૧ ટકા અંદાજવામાં આવ્યો હતો.

**૩. નિમણૂક : બ્રહ્માકુમારી સંસ્થાના મુખ્ય વડા તરીકે દાદી હૃદયમોહનીજીની વરણી**

- ✓ મુખ્ય વડા શ્રી જાનકી દીદીના અવસાનના કારણે નવી વરણી કરાઈ
- ✓ પરિચય : જન્મ- જુલાઈ 1925
- ✓ સ્થાન : હૈદરાબાદ સિંધ (પાકિસ્તાન)
- ✓ માત્ર ૯ વર્ષની વયે બ્રહ્માકુમારી સાથે જોડાયા હતા
- ✓ બાળપણનું નામ : શોભા

**૪. કોરોના વાયરસ : રોગનો કેર વધતા કેન્દ્ર સરકાર દ્વારા અમદાવાદને "હોટસ્પોટ" જાહેર કરાયું**

**<u>હોટસ્પોટના માપદંડ :</u>**

- ✓ ઈન્ટિગ્રેટેડ ડિસીઝ સર્વે પ્રોગ્રામમાં ફરજ બજાવતાં સૂત્રો કહે છે કે, <u>કોઈ પણ વિસ્તારના એક કલસ્ટરમાં ૧૦થી વધુ કેસો હોય તો તને હોટ સ્પોટ</u> તરીકે ઓળખવામાં આવે છે.
- ✓ અલબત્ત, કેસોની સંખ્યા મામલે આ માપદંડમાં અમદાવાદ ફિટ બેસતું નથી, કારણ કે આ હોટસ્પોટ જાહેર કરાયા ત્યારે અમદાવાદમાં પાંચ જેટલા કોરોનાના પોઝિટિવ કેસ હતા. જેની સામે મોતની સંખ્યા ત્રણ હતી.
- ✓ ૧૦૦ કેસે એક મોત થવું જોઈએ, જોકે અમદાવાદમાં કેસની ઓછી સંખ્યા સામે મોતનું પ્રમાણ વધારે હોવાથી અમદાવાદને હોટ સ્પોટ તરીકે પસંદ કરાયું હતું.
- ✓ કોરોના વાયરસે કેર વર્તાવાનું શરૂ કર્યું છે ત્યારે ભારત સરકારે ૧૦ હોટસ્પોટ આઈડેન્ટીફાઈ કર્યા છે, જેમાં અમદાવાદનો પણ સમાવેશ કર્યો છે. અસામાન્ય રીતે કેસો વધી રહ્યા છે જેમાં અમદાવાદને પણ સામેલ કરાયું છે.
- ✓ <u>દિલ્હીમાં જ નિઝામુદ્દીન અને દિલસાદ ગાર્ડન ઉપરાંત નોઈડા, મેરઠ, ભીલવાડા, અમદાવાદ, કસારગોડ, પઠાણમીટ્ટા, મુંબઈ અને પુણેનો સમાવેશ થાય છે.</u>
- ✓ કેન્દ્ર સરકાર હોટ સ્પોટ જાહેર કરે તે પહેલાં જ ગુજરાત સરકારે જાહેર કર્યું હતું કે, ૩૦મી માર્ચના સોમવારથી <u>અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા અને ગાંધીનગર</u> શહેર-જિલ્લામાં પોઝિટિવ દર્દીના નિવાસસ્થાનથી ૩થી પાંચ કિલોમીટરની ત્રિજ્યામાં ફરતા વિસ્તારમાં ચેપ નિયંત્રણની કામગીરી કરાશે.

## <u>૫. મરકઝ (મસ્જિદ) નિઝામુદ્દીન (ધર્મ)</u>




- ✓ <u>આ સંસ્થા તબલિગ જમાતનું ઇન્ટરનેશનલ હેડક્વાર્ટર્સ છે</u>
- ✓ મરકઝ – સત્સંગ/સભા
- ✓ <u>વિસ્તાર :</u> નિઝામુદ્દીન - નવી દિલ્હી

- ✓ કોરોનાના કારણે પ્રતિબંધ હોવા છતાં અહીં તારીખ ૧૩ અને ૧૫ માર્ચના રોજ ઈજતેમાનું વાર્ષિક સંમેલન યોજાયું
- ✓ જેમાં દેશ-વિદેશના ૮ હજારથી વધુ મુસ્લિમ એકત્રિત થયા જેના કારણે ભારતમાં આ વિસ્તાર <u>કોરોનાનું એપી સેન્ટર</u> બનવા જઈ રહ્યું છે.
- ✓ **<u>એક્શન:</u>** ઈજતેમાના આયોજક મૌલાના સાદ સામે એપિડેમિક એક્ટ અને IPCની વિવિધ જોગવાઇઓ હેઠળ કેસ દાખલ

## <u>૬. કેન્દ્ર સરકાર : પોસ્ટ ઓફિસમાં નાની બચતના વ્યાજદરોમાં ફેરફાર (આર્થિક)</u>

**<u>અગત્યની બાબતો ૩૧મી માર્ચ-૨૦૨૦ની સ્થિતિએ</u>**

- ✓ પોસ્ટની યોજનાઓના વ્યાજદરમાં ૧.૪૦ ટકા સુધીનો ઘટાડો
- ✓ KVPની મુદત હવે ૧૧૩ માસના બદલે ૧૨૪ માસ
- ✓ <u>KVP :</u> કિસાન વિકાસ પત્ર
- ✓ સાદા બચત ખાતામાં ૪ ટકા વ્યાજદરો યથાવત

**<u>કઈ યોજનામાં કેટલો વ્યાજદર</u>**


**ક્યા કેટલો વ્યાજદર ટકામાં**

| યોજના | હાલનો દર | નવો દર |
|---|---|---|
| બચત ખાતું | 4.0 | 4.0 |
| 1 વર્ષની FD | 6.9 | 5.5 |
| 2 વર્ષની FD | 6.9 | 5.5 |
| 3 વર્ષની FD | 6.9 | 5.5 |
| 5 વર્ષની FD | 7.7 | 6.7 |
| 5 વર્ષ રિકરિંગ | 7.2 | 5.8 |
| સિનિયર સિટિઝન | 8.6 | 7.4 |
| માસિક આવક | 7.6 | 6.6 |
| NSC | 7.9 | 6.8 |
| PPF | 7.9 | 7.1 |
| KVP | 7.6 | 6.9 |
| સુકન્યા સમૃદ્ધિ | 8.4 | 7.6 |

## <u>૭. IMFના અંદાજ અનુસાર ભારતનો GDP (આર્થિક)</u>

<u>GDP-ભારત 10 વર્ષમાં 218%ના ગ્રોથ સાથે ૬ ક્રમ આગળ વધ્યું</u>

- ✓ ભારતની અર્થવ્યવસ્થાએ ગત 10 વર્ષમાં 6 ક્રમની છલાંગ લગાવી છે. હવે તે દુનિયામાં ટોપ-5માં સામેલ છે.




- ✓ ગત એક દાયકામાં દેશનો જીડીપી 218 ટકા વધ્યો છે. આઈએમએફના અંદાજ અનુસાર, 2019ના અંત સુધી ભારતનો જીડીપી રૂ.223 લાખ કરોડ સુધી પહોંચ્યો.
- ✓ 2009માં આ આંકડો રૂ.12 લાખ કરોડ.

**જીડીપી માપદંડ**

- ✓ જીડીપી કોઈપણ દેશના આર્થિક સ્થિતિ માપવાનું માપદંડ છે. ભારતમાં જીડીપીની ગણના ત્રિમાસિકના ધોરણે થાય છે.
- ✓ કૃષિ, ઉદ્યોગ, અને સર્વિસ સેક્ટર જીડીપીના ૩ મુખ્ય પ્રમુખ ઘટક છે. આ સેક્ટરમાં ઉત્પાદનમાં થતી વધ-ઘટના આધારે જીડીપી ગ્રોથ નક્કી કરવામાં આવે છે.

## ૮. તબીબી તારણ : જન્મથી જ અપાતી BCG રસીના પરિણામે ભારતીયોની રોગ પ્રતિકારક શક્તિ કુદરતી રીતે વધુ જેથી કોરોના ઓછો જીવલેણ

**બાળપણમાં બીસીજીની રસી અપાઈ ત્યાં મૃત્યુઆંક નીચો**




- ✓ રસીનું મૂળ કામ શરીરમાં ઘૂસી આવતા વાઈરસ-બેકટેરિયા સામે રક્ષણ કરવાનું છે.
- ✓ પોલિયો સહિતના અનેક રોગોની રસી બાળક પાંચ-સાત વર્ષનું થાય ત્યાં જ આપી દેવામાં આવે છે. ઘણા લોકો આ રસીકરણથી દૂર રહે છે.
- ✓ સંશોધકોનું કહેવું છે કે કોરાના મોત એવી જગ્યાએ વધ્યા છે, જ્યાં રસીકરણનો વ્યાપક ઉપયોગ થયો છે એવા દેશોમાં મૃત્યુઆંક ઓછો છે. ખાસ કરીને બીસીજી નામની રસી જીવનરક્ષક સાબિત થઈ છે.
- ✓ અમેરિકા, ઈટાલી, સ્પેન અને ફ્રાન્સ એવા દેશો છે, જ્યાં બીસીજીની રસી અપાતી નથી. એટલે કે ત્યાં બાળપણમાં રસી નથી અપાતી. રોગ થાય ત્યારે સારવાર માટે અપાય છે.
- ✓ ભારત-ચીન અને અન્ય કેટલાક દેશોમાં બાળપણથી જ બીસીજીની રસી અપાય છે. ચીનમાં મૃત્યુઆંક મર્યાદિત રહ્યો છે અને ભારતમાં તો હજુ સુધી કાબુમાં છે.
- ✓ બીસીજીએ બેસિલિઆ ક્લિમેન્ટી ગુરિનનું ટૂંકુ નામ છે અને આ રસીની ભલામણ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને જ કરી હતી.
- ✓ ભારત ૧૯૪૯થી આ રસી આપે છે અને લગભગ ૯૭ ટકા બાળકોને રસી અપાઈ ચૂકી છે. આ રસી રાજરોગ ટીબીથી રક્ષણ માટે અપાય છે, પરંતુ તેના બીજી આડફાયદા પણ છે, જે આવા રોગચાળા વખતે સામે આવે છે.
- ✓ બહુ જ નાની ઉંમરમાં બાળકોને બીસીજીની રસી આપી દેવામાં આવતી હોવાથી તેમના શરીરમાં ટી લિમ્ફોસાઈટ એક્ટિવ થઈ જતાં હોય છે. ટીલિમ્ફોસાઈટને આપણે શરીરના રક્ષક દળના સેનાપતિ તરીકે ઓળખાવી શકીએ છીએ.
- ✓ આ ટી લિમ્ફોસાઈટ્સ શરીરમાં કોઈપણ નવા વાયરસ કે બૅક્ટરિયા પ્રવેશે કે તરત જ તેને મારી નાખવાની કામગીરી કરે છે.
- ✓ ભારતીયોના શરીરમાં બીસીજીની રસીને કારણે ટી લિમ્ફોસાઈટ વધુ સક્રિય રહેતો હોવાથી કોરોના વાયરસનો ચેપ ઝડપથી ફેલાતો નથી. અને ફેલાઈ ત્યારે તેનો પ્રતિકાર કરવાની ક્ષમતા પણ અન્ય દેશના નાગરિકો કરતા વધુ ઝડપથી આવી જાય છે.
- ✓ બર્ડ ફ્લુને સ્વાઈન ફુલુની તકલીફમાંથી ભારતીયો વિશ્વના અન્ય દેશોની તુલનાએ વહેલા બહાર આવી શક્યા છે તેનું કારણ પણ ભારતીયોની વધુ મજબૂત રોગપ્રતિકારક શક્તિ છે.
- ✓ BCG- Bacille Calmette Guerin (બેસિલિઆ કિલમેન્ટી ગુરિન)

## ૯. જન્મ દિન વિશેષ : ૩૧ માર્ચ

**ભારતના પ્રથમ મહિલા તબીબ : ડોક્ટર આંનદીબાઈ જોષી**

**જન્મ - ૩૧ માર્ચ – ૧૮૬૫**

**અવસાન – ૧૨ માર્ચ ૧૮૮૭**

- ✓ આજે માર્ચનો છેલ્લો દિવસ અને રેને દેકાર્તે અને ભારતમાં મેડીકલની પહેલી પદવી પ્રાપ્ત કરનાર આનંદીબાઈ જોષીનો જન્મદિવસ છે.
- ✓ પૂણેમાં જન્મેલા આનંદીબાઈનું બચપણનું નામ યમુના હતું. ૯ વર્ષની બાળવયે તેમનાથી ૨૦ વર્ષ મોટા વિધુર ગોપાળરાવ સાથે લગ્ન થયા.પતિએ આનંદીબાઈ નામ આપ્યું.આમ કજોડું કહેવાય પણ આ દમ્પતીએ ઐતિહાસિક ભૂમિકા અદા કરી .
- ✓ ૧૪મા વર્ષે માતા બનેલાં આનંદીબાઈનો પુત્ર જન્મના ૧૦માં દિવસે મૃત્યું પામ્યો અને તેમણે કસમયે થતાં મોતને નિવારવા ડોકટર થવાનું નક્કી કર્યું. તેમાં પતિ ગોપાળરાવે રૂઢિચુસ્ત જમાનાની લેશમાત્ર ચિંતા કર્યા વગર દામ્પત્ય ધર્મ બજાવ્યો.
- ✓ પત્નીને મરાઠી, સંસ્કૃત અને અંગ્રેજી શીખવ્યું. મહિલાઓને શિક્ષણ પણ નસીબ ન હતું ત્યારે આ એક ક્રાંતિ હતી. કારણ જે છોકરી ભણે તેનો પતિ મરી જાય તેવી માન્યતાનો એ જમાનો હતો.
- ✓ આનંદીબાઈ એ ૧૮૮૩ માં અમેરિકાની પેનસિલવેનિયાની વુમન મેડિકલ કોલેજમાં પ્રવેશ લીધો અને ૧૧ માર્ચ ૧૮૮૬ ના રોજ ૧૯ વર્ષની ઉંમરે મેડિકલની પદવી લઈ ભારત આવ્યા.લોકમાન્ય ટિળક સહિતના લોકોએ તેમનું નાયિકાની જેમ દેશમાં સ્વાગત કર્યું. કોલ્હાપુરના શાસકે ફિઝિશિયંન તરીકે નિમણુક આપી.
- ✓ પરંતુ અમેરિકાનું ઠંડુ વાતાવરણ અને સાનુકૂળ ખોરાકના અભાવે તબિયત બગડી, ટી.બી. નું નિદાન થયું અને માત્ર ૨૨ વર્ષની વયે ભારતના ઇતિહાસમાં તેજ લીસોટા સમાન આનંદી બાઈનું અવસાન થયું.
- ✓ જે ઉદ્દેશથી તેઓએ મેડિકલ ડિગ્રી હાંસલ કરી હતી તે ભલે ફળીભૂત ન થયો પણ આનંદીબાઈ જોષીએ ભારતમાં સ્ત્રીઓ માટે ઉચ્ચ શિક્ષણ અને ખાસ તો તબીબી શિક્ષણનાં દ્વાર ખોલી દીધા હતા.
- ✓ આવી યુગ પરિવર્તનકારી મહિલા વિશે <u>૧૮૮૮માં કેરોલિન વિલ્સે "The Life of dr.anandibai joshee" નામે જીવનચરિત્ર લખ્યું</u> છે. તેમના જીવન સંઘર્ષ વિશે મરાઠીમાં નવલકથા અને દૂરદર્શને ટેલિવિઝન સિરિયલ બનાવી હતી.

<u>અગત્યના પ્રશ્નો અને તેના ઉત્તરો (૩૧-૦૩-૨૦૨૦)</u>

1. કોરોના વાઈરસના કારણે વિશ્વનું અર્થતંત્ર ભયાનક મંદીના ભરડામાં સપડાશે તેવો રિપોર્ટ યુએનની કઈ સંસ્થા દ્વારા માર્ચે 2020માં પ્રસિદ્ધ કરાયો- **<u>UN CTAD</u>**
2. UN CTADના અહેવાલ અનુસાર વિશ્વના કયા દેશોને સૌથી વધુ આર્થિક મંદી અસર કરશે - **<u>વિકાસશીલ દેશો</u>**
3. UN CTADના અહેવાલ અનુસાર વિશ્વના કયા બે દેશો અન્ય દેશોની તુલનામાં આર્થિક મંદીમાંથી ઝડપથી બહાર આવશે - **<u>ભારત અને ચીન</u>**
4. UN CTADનું વિસ્તૃત નામ જણાવો- **<u>યુનાઇટેડ નેશન્સ- કોન્ફરન્સ ઑન ટ્રેડ ઍન્ડ ડેવલપમેન્ટ</u>**
5. વર્લ્ડ બેન્કના માર્ચે 2020ના અહેવાલ મુજબ કોરોનાની વૈશ્વિક મહામારીના કારણે ઈસ્ટ એશિયા અને પેસિફિક દેશોના અંદાજે કેટલા લોકો ગરીબીમાં ધકેલાઈ જવાની ચિંતા વ્યક્ત કરી છે - **<u>110 લાખ</u>**
6. UN દ્વારા કોરોના મહામારી સંદર્ભે વિકાસશીલ દેશો માટે કેટલા ડોલરનું રાહત પેકેજ જાહેર કરવાનું વિશ્વ સમક્ષ સૂચવ્યું છે - **<u>2.5 ટ્રિલયન ડૉલર</u>**
7. તાજેતરમાં બ્રહ્માકુમારી સંસ્થાના મુખ્ય વડા તરીકે કોની નિમણૂક કરાઈ - **<u>દાદી હૃદયમોહિનીજી</u>**
8. કોરોના વાયરસના કેસ વધતા કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતના કયા શહેરને સૌપ્રથમ રાજ્યનું "hotspot" જાહેર કર્યું - **<u>અમદાવાદ</u>**
9. કોરોના સંદર્ભે " hotspot" જાહેર કરવાના માપદંડોમાં મુખ્ય શું છે - **<u>કોઈપણ વિસ્તારના એક ક્લસ્ટરમાં 10 થી વધુ કેસ હોય તો તેને hotspot જાહેર કરાય છે જે વિસ્તારમાં સઘન તપાસ કરવામાં આવે છે અને સંપૂર્ણ લૉકડાઉન પણ કરાય છે</u>**
10. ભારતમાં તબલિગ જમાતનું ઇન્ટરનેશનલ હેડક્વાર્ટર્સ ક્યાં આવેલું છે-**<u>મરકઝ( મસ્જિદ) નિઝામુદ્દીન, નવી દિલ્હી</u>**
11. ઈસ્લામમાં મરકઝનો અર્થ શું થાય છે - **<u>સત્સંગ/સભા</u>**
12. ભારતમાં કોરોના વાયરસના કારણે એકથી વધુ લોકોએ ભેગા થવા ઉપર પ્રતિબંધ હોવા છતાં મરકઝ નિઝામુદ્દીન, નવી દિલ્હી ખાતે કયા આયોજનમાં દેશ-વિદેશના 8000થી વધુ લોકો ભેગા થયા જે દેશમાં

કોરોના વાયરસ ફેલાવવાનું એપીસેન્ટર સાબિત થઇ રહ્યું છે - **<u>ઈજતેમા</u>**

13. તાજેતરમાં માર્ચે 2020માં કેન્દ્ર સરકાર દ્વારા પોસ્ટ વિભાગમાં નાની બચતના વ્યાજ દરોમાં કેટલા ટકા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો છે - <u>1.40%</u>
14. ભારતીયોમાં જન્મથી અપાતી કઈ રસીના પરિણામે કોરોના વાયરસ સામે લડવા રોગ પ્રતિકારક શક્તિ અન્ય દેશો કરતાં વધુ છે- <u>BCG</u>
15. ભારતમાં કયા વર્ષથી BCG રસી અપાઈ છે - <u>1949</u>
16. BCGનું વિસ્તૃત નામ જણાવો-**<u>બેસિલિઆ કિલમેન્ટી ગુરિન</u>**
17. IMFના અહેવાલ મુજબ ભારતમાં છેલ્લા દસ વર્ષમાં GDP કેટલા ટકા વધ્યો છે જેના પરિણામે ભારત વિશ્વની પ્રથમ પાંચ ઇકોનોમીમાં સામેલ છે- <u>218%</u>
18. IMFના અહેવાલ મુજબ વર્ષે 2019ના અંત સુધીમાં ભારતનો GDP ક્યાં સુધી પહોંચ્યો હતો- <u>223 લાખ કરોડ</u>
19. ભારતમાં GDPની ગણના દર કેટલા મહિને કરવામાં આવે છે - **<u>ત્રિમાસિક</u>**
20. ભારતમાં GDPના મુખ્ય પ્રમુખ ઘટક જણાવો - **<u>કૃષિ, ઉદ્યોગ અને સર્વિસ સેકટર</u>**
21. ભારતના પ્રથમ મહિલા તબીબીનું નામ અને જન્મ દિવસ જણાવો-**<u>આનંદીબાઈ જોષી અને 31 માર્ચે 1865</u>**
22. પ્રથમ મહિલા ડોકટર આનંદીબાઈના જીવન ઉપર વર્ષ-૧૮૮૮માં કેરોલિન વિલ્સે કયુ જીવનચરિત્ર લખ્યું હતુ - **<u>"The Life of dr.anandibai joshee"</u>**